ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૧૧-૨-૧૯૮૧ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ શોભાવ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧—૨—૧૯૮૧
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. આર. દવે, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	ગેરહાજર
૯.	પ્રો. ધવલ મહેતા	હાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ઘેલાભાઈ દેસાઈ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રા. અરવિંદભાઈ રણછોડભાઈ શાહ	હાજર
૧૫.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. રણછોડલાલ કરસનદાસ પટેલ	હાજર
૧૭.	પ્રા. અવતારસિંઘ અર્જુનસિંઘ અહલુવાલિયા	હાજર
૧૮.	શ્રી. બદરૂદ્દીન શેખ	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫–૨–૧૯૯૧
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ ભાઈભાઈ દેસાઈ	હાજર
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર
૨૧.	શ્રી. નીતિન ચંદ્રમુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	હાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૬-૧૨-૧૯૯૦ના રોજ મળેલી એકઝેક્યુટિવ કાઉન્સિલની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૯-૧૨-૧૯૯૦ની એકઝેક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાવધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૧૧ (પૃષ્ઠ ૧૨) પહેલી લીટીમાં "૬૨ શનિવારે" તેના બદલે "બીજા-ચોથા શનિવારે" વાંચવું.

(૨) બાબત ક્રમાંક ૧૬ (પૃષ્ઠ ૧૩) અનુક્રમ નં ૪માં "મનોવિજ્ઞાન"ના બદલે "મનોવિજ્ઞાન ભવન" વાંચવું.

(૩) બાબત ક્રમાંક ૧૭ અને ૧૮ (પૃષ્ઠ ૧૪)માં "ઉપરોક્ત કર્મચારી" શબ્દો રદ કરવા.

(૪) બાબત ક્રમાંક ૪૩ (પૃષ્ઠ ૨૪)માં "આ ચુકવણી એકઝેક્યુટિવ કાઉન્સિલની તા. ૧૪-૯-૧૯૯૦ની સભાની બાબત ક્રમાંક ૧૫(૧૯) અંગે જે શરતો નક્કી કરેલી છે તેને આધીન રહેશે" તે શબ્દો રદ કરવા અને તેને બદલે "કામના કલાકોની બાબત કુલપતિશ્રી સાથે વાટાઘાટોને આધીન રહેશે" તેમ વાંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨(૧). સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદે જૂન, ૧૯૯૧થી બી.એસ.સી. (સ્પેશિયલ)માં ઇલેક્ટ્રોનિક્સ વિષયના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની તમામ જોડાણ શરતોનું પરિપાલન કર્યું લેખે તા. ૧૫-૬-૧૯૯૧થી કાયમી જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨(૨). જૂન, ૧૯૯૧થી નીચે જણાવેલ કૉલેજોની ચાલુ વધારાના જોડાણ માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી અનામત સાથે આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજીઓ સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ.

(૨) ભક્તવત્સલ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

(૩) માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણ.

૨(૩). બી. કે. પટેલ આર્ટ્સ અને એલ. એમ. પટેલ કોમર્સ કૉલેજ, સાવલીની જૂન, ૧૯૯૧થી બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે બે સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની શરતે, તા. ૧૫-૬-૯૧ થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીના વધારાના જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨ ૪). જૂન, ૧૯૯૧થી શ્રી. વાય. એસ. આર્ટ્સ અને શ્રી. કે. એસ. શાહ કોમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાએ બી.એ (મુખ્ય)માં અંગ્રેજી, સંસ્કૃત અને હિન્દી વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે મોકલેલ જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૫). જૂન, ૧૯૯૧થી નીચે દર્શાવેલ સંસ્થાઓ તરફથી નવા કૉલેજો શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વિસ્તરણના કારણે સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સ્વીકાર્યાનું;

(૧) હિન્દી વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ	વિનયન/વાણિજ્ય (હિન્દી માધ્યમ)
(૨) મુનપુર ગ્રુપ સર્વોદય કેળવણી મંડળ, મુનપુર	વિનયન
(૩) સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર	વિનયન/વાણિજ્ય
(૪) પંચમહાલ જિલ્લા બક્ષી વિકાસ મંડળ, મોંદોલી	વિનયન/વાણિજ્ય

નોંધ.—કાંકણપુર અને મોંદોલીની સંસ્થાએ જૂન, ૧૯૯૦માં કૉલેજ શરૂ કરવા રાજ્ય સરકારશ્રીમાં અપીલ કરી હતી તેની સુનાવણીમાં સદરહુ અરજી ૧૯૯૧માં વિચારણા માટે લેવા માટે રાજ્ય સરકારશ્રીએ જણાવ્યું હોઈ અત્રે લીધી છે.)

૨(૬). ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગાંધીનગરની જૂન, ૧૯૯૧ની વિભાગીકરણની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૭). જૂન, ૧૯૯૧થી આર્ટ્સ કૉલેજ, વિરપુરની ફર્સ્ટ બી.એ.ની ચાલુ તથા સેકન્ડ બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, સંસ્કૃત અને બી.એ. (ગૌણ)માં હિન્દી/સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઓર્ડિ°. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે LICની નિમણૂક કર્યાનું;

૨(૮). શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીની જૂન, ૧૯૯૧થી બી.એ. (ગૌણ)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું;

૨(૯). જૂન, ૧૯૯૦થી ડી. સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામની જોડાણ મેળવવા માટેની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાનું.

એકેડેમિક કાઉન્સિલની ભલામણો

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. એમ. આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વારમગામ નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૯-૧૯૯૦ સુધીમાં કરે તો બી.કોમ. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૯૦થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ અર્થનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં અર્થ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૪,૦૦૦નો આવર્તક અર્થ કરવામાં આવે;

૩. કોમ્પ્યુટર સાયન્સનાં પુસ્તકો અને સામયિકો માટે અલ્પક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ પચ્ચીસનો રૂ. ૨,૫૦૦નો અર્થ કરવામાં આવે;

૪. કોમ્પ્યુટર સાયન્સનાં નવા શીખવાડવા નિમણૂકોને મંજૂર કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, મકાન ભાડું, કમ્યુટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ રજા પર ઊતરતા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકતે આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને ધ્યાનમાં લઈ મંજૂરીક્રમ મુજબની યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મંજૂરીક્રમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેતી બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુનિવર્સિટી વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી વગેરે અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

૨(૧૦). ડિસેમ્બર, ૧૯૯૦ અને જાન્યુઆરી, ૧૯૯૧ના ગાળા દરમિયાન એમ.ડી.એસ., એમ.ડી.એસ તથા લોની પરીક્ષાઓની ઉત્તરવહીઓનાં મૂલ્યાંકન વગેરે અંગેની કામગીરી માટે નીમવામાં આવેલા કો-ઓર્ડિનેટર તથા જોઈન્ટ કો-ઓર્ડિનેટર નીમ્યાનું;

ક્રમ	પરીક્ષા	સ્થળ	કો.-ઓર્ડિ.	જોઈન્ટ કો-ઓર્ડિ.
૧.	એમ.ડી.એસ.	ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	ડૉ. (કુ.) કે. એફ. શિલમોરિયા	ડૉ. કે. એસ. ગોહિલ
૨.	ફર્સ્ટ અને સેકન્ડ એમ.ડી.એસ.	,,	,,	ડૉ. વી. કે. પટેલ
૩.	થર્ડ અને ફાઇનલ એમ.ડી.એસ.	,,	,,	ડૉ. કે એસ. ગોહિલ
૪.	કાયદો	ફિઝિકસ વિભાગ. સુજ. યુનિવર્સિટી	પ્રો. કે. પા. સીંગલ	--

૨(૧૧). નીચેના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફર્સ્ટ એમ.ફાર્મ પરીક્ષા પાસ કર્યા બાદ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એમ. કે. મોદી ગવર્નમેન્ટ ફાર્મસી કૉલેજ, રાજકોટમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૦-૯૧ માટે પ્રથમ સત્ર રાખ્યા બાદ તેઓને આપણી યુનિવર્સિટીમાં સેકન્ડ એમ ફાર્મમાં બીજા સત્રથી (સેકન્ડ ટર્મથી) એલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યાનું :

(૧) શ્રી. શાહ પ્રકાશચંદ્ર શાંતિલાલ

(૨) શ્રી. પટેલ ભરતકુમાર નાથાલાલ

(૩) શ્રી. પટેલ અરિન્દમ આશિષ

(૪) શ્રી. પટેલ યોગેશ વાસુદેવ

(૫) શ્રી. પટેલ દિપકકુમાર પૂનમભાઇ

૨(૧૨). શ્રી. હરિ ઓમ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુળદાસ પ્રાગભોઈ સંશોધન અવોર્ડ ૧૯૯૦ની સાલનો ભૌતિકશાસ્ત્ર (ફિઝિકસ)નો શ્રી. કે. એન. જોશીપુરાને એનાયત કર્યાનું;

૨(૧૩). કુ. પટેલ પાયલ દેવેન્દ્રભાઈએ યુનિવર્સિટી પરીક્ષા શુદ્ધિ સમિતના નિર્ણય સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં યુનિવર્સિટી સામે કરેલ સ્પે. સિવિલ એપ્લિ. નં. ૭૨૫૮ અને ૮૮૭૧/૯૦–૧૯૯૦ના અનુસંધાનમાં યુનિવર્સિટીએ રોકેલ એડવોકેટનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૪). શ્રી એમ. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કૉલેજ, સાવલીની જૂન, ૧૯૯૧ થી બી.એ. (નૌશુ)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણુઅરજી

પરતે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણો સ્વીકારવા :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કોમર્સ કોલેજ, સાવલી, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૪-૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧ થી તા. ૧૫–૬–૧૯૯૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક–બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી વગેરે અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

૨(૧૫). જાન્યુઆરી, ૧૯૯૧ માં લેવાયેલ કાયદા વિદ્યાશાખાની અને અન્ય પરીક્ષાઓમાં ઓબ્ઝરવર્સ અંગેના કામકાજ અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની સભાની તા. ૧૫-૧-૧૯૯૧ના રોજ મળી ગયેલ બેઠકની ભલામણ મંજૂર કર્યાનું.

[ઓબ્ઝરવર્સ અંગેના કામકાજ અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૧૫-૧-૧૯૯૧ના રોજની સભાની ભલામણ **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.]

૨(૧૬). વિદ્યાર્થી શ્રી. નીકુલ્લા પવનીશ ભગવતસિંહે મેન્ગલોર યુનિવર્સિટીની બંચલર ઑફ ટેકનોલોજીની થર્ડ અને ફોર્થ સેમેસ્ટર પસાર કર્યાના આધારે તે વિદ્યાર્થીને આપણી યુનિવર્સિટીમાં બી.ઈ.–૩ સેમેસ્ટર–૫ના વર્ગ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાનું;
(કામચલાઉ પ્રવેશપત્ર નં. ૬૪૯, તા. ૧૨-૧-૧૯૯૧ના રોજ આપવામાં આવેલ છે.)

૨(૧૭). બી. ૧૯૮૩માં સેમેસ્ટર ગ્રેમ ફિલ. (આર્ટ્સ) પરીક્ષાના વિદ્યાર્થી શ્રી એ. એ. પઠાણે તે સમયના નિયમ મુજબ લેખિત પરીક્ષાના પેપર ૧, ૨, ૩ માં ઉત્તીર્ણ થઈ ડિઝર્ટેશન રજૂ કરેલ, પરંતુ આ ડિઝર્ટેશન નહિ સ્વીકારાતાં મજકૂર વિદ્યાર્થીને તા. ૧૪-૧૧-૧૯૮૭ના જાહેરનામા નં. ૩૪૦ થી નાપાસ જાહેર કરવામાં આવેલ. આમ નાપાસ થવાના કારણે તત્કાલીન નિયમ એ. એમ.ફિલ. ૧૨ મુજબ તેની લેખિત પરીક્ષાના ગુણ રદ કરતાં મજકૂર વિદ્યાર્થીએ ફરી ડિઝર્ટેશન રજૂ કરવાની સાથે લેખિત પરીક્ષાના પેપર ૧, ૨, ૩ ની પરીક્ષા પણ ફરીથી આપવાની રહે. દરમિયાન યુનિવર્સિટીએ વિદ્યાર્થીને ડિઝર્ટેશન ફરી રજૂ કરવાની મુદત વધારી આપી હતી અને તે વધારેલ સમયમર્યાદામાં ડિઝર્ટેશન રજૂ થતાં મૌખિક પરીક્ષા ગોઠવાઈ હતી. મૌખિક પરીક્ષાના અંતે વિદ્યાર્થીને ડિઝર્ટેશનમાં ઉત્તીર્ણ જાહેર કરાતાં ૧૯૮૮ ના વર્ષથી અમલમાં આવેલ નવા નિયમના નિયમ ૧૩ની નોંધ પ્રમાણે એક વખત લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીએ ફરી પરીક્ષા આપવાની રહેતી નથી તે નિયમનો લાભ શ્રી. પઠાણને જૂનો કેસ હોવા છતાં ખાસ કેસ તરીકે અપવાદરૂપે આપ્યાનું;

૨(૧૮). બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના કાયદાશાખાના સેનેટસભ્ય શ્રી. મૂકેશ શાહ તરફથી સેકન્ડ એલએલ.બી.માં પુનર્મૂલ્યાંકન (રીએસેસમેન્ટ)ની પ્રથા દાખલ કરવા રજૂઆત કરવામાં આવેલી, તે બાબતમાં કુલપતિશ્રીએ સદરહુ માગણી મંજૂર કર્યાનું;

(**નોંધ.**—આ સગવડનો અમલ આગામી સેકન્ડ એલએલ.બી.ની પરીક્ષાથી કરવામાં આવશે.)

૨(૧૯). ૧૯૯૦-૯૧ના વર્ષ દરમિયાન કેટલોક સમય અશાંત પરિસ્થિતિના કારણે શૈક્ષણિક કાર્યોમાં જે વિક્ષેપ પડ્યો તથા એપ્રિલ-મેની વિનયન, વાણિજ્ય તથા વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓ તથા કૉલેજ દ્વારા લેવાતી આંતરિક કસોટી પરીક્ષાઓમાં પ્રશ્નદીઠ આંતરિક વિકલ્પને બદલે જનરલ ઑપ્શનની ગોઠવણ કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરનાં ક્રમાંક ૨(૧)થી ૨(૧૯)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૩. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન ઇકોનોમિક્સની બે જગ્યાઓ માટે તા. ૨૪-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્ર વિષયના રીડરની એક જગ્યા ઉપર ડૉ. એચ. વી. સુથારની નિમણૂક રીડરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે.)

૪. સમાજવિદ્યા ભવનમા લેકચરર ઇન ઇકોનોમિકસની એક જગ્યા માટે તા. ૨૪-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેાઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે સમાજ વિદ્યાભવનમાં લેકચરર ઇન ઇકોનોમિકસની એક જગ્યા ઉપર ડે. શ્રીમતી વીના કે. સિંધુની નિમણૂક લેકચરરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.)

૫. તા. ૧૭-૧-૧૯૯૧ના રોજ મળેલ સ્ટેટિસ્ટિકસ ઇન રીડરની જગ્યાની વરણી સમિતની ભલામણેા એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેાઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન સ્ટેટિસ્ટિકસની બે જગ્યાઓ ઉપર (૧) કુ. (ડે.) વીણા એસ. વાણી અને (૨) શ્રીમતી (ડે.) ભટ્ટ રાજશ્રી જી.ની નિમણૂક રીડરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.)

૬. બી. કે. સ્કૂલમાં રીડર ઇન બિઝનેસ મેનેજમેન્ટની બે જગ્યાઓ માટે તા. ૨૨-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેાઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલમાં રીડર ઇન બિઝનેસ મેનેજમેન્ટની બે જગ્યાઓ પૈકી એક જગ્યા ઉપર શ્રી. માથુર એસ. કુમારની નિમણૂક રીડરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૭. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોસીએટની બે જગ્યાઓ માટે તા. ૨૨-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેાઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોસીએટની બે જગ્યાઓ પૈકી એક જગ્યા ઉપર શ્રી. માથુર એસ. કુમારની નિમણૂક ટીચિંગ રિસર્ચ એસોસીએટને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૮. મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન એજ્યુકેશનની એક જગ્યા માટે તા. ૨૧-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેાઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનમાં રીડર ઇન ઓન્ત્રપ્રેનરશીપની એક જગ્યા ઉપર ડૉ. એસ. ટી. કાપડિયાની નિમણૂક રીડરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૯. તા. ૧૬-૧-૧૯૯૧ના રોજ મળેલ રીડર ઇન લાઇબ્રેરી સાયન્સની જગ્યાની વરણી સમિતિની ભલામણો એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ લાઇબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફર્મેશન, ગુજરાત યુનિવર્સિટીમાં રીડર ઇન લાઇબ્રેરી સાયન્સ માટેની વરણી સમિતિની તા. ૧૬-૧-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે અનુસાર આ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવાનું રાખવું.

૧૦. રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં લેક્ચરર ઇન કોમ્પ્યુટર સાયન્સની એક જગ્યા માટે તા. ૨૩-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં લેક્ચરર ઇન કોમ્પ્યુટર સાયન્સની એક જગ્યા ઉપર શ્રી. જૈન સંજય એમ.ની નિમણૂક લેક્ચરરને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતની ભલામણ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૧૧. રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં રીડર ઇન કોમ્પ્યુટર સાયન્સની ત્રણ જગ્યાઓ માટે તા. ૨૩-૧-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં રીડર ઇન કોમ્પ્યુટર સાયન્સની ત્રણ જગ્યાઓ પૈકી એક જગ્યા ઉપર શ્રીમતી સવિતા આર. ગાંધીની નિમણૂક રીડરને લાગુ પડતા પગાર-ધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવા.

(સદરહુ વરણી સમિતની ભલામણ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૧૨. તા. ૯-૧-૧૯૯૧ના રોજ મળેલ કુલસચિવની જગ્યાની વરણી સમિતિની ભલામણો એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલસચિવની જગ્યા માટેની વરણી સમિતિની તા. ૯-૧ ૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે અનુસાર આ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતની ભલામણ પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.)

૧૩. તા. ૯-૧-૧૯૮૧ના રોજ મળેલ નાયબ કુલસચિવની જગ્યાની વરણી સમિતિની ભલામણો એક્ઝેક્યુમેક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નાયબ કુલસચિવની જગ્યા ઉપર શ્રી. એસ. ડી. સ્વામિનારાયણની નિમણૂક નાયબ કુલસચિવને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

૧૪. યુનિવર્સિટીમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓની તેમનાં નામ સામે દર્શાવ્યા પ્રમાણેની રકમની મકાન બાંધકામ લોન તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮ (૨) પ્રમાણે આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	સભ્યનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે ?
૧.	એમ. ડી. ડાભી, ગ્રંથાલય વિભાગ	૪૨,૦૦૦	હા	મકાનમાં વધારાના બાંધકામ અંગે
૨.	બી. બી. જાની, ગ્રંથાલય વિભાગ	૪૫,૦૦૦	ના	મકાનમાં રિપેરિંગ અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય વિભાગમાં કામ કરતા શ્રી. એમ. ડી. ડાભી અને શ્રી. બી. બી. જનીને અનુક્રમે રૂ. ૪૨,૦૦૦ (અંકે રૂપિયા બેતાલીસ હજાર પૂરા) અને રૂ. ૪૫,૦૦૦ (અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પૂરા)ની લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટી ઉપક્રમે યોજાનાર વિભાગીય યુવક મહોત્સવ અંગે જુદા જુદા વિભાગોના અધ્યક્ષશ્રીઓની તા. ૧૩-૮-૧૯૮૦ના રોજ મળેલ સભાની નીચેના ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે છેલ્લાં પાંચેક વર્ષના ખર્ચ અંગેની માહિતી જોતાં અને તે ખર્ચ પર યુનિવર્સિટી તરફથી અપાતી આર્થિક સહાય તેમજ આ ગાળામાં વધેલ મોંઘવારી ઇત્યાદિ પરિબળો જોતાં આ વર્ષથી અમદાવાદ શહેર અને એફિલિએશિંગ વિભાગના યુવક મહોત્સવના ખર્ચ માટે રૂ. ૧૨,૦૦૦ની તથા દક્ષિણ વિભાગ-૧ અને દક્ષિણ વિભાગ-૨ની ટ્રોફીઓ માટે રૂ. ૨૦,૦૦૦ની આર્થિક સહાય આપવાની ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે વિભાગીય યુવક મહોત્સવ અંગે જુદા જુદા વિભાગોના અધ્યક્ષોની તા. ૧૩-૮-૧૯૮૦ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવી અને તે અનુસ.૨ (૧) અમદાવાદ શહેર

અને એલિસબ્રિજ વિસ્તારના યુવક મહોત્સવના અર્થે માટે રૂ. ૧૨,૦૦૦ (અંકે રૂપિયા બાર હજાર પૂરા)ની તથા દક્ષિણ વિભાગ-૧ અને દક્ષિણ વિભાગ-૨ની કૉલેજો માટે રૂ. ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરવી.

[સદરહુ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૦ના રોજની સમિતિની સભાની નોંધ **પરિશિષ્ટ "૧૨"** તરીકે સામેલ છે.]

૧૬. જોડાણ ફી મુકરર કરતો ઑર્ડિ. ૧૨૦ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૧-૮-૧૯૯૦ની સભામાં નિયુક્ત થયેલી સમિતિએ ભલામણ કર્યા મુજબ ઑર્ડિ. ૧૨૦ વંચાય તે રીતે સુધારવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–હવે જૂન ૧૯૯૨ થી અમલી બને તે રીતે સુધારવાનો થાય છે.]

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું છે કે સભાગૃહમાં થયેલ ફેરફાર અનુસાર ઑર્ડિ. ૧૨૦ સુધારવો તથા તેને આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવા માટે કે ચાલુ જોડાણ માટે આવનાર જોડાણઅરજીઓ માટે લાગુ પાડવાનું રાખવું.

(સુધારવામાં આવેલ ઑર્ડિ. ૧૨૦નો પાઠ આ સાથે **પરિશિષ્ટ "૧૩"** તરીકે સામેલ છે.)

૧૭. જૂન, ૧૯૯૧થી મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદની બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી અનામત સાથે આવી છે. વિષયના વૈવિધ્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન, ૧૯૯૧થી મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદની બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી સ્વીકારવી તથા તે પરત્વે નિયમાનુસાર ઘટતી કાર્યવાહી કરવાનું રાખવું.

૧૮. ફાઇનાન્સ સમિતિની તા. ૭-૨-૧૯૯૧ના રોજ મળેલ સભામાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૬૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૯૧-૯૨ના અંદાજપત્ર તથા સને ૧૯૯૦-૯૧ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર કરવામાં આવેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાની કલમ ૬૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૯૧-૯૨ના અંદાજપત્ર તથા સને ૧૯૯૦-૯૧ના પુનર્નિર્મિત અંદાજપત્ર પરત્વેની ફાઇનાન્સ સમિતિની તા. ૭-૨-૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી અને આ અંદાજપત્ર તથા પુનર્નિર્મિત અંદાજપત્ર યુનિવર્સિટી ઍક્ટની આગામી વાર્ષિક સભાની વિચારણા માટે રજૂ કરવી.

૧૯. યુનિવર્સિટી ધારાની કલમ ૫૭ અને સ્ટે. ૯૦ અન્વયે તા. ૧-૪-૧૯૮૯થી તા. ૩૧-૩-૧૯૯૦ સુધીના સમયગાળા માટેના યુનિવર્સિટીના ૪૭મા વાર્ષિક હિસાબના મુસદ્દાને મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાની કલમ ૫૭ અને સ્ટે. ૯૦ અન્વયે તા. ૧-૪-૧૯૮૯થી તા. ૩૧-૩-૧૯૯૦ સુધીના સમયગાળા માટેના યુનિવર્સિટીના ૪૭મા વાર્ષિક હિસાબના મુસદ્દાને મંજૂર

રાખવો તથા તે વાર્ષિક હવાલનો મુસદ્દા યુનિવર્સિટી કોર્ટની આગામી વાર્ષિક સભાનો વિચારણા માટે રજૂ કરવો.

૨૦. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટે યુનિવર્સિટીમાં સ્થાપવામાં આવેલ બાસ સેલ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય તા. ૩૧-૩-૧૯૯૧ સુધી લંબાવ્યાના અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જોઈન્ટ સેક્રેટરીઓના તા. ૧૨-૧૨-૧૯૯૦ના પત્રની નોંધ લેવા બાબત.

[**નોંધ.** રાજ્ય સરકારે તેઓના તા. ૧૧-૮-૧૯૮૮ના ઠરાવથી ઉક્ત સેલની આર્થિક જવાબદારી તા. ૧-૪-૧૯૯૦થી સંભાળવાનું સંમત આપ્યાનું ઠરાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જોઈન્ટ સેક્રેટરીના તા. ૧૨-૧૨-૧૯૯૦ના પત્રની નોંધ લેવા.

૨૧. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદાની સંલગ્ન કોલેજોમાં વાચકોની નિવૃત્તિ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૯-૧૨-૧૯૯૦ની સભામાં થયેલા ઠરાવ ઉઠના સંદર્ભમાં ઓર્ડિ. ૧૭૨(૧૫)ના પ્રોવિઝો નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

"Ord. 172(15) Proviso :

Any teacher who superannuates either in the first term or in the Second term of the Academic year the date of Superannuation shall be 31st October or 14th June respectively."

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૧૭૨(૧૫)નો પ્રોવિઝો નીચે પ્રમાણે વંચાય તે રીતે તાત્કાલિક અમલમાં આવે તે રીતે સુધારવો.

૨૨. સંલગ્ન તબીબી કોલેજોમાં જુદી જુદી શૈક્ષણિક જગ્યાઓ માટે પાત્રતાનાં ધોરણો રાખવાની તબીબી સમિતિની તા. ૬-૨-૧૯૯૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન તબીબી કોલેજોમાં જુદી જુદી શૈક્ષણિક જગ્યાઓ માટે ભલામ પાત્રતાનાં ધોરણો તબીબી સમિતિની તા. ૬-૨-૧૯૯૧ની સભાની ભલામણ મુજબ તાત્કાલિક અમલી બને તે રીતે સુધારવાં.

(સદરહુ સુધારેલ પાત્રતાનાં ધોરણોની નકલ આ સાથે પરિશિષ્ટ "૧૪" તરીકે સામેલ છે).

૨૩. કુલપતિશ્રીએ કોમ્પ્યુનિકેશન ડેવલપમેન્ટ સેન્ટરમાં રીડર અને લેક્ચરરની જગ્યા માટેનાં લાયકાતનાં ધોરણો નક્કી કરવા નીમેલ પેટાસમિતિએ નક્કી કરેલ લાયકાતનાં ધોરણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુનિકેશન ડેવલપમેન્ટ સેન્ટરમાં રીડર અને લેક્ચરરની જગ્યા માટેનાં લઘુતમ લાયકાતનાં ધોરણો પેટાસમિતિએ ભલામણ કર્યા મુજબ તાત્કાલિક અમલી બને તે રીતે સુધારવાં.

(સદરહુ સુધારેલ પાત્રતાનાં ધોરણોની નકલ **પરિશિષ્ટ "૧૫"** તરીકે સામેલ છે.)

૨૪. રેલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં લેકચરર ઇન કોમ્પ્યુટર સાયન્સ તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. એચ. એમ. પટેલનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૪-૧-૧૯૯૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૫-૧-૧૯૯૧ થી રૂ. ૨૨૦૦–૭૫–૨૮૦૦–૧૦૦–૪૦૦૦ના પગારધોરણમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં લેકચરર ઇન કોમ્પ્યુટર સાયન્સ તરીકે કામ કરતા શ્રી. એચ. એમ. પટેલને તા. ૨૫-૧-૧૯૯૧થી રૂ. ૨૨૦૦–૭૫–૨૮૦૦–૧૦૦–૪૦૦૦ના પગારધોરણમાં કાયમ કરવા.

૨૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્પેસ સાયન્સ એન્ડ એપ્લિકેશન સેન્ટરમાં (ફિઝિકસ વિભાગમાં) પ્રોફેસર ઓફ ફિઝિકસ તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. કે. જી. જનીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩-૧-૧૯૯૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને રૂ. ૪૫૦૦-૧૫૦-૫૭૦૦—૨૦૦-૭૩૦૦ ના પગારધોરણમાં તા. ૪-૧-૧૯૯૧ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્પેસ સાયન્સ એન્ડ સ્પેસ એપ્લિકેશન સેન્ટરમાં ફિઝિકસ વિભાગમાં પ્રોફેસર ઓફ ફિઝિકસ તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. કે. જી. જનીને તા. ૪-૧-૧૯૯૧થી રૂ. ૪૫૦૦-૧૫૦-૫૭૦૦-૨૦૦-૭૩૦૦ના પગારધોરણમાં કાયમ કરવા.

૨૬. સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા ચૌહાણ હુકમસિંહ પહાડસિંહને તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી મકાન બાંધકામ–રિપેરિંગ અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે રૂ. ૨૫,૦૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. ચૌહાણ હુકમસિંહ પહાડસિંહને રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ની લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી આપવી.

૨૭. ઇજનેરી વિદ્યાશાખાની પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૩ અથવા સેમેસ્ટર-૪માં પ્રવેશ આપવા અંગેના રેગ્યુ. એન્જ. ૧૧ (૧)માં બે પેટાનિયમો નીચે મુજબ ઉમેરવા આ માટે નિમાયેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(*ii*) He/She has passed B.E. I (Annual pattern) examinations and has attended the last semester (IV or III) at which he/she may have failed to pass in any or all subjects or at which he/she may not have appeared at all.

OR

(*ii*) He/She has failed to pass in not more than one subject of B.E. I (Annual pattern) examination but he/she has passed all the subjects of the last (IV or III) Semester attended by him / her.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

[સદરહુ સમિતિની ભલામણ પરિશિષ્ટ "૨૬" તરીકે સામેલ છે.]

૨૮. ડૉ. પી. સી. પટેલ યુરોલોજી ચંદ્રક' માટેના નિયમ અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિએ કરેલ ભલામણ મુજબ સદરહુ નિયમ નીચે મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ' ડૉ. પી. સી. પટેલ યુરોલોજી ચંદ્રક " એ નામનો દર વર્ષે યુનિવર્સિટી માર્ચ/એપ્રિલ તથા ઑકટોબર/નવેમ્બરમાં લેવાતી તબીબી વિદ્યાશાખાની એમ.સી.એચ. યુરોલોજી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

સદરહુ સુધારેલા નિયમો અમલ ૧૯૯૦ના વર્ષમાં લેવાયેલ પરીક્ષાથી શરૂ કરવામાં આવશે.

[ડૉ. પી. સી. પટેલ યુરોલોજી ચંદ્રકના નિયમોની નકલ **પરિશિષ્ટ "૧૭"** તરીકે સામેલ છે]

૨૯. "શ્રી મહંમદભાઈ કાસમભાઈ હવા સાવ જનિક ટ્રસ્ટ" તરફથી રૂ. ૨૮,૦૦૦ (અંકે રૂપિયા અઠ્ઠાવીસ હજાર પૂરા) નું પ્રદાન તા. ૧૩-૨-૧૯૯૧ના રોજ રસીદ નં. ૧૨૭૨થી આવેલું છે તે નીચેની વિગતો મુજબ સ્વીકારવા માટે વિચારણા કરવા બાબત :

" ભાષા-સાહિત્ય ભવનમાં ઉર્દૂ વિષયમાં બી.એ.માં સૌથી વધુ ગુણ મેળવી દાખલ થનાર એમ ના પ્રથમ વર્ષના વિદ્યાર્થી અને બીજા વર્ષના વિદ્યાર્થીને માસિક રૂ. ૧૦૦ પ્રમાણે શિષ્યવૃત્તિ આપવી એમ રૂ. ૨૦૦/– માસિક શિષ્યવૃત્તિ માટે ફાળવવા. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન સ્વીકારવું અને તે અંગે શરતો નિયત કરવા સામાન્ત નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૩૦. સ્થાનિક સભા સમિતિના સભ્યો, પરીક્ષકો, પેપરસેટરો, પ્રેકટીકલ પરીક્ષા માટેના પરીક્ષકો, અનુસ્નાતક શિક્ષકો વિગેરેના હોલ્ટિંગ એલાવન્સ (દૈનિક ભથ્થા)ના દરોમાં સુધારો કરવા અંગેની કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૧૧-૨-૧૯૯૧ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧–૨–૧૯૯૧ના ભલામણો પૈકી ભલામણ–૧માં દૈનિક ભથ્થાના દરો સહેરો સહિત કોઠામાં દર્શાવેલા છે તેના બદલે રૂ. ૫૦/– દૈનિક ભથ્થુ ચૂકવવાનું રહેશે તે સુધારા સાહેત અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૧૮"** તરીકે સામેલ છે.)

૩૧. યુનિવર્સિટીના શિક્ષક તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનો ગ્રેચ્યુઇટી ચૂકવવા અંગેનો સ્ટેચ્યૂટ ૧૯૩-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા કોર્ટ-સભ્ય શ્રી અરવિંદ શાહના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

Statute 193-A :

" The employees of the University, both teaching and non-teaching, be paid gratuity under the following rules :

(1) No gratuity shall be payable to an employee dismissed from service for misconduct;

(2) Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances for each completed year of service on completion of 7 years' service, at the rate of ¾ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 12 years' service. The gratuity shall on completion of 15 years' service, be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service. Total amount of the gratuity shall be a maximum of 20 months' salary or Rs. 1,00,000/- whichever is less.

Not with standing anything contained above, in the event of the death of an employee during the course of his employment, gratuity shall be paid at the rate of one month's basic salary for each completed year of service subject to a maximum of 20 months' salary or Rs. 1,00,000/- whichever is less.

(3) Salary for the purpose of gratuity under (2) above shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months' period of active service immediately preceding death, retirement, resignation or termination of service, as the case may be.

(4) The University shall establish a fund known as gratuity fund for the purpose by contributing a suitable amount not exceeding 5% of the basic salary paid to its employee covered by the scheme from the recurring expenditure of the University during every accounting year. The fund shall be regulated by the Syndicate in its discretion as may be deemed fit by investing the amount of the fund in Government or other securities or by taking out a group gratuity insurance policy with Life Insurance Corporation with a view to discharging to University's liability in this behalf. In the event of a group gratuity insurance policy being taken out by the University, notwithstanding anything stated above, the heir or heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (excluding all allowances) per year of service for the number of years he would have otherwise ordinarily served, had he continued to live till the date of his retirement, subject to a maximum of 20 months' salary or Rs. 1,00,000/- whichever is less."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પ્રસ્તાવ કોર્ટ સમક્ષ મૂકવા અંગે ઘટતી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ આજ માંવેલ ગેરવાજબી કલાઓ અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હુમલા થયેલ હોવા અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૧/૨૫-૧-૧૯૯૧ અને તા. ૮-૨-૧૯૯૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાશુદ્ધિ-સમિતની તા. ૨૧/૨૫-૧-૧૯૯૧ અને તા. ૮-૨-૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

[**નોંધ.**—(૧) સમિતની નોંધના આધારે જેમનાં પરિણામો અટકાવી પાડવામાં આવ્યાં છે તે અંગે ત્વરિત થતાં પગલાં કુલપતિશ્રીના આદેશાનુસાર લેવામાં આવેલ છે.

(૨) સભ્યશ્રીઓ.એ તૈયારી. સદરહુ પરીક્ષાશુદ્ધિ-સમિતિની ભલામણો પરિશિષ્ટ તરીકે સામેલ કરેલ નથી.]

૬૩. બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદે જૂન, ૧૯૯૯થી માન્યતા મેળવવા કરેલી અરજીના સંદર્ભમાં મૂકવામાં આવેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તે ચકાસી હેવાલ આપવા નિયુક્ત સમિતની ભલામણને અનુલક્ષીને સદરહુ સંસ્થા દ્વારા મૂકવામાં આવેલ શરતોનું યથાર્થ પરિપાલન થયું ન હોઈ એ માન્યતા ન આપવા એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર રાખેલી ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે એક કમિટી નિયુક્ત કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીને ભાડામુક્ત મકાન ઉપલબ્ધ નહીં થવાના વિકલ્પે ઘરભાડાની રકમ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૬-૧૦-૧૯૮૭ની સભાની બાબત ક્રમાંક ૧૩૭માં સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીને કૉલેજનું સંચાલકમંડળ મકાન આપી શકે તેમ ન હોય ત્યાં ભાડામુક્ત મકાનની સવલત સામે ઘરભાડું આપવા જણાવેલ હતું તેના બદલે ઘરભાડું અંગે ઘરભાડા ભથ્થું રાજ્ય સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક કેસીઆર/૧૦૮૭/૮૨/એમ, તા. ૧૫-૧૦-૧૯૮૭ મુજબ તા. ૧-૬-૧૯૮૭થી આપવા સંલગ્ન કૉલેજોના વ્યવસ્થાપક મંડળને જણાવવાનું રાખવું.

(સદરહુ સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક કેસી.આર./૧૦૮૭/૮૨/એમ, તા. ૧૫-૧૦-૧૯૮૭ની નકલ **પરિશિષ્ટ '૧૯'** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એકિઝ. કાઉ. / નં. ૬૩૧૪૨ / ૧૯૯૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
તા. ૧૯-૩-૧૯૯૧.

મ. પ. જડિયા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૧"
કામકાજ ક્રમાંક ૨(૧૧)

જાન્યુઆરી, ૧૯૯૧થી શરૂ થતી કાયદા વિદ્યાશાખાઓની તથા અન્ય પરીક્ષાઓ માટેની ઓબ્ઝર્વર્સ અંગેની સમિતિની સભા મંગળવાર, તા. ૧૫-૧-૧૯૯૧ના રોજ બપોરે ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૫-૧-૧૯૯૧
૧.	આચાર્યશ્રી એન. આર. શાહ	હાજર
૨.	શ્રી. એ. એ. આહુલીવાલિયા	હાજર
૩.	શ્રી. એ. આર. શાહ	હાજર
૪.	આચાર્યશ્રી દર્શનસિંગ શીખ	ગેરહાજર
૫.	શ્રી. નરહરિભાઈ અમીન	ગેરહાજર
૬.	શ્રી. એસ. જી. દેસાઈ	ગેરહાજર
૭.	શ્રી. શંકરભાઈ પટેલ	ગેરહાજર
૮.	શ્રી. હરિશંકરભાઈ પંડ્યા	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એન. આર. શાહે સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

(૧) નડિયાદ અને ગાંધીનગર કેન્દ્રો માટે અમદાવાદથી રોજ રોજ ઓબ્ઝર્વર્સશ્રીઓને મોકલવાના રહેશે.

(૨) ખંભાત કેન્દ્ર માટે નીચે જણાવેલ સભ્યશ્રીઓને પરીક્ષા ચાલે ત્યાં સુધી ઓબ્ઝર્વર્સ તરીકેની કામગીરી કરવાની રહેશે :

(૧) શ્રી. એ. એ. આહુલીવાલિયા (ખંભાત)
(૨) શ્રી. કે. એસ. ગાંધી (પેટલાદ).

(૩) ગોધરા કેન્દ્ર માટે નીચે જણાવેલ સભ્યશ્રીઓને પરીક્ષા ચાલે ત્યાં સુધી ઓબ્ઝર્વર્સ તરીકેની કામગીરી કરવાની રહેશે :

(૧) શ્રી. બી. એન. ગાંધી, પી. ટી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
(૨) આચાર્યશ્રી બંસીધર એન. ઉપાધ્યાય, વીરપુર આર્ટ્સ કૉલેજ, વીરપુર.
(૩) શ્રી. રમેશચંદ્ર જેઠાલાલ દવે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ.

શ્રી. બી. એન. ગાંધી, તા. ૨૧-૧-૧૯૯૧ પછી કામગીરી સંભાળશે તેમ જ શ્રી. આર. જે. દવે તા. ૧૬-૧-૧૯૯૧ થી તા. ૨૦-૧-૧૯૯૧ સુધી કામગીરી સંભાળશે.

(૪) ભુજ કેન્દ્ર માટે શ્રી. આર. આર. લાલન કૉલેજના આચાર્યશ્રી એમ. એચ. પરમાર પરીક્ષા ચાલે ત્યાં સુધી ઑબ્ઝર્વર્સ તરીકેની કામગીરી સંભાળશે.

(૫) અમદાવાદ કેન્દ્રો માટે ઑબ્ઝર્વર કમિટીના સભ્યો ઉપરાંત જરૂર પડે સીનિયર આચાર્યશ્રીઓ નીમવા.

(૬) ગાંધીનગર, નડિયાદ ખાતે અમદાવાદથી ઑબ્ઝર્વર્સ મોકલવા અને ઑકટોબર પરીક્ષામાં જે સભ્યોએ કામ કર્યું છે તેમને બોલાવવા. નડિયાદ ખાતે રોકાયેલ પાછલા ત્રણ દિવસ કે જેમાં સંખ્યા ઓછી છે, તેમાં ખંભાત માટે મોકલેલ સર્વશ્રી આહલુવાલિયા અને શ્રી. ગાંધી (પેટલાદ)ને નડિયાદ મોકલવા અને તે ત્રણ દિવસ અમદાવાદથી ગાડી મોકલવી નહીં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાંડ્યા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક 3

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Economics in the University School of Social Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Thursday the 24th January 1991 at 1-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Dr. S. K. C. Sundaram	Present
(4) Prof. M. S. Trivedi	Present
(5) Dr. P. Brahamnand	Absent
(6) Dr. V. P. Bhardwaj (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Dr. H. V. Suthar	Present
(2) Dr. Y. S. Purohit	Present
(3) Dr. L. R. Mehta	Present
(4) Dr. (Smt.) Archana R. Dholakia	Present.

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that Dr. H. V. Suthar is suitable for the post of a Reader in Economics and recommends him for appointment thereto.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro-Vice-Chancellor
M. S. Trivedi
S. K. C. Sundaram

પરિશિષ્ટ "3"
કામકાજ ક્રમાંક ૪

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Lecturer in Economics in the University School of Social Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Thursday the 24th January, 1991 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University Presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Dr. S. K. C. Sundarm	Present
(4) Prof. M. S. Trivedi	Present
(5) Dr. V. P. Bhardwaj (Invitee)	Present.

The following candidate were called for interview :

(1) Shri G. S. Bhatt	Absent
(2) Shri Adeshra Jayesh	Absent
(3) Shri Shashibala K. Verma	Present
(4) Dr. Alka Subbarao	Present
(5) Dr. J. K. Shastri	Absent
(6) Shri R. A. Joshi	Absent
(7) Dr. S. K. Chawla	Present
(8) Dr. (Smt.) Hina K. Sidhu	Present
(9) Smt. V. P. Verma	Present
(10) Shri N. M. Kanane	Absent.

(11) Dr. (Miss) Anita Arya	Present
(12) Shri Dua Kanchan	Present
(13) Miss Jain Rekha	Absent
(14) Shri V. G. Shanthi	Absent
(15) Shri S. H. Pathak	Absent.

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that Dr.(Smt.) Hina K. Sidhu is suitable for the post of a Lecturer in Economics and recommends her for appointment thereto.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro-Vice-Chancellor
M. S. Trivedi
Dr. S. K. C. Sundaram

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૫

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to two posts of READER-IN-STATISTICS in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Thursday. the 10th January, 1991 at 3-00 p.m. Dr. M.N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under:

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Dr. S. M. Shah	Present
(4) Prof. M. N. Gopalan	Present
(5) Prof. V. P. Gupta	Absent
(6) Dr. A. V. Gajjar (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Shri Naik V. D.	Present
(2) Dr. Patel R. B.	Absent
(3) Dr. Bhatt R. G.	Present
(4) Dr. Vani Vina S.	Present
(5) Jais Raj Singh	Present.

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that the following two candidates are suitable for the post of READER and recommends them for appointment thereto.

(1) Dr. (Miss) Vani Vina S.
(2) Dr. (Mrs.) Bhatt Rajshree G.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro Vice-Chancellor
S. M. Shah
M. N. Gopalan

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૬

Confidential

A meeting of the Selection Committee for recommending name for appointment to two posts of Reader in Business Management in the University School of Dr. B. K. School of Business Management, Gujarat University, Ahmedabad-380 009 was held on Tuesday the 22nd January, 1991 at 1-00 p.m. Dr. M. N. Dssai, Vice-Chancellor, Gujarat University Presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Profe. A. T. Desai, Pro-Vice-Chancellor	Absent
(3) Shri S. Srikantiah	Present
(4) Dr. P. V. Desai	Absent
(5) Prof. D. M. Pestanji	Present
(6) Prof. Dhaval Mehta (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Shri A. R. Dholakia	Absent
(2) Shri C. Gopalkrishnan	Present
(3) Shri Prabhkar Rohitkumar	Absent
(4) Shri H. S. Oza	Absent
(5) Shri D. R. Patel	Present

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that the following two candidates are suitable for the post of Reader in Business Management and recommends them for appointment thereto.

(1) Shri C. Gopalkrishnan
(2) Shri D. R. Patel.

M. N. Desai
(Vice-Chancellor)
S. Shrikantiah
D. M. Pestanji

પરિશિષ્ટ " ૬ "
ઠરાવ ક્રમાંક ૭

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to two posts of Teaching Research Associate in the University School of Dr. B. K. School of Business Management, Gujarat University, Ahmedabad-380009 was held on Tuesday the 22nd January, 1991 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University Presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro--Vice-Chancellor	Absent
(3) Dr. S. Srikantiah	Present
(4) Pro. D. M. Pestanji	Present
(5) Dr. Dhaval Mehta (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Shri R. S. Vaghela	Absent
(2) Shri U. K. Ajubia	Present
(3) Shri A. H. Deshmukh	Absent
(4) Shri N. J. Purohit	Absent
(5) Shri M. J. Patel	Present
(6) Shri R. S. Shah	Present
(7) Shri R. U. Bhatt	Absent
(8) Shri R. P. Merchant	Absent
(9) Shri H. H. Dave	Present

(10) Shri D. S. Jadia	Absent
(11) Shri M. J. Trivedi	Present
(12) Shri B. C. Raethatha	Absent
(13) Shri Pravcr Rishad	Absent
(14) Shri Krishna Smita	Absent
(15) Shri Mathur S. Kumar	Present
(16) Smt. C. A. Oza	Present
(17) Shri Preet Kamal	Absent
(18) Shri K. C. Soni	Absent
(19) Shri P. N. Gadhavi	Present
(20) Shri D. C. Thakor	Present
(21) Shri A. A. Pandya	Present.

After interviewing the candidates who remained present for the interview, the Committee is of the opinion that the following candidate is suitable for the post of Teaching Research Associate and recommends him for appointment thereto.

(1) Shri Mathur S. Kumar

Dr. M. N. Desai
Vice-Chancellor
Dr. S. Srikantiah
Prof. D. M. Pestanjj

પરિશિષ્ટ "૭"

સામાન્ય ક્રમાંક ૪

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Reader in Education in the University School of Psychology, Philosophy & Education, Gujarat University, Ahmedabad-380009 was held on Monday, the 21st January, 1991 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee member was as under :

(1) Dr. M. N. Desai, Vice-chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro Vice-Chancellor	Present
(3) Prin. R. S. Trivedi	Present
(4) Dr. D. A. Uchat	Present
(5) Dr. M. S. Yadav	Present
(6) Dr. J. H. Shah (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Dr. S. T. Kapadia	Present
(2) Dr. M. C. Bunde	Present
(3) Dr. D. C. Bhatt	Present
(4) Dr. R. R. Joshi	Absent
(5) Smt. D. H. Pancha	Present
(6) Dr. R. D. Mulia	Present
(7) Dr. U. A. Bismagni	Present
(8) Shri A. T. Ajmera	Present
(9) Shri G. G. Chaudhary	Present.

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that Dr. S. T. Kapadia is suitable for the post of Reader in Education and recommends him for appointment thereto.

M. N. Desai
Vice-Chancellor

A. T. Desai
Pro-Vice-Chancellor

D A. Uchat
R. S. Trivedi
M. S. Yadav

પરિશિષ્ટ "૮"
ઠરાવ નં. ૧૦

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a LECTURER-IN-COMPUTER SCIENCE in the University Rolwala Computer Science Centre, Gujarat University, Ahmedabad-380009 was held on Wednesday the 23rd January, 1991 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Prof. H. B. Dave	Present
(4) Dr. B. H. Jajoo	Present
(5) Prof. A. K. Agrawal (Invitee)	Present.

The following candidates were called for interview :

(1) Shri Arumugam E.	Absent
(2) Smt. Singh Lata R. N.	Absent
(3) Shri R. B. Kotalia	Present
(4) Shri H. K. Desai	Present
(5) Shri D. P. Shah	Absent
(6) Shri S. M. Jain	Present.

After interviewing the candidates who remained present for the interview, the Committee is of the opinoion that Shri Jain Sanjay M. is suitable for the post of a Lecturer-in-Computer Science and recommends him for appointment thereto.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro-Vice-Chancellor
H. B. Dave
B. H. Jajoo

પરિશિષ્ટ "૯"

કમિકાર્ય ક્રમાંક ૧૧

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to Three Posts of a READER-IN-COMPUTER SCIENCE in the University Rollwala Computer Science Centre, Gujarat University, Ahmedabad-380 009 was held on Wednesday the 23rd January, 1991 at 1-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Dr. V. N. Joshi	Absent
(4) Dr. B. H. Jajoo	Present
(5) Prof. H. B. Dave	Present.
(6) Prof. A. K. Agrawal (Invitee)	

The following candidates were called for interview :

(1) Shri Himanshu R. Dave	Present
(2) Smt. Savita R. Gandhi	Present
(3) Shri H. K. Desai	Present.

After interviwing the candidates who remained present for the interview, the Committee is of the opinion that the following candidate is suitable for the post of a Reader-in-Computer Science and recommends her for appointment thereto.

(1) Smt. Savita R. Gandhi

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro-Vice-Chancellor
Dr. B. H. Jajoo
Dr. H. B. Dave

પરિશિષ્ટ "૧૦"
ઠરાવકાર ક્રમાંક ૧૨

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a REGISTRAR in the Gujarat University, Ahmedabad-380009 was held on Tuesday, the 8th January, 1991 at 3-00 p.m, Dr. M. N Desai, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Prin. D. M. Shikh	Present
(4) Prin. H. M. Desai	Present
(5) Prin. N. R. Shah	Present
(6) Prof. K. S. Shastri	Present.

The following candidates were called for interwiew :

(1) Shri D. P. Chhaya	Present
(2) Shri K. H. Dave	Present
(3) Shri M. B. Dave	Absent
(4) Shri S. P. Gosai	Absent
(5) Shri M. P. Jadia	Present.

After interviewing the candidates who remained present for the interview the committre is of the opinon that the post be readvertised.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro-Vice-Chancellor
D. M. Sikh
H. M. Desai
N. R. Shah
K. S. Shastri

પરિશિષ્ટ '૧૧'
અધ્યાદેશ ક્રમાંક ૧૩

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Deputy Registrar (Reserved for H. P. Candidate) in the University Office, Gujarat University, Ahmedabad-380009 was held on Wednesday, the 5th January, 1991 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
(3) Prin. D. M. Sikh	Present
(4) Prin. N. R. Shah	Present
(5) Dr. H. M. Desai	Absent
(6) Prof. K. S. Shastri	Absent.

The following candidates were called for interview :

(1) Shri M. S. Barot	Absent
(2) Shri N. B. Charan	Present
(3) Shri M. M. Desai	Present
(4) Shri M. M. Maskati	Present
(5) Shri M. S. Parmar	Present
(6) Shri L. P. Padaliya	Absent
(7) Shri A. F. Shaikh	Present
(8) Shri S. D. Swaminarayan	Present
(9) Shri G. J. Thakor	Present.

After interviewing the candidates who remained present for the interview the Committee is of the opinion that the following two candidates in order of preference are suitable for the post of Deputy Registrar

(1) Shri Swaminarayan S. D.
(2) Shri Maskati M. M.

M. N. Desai
Vice-Chancellor
A. T. Desai
Pro-Vice-Chancellor
D. M. Sikh
N. R. Shah

પરિશિષ્ટ "૧૨"
કામકાજ ક્રમાંક ૧૧

ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજનાર વિભાગિય યુવક મહોત્સવ અંગે જુદા જુદા વિભાગોના અધ્યક્ષશ્રીઓની એક સભા તા. ૧૩-૮-૧૯૯૦ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૩-૮-૧૯૯૦
૧.	કુલપતિશ્રી	ગેરહાજર
૨.	પ્રા.ચંદ્રભાઈ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. ડૉ. આર. બી. પટેલ	ગેરહાજર
૪.	પ્રો. દુષ્યંતભાઈ શુક્લ	ગેરહાજર
૫.	પ્રો. નગીનભાઈ શાહ	હાજર
૬.	પ્રો. એમ. જે. પુરાણી	હાજર
૭.	શ્રી કનક દવે, રાજેન્દ્રકર એંડ યુશ વેલ્ફર, (કન્વીનર)	હાજર.

કુલપતિશ્રીની અનુપસ્થિતિમાં સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રી ચંદ્રભાઈ દેસાઈએ સંભાળ્યું હતું.

૧. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના યુવક મહોત્સવની તારીખ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિવિધ વિભાગોના યુવક મહોત્સવની નીચે મુજબની તારીખ નક્કી કરવી :

(૧) અમદાવાદ ઓલસાયન્સ વિભાગની કોલેજો માટેનો યુવક મહોત્સવ સપ્ટેમ્બર માસના બીજા સપ્તાહમાં રાખવો.

(૨) અમદાવાદ શહેર વિભાગની કોલેજો માટેનો યુવક મહોત્સવ તા. ૧૧, ૧૨ સપ્ટેમ્બરના રોજ રાખવો.

(૩) દક્ષિણ વિભાગ-૧ની કોલેજો માટેનો યુવક મહોત્સવ તા. ૧૫, ૧૬ સપ્ટેમ્બરના રોજ રાખવો.

(૪) દક્ષિણ વિભાગ-૨ની કોલેજો માટેનો યુવક મહોત્સવ તા. ૧૭, ૧૮ સપ્ટેમ્બરના રોજ રાખવો.

૨. વિભાગીય યુવક મહોત્સવ માટે અમદાવાદ શહેર વિભાગ અને ઓલસાયન્સ વિભાગને રૂ. ૭,૧૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. જ્યારે અમદાવાદ સિવાયના વિભાગોને રૂ. ૧૭,૦૦૦ની આર્થિક સહાય અપાય છે જેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે છેલ્લાં પાંચેક વર્ષના ખર્ચ અંગેની માહિતી જોતાં અને તે ખર્ચ પર યુનિવર્સિટી તરફથી અપાતી આર્થિક સહાય તેમ જ આ ગાળામાં થયેલ મોંઘવારી ધ્યાનાદિ પરિબળો જોતાં આ વર્ષથી અમદાવાદ શહેર અને એસિસ્ટન્ટ વિભાગના યુવક મહોત્સવના ખર્ચ માટે ૧૨,૦૦૦ની તથા દક્ષિણ વિભાગ-૧ અને દક્ષિણ વિભાગ-૨ની કૉલેજને માટે રૂ. ૨૦,૦૦૦ની આર્થિક સહાય આપવાની ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુવક મહોત્સવ શરૂ થવાના પંદર દિવસ પહેલા ૮૦ ટકા રકમ જે તે વિભાગને ચૅરમૅનને આપવી અને બાકીની ૨૦ ટકા રકમ કૉલેજ તરફથી ખર્ચ અંગે યુવક કલ્યાણ વિભાગ તે ખર્ચની ચકાસણી કરી વિભાગના અધ્યક્ષ-આચાર્યશ્રી, ચાર્ટર્ડ ઑડિટર દ્વારા ઑડિટ થયેલ હિસાબનું ઑડિટેડ સર્ટિફિકેટ, વૈભાલ અને મોકલી આપે કે તરત જ પણ મોડામાં મોડા દિન પંદરમાં મોકલી આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

ફનફ ફ્વે

ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેર.

પરિશિષ્ટ "૧૩"
કામકાજ ક્રમાંક : ૬

O. 120 :

Every application for affiliation shall be sent alongwith fee as prescribed below :

1. Application for affiliation of a new college — Rs. 2,500

If the need of the college is not established, 50% of the fee shall be forfeited.

2. Application for bifurcation of an existing college *OR* Amalgamation of existing College *OR* Addition of a new faculty
3. Extension of affiliation *OR* Renewal of affiliation.

} Rs. 1,000

પરિશિષ્ટ "૧૪"
ક્રમાંક ૨૨

Minimum qualificatioas for appointment to the posts of teachers in Medical Colleges for under-graduate teaching :

Post	*Academic Qualifications*	*Teaching Experience*
1	2	3
Principal / Dean / Director	Minimum qualification required for the post of a Professor	Ten years as Professor/ Associate Professor / Assistant Professor in a medical college out of which at least five years should be as Professor in a department.
	ANATOMY	
(*a*) Professor	M.S. (Anatomy) *OR* M.B.,B.S. with M.Sc. (Anatomy) *OR* M.B.,B.S. with Ph.D. (Medical-Anatomy) *OR* M.B.,B.S. with D.Sc. (Medical-Anatomy)	(*a*) As Assistant Professor/Associate Professor in Anatomy for 5 years in a Medical College.
(*b*) Associate Professor	-do-	(*b*) As Assistant Professor in Anatomy for 3 years in a Medical College.
(*c*) Assistant Professor	-do-	(*c*) 3 years teaching experience as Resident/Registrar/Tutor/Junior Lecturer or its equivalent.
(*d*) Tutor/Junior Lecturer	M.B.,B.S.	(*d*)

1	2	3
	PHYSIOLOGY	
૫(૧) "યુનિવર્સિટી તથા કૉલેજનો [illegible] શિક્ષણેતર કર્મચારીઓનાં સંતાનો અથવા આશ્રિત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પાસ થતા તેઓને પરીક્ષાફીમાંથી મુક્તિ આપવાનું આ સભા ઠરાવે છે. આવા [illegible] વિદ્યાર્થીઓની આવક દર્શાવેલ છે તેનાં પ્રતીક ક્ર. ૧નો ઘટાડો દર્શાવવો."

૫(૨) "ઉપર મિલકત [illegible] આશ્રિતો માટે આપવામાં આવતી સભા તેઓને યુનિવર્સિટીની પરીક્ષાઓમાં મુકતા દીઠ ૪ યુનિવર્સિટી વિવિધ ગ્રાન્ટ-ઇન્યુઓટ [illegible] રકમોમાંથી મુક્તિ આપવાનું ઠરાવવામાં આવે છે. આ ઠરાવથી અંદાજપત્રમાં દર્શાવેલ પરીક્ષાફીની આવક તથા વિવિધ ભવનોની ટ્યુશનફીની આવકમાં પ્રતીક ક્ર. ૫ નો ઘટાડો દર્શાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર (૧)માં જણાવેલ પ્રસ્તાવ પર પોતાનો અભિપ્રાય આપવા સ્થાનિક સમિતિને જણાવવું.

ઉપર (૨)માં જણાવેલ પ્રસ્તાવ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રની મર્યાદા બહારનો હોઈ તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૨૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલું કાર્ય (જાણ સારુ) :

એસોસિએશન ઑફ કોમનવેલ્થ યુનિવર્સિટીઝ, નવી દિલ્હીના તા. ૧-૨-૧૯૯૧ના પત્રાંક એ/સી/૭૯૧/૯૨ના પત્રથી એસોસિએશનનું વાર્ષિક ફાળાનું વર્ષ ૧૯૯૧ ૯૨નું રૂ. ૧૬,૦૦૦ (અંકે રૂપિયા સોળહજાર

હજાર પૂરા) ભરવાનું મંજૂર કર્યાનું. (લવાજમ રૂ. ૨૦,૦૦૦ છે. પરંતુ તા. ૩૦-૪-૧૯૯૧ પહેલાં ભરવામાં આવે તો રૂ. ૧૦૦૦ વળતર મળે છે. ૧૯૯૦-૯૧ના વર્ષ માટે લવાજમ રૂ. ૧૯,૦૦૦ ભરવામાં આવેલા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૩. એમ.એ. ભાગ-૧ અને ભાગ ૨ના વિદ્યાર્થીને બી.એ.માં સંસ્કૃત વિષય રાખીને પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં પાસ થાય અને એમ.એ.માં મુખ્ય વિષય સંસ્કૃત રાખીને આગળ અભ્યાસ કરે તેને "શ્રી ઉદ્ધવ ભગવંત સાઈગોનકર શિષ્યવૃત્તિ" આપવા માટે શ્રી. એસ. વાય. ધવલ તરફથી આવેલ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નું પ્રદાન નીચેની શરતોને આધીન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત :

શરતો

૧. બી.એ.માં મુખ્ય વિષય સંસ્કૃત રાખીને પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ ધરાવીને પાસ થાય અને એમ.એ ભાગ-૧માં સંસ્કૃત વિષય રાખીને દાખલ થાય તે શરતે ચાર સત્રની સ્કોલરશિપ આપવી, સત્ર પૂરું થયા બાદ સત્ર માન્ય થાય તે પ્રમાણે સ્કોલરશિપ આપવી. સત્રદીઠ રૂ. ૩૫૦ ચૂકવવાના થાય.

૨. "શ્રી ઉદ્ધવ ભગવંત સાઈગોનકર શિષ્યવૃત્તિ" એમ.એ.માં પ્રવેશ થતા વિદ્યાર્થીને ચાર સત્ર પૂરતી આપવી.

૩. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે.

૪. શિષ્યવૃત્તિ આપવામાં વિજેતાની જાત, જ્ઞાત, ધર્મ કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૫. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી ૧૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા વિષયમાં "શ્રી. ઉદ્ધવ ભગવંત સાઈગોનકર શિષ્યવૃત્તિ" આપવા માટે શ્રી. એસ. વાય. ધવલ તરફથી આવેલ રૂ. ૧૫,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો. અને તે અંગેની શરતો કુલપતિ નિયુક્ત સમિતિ દ્વારા પકાવી લઈને આગામી સભામાં રજૂ કરવી.

૨૪. કેન્ટીન કમિટીની તા. ૧૮-૩-૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીન સમિતિની તા. ૧૮-૩-૧૯૯૧ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ ભલામણ આ સાથે પરિશિષ્ટ "૧૨" તરીકે જોડેલ છે.)

૨૫. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૧૧-૩-૧૯૯૧ની સભાની ભલામણો પર ચર્ચાવિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન વહીવટી સમિતિની તા. ૧૧-૩-૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણ આ સાથે પરિશિષ્ટ "૧૩" તરીકે જોડેલ છે.)

૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની ૩ (ત્રણ) જગ્યા ભરવા માટે તા. ૨૮-૨-૧૯૯૧ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની ત્રણ જગ્યાઓ ભરવા માટેની વરણી સમિતિની તા. ૨૮—૨—૧૯૯૧ ના રોજ મળેલી સભાની ભલામણ મંજૂર કરવી તથા સદરહુ ભલામણ અનુસાર કુલ ત્રણ પૈકીની બે બિન-અનામત જગ્યાઓ ઉપર અનુક્રમે --

(૧) શ્રી. મહેશ બી. દવે અને (૨) શ્રી. બી. એલ. જાડાવાલાની નિમણૂક મદદનીશ કુલસચિવને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર એક વર્ષના અજમાયશી ધોરણે કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ અનુસાર ત્રણ જગાઓ પૈકીની અનુસૂચિત જનજાતિની એક અનામત જગ્યાની, પુનઃ જાહેરખબર આપવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નોંધ "પરિશિષ્ટ "૧૪" તરીકે સામેલ છે.)

૨૭. ફાઇનાન્સ સમિતિની તા. ૨૭-૧૨-૧૯૯૦, ૩-૧-૧૯૯૧, ૨૮-૧-૧૯૯૧ તેમ જ તા. ૨૧-૩-૧૯૯૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૭-૧૨-૧૯૯૦, તા. ૩-૧-૧૯૯૧, તા. ૨૮—૧—૧૯૯૧, તા. ૨૧—૩—૧૯૯૧ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "૧૫(૧) થી ૧૫(૪)" તરીકે સામેલ છે.)

૨૮. ડૉ. રમણલાલ જોશી પાંડિત્યપૂર્ણ સમારોહ સમિતિ તરફથી પ્રો. રમણલાલ જોશી ચંદ્રક માટે રૂ. ૧૫,૦૦૦ (પંદર હજાર પૂરા) આ કાર્યાલયને પ્રદાન મળેલ છે. તે નીચેના નિયમોને આધીન સ્વીકારવા માટે વિચારણા કરવા બાબત :

૧. 'પ્રો. રમણલાલ જોશી ચંદ્રક' આ યુનિવર્સિટીની એમ.એ. ભાગ-૨ની પરીક્ષામાં મુખ્ય વિષય ગુજરાતી રાખીને પ્રથમ પ્રયત્ને ગુજરાતીમાં સૌથી વધુ ગુણ મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

[**નોંધ.**—ચંદ્રક એનાયત કરતી વખતે ગુજરાતીના જે પેપરોમાં મેળવેલા ગુણ લક્ષમાં લેવામાં આવશે. ગૌણ વિષય ગુજરાતી રાખ્યો હોય—ગુજરાતી સાથે બીજો કોઈ ગૌણ વિષય રાખ્યો હોય તો તે ગૌણ વિષયનાં બે પેપરોના ગુણ ગણતરીમાં લેવાશે નહીં. માત્ર ગુજરાતી એન્ટાયર વિષયના અથવા તો મુખ્ય વિષય ગુજરાતીના જ ગુણ ગણતરીમાં લેવામાં આવશે.]

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેનો અધિકાર રહેશે.

૩. ચંદ્રક એનાયત કરવામાં જાત, જ્ઞાત, ધર્મ કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકની બાકત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૬. ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. રમણલાલ જેથી ષષ્ટિપૂર્તિ સમારોહ સમિતિ તરફથી "પ્રો. રમણલાલ જેથી ચંદ્રક" માટે રૂ. ૧૫,૦૦૦ના પ્રદાનનો આભાર સ્વીકાર કરવો તથા સદરહુ ચંદ્રક ઉપર પ્રમાણે સુધારેલી શરતોને આધીન એનાયત કરવો.

૨૯. બિનસરકારી અનુદાન પાત્ર સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને બી.એડ. કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારી નોકરીમાં ચાલુ હોય અને મૃત્યુ પામે ત્યારે તેવા કિસ્સામાં તેમના આશ્રિતોને રહેમરાહે નિમણૂક આપવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક એનજીસી. ૨૫૮૬-૨૬૮૫૬ (૫)-અ તા. ૮-૫-૧૯૮૯ના રોજ ઠરાવ થયેલો છે, તે સદરહુ સરકારી ઠરાવ તા. ૮-૫-૧૯૮૬ યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

(રાજ્ય સરકારના શિક્ષણ વિભાગનો સદરહુ તા. ૮-૫-૧૯૮૬નો ઠરાવ **પરિશિષ્ટ "૨૬"** તરીકે સામેલ છે.)

૩૦. રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક એઓપી ૧૦૮૧ / ૩-એમ તા. ૨૮-૨-૧૯૮૧થી સ્કીમ ઑફ હાયર ગ્રેડ સ્કેલ્સ ફ્રૂ ડીલ વીથ ધી પ્રોબ્લેમ ઑફ સ્ટેગ્નેશન રાજ્ય સરકારના કર્મચારીઓ માટે દાખલ કરી છે. આ યોજનાનો લાભ યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં રાજ્ય સરકારના ઠરાવનો અમલ કરવા માટે સમગ્ર વિગતે જોઈ-તપાસી પોતાનો રિપોર્ટ આપવા માટે એક સમિતિ નિયુક્ત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી. સદરહુ સમિતિની ભલામણો સ્થાયી સમિતિના અભિપ્રાય સાથે આ બાબત ફરીથી આ સભાગૃહમાં મૂકવાનું રાખવું.

(સદરહુ રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ તા. ૨૮-૨-૧૯૮૧નો નકલ **પરિશિષ્ટ "૨૭"** તરીકે સામેલ છે.)

૩૧. ડૉ. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન રિસર્ચ સેન્ટર, અમદાવાદને ઑર્થો. એસ.બી.,બી.એસ. ૧૮ અને ૬૯ મુજબ રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની નીચે મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"I recommended Total 12 (Twelve) Internees Doctors for rotating Housemanship of Institute Immediately."

આથી ફરાવવામાં આવે છે કે ડૉ. જીવરાજ મહેતા સ્મારક જૈશ્ય ફાઉન્ડેશન મેડિકલ રિસર્ચ સેન્ટર, અમદાવાદને ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૧૮ અને ૧૨ મુજબ રોટેટિંગ હાઉસમેનશિપ માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની નીચે મુજબની ભલામણ મંજૂર કરી :

"Recommended Total 12 (Twelve) Internees Doctors for rotating Housemanship at above Institute."

૩૨. માસ્ટર ઑફ લાઇબ્રેરી સાયન્સનાં પ્રવેશ અંગેનાં ધારાધોરણમાં સુધારા કરવા અંગેની સમિતિની તા. ૨૦-૩-૧૯૬૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે માસ્ટર ઑફ લાઇબ્રેરી સાયન્સમાં પ્રવેશ અંગેનાં ધારાધોરણોમાં સુધારા કરવા અંગેની કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૦-૩-૧૯૬૧ની સભાની ભલામણ મંજૂર કરવી તથા માસ્ટર ઑફ લાઇબ્રેરી સાયન્સમાં પ્રવેશ માટેનાં પાત્રતાનાં ધારાધોરણોનો અમલ જૂન, ૧૯૬૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી કરવાનું રાખવું.

(સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "૧૮" તરીકે સામેલ છે.)

૩૩. સને ૧૯૬૧ના જૂનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે એમ.ડી.એસ.ના પ્રવેશ અંગેની ઇન્ટર્લ પ્રવેશ સમિતિએ સૂચવેલ ધોરણો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે ઇન્ટર્લ સમિતિએ એમ.ડી.એસ.ના પ્રવેશ માટેના ધારાધોરણો સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને સુધારા સાથે મંજૂર કરવાં તથા સદરહુ પ્રવેશપાત્રતાનાં ધારાધોરણો જૂન, ૧૯૬૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી અમલી કરવાનું રાખવું.

(પ્રવેશપાત્રતાનાં સદરહુ ધારાધોરણોની નકલ પરિશિષ્ટ "૧૯" તરીકે સામેલ છે.)

૩૪. જૂન, ૧૯૬૧થી નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદમાં બી.એસસી. (સ્પે.)ના ગણિતશાસ્ત્ર અને બી.એસ.સી. (જન.)માં વનસ્પતિશાસ્ત્રના વિષયો શીખવવા માટેના વધારાના જોડાણ પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ફરમાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ નિમણૂંકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૪-૧૯૬૧ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૧ થી ૧૪-૬-૧૯૬૩ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનમાં ઓ. ૧૨૦-એ મુજબ જરૂરી શિક્ષકગણની નિમણૂંક કરવામાં આવે;
(નવી નિમણૂંક કરતાં પહેલાં રાજ્ય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવી તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગણિતશાસ્ત્ર માટે રૂ. ૩,૦૦૦ અને વનસ્પતિશાસ્ત્ર માટે રૂ. ૨,૦૦૦ની રકમનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગણિતશાસ્ત્રના ન્યૂમેરિકલ એનાલિસિસના પ્રયોગ માટે ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થી સમાવી શકાય તેવી પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૬. સદરહુ વિષયો શરૂ થવાને કારણે ચાલુ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીને છૂટા નહીં કરવામાં આવે તેવી બાંહેધરી આચાર્ય અને મૅનેજમેન્ટ આપે.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે તેવું પ્રમાણપત્ર આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. જૂન, ૧૯૯૧થી નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીઓ અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે જ્યાં જરૂરિયાત જણાય છે તે પરત્વે, કુલપતિશ્રી નિયુક્ત સમિતિના વચગાળાના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન, ૧૯૯૧થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલી અરજીઓ અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે ભલામણ આપવા

કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિનો વચગાળાનો હેવાલ સ્વીકારવો તથા તેમાં જણાવ્યા અનુસારની કૉલેજને જૂન, ૧૯૯૧થી શરૂ કરવા માટેની જરૂરિયાત સ્વીકારવી તથા તે અન્વયે જરૂરી કાર્યવાહી કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિનો વચગાળાનો હેવાલ **પરિશિષ્ટ "૨૦"** તરીકે સામેલ છે.)

૩૬. સંલગ્ન કૉલેજોમાં કૉમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામરની શૈક્ષણિક પાત્રતા, પગાર-ધોરણ તથા અન્ય જોગવાઈ, કુલપતિશ્રી નિયુક્ત સમિતિની તા. ૧૮–૩–૧૯૯૧ની સભામાં થયેલ ભલામણ અન્વયે સુધારવા વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજમાં કૉમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામરની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો, તથા પગારધોરણો અંગે કુલપતિશ્રી નિયુક્ત સમિતિની ભલામણ અન્વયે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) સંલગ્ન કૉલેજમાં કૉમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામરની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો નીચે દર્શાવ્યા પ્રમાણે રાખવા તથા તેનો અમલ તાત્કાલિક કરવાનું ઠરાવવામાં આવ્યું.

QUALIFICATIONS FOR THE POST OF PROGRAMMER IN AFFILIATED SCIENCE/COMMERCE COLLEGES

1. MCA / B.E. Computer Science Ist Class

or

2. M.Sc. Ist Class and University recognised P.G. Diploma in Computer Science

or

3. M.Sc. / B.E. Ist Class with three years of experience in Computer Programming

or

4. Graduate Ist Class and University Recognised PG Diploma in Computer Science Ist Class and two years experience of Computer Programming

or

5. Graduate Degree and University Recognised PG Diploma in Computer Science with 3 years experience of computer programming

or

6. Graduate Degree with Certificate in Computer Programming of at least 6 months duration from a recognised University and five years experience of Computer Programming.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ કૉલેજોમાં કામ કરતા પ્રોગ્રામરને સદરહુ જગ્યા માટેનું રૂ. ૧,૬૪૦-૨,૯૦૦નું પગારધોરણ પશ્ચાદ્‌વર્તી તારીખ ૧-૧-૧૯૮૬થી લાગુ પાડીને તા. ૧-૪-૧૯૯૧થી નવા પગારધોરણ પ્રમાણે ચુકવણી કરવી, અને નવા પગારધોરણનો અમલ શરૂ કરે તે પહેલાંની એટલે કે તા. ૧-૧-૧૯૮૬થી તા. ૩૧-૩-૧૯૯૧ સુધીના નવા પગારના તફાવતની રકમ રાજ્ય સરકાર પાસેથી મેળવવા જે તે કૉલેજે ઘટતી કાર્યવાહી કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજમાં કામ કરતા પૂર્ણસમયના પ્રોગ્રામર જો ઉપર જણાવ્યા પ્રમાણેની શૈક્ષણિક પાત્રતા ધરાવતા હોય અથવા જ્યારથી પણ ધરાવતા થાય તે તારીખથી તેમને રૂ. ૨,૦૦૦-૩,૫૦૦નું પગારધોરણ રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી લાગુ પાડવું.

(૪) વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે કૉલેજોમાં હાલ કૉમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામર તરીકે કામ કરતા પણ ઉપર જણાવેલી શૈક્ષણિક પાત્રતા ધરાવતા ન હોય તેઓ તા. ૧-૧-૧૯૮૬થી રૂ. ૧,૬૪૦-૨,૯૦૦નું પગારધોરણ મેળવવાને પાત્ર ગણાશે.

(૫) કૉમ્પ્યુટરનો વિષય દાખલ કરવાને કારણે કૉલેજોમાં પ્રોગ્રામરની નિમણૂક કરેલી છે, તે શૈક્ષણિક નિમણૂકો છે અને તેને યુનિવર્સિટી માન્યતા પણ આપે છે, અને તેથી તે વેકેશનને પાત્ર છે.

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૨૧"** તરીકે સામેલ છે.)

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૩૭. ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગની લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની જગ્યા ભરવા માટે તા. ૨૦-૨-૧૯૯૧ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગમાં લેક્ચરર-ઈન-લેબર વેલ્ફેરની જગ્યા માટેની વરણી સમિતિની તા. ૨૭-૨-૧૯૯૧ના રોજ મળેલી સભાની ભલામણ મંજૂર રાખવી તથા તે અનુસાર લેક્ચરર-ઈન-લેબર વેલ્ફેરની જગ્યા પર શ્રીમતી રાજસી એ. કલાર્કની લેક્ચરરને લાગુ પડતાં પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની નોંધ **પરિશિષ્ટ "૨૨"** તરીકે સામેલ છે.)

૩૮. (M.B.A.) એમ.બી.એ.ના વ્યાખ્યાતાની નિમણૂક માટે લાયકાતનાં ધોરણો નક્કી કરવા માટે તા. ૨૨-૩-૧૯૯૧ના રોજ મળેલ સમિતિએ લાયકાતનાં ધોરણો નક્કી કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વાણિજ્યના અથવા બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતા માટે લાયકાતનાં ધોરણો વિષે ભલામણ કરવા કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની

તા. ૨૨–૩–૧૯૯૧ની સભામાં નિયત કર્યા પ્રમાણે વાણિજ્યના અથવા બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતાની નિમણૂક કરવા માટે શૈક્ષણિક પાત્રતાનાં ધોરણો મંજૂર કરવાં અને તેનો અમલ શૈક્ષણિક વર્ષ જૂન, ૧૯૯૧થી કરવાનું રાખવું.

(સદરહુ ધોરણોની નકલ **પરિશિષ્ટ "૨૩"** તરીકે સામેલ છે.)

૩૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

જૂન, ૧૯૯૧થી આર્ટ્સ કૉલેજ, વીરપુરની ફર્સ્ટ બી.એ. અને સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત; બી.એ. (ગૌણ)માં હિન્દી અને સમાજશાસ્ત્રનો વધારાનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલના ભલામણ મંજૂર કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરનાં કાર્યની નોંધ લેવી.

૪૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન, ૧૯૯૦થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી અન્વયે સ્થાનિક તપાસ સમિતિનો ભલામણ અન્વયે કરેલી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ કુલપતિશ્રીએ મંજૂર રાખી છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરના કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ અધ્યક્ષશ્રીનો આભાર માનીને સભાનું કામકાજ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું.

એકિઝ. કાઉ./નં. ૧૪૬૨/૧૯૯૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૯.
તા. ૩-૫-૧૯૯૧.

મ. પ. જડિયા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૧"
બાબત ક્રમાંક ૧ (૭)

O. 120 :

Every application for affiliation shall be sent alongwith the fees as prescribed below :

1.	Application for affiliation of a new college In event the need of the college is not established, 50% of the fee shall be forfeited.	**Rs. 5,000**
2.	Application for bifurcation of an existing college *OR* Amalgamation of existing College *OR* Addition of a new faculty	**Rs. 2,500**
3.	Extension of affiliation *OR* Renewal of affiliation.	**Rs. 1,000**

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૧(૮)

આજે તા. ૨૫-૯-૧૯૯૦ના રોજ મંગળવારે કુલપતિશ્રીએ નીમેલી પેટાસમિતિની બીજી સભા કૉમ્યુનિકેશન ડેવલપમેન્ટલ સેન્ટરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ રીડર અને લેકચરરની જગ્યા માટેનાં લાયકાતનાં ધોરણો નક્કી કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

(૧) પ્રોફેસર કે. એસ. શાસ્ત્રી	હાજર
(૨) આચાર્યશ્રી ડી. એમ. શીખ	હાજર
(૩) આચાર્યશ્રી આર. એચ. વ્યાસ	હાજર
(૪) પ્રોફેસર વિમળભાઈ પી. શાહ	હાજર.

સભાનું સંચાલન પ્રોફેસર કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબનાં ધોરણો સૂચવવામાં આવ્યાં :

The following shall be the minimum qualifications for the post of a Reader in Developmental Communication in the University.

Reader in Developmental Communication :

1. (*a*) Masters' degree with atleast 55% marks or its equivalent grade in any of the discipline such as Sociology. Economics. Psychology, Anthropology, Communication. Journalism, languages and Developmental Communication.

and

(*b*) A good academic record in any discipline.

and

2. At least five years' teaching/research experience out of which at least two years teaching/research experience in the field of Developmental Communication.

and

3. Three research papers in the relevant subject/field published in reputed journal.

OR

Successfully guided ten dissertations at post-graduate level in the relevant subject/field.

4. The Vice-Chancellor may decide to take into considertation an application on the recommendation of the Advisory Committee for the Developmental Communication Centre, from any person whose discipline may be other than those prescribed in (1) above, but who possesses substantial experience and necessary background in the broad field of Communication, and invite such applicant to appear before the Selection Committee, and the Selection Committee may recommend to waive the prescribed requirements in such a case : However the Selection Committee must record in detail the reasons for its recommendation for consideration.

Explanation Note :

(1) " Equivalent grade " under (*a*) above shall mean ' A ' grade in the grade system.

(2) " A good academic record " under (*b*) above shall mean average of 52.5% of the total number of marks at any of the previous two examinations at the collegiate level (i.e. Pre-University. F.Y., S.Y. and T.Y.) held by the University or not less than 50% of marks in any of the previous two examinations.

(3) For the purpose of arriving at percentage of marks secured by the candidate, marks obtained at both internal and external examinations shall be taken into the account.

(4) However, the above minimum qualification shall not be insisted upon for the present incumbent, i.e. full time or part time lecturers who are already in the service and recognised as such on or before 14-9-1988 by this University. when they seek appointment in any affiliated college or University either as full time or part time lecturers or other academic posts (Reader, Professor and Principal).

(5) The provision laid down in the Explanation Note (4) above shall not apply for those lecturers whose appointments have been condoned for a stipulated period to avoid iuconventence to the concerned institution whose recognition was given on adhoc basis.

Lecturer in Developmental Communication :

1. (*a*) Master's degree with at least 55% marks or its equivalent grade in any decipline such as in Soclology, Economics, Psychology, Anthropology, Communication, Journalism, languages and Developmental communication AND (*b*) a good academic record in any discipline. AND (*c*) One year's teaching / research experience in Developmental Communication.

OR

1. Diploma from Film and Television Institute of India, Pune with at least 2 year's experience, preferably in Developmental Communication OR a post-graduate diploma in developmental communication with at least 2 year's teaching / research experience preferably in Developmental Communication.

OR

1. Post-graduate degree / Diploma in Drama from a reputed school with at least 55% marks with 2 years relevant experience.

OR

1. Diploma in Visual Communication from NID with atleast 3 years experience, preferably in the field of Developmental Communication.

OR

1. B.E. Electronics first class with at least 2 years' experience in the field of Telecommunications, Video / Radio Engineering.

2. The Vice-Chancellor may decide to take into consideration an application on the recommendation of the Advisory Committee for the Developmental Communication Centre, from any person whose discipline may be other than those prescribed in (1) above, but who possesses substantial experience and, necessary back-ground in the broad field of Communication, and invite such applicant to appear before the Selection Committe, and the Selection Committee may recommend to waive the prescribed requirements in such a case. However, the Selection Committee must record in detail the reasons for its recommendation for consideration.

Explanation Note :

1. "Equivalent grade" under (1) above shall mean ' A ' grade in the grade system.
2. " A good academic record " under (1) above shall mean average of 52.5 % of the total number of marks at any of the previous two examinations at the collegiate level (i.e. Pre-University, F.Y., S.Y. and T.Y.) held by the University or not less than 50% of marks in any of the previous two examinations.
3. For the purpose of arriving at percentage of marks secured by the candidate, marks obtained at both internal and external examinations shall be taken into the account.

4. However, the above minimum qualification shall not be insisted upon for the present incumbent i.e. full time or part time lecturers who are already in the service and recognised as such on or before 14-9-1988 by this University, when they seek appointment in any affiliated college or University either as full time or part time lecturers or other academic posts (Reader, Professor and Principal).

5. The provision laid down in the Explanation Note (4) above shall not apply for those lecturers whose appointments have been condoned for a stipulated period to avoid inconvenience to the concerned institution whose recognition was given on adhoc basis.

ઉપર મુજબનાં લાયકાતનાં ધોરણો કોમ્યુનિકેશન ડેવલપમેન્ટલ સેન્ટરમાં નીમાનાર રીડર અને લેકચરર માટે લાગુ પાડવા આ સમિતિ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કે. એસ. શાસ્ત્રી
ડી. એમ. શીખ
આર. એચ. વ્યાસ
વિમળાબાઈ પી. શાહ

પરિશિષ્ટ "૩"
કામકાજ ક્રમાંક ૨(૩)

Grant of House Rent Allowance and Compensatory Local Allowance—for the period from 1st April 1986 to 31st May, 1987.

GOVERNMENT OF GUJARAT

FINANCE DEPARTMENT

Resolution No. VLB-1289-18t-J

Sachivalaya, Gandhinagar, Dated the 30th January, 1991

Read : (1) G.R.,F.D. No. ECR-1087-4-M, Dated the 1st June, 1987.
(2) G.R.,F.D., No. VLB-1289-GOI-56-J, Dated the 17th August, 1989.
(3) G.R.,F.D., No. VLB 1289-GOI-56-J, Dated the 5th September, 1989.

RESOLUTION

Vide Government Resolution Dated the 1st June, 1987 cited in the preamble House Rent Allowance and Compensatory Local Allowance were granted at revised rates to Government is pleased to decide that, in partial modification of Government Resolution No. ECR-1087-4-M, dated the 1st June, 1987 House Rent Allowance and Compensory Local Allowance shall be granted to Government employees with effect from 1st April 1986 instead of 1st June, 1987

2. The Payment becoming due under this order shall be made to employees after making necessary adjustments on account of payments for the period 1st April, 1986 to 31st May, 1987, if any, already made to these employees in pursuance of Government Resolution, Finance Department No. VLB-1289-GOI-56-J, dated the 17th August, 1989. If, however, any recoveries become due from any employees by application of this order, the same shall be recovered in the usual manner. All other conditions of the Government Resolution dated the 1st June, 1987 will also be effective from 1st Apnil, 1986 except to the extent indicated in this order.

By order and in the name of the Governor of Gujarat,

Bindu Gamit
Depaty Secretary to Government

પરિશિષ્ટ "૪"
ક્રમાંક ૨(૮)

GUJARAT UNIVERSITY

Summary of the Statements declared in Ph.D. Degree during the Academic year from 1-1-1990 to 31-12-1990.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Faculty*	*Title of the Thesis*	*Name of the Guide*
1	2	3	4	5	6
1.	Shri M. U. Patel	Education	Arts	Critical Study of the Educational Philosophy of Manubhai Pancholi (Darsak)	Dr. C. B. Patel, Uni. School of Education, Gujarat University, Ahmedabad-9.
2.	Shri Govindini D. Shah.	English	Arts	The Poetry of Philip Larkin—A Study	Dr. R. A. Malagi, Uni. School of Languages, Gujarat University, Ahmedabad-9.
3.	Shri S. K. Vakil	Gujarati	Arts	શ્રી વલ્લભાખ્યાનનો સાહિત્યિક અભ્યાસ	Dr. K. K. Shastri, B. J. Institute of Learning and Research, Ahmedabad-14.
4.	Shri Kanchan Pandey	Physics	Science	Isotopic and Chemical Studies of Ultra Magic Nodules in Akai Basa its from Kutch, Western India.	Prof. Gopalan, N.I.O.H., Ahmedabad.

1	2	3	4	5	6
5.	Shri Nandanben S. Soni	Sanskrit	Arts	કુમારદાસ કૃત 'જાનકીહરણ'નું વિવેચનાત્મક અધ્યયન	Dr. G. D. Shah, Govt. Arts & Science College, Gandhinagar.
6.	Shri Linz Buoy George	Zoology	Science	Protein profile & Enzyma Pattern in Experimental Cataract	Dr. U. M. Rawal, Uni. School of Sciences, Ahmedabad-9.
7.	Shri H. L. Padhiyar	History	Arts	ગુજરાતના સામાજિક, આર્થિક અને રાજકીય ઉત્થાનમાં હરગોવિંદદાસ દ્વારકાદાસ દોશીવાળા (૧૮૮૮-૧૯૩૧) નું પ્રદાન	Dr. Makrand Mehta, Uni. School of Social Science, Gujarat University, Ahmedabad-9.
8.	Shri C. V. Raiyani	Chemistry	Science	Evaluation of Air Pollution levels in Ahmedabad and its effects on School Children	Dr. S. K. Kashyap, N.I.O.H., Ahmedabad-9.
9.	Shri H. J. Shah	Philosophy	Arts	Theism and Jainism	Dr. J. A. Yagnik, Uni. School of Philosophy, Gujarat University, Ahmedabad-9.
10.	Shri N. R. Thakkar	Gujarati	Arts	જયભિખ્ખુ વ્યક્તિત્વ અને વાઙ્મય	Dr. C. P. Vyas, Arts & Commerce College, Dohad, Dist. PMS.
11.	Shri Rajpati R. Pandey	Hindi	Arts	ગુજરાત મેં બોલચાલ કી હિંદી	Dr. Raghuveer Chaudhary. Uni. School of Languages, Gujarat University, Ahmedabad-9.

12.	Shri S. B. Bhadauria	Hindi	Arts	સ્વાતંત્ર્યોત્તર હિંદી ગુજરાતી ગઝલ તુલનાત્મક અધ્યયન	Dr. Sudha Srivastava, H. K. Arts College, Ahmedabad-9.
13.	Shri Ravindra Kaur	Hindi	Arts	ડૉ. શિવમંગલસિંહ સુમન વ્યક્તિત્વ એવં કૃતિત્વ	Dr. R. K. Gupta, Uni. School of Languages Ahmedabad-9.
14.	Shri R. N. Jadav	Botany	Science	Forest Mapping Methodology using Remote Sensing Data (A cash study in Drug Forest India using Solyat 7 Data)	Dr. A. B. Vora, Uni. School of Sciences, Ahmedabad-9.
15.	Shri A. K. Dave	Zoology	Science	Estimation of Air Polluting Microves in Thick Density Industrial Zones its environmental effect and Remedies	Dr. V. C Shah, Uni. School of Sciences, Gujarat University, Ahmedabad-9.
16.	Shri P. C. Skariah	Botany	Science	Studies on Growth & development of Radish (Raphanas Satival)	Dr. A. B. Vora, Uni. School of Sciences, Gujarat University, Ahmedabad-9.
17.	Shri C. M. Shah	Statistics	Arts	Profit maximisation in Investment Decision making & production Planning problems for certain inventory models.	Dr. B. B. Jani, Uni. School of Social, Sciences, Gujarat University, Ahmedabad-9.
18.	Shri Darshana Dholakia	Gujarati	Arts	નરસિંહ મહેતાના આત્મચારિત્રાકમ કાવ્યોનું સમીક્ષાત્મક કાવ્યનું સમીક્ષાત્મક અધ્યયન, નરસિંહ ચરિત્ર અને સંતચારિત્રના પરંપરાના સંદર્ભમાં	Dr. Jayant Kothari, G. L. S. Arts College, Ahmedabad-6.

1	2	3	4	5	6
19.	Shri Sanjay A. Naik	Labour Welfare	,,	An Empirical study of relationship of job involment to job satisfaction of Supervisory and non-Supervisory staff in Textile Mills	Dr. P. K. Garg, I.I.M., Ahmedabad-15.
20.	Shri Uppala Radhakrishna	Zoology	Soience	Karyological studies of Some Human sex anomalies	Dr. V. C. Shah, Uni. School of Sciences, Ahmedabad-9.
21.	Shri Frenny J. Sheth	Zoology	Science	Correlation of phenotypic and Genotypic sex in some cases of human sex abnormalities	Dr. V. C. Shah, Uni. School of Sciences, Ahmedabad-9.
22.	Shri B. M. R. Vyas	Micro-Biology	Science	Studies on Degradation of Lignin by Micro organism	Dr. S. G. Desai, Uni. School of Sciences, Ahmedabad-9.
23.	Smt. Geetadevi M. Kurel	Hindi	Arts	તુલસી કાવ્યમેં પૌરાણિક સંદર્ભ ઔર ઉનકા મહત્વ	Dr. B. S. Agrawal. L. D. Arts College, Ahmedabad-9.
24.	Smt. Savita S. Makhija	Zoology	Science	Effect of Mercury on Malerate Gondal Hypophysical Axis.	Dr. P. R. Chaudhary, N.I.O.U., Ahmedabad-16 Co-Guide. Dr. Miss N. Chinoy, Uni. School of Sciences, Ahmedabad-9.

25.	Smt. Kirtida Joshi	Gujarati	Arts	અખાજીકૃત ચિત્તવિચાર સંવાદની સમિક્ષિત વાચના અને તેનો વિવેચનાત્મક અભ્યાસ.	Prof. Jayant Kothari, G. L. S. Arts College, Ahmedabad.
26.	Shri B. R. Rathore	Hindi	Arts	ગુજરાતકા ચારણી સાહિત્ય	Dr. A. S. Nagar, Uni. School of Language, Ahmedabad–9.
27.	Smt. Amita O. Arya	Economics**		Agriculture Marketing in Gujarat	Dr. P. K. Dave, Uni. School of Social Sciences, Ahmedabad–9.
28.	Smt. Pritiben K. Mehta	Sanskrit	Arts	વેદોમાં ઋચાઓ	Prof. D. G. Vedia, Mahrshi Vedic Academic in Science, Ahmedabad.
29.	Smt. Rekha B. Gosalia	Sociology	Arts	Spouse relationship amongst elite in a matropolis.	Prof. A. R. Shah, Uni. School of Social Sciences, Ahmedabad–9.
30.	Shri R. D. Desai	Psychology	Arts	An empirical study of role efficacy in Entrepreneurial behaviour as a function of personality traits with need Achievements.	Dr. A. R. Desai, B. D. Arts College, Ahmedabad–1.

1	2	3	4	5	6
31.	Shri Taisir Jsmail Ahmed Amre	Economics	Arts	Economics of Managerical Techniques and Practice of of Volvo company in Sweden with special reference to Relevant Lession to be applied in the policy-marketing for the Swedish Economy.	Dr. J. I. Laliwala, Uni. School of Social Science, Ahmedabad-9.
32.	Shri H. M. Jani	Sanskrit	Arts	મુખ્ય પુરાણોમાં શાપ અને તેનો પ્રભાવ	Prof. Gautambhai Patel, St. Xavier's College, Ahmedabad-9.
33.	Shri S. G. Yadav	Maths	Science	A study of some exact solutions of Einstein's equations	Prof. L. K. Patel, Uni. School of Sciences, Ahmedabad-9.
34.	Shri Bhashkaran P.	Physics	Science	Dynamics of plasma Disks around compact objects	Prof. A. R. Prasana, P.R.L., Ahmedabad-9.
35.	Shri Pritam S. Singhvi	Hindi	Arts	હિન્દી જૈન સાહિત્યમેં કૃષ્ણકા સ્વરૂપ વિકાસ	Prof. B. S. Agrawal, L. D. Arts College, Ahmedabad-9.
36.	Shri A. B. Shah	Chemistry	Science	Synthesis of Heterolytics compound of Biological interest.	Prof. P. R. Shah, St. Xavier's College, Ahmedabad-9.

37.	Shri Jagdish C. Vyas	Gujarati	Arts	કવિશ્રી પ્રિયકાંત મણિયાર —એક અધ્યયન	Prof. Chandrakant Sheth, K. L. Swadhyaya Mandir, Ahmedabad–9.
38.	Bela Trivedi	Pol. Sci.	Arts	Political Communication— A comparative study of Mass Media.	Dr. P. N. Sheth, University School of Social Sciences, Ahmedabad–9.
39.	Shri A. J. Mehta	Chemistry	Science	Investigation of Organic Ligands for Inorganic Analysis	Dr. Judas Franco, Bhavan's R. A. Science College, Ahmedabad–1.
40.	Smt. J. A. Patel	Education	Arts	A study of the effect of Religious understanding in moral reasoning.	Dr. S. M. Rakhe, Uni. Scdool of Education, Ahmedabad–9.
41.	Smt. Kirti D'Souza	Zoology	Science	Studies on the effect of some Anti–fertility agents on Male Rodents.	Dr. Miss N. J. Chinoy, Uni. School of Sciences, Ahmedabad–9.
42.	Smt. Raksh Basant	Economics	Arts	Technology Diffusion in an Agrarian Economy—A study of Agromechanical Technology in Gujarat	Dr. K. K. Subramanyam, S. P. Institute of Economics and Social Research, Ahmedabad.
43.	Ishwarbhai A. Parmar	History	Arts	અમદાવાદ મ્યુનિસિપાલિટીનો ઉદ્‌ગમ અને વિકાસ, ૧૮૫૬-૧૯૧૬	Dr. M. J. Mehta, Uni. School of Social Science, Ahmedabad–9.
44.	Smt. Manjula S. Johi	Chemistry	Scienee	Studies in Quinazolone Derivatives as Potential Drugs	Dr. M. H. Gandhi, Uni. School of Sciences, Ahmedabad–9.

1	2	3	4	5	6
45.	Shri H. M. Dave	Psychology	Arts	Impact of Motivation in the Process of Decision Making in voluntary Sterilization (A Psychological Analysis in a typical rural area of Saurashtra.)	Dr. A. R. Desai, B. D. Arts College, Ahmedabad—1.
46.	Smt. Rajeshri G. Bhatt	Statistics	Arts Science	Some aspects of Quantitative Techniques in effective advertising and Media planning	Dr. Y. K. Shah, Uni. School of Sciences, Ahmedabad—9.
47,	Shri B. J. Thaker	History	Arts	સમી અને રાધનપુર રાજ્યના બાબી શાસકનો ઈતિહાસ ઈ.સ. ૧૯૬૧થી ૧૯૪૭ સુધી	Dr. J. R. Shukla, H. K. Arts College, Ahmedabad--9.

પરિશિષ્ટ " ૫ "
(નમકાજ ક્રમાંક ૨૧૧૦)

યુનિવર્સિટી અને બિન સરકારી વિનયન, વાણિજ્ય, કાયદાની બિન ગ્રાન્ટેબલ/ગ્રાન્ટેબલ કૉલેજના શિક્ષકોના પગાર રક્ષણ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પરચ-૧૧૯૦-૮૨૪-૬૮/૯૦-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮-૧૨-૧૯૯૦.

વંચાણ લીધા :—(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૫-૧-૧૯૮૨ના સરકારી ઠરાવ ક્રમાંક પરચ-૧૩૮૦-૯૫૪૫૯-ખ.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧-૧૨-૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક પરચ-૧૧૮૩-૨૨(૮૭)ખ.

ઠરાવ :—

આમુખમાં દર્શાવેલ તા. ૧૫-૧—૧૯૮૨ના ઠરાવથી એક કૉલેજમાંથી બીજી કૉલેજ બદલતા શિક્ષકોને પગારનું રક્ષણ આપવામાં આવેલ છે. આ ઠરાવનો લાભ કાયદાની બિનઅનુદાનપાત્ર/અનુદાનપાત્ર કૉલેજમાંથી યુનિવર્સિટીમાં જતાં શિક્ષકોને આપવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. કાળજીભરી વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે. તા. ૧-૧-૧૯૭૩ પછી બિનસરકારી અનુદાનપાત્ર/બિનઅનુદાનપાત્ર કાયદાની કૉલેજોના શિક્ષક સ્વેચ્છાએ કૉલેજ છોડી યુનિવર્સિટીમાં જોડાય તો તેમને અગાઉની કૉલેજમાં મળતા પગારમાં તા. ૧૫-૧-૧૯૮૨ના ઠરાવ ક્રમાંક પરચ-૧૩૮૦-૯૫૪૫૯-ખ અનુસાર રક્ષણ આપવું.

૨. આ અંગેનું બજેટ હેડ " ૨૨૦૨—સામાન્ય શિક્ષણ-૦૩—યુનિ. અને અન્ય ઉચ્ચ શિક્ષણ/૧૦૪—બિન સરકારી કૉલેજો અને સંસ્થાઓને સહાય " હેઠળ ઉધારવું અને તે સદરે મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તારીખ ૫-૧૧-૧૯૯૦ના રોજ મળેલ અનુમતીથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિનેશ વ્યાસ
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૯

A meeting of the Selection Committee for recommending name for appointment to the post of a Reader in Academic Staff College in Gujarat University, Ahmedabad–380 009, was held on Saturday the 23rd February, 1991 at 12-00 noon. Dr. M. N. Desai, Vice–Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. M. N. Desai, Vice–Chancellor	Present
2.	Prof. A. T. Desai, Pro–Vice–Chancellor	Present
3.	Prof. Ramlal Parikh	Present
4.	Prof. S. P. Gupta (UGC Represensative)	Present
5.	Prof. V. K. Arora	Present
6.	Prof. R. S. Trivedi	Present
7.	Prof. Rohitbhai Shukla (Invitee)	Present.

The following candidates were called for interview :

1.	Smt. Ranjana H. Dwivedi	Present
2.	Shri S. P. Jain	Absent
3.	Shri G. V. Patel	Absent
4.	Shri A. M. Ghodiwala	Absent
5.	Shri M. C. Butala	Absent
6.	Shri R. R. Dave	Absent
7.	Shri S. T. Kapadia	Absent
8.	Shri M. I. Prajapati	Present.

After interviewing the candidates who remain present for the interview, the Committee is of the opinion that the post should be readvertised.

Ahmedabad–380 009.
23rd February, 1991.

M. N. Desai
(Vice–Chancellor)
A. T. Desai
(Pro–Vice-Chancellor)
Ramlal Parikh
S. P. Gupta
V. K. Arora
R. S. Trivedi

પરિશિષ્ટ "૭"

કાર્યક્રમ ક્રમાંક ૧૦

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the Post of Director (Professor's scale) in the Academic Staff College, Gujarat University, Ahmedabad–380 009, was held on Saturday the 23rd February, 1991 at 10–00 a.m. Dr. M. N. Desai. Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. M. N. Desai, Vice–Chancellor	Present
2. Prof. A. T. Desai, Pro–Vice–Chancellor	Present
3. Prof. Ramlal Parikh	Present
4. Prof. S. P. Gupta (UGC Representative)	Present
5. Prof. V. K. Arora	Present
6. Prof. R. S. Trivedi	Present
7. Prof. Rohitbhai Shukla (Invitee)	Present.

The following candidates were called for interview :

1. Shri B. K. Jain	Absent
2. Shri T. C. Mistry	Absent
3. Shri C. H. Mehta	Absent
4. Shri G. V. Patel	Absent
5. Shri B. K. Thakkar	Absent
6. Smt. Leela K. Patel	Absent
7. Shri A. R. Shah	Present.

After interviewing the candidates who remain present for the interview, the Committee is of the opinion that Shri A. R. SHAH is suitable for the post of a Director (Professor's scale) in Academic Staff College and recommends him for appointment thereto.

Ahmedabad–380 009,
23rd February, 1991.

M. N. Desai
(Vice–Chancellor)
A. T. Desai
(Pro–Vice–Chancellor)
Ramlal Parikh
S. P. Gupta
V. K. Arora
R. S. Trivedi

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૧૧

Confidential

A meeting of Expert Committee appointed by Vice-Chancellor to review the performance of Shri M. E. James, Lecturer in Physics (Atmospheric Science) held on 18th February, 1991 at 3-00 p.m. in the University office.

The following members were present in the meeting :

1. Prof. P. D. Bhavsar — **Present**
2. Prof. S. M. Patel — **Present**
3. Prof. S. D. Verma (Invitee) — **Present.**

After reviewing the performance of Shri M. E. James. Lecturer in Physics (Atmospheric Science) the Expert Committee have gone through his progress report and found it satisfactory. In view of this we recommend that Mr. M. E. James be continued as a Lecturer in Physics (Atmospheric Science) in the Department of Physics and Space Sciences, School of Science.

Sd/-

P. D. Bhavsar

S. M. Patel

પરિશિષ્ટ "૯"
ક્રમકાજ ક્રમાંક ૧૯

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૬-૨-૧૯૯૧ના રોજ બપોરે ૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. એ. ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪. પ્રો. એ. આર. શાહ	હાજર
૫. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૮-૧૨-૧૯૯૦ તથા તા. ૭-૨-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૮-૧૨-૧૯૯૦ તથા તા. ૭-૨-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને તથા પ્રેસના કર્મચારીઓને ૧૯૯૧-૯૨માં બે જોડ પોલીવસ્ત્રો યુનિફૉર્મ આપવાના થાય છે, તો આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉની જેમ એન. ટી. સી. મિલના કાપડના ભાવ મંગાવીને ફાઇનાન્સ સમિતિ સમક્ષ રજૂ કરવા.

૩. યુનિવર્સિટીની ચોથા વર્ગની સ્ત્રી-કર્મચારીઓને ૧૯૯૧-૯૨માં બે જોડ પોલીવસ્ત્રો યુનિફૉર્મ આપવાના થાય છે, તો અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર) થશે.

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉની જેમ એન. ટી. સી મિલના કાપડના ભાવ મંગાવી ફાઇનાન્સ સમિતિ સમક્ષ રજૂ કરવા.

૪. યુનિવર્સિટીના ચોથા વર્ગના તથા પ્રેસના ચોથા વર્ગના કર્મચારીઓને ૧૯૯૦-૯૧માં ગરમ કોટ તથા પેન્ટ આપવાનાં થાય છે, તો આ અંગે જાહેરખબર દ્વારા મંગાવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૫૬,૦૦૦ થી રૂ. ૬૦,૦૦૦ થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના તથા પ્રેસના ચોથા વર્ગના કર્મચારીઓને ગરમ કોટ તથા પેન્ટ માટે ગરમ કાપડ કયા ભાવનું અને કઈ જાતનું ખરીદવું તે અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. યુનિવર્સિટીના કાયમી શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના ઓળખપત્ર લેમિનેટ કરાવવા વર્તમાનપત્રમાં જાહેરખબર આપીને ભાવ મંગાવ્યા હતા તેના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે વર્તમાનપત્રમાં નવેસરથી જાહેરખબર આપી ભાવ મંગાવવા.

૬. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગનાં ડુપ્લિકેટિંગ મશીનોનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રેક્ટ કરવા અંગે રૂ. ૧૦,૯૫૦ના ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગનાં ૧૬ ડુપ્લિકેટિંગ મશીનોનો ગેરટેટનર (ઇન્ડિયા) લિ. સાથે એક વર્ષ માટે સર્વિસ કોન્ટ્રેક્ટ કરવો અને આ અંગે રૂ. ૧૦,૯૫૦ (અંકે રૂપિયા દસ હજાર નવસો પચાસ)નો ખર્ચ મંજૂર કરવો.

૭. યુનિવર્સિટીના ડી.પી.ઈ. વિભાગ માટે રમતગમતનાં સાધનો ખરીદવા માટે મંગાવેલ ભાવ ઉપર વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૧,૨૩,૫૦૦ (અંકે રૂપિયા એક લાખ ત્રેવીસ હજાર પાંચસો પૂરા) થશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રમતગમતનાં સાધનો ખરીદવા માટે મંગાવેલા ભાવો કરતાં પણ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઇન્ડિયાએ માન્ય કરેલા ડીલરોના ભાવ ઓછા હોવાથી આ સાથેના પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણેનાં સાધનો તેના નામ સામે દર્શાવેલ ડીલરો પાસેથી સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઇન્ડિયાએ નક્કી કરેલા ભાવે ખરીદવાં અને તે માટે રૂ. ૧,૨૩,૫૦૦ અંદાજિત ખર્ચ મંજૂર કરવો.

૮. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો તથા ભવનોમાં ઉપયોગમાં લેવામાં આવતા કોમ્પ્યુટરના સંગ્રહાયેલ ડેટાના બેક-અપ માટે કાર્ટીજ ફાઇલ ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્ટીજ ફાઇલ ખરીદવા માટે જાહેરખબર આપી ભાવ મંગાવવા.

૯. યુનિવર્સિટી ગ્રંથાલયનાં સામયિકો તથા પુસ્તકોને બાઇન્ડિંગ કરાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૧૦. ગુજરાત યુનિવર્સિટીના પ્રેસ વિભાગ માટે ૧૦૦ ટન કાગળ ખરીદવાનો થાય છે. સરકારશ્રી તરફથી આ કાગળ મળી શકે તેમ નથી તો આ કાગળની ખરીદી અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૧૫,૭૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર લાખ પંચોતેર હજાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ વિભાગ માટે ૧૦૦ ટન કાગળ ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપીને ભાવ મંગાવવા.

૧૧. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે જેરૉક્સનું ઇલેક્ટ્રિક સ્ટેપ્લિંગ ફિટિંગ મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૩૧,૦૦૦ (અંકે રૂપિયા એકત્રીસ હજાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૧૨. યુનિવર્સિટી લિફ્ટ રિપેરિંગ અંગે જરૂરી સ્પેરપાર્ટ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૨,૯૪૬ (અંકે રૂપિયા બે હજાર નવસો છેંતાલીસ પૂરા) થશે.

[**નોંધ.**—ભાવ એક જ વેપારીના આવેલા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૧૩. ભાષા-સાહિત્ય ભવન માટે ૪ નંગ કબાટ તથા ૪ નંગ ટેબલ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૧૪,૨૦૪ (અંકે રૂપિયા ચૌદ હજાર બસો ચાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગનું વૉટરકૂલર રિપેરિંગ અંગે વોલ્ટાસ લિ.ના એસ્ટિમેટ આવેલ છે તો આ અંગે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૫,૪૧૫ (અંકે રૂપિયા પાંચ હજાર ચારસો પંદર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ પૂરતી મુલતવી રાખવી.

૧૫. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના VAX-II-730 સિસ્ટમનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ સી.એમ.સી. કંપની સાથે કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના VAX-II-730 સિસ્ટમનો વાર્ષિક કૉન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૧ થી તા. ૩૧-૩-૧૯૯૨ સુધી માસિક રૂ. ૧૮,૩૮૪ના ખર્ચે સી.એમ.સી. કંપની સાથે કરવો.

૧૬. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટર માટે ૨૦ નંગ મેગ્નેટિક ટેપ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૧૩,૬૦૦ (અંકે રૂપિયા તેર હજાર છસો પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટર માટે ૨૦ મેગ્નેટિક ટેપ મેસર્સ પેરાસીસ એન્ટરપ્રાઈઝ પાસેથી ખરીદવી અને આ અંગે રૂ. ૧૩,૬૦૦ (અંકે રૂપિયા તેર હજાર છસો પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૭. રેલવાલા કૉમ્પ્યુટર સેન્ટર માટે કન્ટિન્યુયસ સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૭૧,૫૦૦થી વધુ થાય તેમ છે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટર **માટે જરૂરી કન્ટિન્યુઅસ સ્ટેશનરી** ભાલ પ્રિન્ટ ફોર્મ્સ પ્રા. લિ., વડોદરા પાસેથી ખરીદવી **અને** આ **અંગે રૂ. ૭૧,૫૦૦ (રૂપિયા** એકોતેર હજાર પાંચસો પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૮. રેલવાલા કૉમ્પ્યુટર સેન્ટર માટે ૪૦૦ નંગ ફ્લોપી બોક્ષ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૧૪,૮૦૦ (અંકે રૂપિયા ચૌદ હજાર આઠસો પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટર માટે ૪૦૦ નંગ ફ્લોપી બોક્ષ પૈકી ૨૦૦ નંગ ફ્લોપી બોક્ષ મેસર્સ પેરાસીસ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ પાસેથી તથા ૨૦૦ નંગ ફ્લોપી બોક્ષ કૉમ્પ્યુટર મીડિયા, અમદાવાદ પાસેથી ખરીદવા અને આ અંગે કુલ રૂ. ૧૪,૮૦૦ (અંકે રૂપિયા ચૌદ હજાર આઠસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૯. યુનિવર્સિટીના વર્કશોપ વિભાગ માટે પોર્ટેબલ વેલ્ડિંગ મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. [આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૫,૭૪૪-૭૦ પૈસા (અંકે રૂપિયા પાંચ હજાર સાતસો **ચુમ્માલીસ અને પચ્ચાસ પૈસા પૂરા) થશે.**]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવન માટે સિગ્મા કેમિકલ્સ કંપની પાસેથી જરૂરી કેમિકલ્સ આયાત કરવા **અંગે વિચારણા કરવા બાબત.** [આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૫,૨૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર **બસો પૂરા) થશે.**]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૧. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરની મેરાથોન રીપેરિંગ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા) થશે.]

[**નોંધ.**—ખર્ચનો અંદાજ એક જ વેપારી પાસેથી મેળવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૨. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે રેડિયો પ્રોગ્રેમિંગ માટે સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૪,૩૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ ત્રીસ હજાર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૩. એક્ઝુકેશનલ ગોડિયા રિસર્ચ સેન્ટરના ઇલેક્ટ્રોનિક ટાઈપરાઇટર માટે જરૂરી સાધનસામગ્રી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૮,૭૭૦ (અંકે રૂપિયા આઠ હજાર સાતસો સિત્તેર પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૪. કુલપતિશ્રીનું કાર્ય (જાણ ખાતર) :

(૧) રસાયણવિજ્ઞાન વિભાગ માટે સીઝ ફાયર એકસ્ટીંગ્યુશર ખરીદવા માટે રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર)ના ખર્ચને મંજૂરી આપવાનું.

(૨) એપ્લાઈડ મેકેનિકલ વર્કિંગ માટે એનેમલ પેઈન્ટ તથા બૅલતેલ ખરીદવા માટે રૂ. ૮,૭૭૦ (અંકે રૂપિયા આઠ હજાર સાતસો સિત્તેર)ના ખર્ચની મંજૂરી આપવાનું;

(૩) યુનિવર્સિટી કાર્યાલયના કોમ્પ્યુટર મશીન માટે પેપર ફીડિંગ કેસેટ ખરીદવા માટે રૂ. ૪,૭૪૪ (અંકે રૂપિયા ચાર હજાર સાતસો ચુમ્માલીસ)ના ખર્ચને મંજૂરી આપવાનું;

(૪) ઍકેડેમિક સ્ટાફ કોલેજ માટે લોખંડના પલંગ નંગ ૩૦ ખાદી સરીતા પાસેથી ખરીદવા માટે રૂ. ૧૮,૬૦૦ (અંકે રૂપિયા આઠ હજાર છસો પૂરા)ના ખર્ચની મંજૂરી આપવાનું;

(૫) યુનિવર્સિટી ગ્રંથાલય માટે ૧૯૯૧ના વર્ષ માટે દૈનિકપત્રો મંગાવવા માટે રૂ. ૩,૮૩૨ (અંકે રૂપિયા ત્રણ હજાર આઠસો બત્રીસ પૂરા)ના ખર્ચની મંજૂરી આપવાનું;

(૬) યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગના ઉપયોગ માટે ૧૧" × ૫"નાં કવરો નંગ ૬૦,૦૦૦ ખરીદવા માટે રૂ ૧૨,૩૦૦ (અંકે રૂપિયા બાર હજાર ત્રણસો પૂરા)ના ખર્ચની મંજૂરી આપવાનું;

(૭) યુનિવર્સિટી પ્રેસ માટે મેનોટાઈપ કાસ્ટિંગ મશીનના પાર્ટ્સ ખરીદવા માટે રૂ. ૧૦,૫૦૦ (અંકે રૂપિયા દસ હજાર પાંચસો પૂરા)ના ખર્ચની મંજૂરી આપવાનું;

(૮) યુનિવર્સિટી પ્રેસ માટે ૧૨ પોઈન્ટ પૈકા ગુજરાતી ટાઈપોની ખૂટ ખરીદવા રૂ. ૧૯,૦૪૦ (અંકે રૂપિયા ઓગણીસ હજાર ચાલીસ પૂરા)ના ખર્ચની મંજૂરી આપવાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

૨૫. યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોના ટાઈપરાઈટરોના વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ માટે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૬. યુનિવર્સિટીના કાર્ટિંગ એજન્ટની એક વર્ષ માટે નિમણૂક કરવા માટે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૭. યુનિવર્સિટી કાર્યાલય તથા ગ્રંથાલય માટે ખરીદવામાં આવેલા કોપીઅર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૧૨-૧૯૯૦થી તા. ૩૦-૧૧-૧૯૯૧ સુધી મેસર્સ ચોગુલે ઈન્ડસ્ટ્રીઝ સાથે કુલ રૂ. ૯,૦૦૦ (અંકે રૂપિયા નવ હજાર પૂરા)ના ખર્ચ કરવા વિચારણા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૮. યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોના ઈન્ટરકોમ ટેલિફોનના વાર્ષિક કોન્ટ્રાક્ટ તા. ૫-૪-૧૯૯૦થી તા. ૩૧-૩-૧૯૯૧ સુધી મેસર્સ એમ. જે. કે. એન્ટરપ્રાઈઝ સાથે વાર્ષિક રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા)ના ખર્ચે કરવા વિચારણા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૨૯. આગામી પરીક્ષાઓ માટે ઈન્ટરનલ સીટ રજિસ્ટર છાપવા માટે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૩૦. આગામી પરીક્ષાઓ માટે માર્ક્સ સ્ટેટમેન્ટસ ઓફિસ રજિસ્ટર તથા કોલેજ કોપી છપાવવા માટે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૩૧. સાતમી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર ડીવલપમેન્ટ ગ્રાન્ટમાંથી ઝૂલોજી વિભાગ માટે ડીપ ફ્રીઝર ખરીદવા વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ડીપ ફ્રીઝર ખરીદવા માટે મંગાવેલ ભાવો પૈકા મે. ચોકસી એન્ટરપ્રાઈઝના ભાવ સૌથી ઓછા હોવાથી તેમની પાસેથી કેલ્વીનેટર ડીપ ફ્રીઝર ૨૮૬ લિટરનું રૂ. ૧૪,૬૧૦ના ખર્ચે ખરીદવું.

૩૨. ઝૂલોજી વિભાગમાં ચાલતા કોમન પ્રોગ્રામ હેઠળ મંજૂર ડીવલપમેન્ટ ગ્રાન્ટમાંથી એરકન્ડીશનર મશીન નંગ ૩ તથા સ્ટેબીલાઈઝર નંગ ૩ ખરીદવા મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી એકેડેમીક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મંગાવેલ ભાવો પૈકા એમટ્રેકસ બનાવટના ૩ નંગ એરકન્ડીશનર ૧½ ટન કેપેસિટીના એક નંગના રૂ. ૨૨,૪૧૨-૧૦ના ખર્ચે ખરીદવા તથા ૩ નંગ ૪ કે.વી. સ્ટેબીલાઈઝર શ્રીગમ બનાવટના એક નંગના રૂ. ૨,૦૯૦ના ખર્ચે ખરીદવા.

૩૩. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ) :

એન્જીનીયરીંગ મીડિયા રિસર્ચ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ કોંગ્રેસમાં પ્રદર્શન માટે રૂ. ૩૬૧૩-૬૦ પૈસાના ખર્ચે લાકડું તથા પ્લાયવુડ ખરીદવા મંજૂરી આપ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવા.

૩૪. રસાયણવિજ્ઞાન વિભાગના કોમ્પ્યુટર વિભાગ માટે ૨ ટન કેપેસિટીનું એરકન્ડીશનર મશીન ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી એકેડેમીક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે ૨ ટન કેપેસિટીનું એરકન્ડીશનર મશીન તા. ૧૯-૯-૧૯૯૦ની ફાઈનાન્સને નક્કી કરેલા ભાવે ફ્રોઝર બનાવટનું ખરીદવું. આ અંગે અંદાજિત રૂ. ૩૨,૫૦૦ (અંકે રૂપિયા બત્રીસ હજાર પાંચસો પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

મ. પ. જાડેજા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૧૦"
કામકાજ ક્રમાંક ૧૯

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૭-૩-૧૯૯૧ ને ગુરુવારના રોજ બપોરના ૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૭-૩-૧૯૯૧
૧.	ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. એ. ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રિન્સિ. ડી. એમ. શીખ	હાજર
૪.	પ્રો. એ. આર. શાહ	હાજર
૫.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૬-૨-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૬-૨-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોનાં ટાઇપરાઇટરોના વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ માટે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોનાં ટાઇપરાઇટરોને સર્વિસ કરવા માટેનો સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૧ થી ૩૧-૩-૧૯૯૨ સુધીના સમય માટે શ્રી. પી. એન. પટેલને તેમના ભાવ સૌથી ઓછા હોવાથી માસિક રૂ. ૯૦૦ (અંકે રૂપિયા નવસો પૂરા)ના ઉચ્ચક મહેનતાણાથી યુનિવર્સિટીની શરતો મુજબ મંજૂર કરવામાં આવે છે.

૩. યુનિવર્સિટીના કાર્ટિંગ એજન્ટની એક વર્ષ માટે નિમણૂક કરવા માટે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

5.0 7% of seats available for P. G. Degree under Rule 3 will be reserved for candidates belonging to Scheduled Caste, 13% of Degree seats will be similarly reserved for ST candidates and 5% of degree seats will be similarly reserved for candidates belonging to Socially and Educationally Backward class.

5.1 These seats are reserved for the candidates belonging to SC / ST and SEBC recognised as such in the State of Gujarat and not those or whose parents have migrated from other State to Gujarat State.

5.2 For allocation of seats to this reserved category a 100 point Roster, freshly prepared in June 1991 will be followed, record of which will be maintained by the University.

5.3

5.4 Number of unreserved seats will be increased in the same subject against the number of seats utilised under Rule 5 0 as per existing policy of Government Institution.

5.5 In case the seats reserved under Rule 5.0 remain vacant due to non-availability of the candidates of the specified category upto Rule 4·1 selection they shall be treated as unreserved seats and will be filled up by the candidates on the basis of merit from those who are eligible as per Rule 4.0.

5.6 Candidates seeking admissions under Rule 5.0 will have to produce the caste certificate from the competent authority as prescribed by the Government of Gujarat from time to time, alongwith the application. The candidates will not be allowed to change the caste category thereafter.

5·7 In case of doubt or discrepancy about the caste certificate, decision of the Director, Social Welfare, Gujarat State, shall be final.

6.0 Application : The University will issue notices once in a year inviting applications for admission under these rules. Candidates are required to submit the prescribed forms duly completed and with required documents within the prescribed time limit.

6·1 The application form should be complete in all respects before submission, no alteration or addition will be permitted later.

6·2 Every candidate will be issued a receipt when he submits his application form. This must be preserved for all future references and produced when asked for.

6.3 If any candidate wishes to claim admission for more than one caste category he should submit separate applications form for each category.

6.4 Interview dates will be notified in the notice inviting applications, no separate notice or individual letters will be sent. The applicant or his duly authorised representative should remain present on the day and time fixed, also if called again, if not if absent, for whatever reason, his name will be removed from the list and he will not be considered for any post; however, he will be eligible to apply in future.

6.5 If any of the statements made in the application form or any information / document supplied by the candidate in connection with his application for admission is later on found to be false or incorrect or misguiding or if it is found that the candidate has conceled any information / fact in connection with his application, his admission shall be cancelled without any notice thereof, fees forfeited and he may be expelled and prosecuted.

7.0 Determination of Merit Order :

Separate merit lists for each Status / category shall be prepared.

7.1 The University shall prepare separate " Merit lists " for each category with respect to Rules 3, 4 & 5 out he following basis :

(*i*) Percentage upto 2 decimals of marks obtained by the candidate at Final B.D.S. Exam. multiplied by 4.

(*ii*) Percentage upto 2 decimals of marks obtained by the candidate at Third B.D.S. Exam. multiplied by 2.

(*iii*) Percentage upto 2 decimals of marks obtained by the candidate at Second B.D.S. Exam. Multiplied by 2.

(*iv*) Percentage upto 2 decimals of marks obtaieed by the candidate at First B.D.S. Exam. multiplied by 2.

(*v*) Percentage upto 2 decimals of marks obtained by the candidate at H.S.C. Examination in the subject of Physics, Chemistry, Biology and Mathematics, all theory only.

(*vi*) The percentage in above calculation should be modified by deduction of 1.0 for each unsuccessful trial in the concerned examination. " Unsuccessful trial " includes the number of terms he has lost after he has become due, irrespective of his appearance provided that the non-appearance is not as a result of reasons beyond his control.

7.2 Total of (*i*), (*ii*), (*iii*), (*iv*) and (*v*) as modified by (*vi*) shall be considered for the merit list.

7.3. Notification : Merit lists will be notified as under :

Merit list - 1.1 = Candidates under Rule 4.1 belonging to Open Merit (unreserved) seats.

Merit list - 1.2 = Candidates under Rule 4.1 belonging to SC.

Merit list - 1.3 = Candidates under Rule 4.1 belonging to ST.

Merit list — 1.4 = Candidates under Rule 4.1 belonging to SEBC

Merit list — 2.1 = Candidates under Rule 4.2 belonging to Open Merit seats

Merit list - 3.1 = Candidates under Rule 4.3 belonging to Open Merit seats.

Merit list — 4.1 = Candidates under Rule 4.4 belonging to Open Marit seats.

7.4 These Merit Lists will be placed on the notice board of the University at least 5 days prior to the date of beginning of selection. Actual number of seats available with the following details will also be placed on the notice board along with Merit List; each seat will be given a Seat Code Number; Subject, Degree, P.G. Teacher, distribution of reserved seats subjectwise (under Rule-5).

7.5 A candidate having objection to the merit list may submit it in writing to the Registrar of the University within 72 hours of Publication of Merit Lists. The admission Committee will duly consider the objection and decide the case, giving reasons. If not satisfied, he may make a written appeal to the Vice-Chancellor, whose decision shall be final.

7.6 The sequence of interviews for selection and admission will be as per Regulations.

7.7 All the candidates, admitted to P.G. Courses will have to join within 7 days of admission order; any candidate who fails to join within this time will lose his admission and will be ineligible to apply in future.

7.8 If a candidate, having received Admission order joins the course by 31st Aug, his term will be granted subject to his percentage of attendance requirements being fulfilled. If anybody joins after this date; due to whatever reasons, his term shall not be granted.

7.9 To fill the vacancies arising within 2 months and for resulting reshuffling, Second interview will be held before the end of 2 month for those eligible candidates who wish to avail of the opportunity. Procedure to be followed at this interview is described below :

7.9 (*a*) All candidates desirous of taking advantage of this filling of vacancies and reshuffling must remain present at this interview, anybody who remains absent will lose his chance of admission or reshuffling.

However, those who were admitted at earlier interview will continue and their status will not be disturbed if they remain absent at this interview.

7·9 (*b*) The candidate will be called in the same order, they were called at the previous interview, irrespective of their merit level.

7·9 (*c*) Whatever Seats are available at the time of his interview will be offered to him, i.e. vacancies arising during the interval after the last interview plus those that fell vacant due to candidates of higher merit having taken another seat minus those seats which were already taken by candidates of higher merit.

7·9 (*d*) If his admission is fresh, procedures prescribed under R-1, R-3 and R-6 will be followed. After he pays the fees and deposit, Admission order is passed and delivered.

7.9 (*e*) If he is shifting, difference of fees and deposit, if any, will have to be paid before shifting order is passed. Inability to pay the difference will result in cancellation of shifting and the next candidate will be called for interview.

7.10 The selected and admitted candidate will have to join or shift within stipulated time of 7 days; If he fails to do so as well as if he leaves before completion of the course, he will lose his admission and registration and will not be eligible to apply in future.

7.11 For those who are shifted at this interview, the granting of the term will not be altered because of change; those who join afresh after selection, the term be granted only if their joining date is upto 31st August.

8. All these admissions will be decided by the "Admission Committee" appointed by Vice-Chancellor.

9. ——

10. ——

11. The University reserves the right to introduce any new Rule or Regulations or to make changes in any of the existing Rules or Regulations at any time to deal with diverse problems arising out of infinite variety of situations.

12. ——

13. ——

Regulation under Rule 7-6

Sequence of Interviews for Selection & Admission

R. 1. Before the Candidate is offered choice of post, his original documents will be compared with the attested copies wnich he has submitted with his application form. If all the originals are not available with him or if there is discrepancy in any of the documents, he becomes incligible. His interview will not be held and next candidate will be called.

R. 2. If all attested copies of his documents are found to be exact copies of originals, he is offered the Seat. If he chooses the seat he is asked to pay the Fees and deposit. After the payment of fees his admission order is prepared. Inability to pay requisite fees and deposit will render him ineligible and the next candidate will be called.

R. 3 However, if he brings the fees and deposit when interviews are still going on, he may be allotted new merit number next to the candidate being interviewed (or just concluded) e.g. 39 A and offered Seat available at that time. All future procedures in respect of this candidate will be according to this new position in Merit List.

R. 4 A candidate who corrects the deficiency described in R. 1 (he produces all originals and attested copies submitted by him with the application are found to be exact copies of the originals) is dealt with similar to the candidate described in R. 3.

R. 5 A candidate who is absent when called, but reports late, is also dealt with similar to the candidate described in R. 3.

R. 6 Unless the interview of one candidate is over the next candidate is not called.

Interview is considered over if :

(*i*) He has chosen the subject/seat paid fees and deposit and his admission order is ready.

(*ii*) He has declined to take any of the Seats offered.

(*iii*) He is ineligible under R. 1 or R. 2.

R. 7 First, candidates belonging to Merit Lists 1-2, 1-3, 1-4 will be called for interview, one by one, according to merit and offered subjects belonging to their reserved category.

If he selects the subject :

(*a*) he is alloted that subject and is called again alongwith candidate of Merit List 1-1 for Selection of Teacher according to general merit, and

(*b*) his name is deleted from Merit List 1-1 if it is included in two list.

If he does not accept any of the subjects offered his name is retained in merit List 1-1 (if included) :

R. 8 Conversion of Reserved Seats into Open Merit (Unreserved) Seats : When the Merit Lists 1.2, 1.3 & 1.4 are exhausted and seats reserved for SC., ST. and SEBC are still vacant all these Seats are converted into Open Merit Seats.

R. 9 Next, candidates belonging to Merit List 1.1 will be called for interview one by one, according to merit. Open Merit Seats including those converted from reserved Seats and supernumerary seats are offered to these candidates.

R. 10 Simultaneously, candidates of Merit Lists 1.2, 1.3 & 1.4 who had selected their subjects as per R. 7 will be called as per their General Merit level and they will choose their Teachers.

R. 11 After Merit List 1.1 (and 1.2, 1.3 & 1.4) is exhausted candidates belonging to Merit List 2.1 are called one by one and offered remaining Seats according to merit.

R. 12 After the Merit List 2.1 is exhausted Merit List 3.1 followed by Merit List 4.1 are dealt with in the manner similar to Merit List 2.1.

R. 13 ——

R. 14 After operation of R. 12, Seats under Rule 2.0 will be filled (For Term beginning from 1st July) by candidates whose list is received from DGHS Delhi. Candidates eligible under, Rule 1.3, 1.4 and 1.8 will be called one by one according to their merit and offered seats reserved for them. For these candidates too, procedures prescribed under R–1, R–2 are followed. After the candidate pays the fees and deposit, Admission order is passed.

R. 15 Admission orders are handed over to the candidates after selection of teachers, also copies of such orders are sent to Heads of the Institutions where they are admitted.

પરિશિષ્ટ "૨૦"

કામકાજ ક્રમાંક ૩૫

નીડ કમિટી ('૧૯૯૦-૯૧')નો વચગાળાનો હેવાલ

શૈક્ષણિક વર્ષ ૧૯૯૧—૯૨થી નવી કૉલેજો શરૂ કરવા અંગે આવેલ ૨૧ અરજીઓ કમિટીએ તપાસી હતી. આવેલ અરજીઓમાં આપવામાં આવેલ માહિતીને લક્ષમાં લઈ સ્થળ સુવિધાઓ, સંસ્થાની ક્ષમતા, તે વિસ્તારની અન્ય કૉલેજોની પરિસ્થિતિ, ક્ષમતા વગેરે પાંસા અંગે ચર્ચા-વિચારણા કરી હતી. ત્યાર બાદ અરજી કરનાર સંસ્થાઓના પ્રતિનિધિઓને રૂબરૂ મળવા યુનિવર્સિટીમાં બોલાવ્યા હતા અને નીડ કમિટીએ રૂબરૂ મળવા આવેલ પ્રતિનિધિઓ સાથે સંસ્થાની ક્ષમતા, સુવિધાઓ, વિદ્યાર્થી સંખ્યાની સંભાવના વગેરે પાસાં અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને તેમની રજૂઆત પણ વિગતે સાંભળી હતી. ત્યાર બાદ આવેલ તે પ્રતિનિધિઓને પણ તેમની સાથેની ચર્ચા દરમ્યાન જે વિગતો તેમની અરજીના અનુસંધાનમાં ખુટતી હતી અથવા પૂરક માહિતીરૂપે જરૂરી હતી તે મોકલી આપવા જણાવ્યું હતું અને પૂરતો સમય પણ આપ્યો હતો. જે સંસ્થાઓએ સમય માગ્યો હતો તેમને પણ રજૂઆત માટે સમય આપ્યો હતો.

ઉપરોક્ત કાર્યવાહી બાદ અને માગેલ પૂરક માહિતી જે મળી તે ધ્યાનમાં લીધા બાદ નીડ કમિટીએ ગાંધીનગરની બે સંસ્થાઓ, કાંકણપુર, દલવાડા (શહેરા) મુનપુર અને અમદાવાદમાં નવા વાડજ ખાતે ગણેશ ગ્રામોદ્યોગ સંસ્થા (ગણેશ વિદ્યાલય)ની સ્થળ પરની મુલાકાત લીધી હતી.

આ સમિતિ ઉપરની કાર્યવાહોના અનુસંધાનમાં વચગાળાના હેવાલ તરીકે નીચેની ભલામણ કરે છે :

(૧) નવા વાડજ ખાતે ગણેશ ગ્રામોદ્યોગ સંસ્થાને (ગણેશ વિદ્યાલયવાળા) શૈક્ષણિક વર્ષ ૧૯૯૧-૯૨થી ભાઈઓ તથા બહેનોની મિશ્ર વિનયન અને વાણિજ્ય કૉલેજ શરૂ કરવા મંજૂરી આપવી.

(૨) ગાંધીનગર ખાતે બહેનોની વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માગતી આવેલ બે અરજીઓ અંગે બન્ને સંસ્થાઓની ક્ષમતા, સુવિધા અને સમગ્ર પરિસ્થિતિ લક્ષમાં લઈ લેતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને બહેનોની વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે (શૈક્ષણિક વર્ષ ૧૯૯૧-૯૨)થી મંજૂરી આપવી.

(૩) કાંકણપુર ખાતે એક જ અરજી છે જે સંસ્થાને ભાઈઓ બહેનોની ફક્ત વિનયન કૉલેજ શરૂ કરવા અંગે મંજૂરી આપવી (શૈક્ષણિક વર્ષ ૧૯૯૧—૯૨). વાણિજ્ય માટે મંજૂરી આપવી નહીં.

(૪) મુનપુર ખાતે પણ ઉપર મુજબ જ શૈક્ષણિક વર્ષ ૧૯૯૧—૯૨થી ભાઈઓ તથા બહેનોની મિશ્ર વિનયન કૉલેજ જ શરૂ કરવા મંજૂરી આપવી. વાણિજ્ય માટે મંજૂરી આપવી નહીં.

કે. એસ. શાસ્ત્રી,
દર્શનસિંહ શીખ,
આર. એચ. વ્યાસ.
એ. આર. શાહ

પરિશિષ્ટ "૨૧"
ઠરાવ ક્રમાંક ૩૬

સંલગ્ન કૉલેજોમાં કૉમ્પ્યુટર સાયન્સના વ્યાખ્યાતા/પ્રોગ્રામરની શૈક્ષણિક પાત્રતા અને પગારધોરણ નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની એક સભા તા. ૧૮-૩-૧૯૯૧ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં નીચે પ્રમાણે હાજરી હતી :

૧.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૨.	શ્રી. આર. પી. સોની	હાજર
૩.	શ્રી. એ. કે. અગ્રવાલ	ગેરહાજર
૪.	શ્રી. એસ. આર. કાકેર	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે, એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૧૨-૧૯૯૧ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨ થી સુધારવામાં આવેલાં કૉમ્પ્યુટર-પ્રોગ્રામરનાં લાયકાતનાં ધોરણો, સમગ્રતયા વિચારણા કરીને નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

QUALIFICATIONS FOR THE POST OF PROGRAMMER IN AFFILIATED SCIENCE/COMMERCE COLLEGES

For Grade Rs. 2000-3500 :

1. M.C.A./B.E. Computer Science Ist Class

or

2. M.Sc. Ist Class and P. G. Diploma in Computer Science

or

3. M.Sc./B.E. Ist Class with three years experience in Computer Programming

or

4. Graduate Ist Class and P.G. Diploma in Computer Science Ist Class and two years experience of Computer Programming

or

5. Graduate and P.G. Diploma in Computer Science with **3 years experience**

or

6. Graduate with Certificate in Computer Programming of at least **6 months** duration from a recognized University and **five years experience of** Computer Programming.

Note.—The post of Programmer is **non-vacational and duties will** include providing support/assistance to students in **practicals, to faculty** and management in development of software for research/**administrative** functions of the institutions.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિષયનું મહાત્મ્ય જોતાં તથા આ ક્ષેત્ર વિકસિત થઈ રહ્યું છે તે જોતાં કૉમ્પ્યુટર પ્રોગ્રામરનું પગારધોરણ રૂ. ૨,૦૦૦–૩,૫૦૦નું રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં હાલ કામ કરતા પૂર્ણસમયના પ્રોગ્રામર જો ઉપર જણાવ્યા પ્રમાણેની પાત્રતા ધરાવતા હોય તો અથવા જ્યારે ધરાવતા થાય ત્યારે આ સૂચવેલ પગારધોરણને પાત્ર બને છે.

દરમિયાન હાલ કામ કરતા ઉપર દર્શાવેલ પાત્રતા નહીં ધરાવતા પ્રોગ્રામર રૂ. ૧,૬૪૦–૨,૯૦૦નું પગારધોરણ મેળવવાને પાત્ર બને છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કે. એસ. શાસ્ત્રી
અધ્યક્ષશ્રી

પરિશિષ્ટ "૨૨"
ઠરાવ ક્રમાંક ૩૭

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Lecturer in Labour Welfare in the University School of Social Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Wednesday, the 20th February 1991 at 3-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1,	Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2.	Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Present
3.	Prof. P. R. Shukla	Present
4.	Prof. S. B. Saxena	Present
5.	Prof. Paresh Majmudar (Invitte)	Present

The following candidates were called for interview :

1.	Shri S. L. Dave	Present
2.	Shri M. J. Patel	Present
3.	Shri J. K. Soni	Absent
4.	Shri R. J. Christian	Present
5.	Shri B. H. Goswami	Absent
6.	Shri G. T. Jani	Present
7.	Kum. Madhuri P. Mahalay	Present
8.	Shri B. J. Brahmbhatt	Present
9.	Shri R. M. Imam	Present
10.	Shri R. C. Patel	Present

11.	Smt. Smruti Narayanan	Present
12.	Kum. Damini C. Khatri	Present
13.	Shri M. M. Bhatt	Present
14.	Kum. Kashmira W. Christian	Present
15.	Kum. Kirti S. Goswami	Present
16.	Kum. Rajasi A. Clerk	Present
17.	Shri I. S. Palsaniya	Present
18.	Kum. Sujatha M. Parekadavil	Present
19.	Shri Ashok D. Chanda	Present

After interviewing the candidates who remained present for the interview, the Committee is of the opinion that Kum. RAJASI A. CLERK is suitable for the post of a Lecturer in Labour Welfare and recommends her for appointment thereto.

Dr. M. N. Desai
Vice-Chancellor

Prof. A. T. Desai
Pro-Vice-Chancellor

Prof. A. R. Shukla

Prof. S. B. Saxena

પરિશિષ્ટ "૨૩"
કામકાજ ક્રમાંક ૩૮

વ્યાખ્યાતાની નિમણૂક માટે M.B.A. ની લાયકાત ધરાવતા ઉમેદવારોની પાત્રતા નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની એક બેઠક શુક્રવાર, તા. ૨૨-૩-૧૯૯૧ના રોજ ૪-૦૦ વાગે મળી હતી, અને તેમાં નીચે પ્રમાણે સભ્યોએ હાજરી આપી હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૨૨-૩-૧૯૯૧
૧.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, પ્રમુખશ્રી	હાજર
૨.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૩.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૪.	પ્રો. ધવલ મહેતા	હાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું, અને ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી હતી :

૧. સંલગ્ન કૉલેજોમાં વાણિજ્યના અથવા બિઝિનેસ મૅનેજમેન્ટ વિષયના વ્યાખ્યાતાની નિમણૂક માટે, ઉમેદવારની બેઝિક ડિગ્રી કૉમર્સ હોય અને અનુસ્નાતક કક્ષાએ એમ.બી.એ.ની ડિગ્રી માન્ય યુનિવર્સિટીમાંથી **'બી'** ગ્રેડ સાથે પસાર કરી હોય તથા 'Good Academic Record' ધરાવતા હોય તો તેવા ઉમેદવાર પણ પાત્ર ગણાશે.

૨. બી. કે. સ્કૂલ ઑફ બિઝિનેસ મૅનેજમેન્ટમાં ટી.આર.એ.ની નિમણૂક માટે એમ.બી.એ. (M.B.A.) ની પદવી ધરાવનાર ઉમેદવારની પાત્રતા અંગે વર્તમાન જોગવાઈઓ ઉપરાંત ટી.આર.એ.ની નિમણૂક અંગેની શૈક્ષણિક પાત્રતાના સંદર્ભમાં નીચેની જોગવાઈ આમેજ કરવી :

> "An M.B.A. degree of a recognised University with 'B' grade shall be considered as equivalent of 55% marks at the P.G. level."
>
> વર્તમાન લાયકાતના ધોરણોમાં જે અન્ય જોગવાઈઓ "Good Academic Record"ની જોગવાઈ સહિતની છે તે યથાવત્ રહે છે.

પ્રમુખશ્રીનો આભાર માની સભાનું કામકાજ સમાપ્ત કર્યું હતું.

કે. એસ. શાસ્ત્રી
પ્રમુખશ્રી.

ﻲﻨﻴﻣﺎﻟ ﻲﻠﻴﻨﻴﻠﻴﻣ ﺐﻠﻗ ﺔﻌﻄﻘﻨﻣ ﺔﻴﻠﻴﻣ ﺔﻴﻠﻴﻣ ﺔﻴﻠﻴ

<u>આનંદી</u>

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી ૧૯૫૦ યોગઃ કર્મસુ કૌશલમ્

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૬-૬-૧૯૯૧ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૬-૧૯૯૧
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. આર. દવે, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	હાજર
૯.	પ્રો. ધવલ મહેતા	હાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ઘેલાભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રા. અરવિંદભાઈ રાયછોડભાઈ શાહ	હાજર
૧૫.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર

૧૬.	ડૉ. રણછોડલાલ કરસનદાસ પટેલ	હાજર.
૧૭.	પ્રા. અવતારસિંહ અર્જુનસિંહ ભદોરિયા	હાજર
૧૮.	શ્રી. બદરૂદ્દીન શેખ	હાજર
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ	હાજર
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર
૨૧.	શ્રી. નીતિન હસમુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર.

સૌ પ્રથમ સભાની શરૂઆતમાં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી. રાજીવ ગાંધીના દુઃખદ અવસાન અંગે સર્વ સભ્યશ્રીઓએ બે મિનિટ મૌન પાળી સ્વર્ગસ્થને શોકાંજલી આપી હતી.

૧. તા. ૨૩—૩—૧૯૯૧ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૩-૩-૧૯૯૧ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની કાર્યનોંધ નીચેના સુધારાવધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૨૩ (પૃષ્ઠ ૧૩) શરતો પૈકી શરત નં. ૩ રદ કરી તેને સ્થાને નીચેની શરત ઉમેરવી :

"સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જો કોઈ શરત ઉમેરવાનું કે શરતમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેને અધિકાર રહેશે.

(૨) નીચે પ્રમાણેના સુધારા વાંચવા :

પૃષ્ઠ	બા. ક્ર.	પરિશિષ્ટ	પેરા	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૨૩	-	૪	નાત, જાત	શાંતિ, જાંતિ
૧૯	૩૮	—	—	M.B.A.	બિઝનેસ મેનેજમેન્ટ
૨૩	૧ (૮)	૨	(૬)	inconventence	inconvenience
૨૫	૧ (૮)	૨	(4)	14-4-1988	15-10-1988
૨૬	૨૮	-	3	નાત, જાત	શાંતિ, જાંતિ
૬૯	૩૦	૧૭	(xiv)	Se.ame	Scheme
૭૮	૩૩	૧૯	7.1 (iv)	Obtaieed	Obtained
૮૪	૩૫	૨૦	છેલ્લો	એ. આર. શાહ	એ. આર. શાહ

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨(૧). એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદમાં જૂન ૧૯૯૧થી બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીને અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧–૬–૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૧થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ૪૦ વિદ્યાર્થીઓના કાર્યભારને પહોંચી વળવા બાયોકેમિસ્ટ્રીના વિષય માટે એક પૂર્ણ સમયના અને એક ખંડસમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો એટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. બાયોકેમિસ્ટ્રી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. બાયોકેમિસ્ટ્રીના વિષયની પ્રયોગશાળા માટે રૂ. ૬,૨૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે અને આ સાથે સામેલ યાદી (અહીં સામેલ નથી.) મુજબ પ્રયોગશાળામાં સાધનો વસાવવામાં આવે;

૬. સદરહુ વિષય શરૂ થવાને કારણે જો ચાલુ વિષયનો કાર્યભાર ઘટવા પામે તો શૈક્ષણિક અને બિનશિક્ષકવર્ગના સ્ટાફને છૂટા કરવામાં નહીં આવે તેવી બાંયધરી આચાર્યશ્રી તથા સંચાલક મંડળ તરફથી આપવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં

યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ફિઝિકલ એજ્યુકેશન શિક્ષકવર્ગના પ્રોવિઝનલ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષી પંચ દ્વારા લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે."

૨(૨). એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૯૧થી બી.એસસી. (રૂપે.) ઇલેક્ટ્રોનિકસના અને જૂન ૧૯૯૨થી બી.એસસી. (ગૌણ) કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમાયમર્યાદા બાદ જઈને અનામત સાથે આવી છે. પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી ફલપાત્રીએ સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

૨(૩). સંખ્યાધિક્ય હોવાને કારણે પોતાને એમ. ઇ. આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં ભૂગોળના વ્યાખ્યાતા તરીકે લેવા જોઈએ તેવી દાદ માંગતી રિટ પિટિશન ૩૪૪૧/૯૧ શ્રી. નીતિન ઠાકોરીએ શિક્ષણ નિયામકશ્રી તથા યુનિવર્સિટી સામે કરી છે તે બાબતમાં યુનિવર્સિટી તરફથી વકીલ રોકવાના તથા તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૪). સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરની જૂન ૧૯૯૧નો ફર્સ્ટ એલએલ.બી.ના ચાલુ અને સેકન્ડ એલએલ.બી.ના વધારાના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરને નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એફિઝિએટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૬–૧૯૯૧ સુધીમાં કરે તો તેને ફર્સ્ટ એલએલ.બી.નું જોડાણ ચાલુ રાખવા અને સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૧થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એફિઝિએટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) કાયદાશાસ્ત્રના પૂર્ણ સમયના અને એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(બ) ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

(ક) બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની સંમતિ તથા તેના વખતોવખતના નિયમોનું પરિપાલન કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી જમા થયેલ મુકેલી રકમોના સંદર્ભમાં કૉલેજે પોતાના અંદાજમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની રકમોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની ખાત્રી કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉલેજના ગ્રંથાલયમાં રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. સેકન્ડ ઑલએલ.બી.ના વર્ગ માટે ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારે વર્ગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓના નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેતા હોવી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુનિવર્સિટી એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક ભરતી, બાકી **૪.** અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની બાબતમાં જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે.”

૨ (૫). તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરની જૂન ૧૯૯૧થી બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ શીખવવા. માટેની વધારાના જોડાણ માટેની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

“આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૯–૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૧થી

તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું બમણાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. એડવાન્સ બિઝનેસ મેનેજમેન્ટ વિષય માટે ઑર્ડિ. ૧૨૦ અનુસાર વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવાની ઊણપ રહેલી જણાય તો તેટલાં રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. એડવાન્સ બિઝનેસ મેનેજમેન્ટ વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈ. અંગે અનુસૂચિતજાતિ, અનુસૂચિતજનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં આવે."

૨(૬). શ્રી આર. પી. આર્ટ્સ કે. બી. કૉમર્સ ઍન્ડ બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતની જૂન, ૧૯૯૧ થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની બઢારાના જોડાણ માટેની અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આર. પી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ અને બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ

શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫–૬–૧૯૯૧ થી તા. ૧૪–૬–૧૯૯૩ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) પૂર્ણ સમયના કૉમ્પ્યુટર પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે;

(બ) કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે બૅ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટરના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૬. યુક્તિયુક્તતાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિ મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે;

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ ફી સત્ર દીઠ રાખવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટી અને ઘરભાડા ભથ્થુ આપવામાં આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારી-ઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૮. ગુજરાત સરકાર, ગ્રાંટ ઈન-એઈડ કોડ અને યુ.જી.સી.ના વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક, ભરતી, પગારી વ. અંગે અનુદાનો, અનુદાનનાં ધોરણો અને પદ્ધતિઓ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોને અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ માર્ગદર્શનોને અનુસરવામાં આવે."

૨(૭). વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૧થી બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની યાદુ કોડાયાની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ મળી હોવા સાથે આવી છે, પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કલમ ૩૩ની સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે યથાનિયમ તપાસ કરીને નીચે મુજબ.

૨(૮). ટી. સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મોડાસાની જૂન, ૧૯૮૧થી બી.કોમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૮૧થી તા. ૧૪-૬-૧૯૮૨ સુધીનું વધારાના જોડાણ માટેનું બનાવટનામું બહાર પાડવાનું.

૨(૯). નીચે જણાવેલી બાબતમાં કૉલેજમાં પોતાની નિમણૂક બાબતમાં શિક્ષકોએ ગુજરાત હાઈકોર્ટમાં યુનિવર્સિટી પક્ષકાર બનાવી રિટ અરજી કરી છે તેમાં યુનિવર્સિટી તરફથી વકીલ રોકવાના તથા અન્ય આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

સંબંધકર્તા શિક્ષકનું નામ	રિટ અરજી ક્રમાંક	કૉલેજનું નામ	વિગત
૧. શ્રી. ડી. બી. ભરવાડ	૯૧૭૪/૮૦		નિમણૂકબાબતમાં કે
૨. શ્રી. મહેશકુમાર શેમ [illegible]	૧૬૬૭/૮૧	સવર્નમેન્ટ આર્ટ્સ, સાયન્સ કૉલેજ, ગાંધીનગર	કાયમી કરવા બાબતમાં છે.
૩. શ્રી. ગોવિંદભાઈ આર. પાનખીયા	૧૬૬૬/૮૧	"	"
૪. શ્રીમતી મનોરમાબેન બી. વોરા	૧૬૪૪/૮૧	એચ. કે. આર્ટ્સ કૉલેજ	હવાદ પંચના ચુકાદાની સામે
૫. શ્રી. નીતીન અંબાલાલ કોડારી	૧૬૭૧/૮૧	"	ઑર્ડિ. ૧૬૫ના પાલન અંગે

૨(૧૦). આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ઝાલોદની જૂન, ૧૯૮૧થી ફર્સ્ટ બી.એ. (મુખ્ય) અર્થશાસ્ત્ર, ગુજરાતી; ફર્સ્ટ બી.એ. (ગૌણ)માં હિસ્ટરી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેના યાદુ અને સેકન્ડ બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા સેકન્ડ બી. એ. (ગૌણ)માં હિસ્ટરી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે યથાનિયમ તપાસસ્તરેથી નીચેનું.

૨(૧૧). જૂન ૧૯૯૧થી (૧) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં બી.કૉમ. (ગૌણમાં કૉમ્પ્યુટર સાયન્સના અને (૨) એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદમાં બી.એસસી. (રૂપે.)માં બાયૉકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી અનામત સાથે આવી છે. પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર વિષયના વૈવિધ્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૧૨). આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈની જૂન ૧૯૯૧થી બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી વિષયનું વૈવિધ્ય જોતાં સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૧૩). પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ. પેટલાદ સંચાલિત શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ પેટલાદ કૉમર્સ કૉલેજની (૧) શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ કૉલેજ સાથે આર. કે. પરીખ સાયન્સ કૉલેજનું સંયોગીકરણ અને (૨) પેટલાદ કૉમર્સ કૉલેજનું શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ કૉલેજમાંથી વિભાગીકરણ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આપી છે, પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વિસ્તરણને કારણે કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૧૪). ડી. સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની જૂન ૧૯૯૦થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીની મુદતનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨(૧૫). શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાનું જૂન, ૧૯૯૧થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની મુદત "તા. ૧૫-૬-૧૯૯૦થી તા. ૧૪-૬-૧૯૯૧"ના બદલે "તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૨" સુધાર્યાનું;

૨(૧૬). ડૉ. શ્રીવાસ્તવ અને શોભના ચોકસીએ પીએચ.ડી. ડિગ્રીના વિષય સંબંધમાં લોકાયુક્તના કાર્યક્ષેત્ર સંબંધે યુનિવર્સિટીએ ગુજરાત હાઈકોર્ટમાં ઓ.સી.એ. ૬૬૫૭/૯૦ દાખલ કરેલ હતી. પ્રસ્તુત બાબતે હાઈકોર્ટના નિર્ણય સામે અરજદારોએ એલ.પી.એ. ક્રમાંક ૫૧૧/૯૧ દાખલ કરતાં હાઈકોર્ટે તા. ૨૬-૩-૧૯૯૧ના રોજ જે નિર્ણય આપેલ છે તેની વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવા માટે યુનિવર્સિટીના વકીલને રોકવાનું તેમ જ તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૭). અનુસ્નાતક શિક્ષણને લગતી બાબતો ઉપર વિચારણા કરવા અનુસ્નાતક શિક્ષણની સમિતિ [illegible] નીચેના સભ્યોની નિમણૂક કરીના :

સભ્યોનાં નામ

(૧) શ્રી. અંબુભાઈ પી. દેસાઈ, ઉપકુલપતિશ્રી
(૨) આચાર્યશ્રી એન. આર. શાહ
(૩) આચાર્યશ્રી ટી. એમ. પટેલ
(૪) આચાર્યશ્રી આર. એચ. વ્યાસ
(૫) પ્રા. કે. એસ. શાસ્ત્રી
(૬) પ્રા. એ. આર. શાહ

૨(૧૮) શ્રીમતી એન. [illegible] ન્યુનિન્મિયત મેડિકલ કૉલેજ ઍન્ડ શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ [illegible] ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં સ્થાપવામા આવેલ એમ.સી.એચ. ન્યુરો સર્જરી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ન મેડિકલ ફેકલ્ટીના ડીનશ્રીની એક સભ્યની સમિતિના અડેવાલ સાથ્ય કાયદી માન્યતા આપવાનું અને કાયમી ધોરણે એક જગ્યા પર પ્રવેશ આપવાની ભલામણ કરવાનું;

૨(૧૯). તબીબી વિદ્યાશાખાની તા. ૯-૪-૧૯૯૧ના રોજ મળેલી મેડિકલ સમિતિની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવું;

(સદરહુ સમિતિની કાર્યવાહી નોંધ **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.)

૨(૨૦). બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદની વિદ્યાર્થિની કુ. બેલા ત્રિભોવનદાસ પટેલના પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસ ક્રમમાં પ્રવેશ અંગે તેણીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ [illegible] ક્યાંક ઉમાગર સંબંધી વકીલશ્રીને રોકવા તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કરવું;

૨(૨૧). ભારત સરકારશ્રીના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ન્યૂ દિલ્હીના પત્રાંક ઈન્ગ્રેસ-૧૧-૧૦૨-૯૧ તા. ૨૭-૩-૧૯૯૧થી વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગના વડા ડૉ. શ્રીમતી અંજનાબહેન દેસાઈની તેમની [illegible] Management of Land resources through GIS." પરત્વે ત્રણ વર્ષ માટે રૂ. ૧૮૬૪૫૬ (અંકે રૂપિયા નવ લાખ આડત્રીસ હજાર ચારસો છપ્પન પુરા)ની આર્થિક સહાય મંજૂર કરેલી છે તેની નોંધ લીધાનું.

૨(૨૨). કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક ૧-૧૧૯૮-૯૧-ઈ(એફ) તા. ૨૬-૨-૧૯૯૧ થી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના [illegible] ને તેમની સંશોધન યોજના 'Separation and simulation [illegible] of Rare earths with highmolecular weight hydrox[illegible] and their chelating resigns" પરત્વે રૂ. ૩,૨૨,૮૦૦ (અંકે રૂપિયા ત્રણ લાખ [illegible] પુરા)ની આર્થિક સહાય (ગ્રાન્ટ) મંજૂર કરેલી છે તેની નોંધ લેવાનું;

૨(૨૩). રાજ્ય સરકારના [illegible] વિભાગના ઠરાવ નં. એચએનએમ—૧૦૯૦—૪૬૫—૨—૧ તા. ૪-૧-૧૯૯૧થી લેક્ચરર પેશગી (ફેસ્ટિવલ ઍડવાન્સ) રૂ. ૩૫૦થી વધારીને રૂ. ૪૫૦ તથા અનામત પેશગી (એચઈન ઍડવાન્સ) રૂ. ૪૫૦થી વધારીને રૂ. ૬૦૦ કરવામાં આવેલ છે તે નોંધવા ભલામણ કર્યાનું.

૨(૨૪). નોકરીની શરતોની બાબતમાં શ્રી. એ. એ. શેખ વિરુદ્ધ યુનિ. ઓફિસર્સ એસોસિએશન નાં રિપ્રેઝેન્ટેટીવ સિવિલ એપ્લિકેશનની બાબતમાં ક્રમાંક ૧૭૪૩–૯૧ દાખલ કરવામાં આવી છે તે સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી કુલપતિશ્રીએ વકીલશ્રીને રોકવાનું તેમજ આ અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૨૫). યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્ર વિભાગમાં રીડર-ઇન-સોશિયોલોજી તરીકે શિક્ષણકાર્ય કરતા પ્રો. એ. આર. શાહની ડાયરેક્ટર ઓફ એકેડેમિક સ્ટાફ કૉલેજ તરીકે હંગામી નિમણૂક કરવામાં આવેલી છે તેના સંદર્ભમાં તેમણે માગણી મુજબ એક વર્ષ માટે અથવા તા. ૩૧–૩–૧૯૯૨–ઓ બે માંથી જે વહેલી મુદત પૂરી થતી હોય ત્યાં સુધી લિયન મંજૂર રાખ્યાનું.

૨(૨૬). યુનિવર્સિટીના શિક્ષક તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧—૫—૧૯૯૧ થી કરવામાં આવેલા વધારા અંગેના રાજ્ય સરકારનો ઠરાવ નં. વીએલબી-૧૧૯૧-૫૬૦–જે તા. ૧—૪—૧૯૯૧નો સ્વીકાર કર્યાનું તથા તેનો લાભ આપ્યાનું મંજૂર કર્યાનું.

૨(૨૭). ભારત સરકારના સ્પેસ સાયન્સ વિભાગે તેમના તા. ૫–૨–૧૯૯૦ના પત્રાંક ૨૦–૨–૨૦૫ થી ફિઝિક્સ વિભાગના લેક્ચરરશ્રી ડૉ. અમરેન્દ્ર નારાયણની મંજૂર કરેલ સંશોધન યોજના "સ્ટડી ઑફ ટ્રેસ ગેસ સેમીશન ફ્રોમ એગ્રિકલ્ચરલ ઇકોસિસ્ટમ એન્ડ ઈટ્સ ઈમેટેડ ઑન સ્ટ્રેટોફેરિક ઓઝોન કેમિસ્ટ્રી "ની ભલામણ મુજબ રિસર્ચ એસોસિએટ તરીકે ડૉ. માલા ગુપ્તાની નિમણૂક કર્યાનું.

૨(૨૮). ઑક્ટોબર ૧૯૯૦માં લેવાયેલ થર્ડ બી.એસસી. (કોમર્સ) પરીક્ષા બેઠક નં. ૧૧૬ના વિદ્યાર્થી શ્રી. દરજી જિતેન્દ્રકુમાર મગનલાલના પેપર ૮ના ગુણ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણના આધારે પ્રોરેટા ગુણ મૂકવા અંગેનું નક્કી કર્યાનું.

૨(૨૯). સંલગ્ન કૉલેજમાં શિક્ષકની નિમણૂક માટેની કાર્યપદ્ધતિ અને બંધારણ અંગેના ઑર્ડિ. ૯૭માં, ઓછામાં ઓછાં બે પ્રતિષ્ઠિત દૈનિક સમાચારપત્રોમાં આ માટે જાહેરખબર આપવાની જોગવાઈ કરવા માટે સદરહુ ઑર્ડિ. ૯૭ સુધારવાના.

(સુધારવામાં આવેલ ઑર્ડિનન્સ ૯૭નો પાઠ આ સાથે **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

૨(૩૦). યુનિવર્સિટીની પૂર્વમંજૂરી સિવાય કૉલેજના કાર્યસમયમાં ફેરફાર નહીં કરવા અંગે ઑર્ડિ. ૧૨૦–એમ મંજૂર કર્યાનું.

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિનન્સ ૧૨૦ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ૨(૧)થી ૨(૩૦)માં દર્શાવેલ કાર્યોની **લેવી;**

૩. યુનિવર્સિટી ધારાની કલમ ૨૨ (૨) (૫) અન્વયે ઓફિઝકચુટિવ કાઉન્સિલના સભ્યો પૈકી બે સભ્યોની એકેડેમિક કાઉન્સિલ પર નિયુક્તિ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૫) અન્વયે ઓફિઝકચુટિવ કાઉન્સિલના સભ્યો પૈકી નીચેના બે સભ્યોની એકેડેમિક કાઉન્સિલ પર નિયુક્તિ કરવી :

(૧) પ્રો. ધવલ મહેતા

(૨) પ્રો. અવતારસિંઘ અર્જુનસિંઘ અહલુવાલિયા

૪. ગુજરાત યુનિવર્સિટીની જુદા જુદા વર્ષની જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓનાં પરિણામ અંગેના ઓફિસ રેકર્ડમાં અનઅધિકૃત રીતે સુધારાવધારા કરી ચેડા કરવામાં આવ્યા છે તેવું પ્રથમ દર્શનીય જણાતાં, આ બાબતે તપાસ કરવા માટે નીમવામાં આવેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનાં જુદાં જુદાં વર્ષોની જુદા જુદા પરીક્ષાઓના જુદા જુદા વિદ્યાર્થીઓનાં પરિણામ અંગેના ઓફિસ રેકર્ડમાં અનધિકૃત રીતે સુધારાવધારા કરી ચેડાં કરવામાં આવ્યાં છે તે સંબંધે નીમવામાં આવેલ સમિતિના અહેવાલને અનુલક્ષીને નીચે પ્રમાણે પગલાં લેવાં :

(૧) યુનિવર્સિટીના અંગેના કેસ નં. ૧/૧, ૧/૩ અને ૧/૪ અંગેના બે કિસ્સાઓ બન્યા છે તે કિસ્સાઓમાં વિદ્યાર્થીઓએ જે પરીક્ષાના પરિણામને અનુસંધાને ગુણચકાસણી માટે અરજી કરી હતી તે પરીક્ષાનું પરિણામ રદ ગણવું. ઉપરાંત તે પછીનાં ૩ વર્ષ સુધી યુનિવર્સિટીના કોઈ અભ્યાસક્રમમાં વિદ્યાર્થી અભ્યાસ કરી શકશે નહીં અને તે સમય સુધી યુનિવર્સિટીના કોઈ પરીક્ષા આપી શકશે નહીં.

(૨) કેસ નં. ૧/૨ નાં વિદ્યાર્થીએ પોતે આ આખા પ્રકરણમાં માહિતી આપી અન્ય મદદરૂપ ઈસમોનાં નામ આપ્યાં છે અને તે રીતે તેમણે તાજના સાક્ષીનું કામ કર્યું હોઈ તેમના કેસમાં જે પરીક્ષા માટે ગુણચકાસણીની અરજી કરી હતી તે પરીક્ષાનું પરિણામ રદ ગણવું. ઉપરાંત તે પછીનાં બે વર્ષ સુધી યુનિવર્સિટીના કોઈ અભ્યાસક્રમમાં વિદ્યાર્થી અભ્યાસ કરી શકશે નહીં અને તે સમય સુધી યુનિવર્સિટીની કોઈ પરીક્ષા આપી શકશે નહીં.

(૩) ઓ. આર. સાથે ચેડાં થયાં છે તેવા કેસ નં. ૨/૧૪થી ૨/૧૯ તથા ૨/૨૧થી ૨/૩૧ સુધીના કેસોમાં પણ જે પરીક્ષાનાં પરિણામો સાથે ચેડાં થયાં છે તે પરિણામો રદ ગણવાં. ઉપરાંત ત્યારથી ત્રણ વર્ષ માટે અથવા તો એપ્રિલ/મે ૧૯૯૧ સહિતની પરીક્ષા સુધી, બેમાંથી જે મોટું હોય ત્યાં સુધી. યુનિવર્સિટીના કોઈ પણ અભ્યાસક્રમમાં જોડાઈ શકશે નહીં અને યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં બેસી શકશે નહીં.

(૪) કેસ નં. ૨/૨૦ શ્રી. પટેલ અરવિંદકુમાર રતિલાલ, થર્ડ બી.એસસી. એપ્રિલ ૧૯૮૮, બેઠક નં. ૧૩૭૪,ને સમિતિની ભલામણ મુજબ શંકાનો લાભ આપવો અને આથી તે વિદ્યાર્થી અંગે કોઈ કાર્યવાહી કરવી નહીં.

(૫) જે વિદ્યાર્થીઓને પકડ આવનાર થઇ છે તે વિદ્યાર્થી વિદ્યાશાખાની પહેલી પાછળ બેસવા માટેની કાર્યવાહી કરવી અને જે વર્ષની પરીક્ષાના રેકર્ડ સાથે ચેડાં થયાં છે ત્યારથી ત્રણ વર્ષ સુધી અથવા તો એપ્રિલ-૮૪, ૧૯૮૨ સુધીની પરીક્ષા સુધી, જેમાંથી જે મોટું હોય ત્યાં સુધી, યુનિવર્સિટીના કોઇ અભ્યાસક્રમમાં જોડાઇ શકશે નહીં તથા યુનિવર્સિટીની કોઇ પરીક્ષામાં બેસી શકશે નહીં.

(૬) કેસ નં. ૧/૨, શ્રી ઠક્કર હરીપ્રસાદ હસમુખભાઇ, બેઠક નં. ૬૬૬૮, થર્ડ બી.કોમ. એપ્રિલ ૧૯૮૦ના કેસ-સામાં વિદ્યાર્થીએ આપેલ સ્ટેટમેન્ટના અનુસંધાનમાં યુનિવર્સિટીના કર્મચારી શ્રી નગીનદાસ ઠક્કરને તાત્કાલિક અસરથી ફરજ-મોકુફ પર મોકૂફી તેની સામે આતાકીય રાહે તપાસ હાથ ધરવી.

(૭) જે વિદ્યાર્થીએ જે તે પરીક્ષામાં ગેરરીતિનો અનાધેકૃત રીતે લાભ થયાનું બોટું પરિણામ મેળવી ઉપરના વર્ષમાં પ્રવેશ મેળવ્યો હોય અને પરીક્ષાઓ આપી હોય તો તે પ્રવેશ અને પરીક્ષાઓ રદ કરવી.

(ઉપરના ઠરાવને આધારે દરેક વિદ્યાર્થીને સજાની જે અસર થશે તેની વિગતો **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૫. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની શિક્ષકગણની જગાઓ માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રોફેસર ઓફ ગુજરાતી	૧ જગા
(૨) પ્રોફેસર ઓફ એજ્યુકેશન	૧ જગા
(૩) પ્રોફેસર ઓફ ઇકોનોમિક્સ	૧ જગા
(૪) પ્રોફેસર ઓફ કેમિસ્ટ્રી	૨ જગાઓ
(૫) પ્રોફેસર ઓફ બાયોકેમિસ્ટ્રી	૧ જગા
(૬) પ્રોફેસર ઓફ હિસ્ટ્રી	૧ જગા
(૭) પ્રોફેસર ઓફ બિઝનેસ મેનેજમેન્ટ	૧ જગા
(૮) પ્રોફેસર ઓફ ઝૂલોજી	૧ જગા
(૯) પ્રોફેસર ઓફ સાયકોલોજી	૧ જગા
(૧૦) પ્રોફેસર ઓફ હિન્દી	૧ જગા
(૧૧) રીડર ઇન કોમર્સ	૧ જગા
(૧૨) રીડર ઇન એન્વાયરમેન્ટલ સાયન્સ	૧ જગા
(૧૩) રીડર ઇન ફિઝિકસ	૧ જગા
(૧૪) રીડર ઇન પોલિમર સાયન્સ	૧ જગા
(૧૫) રીડર ઇન હિન્દી	૧ જગા
(૧૬) રીડર ઇન ઈકોનોમિકસ	૨ જગાઓ
(૧૭) રીડર ઇન સાયકોલોજી	૧ જગા

(૧૮) રીડર ઇન ફોનેટીક્સ	૧ જગા
(૧૯) રીડર ઇન સંસ્કૃત સાહિત્ય	૧ જગા
(૨૦) રીડર ઇન લેધર ટેક્નોલૉજી	૧ જગા
(૨૧) રીડર ઇન લાઈફ સાયન્સ	૧ જગા
(૨૨) લેક્ચરર ઇન કેમિસ્ટ્રી	૧૦ જગાઓ.
(એક જગા ઓર્ગેનિક કેમિસ્ટ્રી-એક જગા કોરોઝન)	
(૨૩) લેક્ચરર ઇન બોટાની	૨ જગા.ઓ.
(૨૪) લેક્ચરર ઇન એન્વાયરમેન્ટલ સાયન્સ	૧ જગા
(૨૫) લેક્ચરર ઇન પોલિમર સાયન્સ	૧ જગા
(૨૬) લેક્ચરર ઇન મેથેમેટિક્સ	૫ જગાઓ.
(૨૭) લેક્ચરર ઇન ઝૂલોજી	૨ જગાઓ.
(૨૮) લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજી	૧ જગા
(૨૯) લેક્ચરર ઇન ફિઝિક્સ	૧ જગા
(૩૦) લેક્ચરર ઇન કોમર્સ	૧ જગા
(૩૧) લેક્ચરર ઇન લૉ	૧ જગા
(૩૨) લેક્ચરર ઇન ફિલોસોફી	૧ જગા
(૩૩) લેક્ચરર ઇન ઇન્ડસ્ટ્રી	૧ જગા
(૩૪) લેક્ચરર ઇન બાયોકેમિસ્ટ્રી	૧ જગા
(૩૫) લેક્ચરર ઇન ઇંગ્લિશ	૨ જગાઓ
(૩૬) લેક્ચરર ઇન પોલિમર સાયન્સ	૧ જગા

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર દર્શાવેલ શિક્ષકગણની જગાઓ માટે ચરણી સમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. **ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે દર્શાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે સ્ટેચ્યૂટ ૨૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :**

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૨૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે.	કયા કારણસર લોનની માગણી કરી છે.
૧.	શ્રી. આર. એમ. પટેલ (આસિસ્ટંટ)	૭૯,૦૦૦	હા	નવું મકાન ખરીદવા
૨.	શ્રી. આર. બી. નાયક (પટાવાળા)	૪૬,૦૦૦	હા	મકાનમાં ફેરફાર અંગે
૩.	શ્રી. રામરતન ગોમાઇ	૧૫,૦૦૦	ના	મકાનમાં ફેરફાર અંગે

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. પટેલને રૂ. ૭૯,૦૦૦ (રૂપિયા ઓગણ્યાએંશી હજાર), શ્રી. આર. બી. નાયકને રૂ. ૪૬,૦૦૦ (રૂપિયા છેંતાલીસ હજાર) અને શ્રી. રામરતન ગોમાઈને રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદરાવન હજાર)ની લોન સ્ટે. ૨૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૭. **વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશોપ વિભાગમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. જી. એમ. અગ્રવાલને પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮ (૨) પ્રમાણે મકાન રીપેરસ-ફેરફાર અંગે રૂ. ૧,૫૦,૦૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એમ. અગ્રવાલને રૂ. ૧,૧૦,૦૦૦ (રૂ. એક લાખ પચાસ હજાર)ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૮. **યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં સીનિયર આસિસ્ટંટ તરીકે ફરજ બજાવતા શ્રી. બી. કે. પટેલને સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી મકાન રીપેરસ-ફેરફાર અંગે રૂ. ૪૦, ૦૦ (રૂપિયા ચાલીસ હજાર)ની લોન આપવા વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. કે. પટેલને રૂ. ૪૦,૦૦૦ (રૂ. ચાલીસ હજાર)ની લોન સ્ટે. ૧૮૮ (૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૯. **યુનિવર્સિટીના ઈન્ટર્નલ ઓડિટર્સ મેસર્સ લાખિયા એન્ડ કંપનીની વાર્ષિક ઓડિટ ફીમાં વધારો કરવા અંગેના તેઓના તા. ૨૩-૪-૧૯૮૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**— ૧. ફૉ. સી. એ. તેની તા. ૫-૭-૧૯૮૬ બાબત ક્રમાંક ૫૯૧૫ ઑડિટ ફી રૂ. ૧૨,૦૦૦/- (રૂપિયા બાર હજાર પૂરા) નક્કી કરી હતી જેનો અમલ ૧૯૮૬-૮૬ના વર્ષથી કરવામાં આવેલો છે.

૨. તેઓની માગણી ઑડિટ ફી રૂ. ૨૦,૦૦૦/- (વીસ હજાર રૂપિયા) પૂરા કરવાની છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના આંતરિક ઑડિટર્સ મેસર્સ લાખિયા એન્ડ કંપનીએ વાર્ષિક ઑડિટ ફીમાં વધારો કરવા અંગે કરેલ રજૂઆત પરત્વે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. **પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક પ્રો. જયશ્રીબહેન ઠાકોર (લેબર વેલ્ફેર)ના હાથ નીચે સંશોધન કાર્ય કરતા વિદ્યાર્થી શ્રી. બી. કે. ઠાકોરના મહાનિબંધ રેફરીઓને તપાસવા મોકલ્યો હતો. તેઓના તરફથી મહાનિબંધ પર આવેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :**

રેફરીનું નામ	મહાનિબંધ પર આવેલ અભિપ્રાય
૧. પ્રો. કે. વી. શેઠ, સુરત	"રીજેક્ટ કે રીવાઇઝડ" કરવા જણાવે છે.
૨. પ્રો. સી. સી. પાઠક, વલ્લભવિદ્યાનગર	વાઈવા પરીક્ષામાં સંતોષજનક જવાબો આપે તો માન્ય ગણવાનું કહે છે.
૩. પ્રો. જયશ્રીબહેન ઠાકોર, અમદાવાદ	ત્રીજા રેફરીની નિમણૂક કરવા જણાવે છે.

૪. ઓર્ડિ. ૬૨૬ મુજબ ટાકી પડતાં રોકવા રેકર્ડરી ડો. બેન્કરોમા મદદનીશની નિમણૂક કરતાં તેઓના મહેનતાણાં અંગેની રજૂઆત સુધારાવધારા સાથે કરી જણાવ્યા જગાની જે તથા ગાઈડ તેઓના અભિપ્રાય સાથે સંમત નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિ. ૬૨૬ મુજબ રેકર્ડરીઓનાં સમાન ગોઠવ્યા કામ, નિયુક્ત કરેલા ચોથા રેકર્ડરી ડો. બેન્કરોમાના અભિપ્રાય અનુસાર મહેનતાણાંના સુધારાવધારા સાથે ફરી રજૂ કરવા વિદ્યાર્થીને જણાવવું.

૧૧. ઍકેડેમીક કાઉન્સીલની સ્થાયી સમિતિની (ચોથી સભા) તા. ૧૪-૨-૧૯૮૭ના રોજ મળેલ સભામાંએ બાબત ક્રમાંક (૨), (૩) અને (૬) પરત્વે કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિએ તેની બાબત ક્રમાંક ૨ અને ૩ પરત્વે કરેલ ભલામણોનો સ્વીકાર કરવો અને ભલામણ ક્રમાંક ૬ અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી.

(સ્થાયી સમિતિની તા. ૨૪-૨-૧૯૮૭ના રોજ મળેલ સભાની ભલામણો **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૧૨. નીચે દર્શાવેલ સભ્યોના મકાન બાંધકામ-રીપેરીંગ અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે બિલ્ડિંગ લોન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	કર્મચારીનું નામ	લોનની રકમ રૂપિયા	કયા કારણસર લોનની માગણી કરી છે
૧.	શ્રી. કે. એન. કરિયા (પટાવાળા, ઈલા. વિભાગ)	૩૪,૨૦૦/-	મકાન બાંધકામ અંગે
૨.	શ્રી. જે. એસ. પંડ્યા (આસિસ્ટંટ, પરીક્ષા વિભાગ)	૮૫,૦૦૦/-	મકાન રીપેરીંગ-ફેરફાર અંગે

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એન. કરિયાને રૂ. ૩૪,૨૦૦ (રૂપિયા ચોંત્રીસ હજાર બસો) તથા શ્રી. જે. એસ. પંડ્યાને રૂ. ૮૫,૦૦૦ (રૂ. પંચ્યાસી હજાર) ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર લોનના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૧૩. યુનિવર્સિટી એસ્ટેટ વિભાગમાં ગાર્ડન સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા શ્રી. સી. કે. શાહને મકાન ખરીદવા અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮/૨ પ્રમાણે રૂ. ૭૫,૦૦૦/- બિલ્ડિંગ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. કે. શાહને રૂ. ૭૫,૦૦૦ (રૂ. પંચોતેર હજાર) ની બિલ્ડિંગ લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૧૪. યુનિવર્સિટી ભાષાસાહિત્ય ભવનમાં ડિસ્પેચ રાઇડર તરીકે ફરજ બજાવતા શ્રી ગુલાબજી સી. વાઘેલાને તેમના મકાનમાં રીપેરિંગ વગેરે અંગે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૪૦,૦૦૦ ની લોન આપવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. સી. વાઘેલાને રૂ. ૪૦,૦૦૦ (રૂ. ચાલીસ હજાર)ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૧૫. યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં કોમ્પ્યુટર ઑપરેટર તરીકે ફરજ બજાવતા શ્રી પી. બી. ચોકસીનો બઢતીથી સમય તા. ૩૦–૩–૧૯૯૧થી રૂ. ૧૪૦૦–૨૬૦૦ના પગારધોરણમાં કાયમી કરવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની બી કે સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં કોમ્પ્યુટર ઑપરેટર તરીકે ફરજ બજાવતા શ્રી. પી. વી. ચોકસીને તા. ૩૧–૩–૧૯૯૧ થી રૂ. ૧,૪૦૦–૨,૬૦૦ ના પગારધોરણમાં કાયમ કરવા.

૧૬. યુનિવર્સિટીના પોલીવેલન્ટ સેન્ટરમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા શ્રી ટી. જી. વાઘેલાને રૂ. ૯૫૦–૨૦-૧૨૫૦-ઈબી-૨૫-૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧૨૫૦ પછીના કાર્યક્ષમતા–અંતરાય તા. ૧–૪–૧૯૯૧ થી ઓળંગવા પરવાગી આપવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ટી. જી. વાઘેલાને રૂ ૯૫૦–૧૫૦૦ ના પગારધોરણમાં રૂ. ૧,૧૫૦/- પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૪–૧૯૯૧ થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી કૃત્યો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૭–૩–૧૯૯૧ અને ૧૨–૪–૧૯૯૧, ૧૭–૫–૧૯૯૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭–૩–૧૯૯૧, તા. ૧૨–૪–૧૯૯૧ અને તા. ૭–૫–૧૯૯૧ ના રોજ મળેલ સભાઓની કાર્યનોંધ મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓની કાર્યનોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૧૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) **:**

૧૮(૧). **વર્ષ ૧૯૯૧ માટે એમ.સી.એચ. અને ડી.એમ. સિવાયના તબીબી અનુસ્નાતક ડિગ્રી અને ડિપ્લોમાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેના નિયમો સુધારવા બાબતની મેડિકલ સમિતિની** તા. ૯–૪–૧૯૯૧ની સભાના મુદ્દા ક્રમાંક ૪ અન્વયે નીમવામાં આવેલી સમિતિ તા. ૨૮–૫–૧૯૯૧ના રોજ મળી હતી તે સમિતિનો અહેવાલ મંજૂર કર્યાનું.

(સદરહુ સમિતિનો હેવાલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૮ (૨). એપ્રિલ-મે, ૧૯૯૧માં લેવાયેલી નીચે જણાવેલ જુદી જુદી પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકન ઇત્યાદિ અંગેની કામગીરી માટે નીમવામાં આવેલા કો-ઓર્ડિનેટર્સ તથા જોઇન્ટ કો-ઓર્ડિનેટર્સ નીમ્યાનું :

	પરીક્ષા	સ્થળ	કો-ઓર્ડિનેટર્સ	જોઈન્ટ કો-ઓર્ડિનેટર્સ
૧.	ફર્સ્ટ બી.એ.	ભાષાભવન	પ્રિ. વાડીભાઇ પટેલ	પ્રિ. બી. આઇ. પટેલ
૨.	સેકન્ડ બી.એ.	ભાષાભવન	પ્રા. ભીખુભાઇ સી. પટેલ	પ્રિ. ડી. એન. ત્રિવેદી
૩.	થર્ડ બી.એ.	સમાજવિદ્યા ભવન	પ્રા. એ. આર. શાહ	
૪.	એમ.એ. તથા સમાજવિદ્યા ભવનમાં લેવાનાર તમામ પરીક્ષાઓ	સમાજવિદ્યા ભવન	પ્રા. એ. આર. શાહ	
૫.	બી.એડ્	મનોવિજ્ઞાન	શ્રી સુરેશભાઇ શુકલ	પ્રિ. એન. આર. રાવલ
૬.	ફર્સ્ટ બી.એસસી.	ફિઝિક્સ વિભાગ	ડૉ. એસ. જી. દેસાઇ	
૭.	સેકન્ડ બી.એસસી.	,,	પ્રા. કે. બી. સીંગલ	
૮.	થર્ડ બી.એસસી.	,,	પ્રા. આઇ. એમ. ભટ્ટ	
૯.	એમ.એસસી. ભાગ-૧	,,	પ્રા. બી. એમ. રાવલ	
૧૦.	એમ એસસી. ભાગ-૨	,,	,,	
૧૧.	ફર્સ્ટ બી.કૉમ.	એનાલિટિકલ લેબોરેટરી	પ્રિ. આર. એ. ત્રિવેદી	પ્રા. સી. આર. વોરા
૧૨.	સેકન્ડ બી.કૉમ.	,,	,,	પ્રા. દીપ્તિબહેન નાયક
૧૩.	થર્ડ બી.કૉમ.	,,	,,	(આસિ કો-ઓર્ડિ.)
૧૪.	એમ.કૉમ. પાર્ટ-૧	સ્કૂલ ઑફ કૉમ.	પ્રા. એચ. કે ત્રિવેદી	
૧૫.	એમ.કૉમ. પાર્ટ-૨	,,	,,	
૧૬.	પોસ્ટ ગ્રેજ્યુએટ તબીબી		ડૉ. કેતન દેસાઇ	ડૉ. એચ. પી. ભીલોડિયા ડૉ. એમ. એફ. શેખ
૧૭.	એમ.સી.એચ.		ડૉ. કેતન દેસાઇ	ડૉ. સી. બી. શાહ
૧૮.	ડી.એમ.		ડૉ. એચ. એલ. પટેલ	ડેઝર્ટેશનનું કામ સંભાળશે
૧૯.	એમ.એસ.		ડૉ. આર. કે. પટેલ	,, ,,
૨૦.	તમામ ડિપ્લોમા પરીક્ષાઓ		ડૉ. કેતન દેસાઇ	,, ,,
૨૧.	એમ.ડી.		ડૉ. કેતન દેસાઇ	,, ,,
૨૨.	તમામ ડિપ્લોમા પરીક્ષાઓ		ડૉ. એસ. સી. કુકરેટી	,, ,,

૧૮(૩). નવજીવન આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દાહોદની જૂન, ૧૯૯૧થી બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. જન.)માં ઝૂલોજી, વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવાની વધારાના જોડાણની મંજૂરી કૉલેજની માગણી અનુસાર રદ કર્યાનું અને તે પરત્વે જોડાણ અનામતની રકમ ઓ. ૧૨૦ અનુસાર જપ્ત કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરના ક્રમાંક ૧૮.૧ થી ૧૮(૩)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૧૯. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭/૧૮-૫-૧૯૯૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૫-૧૯૯૧ અને તા. ૧૮-૫-૧૯૯૧ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણો આ સાથે પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૨૦. બાંધકામ સમિતિની તા. ૧૭-૫-૧૯૯૧ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૧૭-૫-૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૨૧. નિયામકશ્રી, પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલમાં ડી. એમ. મેડિકલ ઓન્કોલોજીના સુપર સ્પેશિયાલિટી કોર્સ શરૂ કરવા બાબતમાં આવેલ અરજી પરત્વે કુલપતિશ્રીએ જરૂરી તપાસાર્થે નીમેલ તપાસસમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલી ઉપરોક્ત તપાસસમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૨૨. યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કૉલેજમાં ડાયરેક્ટર ઑફ એકેડેમિક સ્ટાફ કૉલેજ તરીકે નિમાયેલ પ્રો. એ. આર. શાહે તેઓની નવી નિમણૂક સ્વીકારતી વખતે વધારાના બે ઈજાફા આપવા કરેલ વિનંતીના સંદર્ભમાં કુલપતિશ્રીએ નીમેલ પેટાસમિતિની તા. ૨૬-૪-૧૯૯૧ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલી પેટાસમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ પેટાસમિતિની ભલામણો પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.)

૨૩. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગાંધીનગરની જૂન, ૧૯૯૨થી વિભાગીકરણની અરજી પરત્વેના સ્થાનિક તપાસસમિતિના હેવાલ અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલને અનુલક્ષીને એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. ડેપ્યુટી રજિસ્ટાર શ્રી એસ. ડી. સ્વામિનારાયણે પ્રકાશિત કરેલ 'જાહેર વહીવટ'ના પુસ્તકનું પુનર્મુદ્રણ કરવા અંગે તથા તેના વેચાણ-પ્રકાશનથી થતી આવક સ્વીકારવા અંગે પરવાનગી આપવા પર તેઓની તા. ૨૮-૫-૧૯૯૧ની અરજી પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં થયેલ ઠરાવ અન્વયે પગારના ૩૦%થી વધે નહીં તે શરતે કોઈ પણ પ્રકારનું મહેનતાણું સ્વીકારી શકાય.]

આથી ઠરાવવામાં આવે છે કે નાયબ કુલસચિવ શ્રી એસ. ડી. સ્વામિનારાયણે પ્રકાશિત કરેલ 'જાહેર વહીવટ'ના પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની તથા તેના વેચાણથી થનાર આવક યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસાર પગારના ૩૦%થી વધશે નહીં તે શરતે સ્વીકારવાની મંજૂરી આપવી.

૨૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ):

૨૫(૧) ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૯૪૯ની કલમ ૧૦ (૨) (એ) (૧) હેઠળ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિમણૂક અંગેની સર્ચ કમિટી ઉપર માનનીય કુલાધિપતિશ્રીએ તેમના તા. ૬-૨-૧૯૯૧ થી શ્રી કે. સી. પરીખની નિમણૂક કરેલી તેની સામે શ્રી હરેનભાઈ પંડ્યાએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૧૯૧૯/ ૧૯૯૧ સંબંધી વકીલશ્રીને રોકવાનું તેમ જ થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૫(૨) શ્રી રંજન આર. ચૌહાણે કૉમર્સ સ્કીમની હાયર સેકન્ડરી પરીક્ષા (વોકેશનલ) પાસ થનાર વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.કૉમ.માં પ્રવેશ આપવા અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં યુનિવર્સિટી સામે કરેલ સ્પેશિયલ એપ્લિકેશન ક્રમાંક ૩૦૦૧/૯૧ થી દાદ માંગેલી છે તેના સંદર્ભમાં વકીલશ્રીને રોકવાનું તેમ જ થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૫(૩) અજ્જભાઈ ગણપતભાઈ સોલંકીએ તેઓએ ગુજરાત વિદ્યાપીઠની "હિન્દી સેવક" વિશેષ પરીક્ષા પાસ કરેલી હોવાથી બી.એડ. વોકેશન કોર્સમાં પ્રવેશ આપવા અંગે યુનિવર્સિટી સામે ગુજરાતની વડી અદાલતમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન ક્રમાંક ૩૬૦૮/૯૧ થી દાદ માંગેલી છે. તેના સંદર્ભમાં વકીલશ્રીને રોકવાનું તેમજ થનાર આનુષાંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૫(૪) યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓએ કરેલ કેસ અંગે એડવોકેટ રોકયાનું તથા તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

ક્રમ	કર્મચારીનું નામ	વિભાગ	કેસ નં.
૧.	શ્રી ડી. એમ. પંડયા પ્રૂફરીડર	પ્રેસ	રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૨૭૧૬—૧૯૯૧
૨.	શ્રી જે. એ. પટેલ (પેન્શનર)	ડી.પી.ઈ.	,, ૧૬૧૬—૧૯૯૧
૩.	શ્રી ભેરૂમલ ડી. જૈન (કુક-કમ-કેરટેકર)	ગેસ્ટ હાઉસ	,, ૧૮૧૮—૧૯૯૦
૪.	શ્રી. એમ. ડી. પટેલ	પ્રેસ	,, ૨૧૨૫—૧૯૯૧

૨૫(૫) સરદાર વલ્લભભાઈ કોમર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૯૧ની બી કોમ. (ત્રીજુ)માં કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. વી. કોમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.કોમ. (ત્રીજુ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું ચાલુ-વધારાનું-કાયમી જોડાણ તદર્થ ધોરણ માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧ કોમ્પ્યુટર સાયન્સના વિષય માટે પૂર્ણ સમયના પ્રોગ્રામરની અને ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. કોમ્પ્યુટર ચાર પીસી—એકસ ટી મશીન વસાવવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કોલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂા. ૪,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કોમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે પ્રથમ વર્ષે રૂ. ૫,૦૦૦ અને બીજા વર્ષે રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ગુણવત્તાના ધોરણે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. કોમ્પ્યુટરના નિભાવ ખર્ચ પેટે સત્ર દીઠ રૂા. ૩૦૦ની ફી પ્રતિસત્ર લઈ શકાશે.

૮. મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બેંચ રાખવામાં આવે.

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેન્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે. તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, બઢતી વગેરે અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષી પંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરના ક્રમાંક ૨૫.૧ થી ૨૫.૫)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૨૬. **મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૯૧થી બી.એસસી. (ગૌણ)-માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૬-૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે પૂર્ણસમયના પ્રોગ્રામરની અને ખંડસમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. કૉમ્પ્યુટર સાયન્સ માટે બે પીસી એક્સટી વસાવવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂા. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કોમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને ચાર સામયિકો વસાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. કોમ્પ્યુટરના નિભાવ ખર્ચ પેટે સત્રદીઠ ૩૦૦ રૂ. ફી પ્રતિવર્ષ લઈ શકાશે;

૮. મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિન-શિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી. એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અને અન્યોપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન-૧૯૯૧ થી બી.એસસી. (ગૌણ) માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની બેઠકોની અરજી પરત્વે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવામાં આવે.

૨૭. યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ સાથે સંકળાયેલ નીચે પ્રમાણેના કર્મચારી-ઓના મહેનતાણાના દરમાં સુધારો કર્યાના તથા તેનો અમલ ઑક્ટોબર, ૧૯૯૦ની પરીક્ષાથી કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) લેબોરેટરી સુપરવાઈઝરોને બે બૅચ માટે મહેનતાણું રૂ. ૩૬ (અંકે રૂપિયા છત્રીસ પૂરા) લેખે મળવાપાત્ર રહેશે તેમ જ બાયોલોજી વિષયના લેબોરેટરી સુપરવાઈઝરને દૈનિક રૂ. ૨૦ (અંકે રૂપિયા વીસ પૂરા) લેખે મળવાપાત્ર રહેશે.

(૨) પ્રૂફરીડરને મહેનતાણું રૂ. ૧૨-૫૦ (અંકે રૂપિયા બાર અને પચાસ પૈસા પૂરા) ચૂકવવાનું હતું તેને બદલે રૂ. ૧૯ (અંકે રૂપિયા ઓગણીસ પૂરા) મળવાપાત્ર રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરના કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૮(૧). સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૯૧થી બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૦થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીની મુદતનું ચાલુ જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨૮(૨). એપ્રિલ-મે, ૧૯૯૧ દરમિયાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં નિરીક્ષકો (ઓબ્ઝર્વર્સ) નીમવા અંગેની તથા પરીક્ષાની કામગીરી અંગે ટેક્ષીઓના ભાવ વગેરે નક્કી કરવા સંબંધે નિર્ણય લેવા અંગેની કુલપતિશ્રીએ નીમેલી સમિતિઓની અનુક્રમે તા. ૨૭-૩-૧૯૯૧, તા. ૨૯-૩-૧૯૯૧, તા. ૧-૪-૧૯૯૧ તથા તા. ૧૦-૪-૧૯૯૧ના રોજ મળેલી બેઠકોમાં કરેલી ભલામણો સ્વીકાર્યાનું;

(સદરહુ સમિતિની સભાના તા. ૨૭-૩-૧૯૯૧, તા. ૨૯-૩-૧૯૯૧, તા. ૧-૪-૧૯૯૧ તથા તા. ૧૦-૪-૧૯૯૧નો ભલામણો **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

૨૮(૩). વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય,, શિક્ષણ, ફાર્મસી અને કાયદાશાખાની કૉલેજો તથા યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં વેકેશન જે તા. ૧૫-૬-૧૯૯૧ સુધી હતું તે લંબાવીને તા. ૧-૭-૧૯૯૧ સુધી લંબાવ્યાનું તેમ જ સને ૧૯૯૧-૯૨ના વર્ષનું નવું શૈક્ષણિક સત્ર તા. ૧૬-૬-૧૯૯૧ના રોજ શરૂ થવાનું હતું તે લંબાવીને તા. ૨-૭-૧૯૯૧ સુધી લંબાવ્યાનું અને તેની જાણ તમામ સંલગ્ન કૉલેજો તેમ જ અનુસ્નાતક ભવનોને પરિપત્રિત કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરના ક્રમાંક ૨૮(૧)થી ૨૮(૩)માં જણાવેલાં કાર્યોની નોંધ લેવી.

૨૯. નીચે દર્શાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે દર્શાવ્યા પ્રમાણેની રકમની બાંધકામ લોન તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	સભ્યનું નામ તથા હોદ્દો	વિભાગ	લોનની રકમ ₹.	લોનનો હેતુ
૧.	શ્રી. કુલાભાઈ એલ. પરમાર (સ્વીપર)	સમાજવિદ્યા ભવન	૫૦,૦૦૦	મકાન રિપેરિંગ તથા ફેરફાર
૨.	શ્રી. ચિમનભાઈ વાઘેલા (ડિસ્પેચ રાઈડર)	સમાજવિદ્યા ભવન	૫૦,૦૦૦	,,
૩.	શ્રી. એસ. કે. વાઘેલા (ડિસ્પેચ રાઈડર	સમાજવિદ્યા ભવન	૪૩,૦૦૦	,,

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ફૂલાભાઈ પરમારને રૂ. ૫૦,૦૦૦/-(રૂ. પચાસ હજાર), શ્રી ચિમનભાઈ વાઘેલાને રૂ. ૫૦,૦૦૦/-(રૂ. પચાસ હજાર) અને શ્રી એસ. કે. વાઘેલાને રૂ. ૪૩,૦૦૦/-(રૂ. તેતાલીસ હજાર)ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાંથી આપવી.

૩૦. સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટીનાં ભવનોમાં જે અધ્યાપકો મહેરોત્રા કમિશન અન્વયે રૂ. ૩૭૦૦-૫૭૦૦ના સિલેકશન ગ્રેડમાં કામગીરી બજાવે છે તેઓને રીડરનો હોદ્દો આપવા અંગેના નિયમો કરવા કુલપતિશ્રીએ નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિની ભલામણ અનુસાર મહેરોત્રા કમિશન અન્વયે રૂ. ૩,૭૦૦-૫,૭૦૦ના સિલેકશન ગ્રેડમાં કામગીરી બજાવે છે તેઓને રીડરનો હોદ્દો આપવા અંગેનાં ધારાધોરણો મંજૂર કરવાં.

(સદરહુ ધારાધોરણોની નકલ આ સાથે પરિશિષ્ટ "૧૨" તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૪૦૪૯૩/૧૯૯૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૨-૮-૧૯૯૧.

મ. પ. જાડેજા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૨(૧૯)

આજે તા. ૯-૪-૧૯૯૧ના રોજ સાંજે ૪-૩૦ કલાકે નર્સોની સમિતિની એક બેઠક કુલપતિશ્રીની ચેમ્બરમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

ક્રમ	સભ્યનું નામ	તા. ૯-૪-૧૯૯૧
૧.	ડૉ. એમ. એન. દેસાઈ (કુલપતિશ્રી)	હાજર
૨.	શ્રી. એ. ટી. દેસાઈ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩.	ડૉ. હરિભાઈ એલ. પટેલ	હાજર
૪.	ડૉ. એસ. સી. કુકેટી	હાજર
૫.	ડૉ. એચ. એસ. શાહ	હાજર
૬.	ડૉ. આર. સી. શાહ	ગેરહાજર
૭.	ડૉ. સી. એ. દેસાઈ	હાજર
૮.	ડૉ. જેતન દેસાઈ	હાજર
૯.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૦.	ડૉ. ત્રિભોવન એન. પટેલ	હાજર
૧૧.	ડૉ. મહેન્દ્ર બી. દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. સુનિલ કાન્વિન્દે	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. તા. ૧૬-૧-૧૯૯૧ના રોજ મળેલ મેડિકલ હાઈપાવર કમિટીની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. રાજ્યની તમામ મેડિકલ કૉલેજમાં સમાન અભ્યાસક્રમ અને એકસાથે પરીક્ષા લેવાબાબતના સરકારશ્રીના તા. ૧૯-૨-૧૯૯૧ના ઠરાવ ઉપર પૂર્ણ વિચારણા બાદ એમ નક્કી કરવામાં આવ્યું કે સરકારશ્રીને આ માટે મેડિકલ બોર્ડ અથવા તેના જેવી કોઈ સંસ્થા બનાવીને આ ઠરાવની બક્ષામણોનો અમલ કરવા જણાવવું.

૩. રાજ્ય સરકારના તા. ૧૬-૨-૧૯૯૧ના ઠરાવ અનુસાર ગ્રામ્ય વિસ્તારોમાં લઘુતમ ત્રણ વર્ષ માટે સેવા આપેલ હોય તેવા દાક્તરોને અનુસ્નાતક કક્ષાએ પ્રવેશમાં વધારાના ત્રણ ટકા ગુણનું વેઇટેજ આપવાની સરકારશ્રીની ભલામણ પૂર્ણ વિચારણા કર્યા બાદ આ ભલામણનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૪. એમ.ડી. તથા એમ.એસ.ના પ્રવેશનું કાર્ય યુનિવર્સિટી ખાતે કરવાને બદલે હવે પછી દર વર્ષે વારાફરતી બી. જે. મેડિકલ કૉલેજ અને એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ કરશે તેવું નક્કી કરવામાં આવ્યું. આ માટેના નિયમો સુધારવા માટેની એક સમિતિની રચના કરવામાં આવી છે, જેના સભ્યો નીચે મુજબ છે :

૧. પ્રો. એ. ટી. દેસાઈ (ઉપકુલપતિશ્રી)

૨. ડૉ. કેતન દેસાઈ (ડીન, મેડિકલ ફૅકલ્ટી)

૩. ડૉ. એચ. એસ. શાહ (ડીન, એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ)

જુલાઈ ૧૯૯૧ના વર્ષ માટે પ્રવેશનું કાર્ય બી. જે. મેડિકલ કૉલેજ કરશે.

૫. જે વિષયોમાં મેડિકલ પોસ્ટ-ગ્રેજ્યુએશન ચાલે છે (જેવા કે એનેટોમી, ફિઝિયોલોજી, ફાર્માકોલોજી, માઇક્રોબાયોલોજી, પેથોલોજી વગેરે) તે વિષયોમાં એમ.એસસી. (મેડિકલ) કોર્સ બંધ કરવાની ભલામણ છે, વધુમાં બાયોકેમિસ્ટ્રી વિષય કે જ્યાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ચાલતો નથી તથા એમ.એસ.સી: બાયોકેમિસ્ટ્રી કોર્સ ચાલુ રાખવો અને જ્યારે પણ આ વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશન થાય ત્યારે ત્યાં પણ એમ.એસસી. બાયોકેમિસ્ટ્રી કોર્સ બંધ કરવો.

૬. આ.પ.ક.વિ., સચિવાલય, ગાંધીનગરના તા. ૧૯-૩-૧૯૯૧ના પત્ર દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત અનુસાર કુ. શીતલ શાહની ફર્સ્ટ એમ.બી.બી.એસ.માં જામનગરથી અમદાવાદ ખાતે ટ્રાન્સફરની અરજી પર વિચારણા કર્યા બાદ એવું નક્કી કરવામાં આવ્યું કે તેમને ફર્સ્ટ એમ.બી.બી.એસ.માં બી. જે. મેડિકલ કૉલેજમાં ત્રીજા સત્રથી એટલે કે જૂન, ૧૯૯૧થી નીચેની શરતોને આધીન પ્રવેશ આપવો :

(૧) આ કેસને ખાસ કિસ્સા તરીકેનો પ્રવેશ ગણવો અને તેને ભવિષ્યમાં પૂર્વ દૃષ્ટાંત તરીકે નહીં.

(૨) આ વિદ્યાર્થીનીએ જામનગર મેડિકલ કૉલેજના ડીનશ્રી પાસેથી તેણીએ જામનગરની કૉલેજ ખાતે પ્રથમ બે સત્રો પૂરા ભર્યા છે તે પ્રમાણેનું હાજરીનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે.

૭. ન્યૂરો સર્જરીના વડા ડૉ. એમ. એ. પરીખના પત્ર ઉપર ચર્ચા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે આ બાબતમાં હાલ કંઈ કરવું નહીં.

૮. બી જે. મેડિકલ કૉલેજમાં ઑલ ઇન્ડિયા ક્વોટાની ખાલી પડતી રેસિડેન્સી મેરિટ પ્રમાણે વિદ્યાર્થીઓને આપવી અને તે માટે જરૂર પડે તો તેમનાં રજિસ્ટ્રેશન બીજા શિક્ષકની નીચે બદલો આપવા અને તે માટેના તમામ કાગળો મંજૂરી માટે યુનિવર્સિટીને મોકલો આપવા.

૯. થર્ડ એમ. બી. બી.એસ.માં પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન વિષયની અલગ વિષય તરીકે પરીક્ષા લેવા બાબતમાં પૂર્ણ વિચારણાને અંતે તે અંગે કુલપતિશ્રીએ એક સમિતિ નિયુક્ત કરીને ભલામણો મેળવી આ સામતિ સમક્ષ રજૂ કરવાનું રાખે તેમ નક્કી થયું. આ સમિતિ પીડિયાટ્રિકસ વિષયને મેડિસિનના પેપરમાં આખા એક સેક્શન તરીકે લેવા માટેની વિચારણા કરે તેમ જ એમ. સી. આઈ.ની અન્ય ભલામણો પણ ચકાસી લઈ પોતાનો રિપોર્ટ નિમણૂકની તારીખથી એક મહિનાની અંદર રજૂ કરવાનું રાખે તેમ ઠરાવવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

સિદ્ધાર્થ સ્વામિનારાયણ

કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૨(૨૯)

1. Amended by Ex. Cl. dt. 10-3-1984 Item No. 82
2. by Orders of V.C. dt. 22-7-1988
3. by order of V.C. dt. 20-5-89
4. by Ex. Cl. dated 25-12-1989; Item No. 37 & 38
5. by order of V.C. dated 1-6-1991.

O. 97 :

Every college and recognised institution, shall report to the Executive Council all changes in its teaching staff including part-time teachers within fifteen days from the date on which he has joined or is relieved as the case may be. Those appoinments which are not reported within this period shall not be approved for the said academic term.

(*Note.*—(1) In the case of Medical college, they shall also report the changes in the staff of the Hospital where the students of these colleges are required to do their clinical work.

(2) In case of colleges and recognised institutions other than government colleges or colleges maintained by the Government a certified copy of the recommendation of the Selection Committee be enclosed).

For recuritment to the posts of Lecturer including part-time teachers and Principals in affiliated colleges (other than Govt. colleges or colleges maintained by the Goverament) and Director and teachers in recognised institutions applications be invited by giving wide publicity particularly *by inserting advertisements in reputed atleast two daily* newspapers. For selection of persons for the aforementioned posts. there shall be selection committee which will consist of :

(*i*) Lecturers (including part-time teachers) :

(*a*) Chairman of the Governming Body of the college / recognised institution or his nominee.

(*b*) A nominee of the Vice-Chancellor.

(*c*) Two experts to be nominated by the Chairman out of the panel of experts approved by the University.

(*d*) Principal of the College / Direetor the recognised institution at the case may be.

(*e*) Head of the Department concerned of the college / recognised institution, and

(*f*) A representative of the Director of Education.

No selection will be considered valid unless at least one expert is present. The recommendations of the Selection Committee Shall be subject to theapproval of the Vice-Chancellor.

(*ii*) Principal / Director :

(*a*) Chairman of the Governing Body of the college / recognised institution

(*b*) One member of the Governing Body.

(*c*) Two nominees of the Vice-Chancellor.

(*d*) Two experts to be appointed by the Chairman of the Governing Body. out of a panel of twenty members approved by the University, and

(*e*) The Director of Education or his nominee not below the rank of a Jt. Director.

No selection will be considered valid unless at least one expert is present. The recommendations of the selection committee shall be subject to the approval of the Vice-Chancellor and the Government.

Provided further that when an appointment is to be made for a period of less than six months or in a place of a permanent teacher proceeding on leave or for an officiating appointment in a temporary vacancy on purely temporary basis for a period not exceeding six months, provision of the selection committee shall not be insisted upon.

Synopsis of the persons to be called for interview shall be circulated to all the members of the Selection Committee well in advance.

Before issuing an appointment order to the concrnt person, the following procedure shall be followed :

(*a*) The college shall send to the University all the relevant papers alongwith the minutes of the Selection Committee to the University for the approval of appointment within seven days of the meetting of the Selection Committee.

(*b*) The University will take decision within 30 days from the receipt of the Communication with regards to the approval or otherwise and communicate accordingly.

(*c*) The appointment will stand cancelled if it is violative of any of the provisions of ordinance laiddown in this behalf or of the provision of the directives issued by the goyernment from time to time.

Where an appointment is made in violation of section 14 of the Gujarat University Tribunal act the said appointment shall deemed to be null and void.

પરિશિષ્ટ "૩"
કાર્યભાર ક્રમાંક ૨(૩૦)

O. 120. M :

In case of an intended change in the timings of the College, it shall be incumbent for the Management to follow the procedure laid down hereunder :

(*i*) If the Management of an affiliated College intends to change timings of the College it shall make an application in writing to the Registrar giving reasons thereof at least two months prior to the commencement of the academic year.

(*ii*) On receipt of the application, Executive Council shall after making due inquiry as it may appear to be necessary shall decide whether the application should be granted or refused.

(*iii*) No Management shall effect the change in timings until the decision as stated in para (*ii*) above is communicated.

પરિશિષ્ટ " ૪ "
કામકાજ ક્રમાંક ૪

કેસ દીઠ સજા કરવા અંગેની સમિતિની ભલામણનું સરવૈયું

કેસ નં.	વિદ્યાર્થીનું નામ અને નંબર	પરીક્ષાનું નામ અને વર્ષ	જે સમય સુધી તેમના નામ સામે દર્શાવેલ પરીક્ષા કે યુનિવર્સિટીની અન્ય પરીક્ષા કે અભ્યાસક્રમમાં બેસી શકશે નહીં તે સમય
૧	૨	૩	૪
૧/૧	શ્રી વોરા ઇલ્યાસભાઈ મહંમદભાઈ બેઠક નં. ૩૦૪૫	સેકન્ડ બી.એસસી. એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ, ૧૯૯૨
૧/૨	શ્રી ઠક્કર શિરીષ હસમુખભાઈ બેઠક નં. ૬૬૬૯	થર્ડ બી.કોમ., એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯થી એપ્રિલ. ૧૯૯૧
૧/૩	શ્રી ચૌહાણ નરેન્દ્રકુમાર પ્રાગજીભાઈ બેઠક નં. ૧૦	બી.ઈ. સેમે. ૮ (મિકેનિકલ), મે-જૂન, ૧૯૮૮	મે-જૂન, ૧૯૮૮થી એપ્રિલ, ૧૯૯૧ (સજા કરતાં પહેલાં હાઈકોર્ટમાં SP CA No. 2990/90 અને 6847/89માં વકીલે આપેલ સલાહ પ્રમાણે નોટિસ આપવી.)
૧/૪	શ્રી બોડીવાલા મનીષ રામચંદ્ર બેઠક નં. ૫૫૩	ફર્સ્ટ એલએલ.બી., એપ્રિલ, ૧૯૯૦	એપ્રિલ, ૧૯૯૦થી એપ્રિલ-મે, ૧૯૯૩
૨/૧	શ્રી પટેલ શિલ્પાબહેન ઈશ્વરભાઈ બેઠક નં. ૨૦૮	થર્ડ બી.એ. એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૨	શ્રી પટેલ મહેશકુમાર સાંકળચંદ બેઠક નં. ૨૭૨૩	થર્ડ બી.એસસી. એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૩	શ્રી પટેલ નરેન્દ્રકુમાર નંદુલાલ બેઠક નં. ૨૯૨૦	એમ.કોમ. ભાગ-૨ એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૪	શ્રી વાઘેલા કાંતિલાલ ત્રિકમલાલ બેઠક નં. ૧૧૬૧	એમ.કોમ. ભાગ-૨ એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૫	શ્રી ચૌધરી કાનજીભાઈ વીરાભાઈ બેઠક નં. ૮૦૭૭	થર્ડ બી.એ. એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮થી એપ્રિલ-મે, ૧૯૯૧

૧	૨	૩	૪
૨/૬	શ્રી દવે નિરજ રાજેન્દ્રકુમાર બેઠક નં. ૨૧૧૬	થર્ડ બી.એસસી., એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૭	શ્રી પટેલ સીતારામ હરિભાઈ બેઠક નં. ૩૧૨૫	થર્ડ બી.એસસી., એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૮	શ્રી પટેલ મૂકેશ મણિલાલ બેઠક નં, ૧૨૮૧૪	થર્ડ બી.કોમ., એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૯	શ્રી પરીખ સતીષકુમાર ચીમનલાલ બેઠક નંબર ૧૬	થર્ડ બી.એ., નવેમ્બર, ૧૯૮૮	નવેંબર, ૧૯૮૮ થી એ ક્ટોબર-નવેંબર, ૧૯૯૧
૨/૧૦	શ્રી પટેલ હસમુખભાઈ શિવરામભાઈ બેઠક નં. ૮૨૬	એમ.એ. ભાગ-૨, જૂન, ૧૯૮૮	જૂન, ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૧૧	શ્રી પટેલ કોકિલાબહેન છોટાભાઈ બેઠક નં. ૩૭૦૪	એમ.એ. ભાગ-૨, એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૧૨	શ્રી ભાદોરિયા ગીરભારસિંગ સરમાનસિંગ, બેઠક નં ૩૩	થર્ડ બી.કોમ., એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૧૩	શ્રી ધારિયા રાજેન્દ્રસિંગ વિક્રમસિંગ બેઠક નં. ૧૩૮૮૮	થર્ડ બી કોમ., એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૧૪	શ્રી પટેલ સૌમિલ હરિકૃષ્ણભાઈ બેઠક નં. ૨૧૪૧	ફર્સ્ટ બી.એસસી. એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨ અને આ ઉપરાંત આ વિદ્યાર્થીએ ૧૯૯૦માં સેકન્ડ બી.એસસી.ની પરીક્ષા આપી છે, તે પરીક્ષા અને સેકન્ડ બી.એસસી.ના પ્રવેશ રદ ગણવો.
૨/૧૫	શ્રી ચૌધરી રાજુલ મધુભાઈ બેઠક નં. ૧૫૯૧	ફર્સ્ટ બી.એસસી, એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯થી એપ્રિલ, ૧૯૯૨ અને આ ઉપરાંત આ વિદ્યાર્થીએ એપ્રિલ. ૧૯૯૦માં સેકન્ડ બી.એસસી.ની જે પરીક્ષા આપી છે તે પરીક્ષા અને સેકન્ડ બી.એસસી. નો પ્રવેશ રદ ગણવો.
૨/૧૬	શ્રી પટેલ દશરથભાઈ જશુભાઈ બેઠક નં. ૩૫૪૬	થર્ડ બી કોમ., એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે. ૧૯૯૨
૨/૧૭	શ્રી ચૌધરી કનુભાઈ કેશવભાઈ બેઠક નં. ૫૨૨	થર્ડ બી.કોમ, એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ. ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧ અને આ ઉપરાંત ૧૯૮૯માં આપેલી એમ.કોમ.ની પરીક્ષા પણ રદ ગણવી.

૧	૨	૩	૪
૨/૧૮	શ્રી પટેલ પરેશભાઈ બીપીનભાઈ બેઠક નં. ૩૭૯૮	થર્ડ બી.કોમ. એપ્રિલ, ૧૯૯૧	એપ્રિલ, ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૧૯	શ્રી શુકલ શ્રુતિબાળા ગંગાધર બેઠક નં. ૧૨૯૬૦	થર્ડ બી.કોમ., એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૨૦	શ્રી પટેલ અરવિંદકુમાર રતિલાલ બેઠક નં. ૩૭૭૪	થર્ડ બી.એસસી., એપ્રિલ, ૧૯૮૮	આ વિદ્યાર્થીને શંકાનો લાભ આપવો અને તેની સામે કોઈ કાર્યવાહી કરવી નહીં.
૨/૨૧	શ્રી ચૌધરી લક્ષ્મણભાઈ શંકરભાઈ બેઠક નં. ૬૧૮૯	થર્ડ બી.એ., એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૨૨	શ્રી ચૌધરી બળવંતભાઈ બી. બેઠક નં. ૧૭૦૭	એમ.એ. ભાગ-૨, એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૨૩	શ્રી ચૌધરી પન્ના ફતેસિંહ બેઠક નં. ૨૪૯૭	એમ.એ. ભાગ-૧, એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ. ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૨૪	શ્રી ચૌધરી ભરત ફતેસિંહ બેઠક નં. ૭૦૩૧	એમ.એ. ભાગ-૧, એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૯૯ થી એપ્રિલ-મે, ૧૯૯૧ આ ઉપરાંત આ વિદ્યાર્થીએ એપ્રિલ, ૧૯૯૦માં આવેલ એમ.એ.ની પરીક્ષા પણ ૨૬ ગણવી.
૨/૨૫	શ્રી શાહ કલ્પનાબહેન શાંતિલાલ બેઠક નં. ૭૧૮૬	એમ.એ. ભાગ-૧ એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૨૬	શાહ શરદ કરુણાશંકર બેઠક નં. ૭૪૦૫	એમ.એ. ભાગ-૧, એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨ અને આ ઉપરાંત આ વિદ્યાર્થીએ એપ્રિલ, ૧૯૯૦માં આપેલ એમ.એ. ભાગ-૨ની પરીક્ષા પણ ૨૬ ગણવી.
૨/૨૭	શ્રી દેસાઈ રમેશભાઈ જીવરાજભાઈ બેઠક નં. ૧૦૬૭૨	થર્ડ બી.એ. એપ્રિલ. ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯ થી એપ્રિલ-મે, ૧૯૯૨ અને આ ઉપરાંત જૂન, ૧૯૯૦માં એમ.એ. ભાગ-૧માં વિદ્યાર્થીએ મેળવેલ પ્રવેશ અને એપ્રિલ, ૧૯૯૦માં આપેલ પરીક્ષા ૨૬ ગણવી.
૨/૨૮	શ્રી ત્રિવેદી મોહનલાલિયા મુકુન્દરાય બેઠક નં. ૮૪૬૪	થર્ડ બી.કોમ. ૧૯૮૭	એપ્રિલ, ૧૯૮૭થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૨૯	શ્રી. ઠક્કર કમલકુમાર ચંદ્રકાંતભાઈ બેઠક નં. ૧૬૯૫	થર્ડ બી.એસસી., એપ્રિલ, ૧૯૮૬	એપ્રિલ, ૧૯૮૮ થી એપ્રિલ-મે, ૧૯૯૧

૧	૨	૩	૪
૨/૩૦	શ્રી ઠક્કર કમલકુમાર ચંદ્રકાંતભાઈ બેઠક નં. ૧૦૪૪	સેકન્ડ બી.એસસી. એપ્રિલ, ૧૯૮૭	એપ્રિલ, ૧૯૮૭ થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૩૧	શ્રી પટેલ મિહિરકુમાર રાસકલાલ બેઠક નં. ૬૯૨૦	સેકન્ડ બી.એ. એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮ થી એપ્રિલ, ૧૯૯૧ અને જૂન, ૧૯૮૮માં વિદ્યાર્થીએ મેળવેલ થર્ડ બી.એ.નો પ્રવેશ અને એપ્રિલ, ૧૯૮૯માં આપેલ પરીક્ષા રદ ગણવી.
૨/૩૨	શ્રી. શેઠ પારુલ રમેશચંદ્ર બેઠક નં. ૭૯૧૭	સેકન્ડ બી.એ. એપ્રિલ, ૧૯૮૮	એપ્રિલ, ૧૯૮૮થી એપ્રિલ-મે, ૧૯૯૧
૨/૩૩	શ્રી. પટેલ ચંદ્રકાંત ઉમેદભાઈ બેઠક નં. ૭૪૬૦	ફસ્ટ બી.કોમ. એપ્રિલ, ૧૯૮૬	એપ્રિલ, ૧૯૮૯થી એપ્રિલ-મે, ૧૯૯૨
૨/૩૪	શ્રી. પટેલ ઘનશ્યામભાઈ ભાવજીભાઈ બેઠક નં. ૩૨૩	સેકન્ડ બી.એસસી. એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯થી એપ્રિલ-મે, ૧૯૯૨ અને આ ઉપરાંત આ વિદ્યાર્થીએ જૂન ૧૯૮૯માં થર્ડ બી.એસસી.માં મેળવેલ પ્રવેશ તથા એપ્રિલ, ૧૯૯૦માં આપેલ પરીક્ષા રદ ગણવા.
૨/૩૫	શ્રી. પટેલ અરવિંદકુમાર શંકરલાલ બેઠક નં. ૪૯૯	એમ.કોમ. ભાગ-૨ એપ્રિલ, ૧૯૮૯	એપ્રિલ, ૧૯૮૯થી એપ્રિલ-મે, ૧૯૯૨

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૧૧

એસસીટી સેલની સ્થાયા સમિતિની ચોથી સભા તા. ૧૪-૨-૧૯૯૧ના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ, ચેરમેનશ્રી	હાજર
૨.	પ્રો. અંબુભાઈ ટી. દેસાઈ	ગેરહાજર
૩.	શ્રી. એમ. પી. જડિયા	ગેરહાજર
૪.	શ્રી. એચ. એમ. વોરા, સભ્ય સચિવ	હાજર
૫.	પ્રો. વી. પી. શાહ	હાજર
૬.	પ્રો. રોહિતભાઈ શુકલ	હાજર
૭.	આચાર્યશ્રી સી. જે. નાયક	હાજર
૮.	,, બી. એન. ગાંધી	ગેરહાજર
૯.	,, જી. જે. પંડ્યા	ગેરહાજર
૧૦.	આચાર્યાશ્રી ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર
૧૧.	,, યશોમતીબહેન એફ. પટેલ	હાજર
૧૨.	પ્રો. એ. વી. ગજજર	હાજર
૧૩.	પ્રો. પ્રતીક્ષાબહેન રાવલ	ગેરહાજર
૧૪.	પ્રો. એ. આર. શાહ	હાજર
૧૫.	પ્રો. એન. એમ. પરીખ	ગેરહાજર
૧૬.	પ્રો. શંકરભાઈ પટેલ	હાજર
૧૭.	પ્રો. કનુભાઈ શાહ	હાજર
૧૮.	સંયુક્ત ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૧૯.	પ્રો. પી. એન. શેઠ	ગેરહાજર
૨૦.	શ્રી. મોતીભાઈ પરમાર	હાજર
૨૧.	પ્રો. ઈશ્વરભાઈ પરમાર	હાજર
૨૨.	ડૉ. મહેન્દ્રભાઈ બી. દેસાઈ	હાજર.

૧. તા. ૬-૪-૧૯૯૦ના રોજ મળેલ સ્થાયી સમિતિની ત્રીજી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૬-૪-૧૯૯૦ના રોજ મળેલ ત્રીજી સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી તથા તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. અનુસૂચિત જાતિ/જનજાતિના અનામત કેટેગરીના કર્મચારીઓની ભરતી/બઢતી તથા વિદ્યાર્થી પ્રવેશ મેળવવા અંગે સેક્રેટરી, યુ.ગ્રા. ક., નવી દિલ્હી તરફથી આવેલ તા. ૨૭-૧૦-૧૯૮૯ના ડીઓ પત્રાંક એફ/૧/૧૭/૮૯ (એસસીટી) અંગે વિચારણા કરવા બાબત.

[(**નોંધ.**—સદરહુ પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે. સદરહુ પત્રના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

(અ) અનુસૂચિત જાતિ/જનજાતિ માટે અનામત રખાયેલ જગ્યા અન્ય કેટેગરી એટલે કે સામાન્ય વર્ગમાંથી ભરવી નહિ (રાજ્ય સરકારે પણ આવો પ્રતિબંધ મૂકેલ છે).

(બ) અનુસૂચિત જાતિના ઉમેદવાર ના મળે તો અનુસૂચિત જનજાતિના ઉમેદવારોથી અને અનુસૂચિત જનજાતિના ઉમેદવાર ના મળે તો અનુસૂચિત જાતિના ઉમેદવારોને એમ અરસપરસના આધારે અનામત જગ્યાઓ ભરવી (રાજ્ય સરકારમાં આ નિયમ છે).

(ક) સીધી ભરતી અને બઢતીમાં અનુસૂચિત જાતિ/જનજાતિની ટકાવારી જળવાય તે માટે સ્પેશિયલ ડ્રાઈવ યોજના કરવા જણાવેલ છે.]

૩. રાજ્યની યુનિવર્સિટી તથા સંલગ્ન કૉલેજોમાં શિક્ષક/બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની અનુસૂચિત જાતિ/જનજાતિ માટે અનામત રાખવામાં આવેલ જગ્યા બિન-અનામત કરવા પર પ્રતિબંધ મૂકવા અંગે ઉચ્ચ શિક્ષણ નિયામક, ગાંધીનગર તરફથી કરવામાં આવેલ તા. ૨૧-૯-૧૯૮૯ના પરિપત્રાંક નં. ઉબક/સરપ્લસ/૮૯ : ૯૦/ક/૧ તથા તેની સાથે મોકલવામાં આવેલ શિક્ષણ વિભાગના તા. ૫-૭-૧૯૮૯ના ઠરાવ ક્રમાંક પવસ/૧૨૮૯/૧૪૩૦/૭/૩ તથા તા. ૨૪-૭-૧૯૮૯ના પત્રાંક પરચ/૧૦૮૯/૩૨૧૪૩/વ/૨ તથા તા. ૩-૮-૧૯૮૯ના પરિપત્રાંક ૨૨૧/૧૦૮૮/૨૧૬ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— સદરહુ પરિપત્ર/ઠરાવોની નકલો આ સાથે **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.]

(અ) આ પરિપત્રથી અનામત જગ્યાઓ બિનઅનામતમાંથી ભરવા અંગે સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

(બ) અનામત કેટેગરીના ઉમેદવારો દ્વારા પણ નિમણૂકોમાં નિયત કરેલ ટકાવારી પર પૂરતું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે જગ્યાઓ અનામત રાખવા માટેની ટકાવારી રોસ્ટર, વણપુરાયેલ જગ્યાઓ આગળ ખેંચવા માટે ખાસ ભરતી પ્રસંગથી 'બૅકલોગ' પૂરો કરવા તથા અનુસૂચિત જાતિ/જનજાતિમાંથી અનામત જગ્યાઓ અંગેરાબ્બર અદલાબદલીથી નિમણૂક કરવા ઈ.નો અસરકારક અમલ કરવાનો હેતુ છે.)]

[(**નોંધ.**— ઉપરોક્ત બાબત (૨) અને (૩) તા. ૬-૪-૧૯૯૦ની સભામાં મોકૂફ રાખવામાં આવેલ હતી.)]

પાપત ક્રમાંક (૨) અને (૩)ની વિચારણા એકસાથે કરવામાં આવી. ત્યાર બાદ એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણેની ભલામણો કરવા ઠરાવવામાં આવ્યું :

(૧) સંલગ્ન કોલેજોમાં અનામત કેટેગરીમાંથી ભરવાની થતી શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારી ગણની જગ્યાઓ અંગે બહોળા પ્રસિદ્ધિ ધરાવતાં વર્તમાનપત્રોમાં જાહેરખબર આપવી પાસ કરીને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રનાં દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપે તેમ પણ સંલગ્ન કોલેજોને જણાવવું.

(૨) સંલગ્ન કોલેજ જગ્યા ભરવાની જે જાહેરાત આપે તેની સાથે એક નકલ યુનિવર્સિટીમાં સ્થાપવામાં આવેલ એસસીટી સેલને પણ મોકલવાનું રાખે તેમ જણાવવું.

(૩) સંલગ્ન કોલેજો અનામત ઉમેદવારોની યાદી જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી પાસેથી પણ મંગાવવાનું રાખે.

(૪) એસસીટી સેલે શિક્ષકવર્ગના કર્મચારીની જે અરજીઓ મંગાવી છે તની વિચારણા વિષયવાર યાદી બનાવીને તૈયાર રાખવી અને સદરહુ યાદી અંગે સંલગ્ન કોલેજોને એક પરિપત્ર દ્વારા ધ્યાન દોરવું કે અનામત વર્ગની જે જે જગ્યાઓ ભરવાની થાય તે અંગે એસસીટી સેલ પાસેથી યાદી મંગાવીને તેમાં જણાવેલ વાદીવાળા ઉમેદવારોને પણ રૂબરૂ મુલાકાતની તક આપવી.

(૫) સંલગ્ન કોલેજોમાં ઓર્ડિ. ૯૭ અન્વયે વરણી સમિતિ પર યુનિવર્સિટીના જે પ્રતિનિધિઓ જતા હોય તેમને પણ એસસીટી સેલે ધ્યાખ્યાતા તરીકે સેવા આપવા ઉત્સુક હોય તેની જે યાદી બનાવી છે તેની એક નકલ આપવી.

અને સદરહુ પ્રતિનિધિએ આવી યાદીમાંના ઉમેદવારોને કોલેજે રૂબરૂ મુલાકાત માટે બોલાવેલ છે કે નહિ તે ચકાસવાનું રાખવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક વિભાગ દ્વારા વરણી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવામાં આવે છે ત્યારે સદરહુ પ્રતિનિધિને પણ એસસીટી સેલ અનામત ઉમેદવારોની જે યાદી બનાવી છે તે યાદી પૂરી પાડવી. આવી યાદી પૂરી પાડવા અંગે એકેડેમિક અને એસસીટી સેલ વિભાગે સંકલન રાખવાનું રહેશે. જેની અલગ નોંધ તૈયાર કરીને વિભાગે રજૂ કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકારને ભલામણ કરવી કે સંલગ્ન કોલેજોમાં કોઈ પણ એક વિષયમાં અનામત જગ્યા ન રાખતાં સંલગ્ન કોલેજોમાં રહેલ કુલ જગ્યાના પ્રમાણમાં અનામત જગ્યાઓ રાખવી અને તે પ્રમાણે જગ્યાઓ ભરવા સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટીને જણાવવું.

(૭) અનામત જગ્યાઓનો એસસી કે એસટીનો ક્વોટા પૂરો થયો ન હોય તો અરસપરસ અદલાબદલીથી એટલે કે અનુસૂચિત જાતિના ઉમેદવાર ન મળે તો અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવાર ન મળે તો અનુસૂચિત જાતિના ઉમેદવારોથી જગ્યા ભરી શકાય તેવી જોગવાઈ રાજ્ય સરકારમાંથી પહેલેથી તેવી મંજૂરી લઈને કરવી અને યુનિવર્સિટીનાં તે અંગેનાં ધારાધોરણોમાં પણ ઘટતો સુધારો કરીને રાજ્ય સરકારને તથા કોલેજને તેની જાણ કરવી.

(૮) હાલના ઑર્ડિ. ૯૭ અન્વયે શિક્ષકોની માન્યતા મેળવવા અંગે જે નિયતપત્રક નક્કી કરવામાં આવેલ છે તેમાં જે વિગતો મંગાવવામાં આવે છે તેમાં હવે પછી નીચેની વિગત પણ મંગાવવાનું રાખવું :

સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાના અધ્યાપકવર્ગમાં પણ ફેરફાર અંગેના પત્રકમાં હાલનું કૉલમ (૧૫) (૬)માં (૩) સુધીની વિગતો છે તેમાં (૪) તરીકે નીચે પ્રમાણેની માહિતી ઉમેરવી :

"અનામત જગ્યાઓ ભરવા અંગે યુનિવર્સિટીના સંબંધકર્તા વિભાગ તરફથી ઉમેદવારીની યાદી પૂરી પાડવામાં આવી હતી ?"

ઉપરાંત યુનિવર્સિટીના જે પ્રતિનિધિ વરણી સમિતિ પર જાય તેમને પણ અલગ રિપોર્ટ, અનામત જગ્યાના ઉમેદવારો અંગેની યાદી યુનિવર્સિટી તરફથી પૂરી પાડવામાં આવી હતી / આવી ન હતી, તે અંગે મેળવવો. અને તેમાંથી અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ કે ખાસોપંચ કે તેની ઉપલબ્ધતાના અભાવે બિનઅનામત ઉમેદવારમાંથી પસંદગી કરવામાં આવી છે / આવી નથી તે અંગેનો હેવાલ યુનિવર્સિટીને મોકલી આપે તેમ જણાવવું.

૪. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા અંગે :

રાજ્ય સરકાર દ્વારા ખાસોપંચ હેઠળ આવરી લેવાયેલ જાતિઓના વિદ્યાર્થી પ્રવેશ / કર્મચારીની નિમણૂક, ભરતી, બઢતી અંગેની કામગીરી પણ અનામતને લગતી કોઈ સદરહુ કામગીરી એસસીટી સેલને સોંપ્યા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૫. એસસીટી સેલની કામગીરી અંગેના તા. ૧-૪-૧૯૮૯થી ૩૧-૩-૧૯૯૦ સુધીના વાર્ષિક હેવાલની નોંધ લેવા બાબત,

(નોંધ.— સદરહુ હેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી).

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત અહેવાલની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે—

(૧) આગામી હેવાલ તૈયાર કરતી વખતે વિદ્યાર્થી-શિક્ષકોની જે ફરિયાદો અંગે કાર્યવાહી કરી હોય તેની વિગતો / સ્પષ્ટતા આપવાનું રાખવું.

(૨) વાર્ષિક અહેવાલમાં નિર્દિષ્ટ કર્યા અનુસાર જે ૩૭ કૉલેજોએ સ્થાયી સમિતિની રચના કરેલ નથી તેમને વધુ એક તક આપવા કુલપતિશ્રીની સહીથી એક સ્મૃતિપત્ર લખવો અને સમયમર્યાદા આપવી.

સમયમર્યાદા પછી પણ જે કૉલેજોની માહિતી ન આવી હોય તે અંગે સમીક્ષા કરવા એક નોંધ વિભાગે આપી અને સદરહુ સમીક્ષાના આધારે શું કાર્યવાહી વિચારવી તેની એકિઝક્યૂટિવ કાઉન્સિલમાં રજૂઆત કરી બઢતી કાર્યવાહો અંગે કુલપતિશ્રી સત્તાની રૂએ કરે તેવી ભલામણ છે.

૬. સ્થાયી સમિતિની રચના, કાર્યવાહી ઇત્યાદિ અંગેના ઑર્ડિનાન્સના મુસદ્દા મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(અ) ઑર્ડિ.નો મુસદ્દો આ સાથે **પરિશિષ્ટ** "૪" તરીકે સામેલ **છે.**

(બ) તા. ૬-૪-૧૯૯૦ની **સ્થાયી સમિતિએ ઑર્ડિનાન્સનો મુસદ્દો** (૧) આચાર્યશ્રી ડી. એમ. શીખ તથા (૨) પ્રો. અરવિંદભાઈ આર. શાહને બતાવીને તેમનો અભિપ્રાય મેળવી **રજૂ** કરવા ઠરાવેલ હતું. તે અનુસાર પ્રો. અરવિંદભાઇ શાહનો હકારાત્મક અભિપ્રાય વિભાગને મળેલ છે. પ્રિ. શીખ **સાહેબે** તેમનો **અભિપ્રાય હજુ** સુધી જણાવેલ **નથી.**

આથી ઠરાવવામાં **આવે છે** કે સ્થાયી **સમિતિની** રચના, કાર્યવાહો ઇત્યાદિ અંગેનો ઑર્ડિનાન્સનો મુસદ્દો મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.]

૭. કૉલેજ કક્ષાએ શિક્ષક-બિનશિક્ષકવર્ગની **અનુસૂચિત** જાતિ/જનજાતિની જગ્યા ભરવાની હોય ત્યારે શકય હોય ત્યાં સુધી વરણી સમિતમાં કુલપતિશ્રીના એક વિશેષ પ્રતિનિધિ અનુસૂચિત જાતિ/જનજાતિની પેનલમાંથી મૂકવાની જોગવાઇ ઑર્ડિ. ૯૭ તથા **ઑર્ડિ.** ૧૬૮ની કલમ ૫૮માં **વિચારણા** કરવા માટે.

(ઑર્ડિ. ૯૭ તથા ઑર્ડિ. ૧૬૮ની કલમ ૧૮માંની સંબંધકર્તા જોગવાઇઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

ઑર્ડિ. ૯૭ તથા ઑર્ડિ. ૧૬૮ની સંબંધકર્તા જોગવાઇ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે વરણી સમિતિ પર પ્રતિનિધિત્વ અંગે યુનિવર્સિટીના ઑર્ડિ. ૯૭ **તથા ઑર્ડિ** ૧૬૮ની હાલની જોગવાઇઓ છે તે પર્યાપ્ત હોઇ કોઇ વિશેષ પ્રતિનિધિ નિયુક્ત કરવાની જરૂરિયાત જણાતી નથી.

૮. તા. ૨૫-૧૦-૧૯૮૯ની સ્થાયી સમિતિએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અક્ષીપંચના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ ઇ.ની આંકડાકીય માહિતી સંલગ્ન કૉલેજોને સરળતાથી ઉપલબ્ધ કરી શકે તે માટે યુ.જી.સી. અને રાજ્ય સરકારનાં માહિતીપત્રકોમાં જરૂરી સુધારાવધારા કરવા માટે એક સબ કમિટીની નિમણૂક કરેલ. **સદરહુ** સબ કમિટીની તા. ૧૯-૪-૧૯૯૦ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(સદરહુ સમિતિની તા. ૧૯-૪-૧૯૯૦ની ભલામણોની નકલ તથા વિભાગની નોંધ આ સાથે **પરિશિષ્ટ** "૫" તરીકે સામેલ **છે**) (**અત્રે** છાપેલ નથી).

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની તા. ૧૯-૪-૧૯૯૦ની ભલામણો ઉપરથી વિભાગે તૈયાર કરેલ, નોંધ જે પરિશિષ્ટ તરીકે સામેલ છે, તે સ્વીકારવી :

(૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે 'ડેટા કલેકશન' અંગે વધુ વિસ્તૃત માહિતી ઇ. અંગે સમિતિના સભ્ય પ્રો. વી. પી. શાહ સાથે વિભાગે ચર્ચા-વિમર્શ કરી, તેઓની સલાહ-સૂચન અનુસાર આંકડાકીય માહિતી મેળવવાનું ફોર્મ બનાવવું.

(૨) સ્થાનિક સંલગ્ન કૉલેજોમાંથી આંકડાકીય માહિતી ન આવે ત્યારે વિભાગના કર્મચારી જાતે માહિતી મેળવી લેવાનું રાખે.

(૩) બહારગામ માટે સ્થાનિક તપાસ સમિતિ જાય ત્યારે માહિતી ચકાસવાનું રાખે.

(૪) પરીક્ષાના આવેદનપત્રમાં અનામત કેટેગરીના વિદ્યાર્થીઓનું કૉલમ કૉમ્પ્યુટરરાઇઝેશનમાં લેવડાવવું અને તે અંગે પરીક્ષા નિયામકશ્રી સાથે પરામર્શ કરી આગામી વર્ષથી તેનો અમલ કરાવવાનું રાખવું.

૯. યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોની ટીચર્સ હૉસ્ટેલ અને સ્ટાફ ક્વાર્ટર્સમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો માટે રહેઠાણો અનામત રાખવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૪-૧૨-૧૯૯૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી.નો તા. ૪-૧૨-૧૯૯૦નો પત્ર પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

(અત્રે છાપેલ નથી.)

ઉપરોક્ત બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

૧૦. સ્થાનિક કક્ષાએ પ્રથમ વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીમાં દાખલ કરાયેલ કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ અંગે શરૂઆતમાં કુલપતિશ્રીએ આગામી વર્ષના આયોજન અંગે ગત વર્ષે જે મુશ્કેલીઓ પડી તેના ઉપાયો માટે સૂચનો આપવા જણાવ્યું.

લંબાણ ચર્ચાવિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે સ્થાનિક અને બહારગામના વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં કાયદાકીય પાસાંઓનો અભિપ્રાય મેળવી તે આવે તે પ્રમાણે કાર્યવાહી કરવા કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે.

૧૧. સફાઈ કામદારને પટાવાળામાં નિમણૂક આપવા અંગે અગાઉ સ્થાયી સમિતિએ કરેલ ભલામણ કે જે અંગે એકિઝકયુટિવ કાઉન્સીલે તેની તા. ૨૫-૧૦-૧૯૮૯ની સભામાં મંજૂર રાખેલ હતી પરંતુ કુલપતિશ્રીએ મોકૂફ રાખવા આદેશ આપેલ હતો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ચર્ચાવિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે કુલપતિશ્રી સદરહુ બાબતે સંબંધકર્તા અધિકારીશ્રી સાથે પરામર્શ કરી ઘટતો નિર્ણય લેશે.

૧૨. ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ શતાબ્દી પ્રસંગે યુનિવર્સિટીમાં 'ચેર'ની સ્થાપના કરવા અંગે.

આ અંગે ઠરાવવામાં આવે છે કે 'ચેર' સ્થાપવાની જરૂરિયાત હાલ જણાતી નથી. પરંતુ સેમિનાર, પુસ્તક, પ્રકાશન, વકતૃત્વ સ્પર્ધા ઈ. સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે રાજ્ય સરકારશ્રી પાસે અનુદાનની માગણી કરવી.

૧૩. ડૉ. શારદાબહેન વડાદરા કે જેઓ પીએચ.ડી. થયાં છે તેમના થિસિસના પ્રકાશન અંગે.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ડૉ. શારદાબહેન વડાદરા કે જેઓ પીએચ.ડી. થયાં છે તેઓએ જે વિષયમાં પીએચ.ડી. કરેલ છે તે થિસિસનું પ્રકાશન કરવા બાબતી કાર્યવાહી કરવા પ્રકાશન વિભાગને ભલામણ કરવી.

૧૪. અનામત કેટેગરીના ઉમેદવારોને ઇન્ટરવ્યૂ આપવા જવા પર ઇન્ટરવ્યૂ આપવા અંગે ઓરિયેન્ટેશન કોર્સ ઈ.નું આયોજન કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે જે ક્વોલિફાઇડ ઉમેદવારો હોય તેમના માટે ઓરિયેન્ટેશન કોર્સનું આયોજન કરવું. આ અંગે વિભાગે એક યોજના તૈયાર કરીને રજૂ કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું.

(સહી .....)
કુલસચિવશ્રી

परिशिष्ट "१"

Prof. S. K. Khanna
Secretary

University Grants Commission,
Bahadurshah Zafar Marg,
New Delhi-110 002.
27 October, 1989

D.O.No.F.1-17 / 89 (SCT)

Dear Sir,

I am enclosing a copy of he UGC letter No. 1-1- / 86 (SCT) dated 4-11-1986 and Minisrty of Human Resource Development (Department of Education) D. O. No. F. 2-10 / 87-Us dated 22-7-1987 addressed to Vice-Chancellor of the Central Universities, regar ling reservation for SCS and STS in admission and appointments under the Universities.

2. As you are aware of the instructions of Govt. of India banning dereservation of posts reserved for SCS and STS and the National recruitment / promotion drive launched for filling up all backlog vacancies reserved for them.

3. The provisions regarding reservation for SCS and STS in services under Universities both Central as well as State has been in existence since 1978. while some progress has been achieved it is considerably short of the requirements as laid by the University Grnats Commission. To a large extent this has been one of the reasons for frustration among the SCS and STS serving under the University system. It is now high time that the pace of implementation of the scheme of reservation, as broadly made applicable to universities, is speeded up so that within the shortest possible time the tesk is fulfilled.

4. You will. no doubt agree that all out efforts are therefore, necessary on the part of the University to launch a special drive covering both direct recruitment and promotions so that the actual representation of SCS and STS reached the prescribed percentage in the quickly possible time. This will yield satisfactory results quickly only if the Vice-Chancellors personally look into the matter and guide the operations, without leaving any scope for distortions lower down.

5. I shall be happy to hear about the steps taken / proposed to be taken in that direction and results achieved. Mean while I would like to have latest figures showing the representation of Scheduled Castes and Schedule Tribes in services in your University.

With regards,

Prof. M. N. Desai
Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad-380 009.

Yours sincerely,
S. K. Khanna

પરિશિષ્ટ "૨"

સરપ્લસ/૮૯/૬૦/૬-૧/

ઉચ્ચ શિક્ષણ નિયામક કચેરી, ગુજરાત રાજ્ય
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨
ગાંધીનગર, તા. ૨૧-૯-૧૯૮૯

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિનસરકારી ગ્રાન્ટને પાત્ર
આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને બી.એડ. કૉલેજો.

વિષય.—રાજ્યની અનામત જગ્યાઓમાં/સેવામાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવામાં આવેલ જગાઓ બિનઅનામત કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના સરકારશ્રીના તા. ૨૪-૭-૮૯ના પત્રાંક પરચ/૧૦૮૯/૧૧૪૭/વ-૨ના પત્રથી અત્રે સામાન્ય વહીવટ વિભાગના તા. ૫-૭-૮૯ના ઠરાવ ક્રમાંક પવસ/૧૧૮૯/૧૪૩૦/બ-૩ તથા શિક્ષણ વિભાગના તા. ૩-૮-૮૯ના પરિપત્ર ક્રમાંક ૨૨૧/૧૦૮૮/૨૧૬ની નકલ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે.

આપની સંસ્થામાં જ્યારે જ્યારે જગ્યાઓ ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે જગ્યાઓ એસસી/એસટી માટે અનામત હોય અને સંનિષ્ઠ પ્રયત્નો પછી જો ઉમેદવાર ન મળે તો આવી જગ્યાઓ અન્ય ઉમેદવારથી ભરવી નહીં. કેટલીક મંજૂરીમાં ત્રણ સંવર્ગ માટે અનામત રાખી હોય તો "બક્ષી"થી ભરવી નહીં. આમ ઉપરના બે ઠરાવોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેની જાણ સંસ્થાની મેનેજમેન્ટને કરવી.

આપનો વિશ્વાસુ,
શુ. મ. પટેલ
સંયુક્ત શિક્ષણ નિયામક

રવાનગી અર્થે અધિકૃત
સી. જે. પંડ્યા
ઉપાન અધીક્ષક

અનામત જગ્યાઓ ભરતી વખતે જે અનામત વર્ગના ઉમેદવારને રૂબરૂ મુલાકાત માટે બોલાવવા અંગે

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક ૨૨ ન/ ૧૦૮૮/ ૨૧૬ / રોસ્ટર સેલ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૩-૮-૧૯૮૯.

પરિપત્ર

સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને બી.એડ. કૉલેજો જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસૂચિત જાત, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માટે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓ અનામત રાખવાના સરકારના હુકમો છે.

આવી અનામત જગ્યાઓ જે વર્ગના ઉમેદવારથી ભરવાની હોય તે જ વર્ગના ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવા માટેની જાહેરાત આપવી જોઈએ. અને જાહેરાતમાં પણ તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જરૂરી છે. રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યૂ) માટે પણ જે વર્ગના ઉમેદવારથી જગ્યા ભરવાની હોય તે વર્ગના ઉમેદવારને જ બોલાવવામાં આવે અને તેવા ઉમેદવારોમાંથી જ પસંદગી કરવાની રહે. સબબ, અન્ય વર્ગના ઉમેદવારોની અરજીઓ આવી હોય તોપણ તેઓને આવી અનામત જગ્યા ઉપર ભરતી થવા માટે રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યૂ) માટે બોલાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ. આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થાય તે જોવા સંબંધકર્તા સૌને આથી ભારપૂર્વક સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે...

ડી. સી. ચોરા
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક : પરચ-૧૦૮૯-૩૨૧૪૩-વ, ૨
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૪ જુલાઈ ૧૯૮૯.

પ્રતિ,

નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ,
ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ.
સેક્શન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ.
શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ,
શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના સચિવશ્રીઓ,

વિષય :—રાજ્યમાં અનામત જગ્યાઓમાં/સેવામાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવામાં આવેલ જગ્યાઓ બિનઅનામત કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

શ્રીમાન,

આ સાથે ઉપર્યુક્ત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૫-૭-૧૯૮૯ ઠરાવ ક્રમાંક પવસ=૧૧૮૯-૧૮૮૦-ગ/૩ નો નકલ આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અંગે મોકલેલ છે.

૨. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, સચિવશ્રી માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા સચિવશ્રી ટેકનિકલ પરીક્ષા બોર્ડને વિનંતી છે કે પ્રસ્તુત ઠરાવના ફકરા ક્રમાંક: ૮ની સૂચના અનુસાર આ હુકમોની જાણ સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓ જેવી કે શાળા, મહાશાળા, કોલેજો, વિશ્વવિદ્યાલયોને લાગુ પડતા હોઈ તેઓને ઠરાવની નકલ મોકલી સરકારશ્રીના આદેશોનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
ર. ક. રાઠોડ
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

રાજ્યની જગાઓ/સેવાઓમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓ માટે અનામત રાખવામાં આવેલ જગાઓ બિનઅનામત કરવા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત.

ગુજરાત સરકાર.
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પવસ-૧૧૮૯-૧૪૩૦-ગ-૩,
સચિવાલય, ગાંધીનગર,
તા. જુલાઈ ૫, ૧૯૮૯

વંચાણમાં લીધા :

(૧) સરકારી પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગ ક્ર. બીએસી/૧૦૬૪/૩૧૭-ચ તા. ૧૯-૬-૬૪.

(૨) સરકારી ઠ. સા. વ. વિ. ક્ર. બીએસી-૧૦૬૪-૩૩૭૩-ચ તા. ૨૦-૨-૬૯ નો પરિચ્છેદ

(૩) સરકારી ક્ર. સા. વ. ક્ર. બીસીએ-૩૪૭૧/જે (૧) સેલ-૧૦૨૩ (સી) તા. ૨૪-૧૨-૭૧ની પરિચ્છેદ ૧૨ અને ૧૩.

(૪) સરકારી ઠરાવ સા. વ. વિ.ક્ર. પીસીટી-૧૧૭૦-સી-૧૦૯૨-જે સેલ તા. ૧૯-૪-૭૪

(૫) સરકારી પરિપત્ર શિક્ષણ અને મજૂર વિભાગ, ક્ર. પીવાટી-૩૬૭૪-૧૨૪૦૮-જે સેલ તા. ૧૨-૫-૭૫

(૬) સરકારી પરિપત્ર શિક્ષણ અને મજૂર વિભાગ ક્ર. પરટ-૬૦૭૬/૯૬૪૨ ૨/જ તા. ૧૬-૭-૭૬

(૭) સરકારી ઠરાવ મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ક્રમાંક: પીવીટી-૩૭૭૭-૧૬૮૩૬-જે (૧) સેલ તા. ૨૨-૩-૭૭

(૮) સરકારી પરિપત્ર મ. સ. ક્ર. અને સા. વિ. વિ. ક્ર. પીવીટી-૩૬૭૬-૨૦૩૯૩-જે (૧) સેલ. તા. ૪-૫-૭૭

(૯) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. બીએસી/૧૦૭૮/યુએ/૭૨/૬/૫ તા. ૧૫-૧૧-૭૮

(૧૦) સુધારો મેસ ક્ર. અને આ. વિ. વિ. ક્ર. પત્રક-૧૦૭૯-યુએ-૨૮/૪/૧ (સેલ) તા. ૪-૮-૭૯

(૧૧) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. પવસ-૧૦૮૨/૧૨/ગ, ૩ તા. ૨૫-૬-૮૨

(૧૨) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. બીએસી ૧૦૭/જીએઆઈ ૨૩-૭ તા. ૮-૧૧-૭૮

(૧૩) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. પ્રવસ-૧૭૮૧/૨૪૯૭-ગ, ૩ તા. ૨૦-૧૨-૮૨

(૧૪) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. પવસ-૧૧૮૩-૮૨૬-ગ, ૩ તા. ૨૨-૪-૮૭ના પરિચ્છેદ ૫, ૬ થી ૫, ૧૩, ૨૪, ૨, ૨૫ અને ૨૫, ૨.

(૧૫) સરકારી પરિપત્ર સા. વ. વિ. ક્ર. પ્રવસ-૧૨૮૨/૧૪૯૭/ગ, ૩ તા. ૧૮-૬-૮૪

(૧૬) સરકારી પત્રો સા. વ. વિ. ક્ર. પ્રવસ-૧૩૮૬-૮-ગ. ૫ (રોસ્ટર) તા. ૧૯-૭-૮૬

(૧૭) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. પવસ-૧૩૮૬/૩/ગ. ૫ (રોસ્ટર) તા. ૨૬-૯-૮૬

(૧૮) સરકારી ઠરાવ સા. વ. વિ. ક્ર. પવસ-૧૨૮૭/૮૧૩/ગ. ૩ તા. ૨૩-૭-૮૭

(૧૯) ભારત સરકારના પર્સનલ અને ટ્રેનીંગના તા. ૨૫-૪-૮૯ ના ઓફિસ મેમોરેન્ડમ ક્ર. ૩૬૦૧૨/૬/૮૮ અસલી / એકોટી

ઠરાવ :

રાજ્ય અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓનું જાહેર સંસ્થાઓમાં સીધી ભરતી દ્વારા તથા નિમણૂકોમાં નિયત થયેલ ટકાવારી અનુસાર પૂરતું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે જગ્યાઓ અનામત રાખવા માટેની ટકાવારી, રોસ્ટર, વણપુરાયેલા જગ્યાઓ આગળ ખેંચવા ખાસ ભરતી પદ્ધતિથી બેકલોગ પૂરા કરવા આવી જગ્યાઓ સમાન્યતઃ બિનઅનામત નહીં કરવા તથા કેટલાક અપવાદરૂપ પ્રસંગોએ અયોગ્ય કક્ષાએ મંજૂરી મેળવી બિનઅનામતમાં ફેરવવી. અનુસૂચિત જાતિ/જનજાતિઓનો અનામત જગ્યાઓ ઉપર અંદરોઅંદર અદલાબદલીથી નિમણૂક કરવા તથા ત્યારબાદ તે પ્રથમ બંધ ભરતી પ્રસંગનું અનામત પ્રમાણ ૧૦% ના મર્યાદામાં રહે તે રીતે ભરતી કરવા વગેરે બાબતો ઉપર વંચાણે લીધેલા સરકારી ઠરાવો/ પરિપત્રો સુધારા દ્વારા વખતોવખત નિર્ણય કરી, જરૂરી હુકમો/સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

૨. રાજ્ય સરકાર તરફથી રાજ્ય સેવામાં, પંચાયત સેવાઓમાં રાજ્ય સરકારના બોર્ડ, નિગમો, જાહેર સાહસો સહકારી ક્ષેત્રો તથા સરકાર તરફથી અનુદાન મેળવતા સંસ્થાઓ જેવા કે શાળા, મહાશાળા, કોલેજો વિશ્વવિદ્યાલયો નગરપાલિકાઓ વગેરેમાં અનુસૂચિત જાતિ/જનજાતિ માટે સીધી ભરતી માટે નિયત કરવામાં આવેલ ટકાવારી અનુસાર રોસ્ટર પોઇન્ટ પ્રમાણે જગ્યાઓ અનામત રાખવી અને તેવી જગ્યાઓ તે જાતિના ઉમેદવારોમાં જ ભરવા વખતોવખત જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આમ છતાં, સરકારને એવું જણાય છે કે હજુ પણ આ જાતિઓની અનામત જગ્યાઓ ઉપર પૂરતી સંખ્યામાં નિમણૂકો થતી નથી અને પરિણામે 'બેકલોગ' (Backlog) વધતો જાય છે. તથા આવી જગ્યાએ 'બિનઅનામત' જાહેર કરી બિનઅનામત ઉમેદવારોથી ભરવા કાર્યવાહી કરવી.

૩. તાજેતરમાં કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરેલ નીતિ અને સૂચનાઓ તથા આ બાબતે રાજ્ય સરકારના પ્રવર્તમાન નીતિ અને સૂચનાઓની સમીક્ષા અને વિચારણા કરતા તેથી આ બાબતે કેન્દ્રના ધોરણે નીતિ રહે અને સરખી સૂચનાઓ અને કાર્યપદ્ધતિ અપનાવવામાં આવે તેવા રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી જે અનુરોધ કરવામાં આવ્યો છે તેમ સ્વીકાર કરવાનું અને આ બાબતે અગાઉની સૂચનાઓ / હુકમો અને ખાસ કરીને ઉપર વંચાણે લીધેલ સરકારી ઠરાવો / પરિપત્રો / સુધારાઓમાં આંશિક ફેરફારો કરી નીચે પ્રમાણેના હુકમો / સૂચનાઓ બહાર પાડવાનું સરકારે આથી ઠરાવેલ છે :

(૧) સીધી ભારતમાં જ્યાં અનુસૂચિત જાતિ / જનજાતિ માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યાઓ ભરવા માટે તે જાતિના ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય ત્યાં આવી

ખાલી જગ્યાઓ અનુસૂચિત જાતિના ઉમેદવારો સિવાયના ઉમેદવારોથી કોઈ પણ સંજોગોમાં ભરવી નહીં. બીજા શબ્દોમાં, અનુસૂચિત જાતિ/જનજાતિ માટેની અનામત જગ્યાઓ બિન અનામત કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ સૂચનાઓનો અમલ વર્ગ-૧, ૨, ૩, ૪માં તા. ૧-૪-૧૯૮૯થી ખાલી પડતી સીધી ભરતીથી બધી જગાઓમાં ભરતી કરવાનો છે.

(૨) ઉપરોક્ત બાબતે વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે કે અનુસૂચિત જાતિ/જનજાતિની અનામત જગ્યાઓ બિનઅનામતમાં ફેરવવા ઉપરનો પ્રતિબંધ આ જાતિઓ માટેની તા. ૧-૪-૧૯૮૯ પછી ભરવા પાત્ર અનામત જગ્યાના કેસોમાં જ લાગુ પડે છે એવું નથી પરંતુ તા. ૧-૪-૧૯૮૯ પહેલાંનાં વર્ષોની આ જાતિઓની તમામ અનામત ખાલી જગ્યાઓ જે બિનઅનામત જાહેર કરવામાં આવી હોય કે ન આવી હોય પરંતુ જે હજુ અન્ય જાતિઓના ઉમેદવારોથી ભરવામાં આવી ન હોય તેની તમામ જગ્યાઓને પણ આ પ્રતિબંધ લાગુ પડે છે. અર્થાત્ તેવી જગ્યાઓ પણ છે. આ જાતિઓના ઉમેદવારો સિવાયના અન્ય જાતિઓના ઉમેદવારોથી ભરી શકાશે નહીં.

(૩) હવે પછી વર્ગ-૧, ૨, ૩ અને ૪ની જગ્યાઓ/સેવાઓની સીધી ભરતીના તમામ કેસોમાં અનુસૂચિત જાતિ/જનજાતિના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ જગ્યાઓ ભરવા માટે જ જાતિઓની યોગ્ય ઉમેદવારો પુરતી સંખ્યામાં ભરતીના પ્રથમ પ્રયત્નોમાં ઉપલબ્ધ ન થાય તો તે જે ભરતી વર્ષમાં અથવા તે પછીનું ભરતી વર્ષ શરૂ થાય તે પહેલાં વહેલામાં વહેલી તકે આ જાતિઓના ઉમેદવારોની સદર અનામત જગાઓ ઉપર ભરતી/નિમણૂક કરવા બીજો પ્રયત્ન કરવાનો રહેશે. આમ બીજા પ્રયત્નોને અંતે પણ આ જાતિઓની અનામત જગ્યાઓ સામે તે જાતિઓના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો જે અનામત ખાલી જગ્યાઓ વણપુરાયેલ રહેશે અને આવી અનામત ખાલી જગ્યાઓ 'બેકલોગ' ખાલી જગ્યાઓ તરીકે ગણવાના રહેશે.

(૪) વર્ષમાં તે વર્ષની (નવી ખાલી જગ્યાઓ) current vacancies ખાલી જગાઓ ઉપર ભરતી કરવાની સાથે સાથે 'બેકલોગ'ની અનામતની ખાલી જગાઓ ઉપર ભરતી કરવાની પણ જાહેરાત કરવામાં આવશે. એટલે કે નિર્દિષ્ટ ભરતી ખાલી જગાઓ અને બેકલોગ' ની 'ખાલી જગાઓ એમ ભિન્ન જૂથોમાં દર્શાવવાની રહેશે. અનુસૂચિત જાતિ-જનજાતિ માટે અનામત જગ્યાઓની ગણતરી કરવાની સામાન્ય સૂચનાઓ અને ખાલી જગ્યાઓના ૫૦% કરતાં વધારે જગ્યાઓ અનુસૂચિત જાતિ/જનજાતિ, શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો વગેરે માટે અનામત ન રાખવાની સૂચનાઓ જ તે વર્ષની નવા ખાલી જગ્યાઓને લાગુ પડે છે. આમ છતાં અનુસૂચિત જાતિ/જનજાતિ માટેના બધા જ 'બેકલોગ'ની અનામત ખાલી જગાઓ તે ભિન્ન જૂથની હોવાથી તે કોઈ નિયંત્રણો હોય તે બેકલોગ ખાલી જગાઓને લાગુ પડશે નહિ અને સદર 'બેકલોગ'ની જગાઓ જે તે અનામત જાતિઓના ઉમેદવારોથી જ ભરવાની રહેશે. આ માટે નીચે દૃષ્ટાંત આપેલ છે.

દાખલા તરીકે અગાઉના વર્ષમાં અનુસૂચિત જાતિની ૧૦૦ ખાલી જગાઓ અને અનુસૂચિત જનજાતિ માટેની બે ખાલી જગાઓ વણપુરાયેલ રહી છે અને તેને બેકલોગ ખાલી જગા તરીકે આગળ ખેંચવામાં આવેલી અને ચાલુ ભરતી વર્ષમાં 'નવી' ૨૦૦ ખાલી જગાઓ ભરવાની છે અને તેમાં ખાલી જગા અનુસૂચિત જાતિ તથા એક ખાલી જગા અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવાની છે. એટલે અનામત અંગેની આ સૂચનાઓ પ્રમાણે જાહેરાત કરવાની ખાલી જગાઓની વિગત નીચે પ્રમાણે થશે :

જગાનું નામ	નવી ખાલી જગાઓની સંખ્યા			બેકલોગની ખાલી જગાઓની સંખ્યા	
	સામાન્ય	અ. જા.	અ. જ. જ.	અ. જા.	અ. જ. જ.
૧.	૨	૧	૨	૩	૨

(૫) ઉપરોક્ત વિગત જોતાં સ્પષ્ટ થશે કે અનુસૂચિત જાતિ/જનજાતિ માટેની અનામત રાખવામાં આવેલ ખાલી જગાઓ જો વણપુરાયેલ રહી હોય તે પછીની ભરતી વર્ષ માટે બેકલોગ ખાલી જગાઓ તરીકે ગણી આગળ ખેંચવાની રહે છે. તા. ૧-૪-૧૯૮૯ના રોજ અનુસૂચિત જાતિ/જનજાતિ માટેના આગળ ખેંચાયેલ અનામત જગાઓ, સંબંધિત જગાઓ બિનઅનામત કરી ભરાયા બાદ પ્રવર્તમાન હુકમો અને સૂચનાઓને અનુસરી તે નવી ખાલી જગાઓ સામે ગણવી ચાલુ રહેશે અને જો એવી અનામત ખાલી જગાઓ હજુ પણ ભરવામાં આવી ન હોય તો આ હુકમો હેઠળ તે 'બેકલોગ' ખાલી જગાઓ તરીકે આગળ ખેંચવાની રહેશે.

(૬) વર્ગ ૧, ૨, ૩ અને ૪ની જગાઓમાં સીધી ભરતીમાં અનુસૂચિતજાતિ/જનજાતિ માટેની અનામત જગા બિનઅનામત કરવા ઉપરના પ્રતિબંધ તા. ૧-૪-૧૯૮૯થી અમલમાં આવે છે. વર્ગ ૧ અને ૨ પરની જગાઓ/સેવાઓમાં સીધી ભરતીથી થતી ખાલી જગાઓમાં અનુસૂચિત જાતિ/જનજાતિ આ અનામત જગાઓ સામે તે જાતિના યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ નહીં થવાના કારણે તેવી જગ્યાઓ જાહેર હિતમાં ખાલી નહીં રાખવાના પ્રસંગો ઊભા થવાના જૂજ અને અપવાદરૂપ કેસો બનશે. આમ છતાં, ઉપરોક્ત સૂચનાઓ અનુસાર પણ અનુસૂચિત જાતિ/જનજાતિની અનામત ખાલી જગાઓ ભરી ન શકાય અને બીજી બાજુ જાહેર હિતમાં આવી અનામત જગાઓ ખાલી રાખી શકાય તેમ ન હોય ત્યારે તેવી જૂજ અને અપવાદરૂપ કેસોની પરિસ્થિતિમાં સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ કે જેના હેઠળ આવી સીધી ભરતીથી જગા પૂરવાની થતી હોય તે આવી જગા 'બિન-અનામત'માં કરવાની કાર્યવાહી માટે સંપૂર્ણ વાજબી કારણો સાથેની દરખાસ્ત તૈયાર કરશે અને સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગના પરામર્શમાં કરેક્ટ પરત્વે તેમની દ્રષ્ટિ-બિંદુ પણ મેળવશે અને ત્યાર પછી સંબંધિત વહીવટી વિભાગ, વિભાગ સચિવશ્રી (ગ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ અને સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીની બનેલી સમિતિ સમક્ષ વિચારણા તથા ભલામણો કરશે. ત્યાર પછી

દરખાસ્ત સંબંધિત વહીવટી વિભાગે, સામાન્ય વહીવટી વિભાગ મારફત છેવટના નિર્ણય માટે મા. મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૭) આ વ્યાખ્યા ઉપર પ્રમાણે કરવામાં આવેલા હુકમો સૂચનાઓ આવા જ અગાઉ અપાયેલા હુકમો/સૂચનાઓ/નિર્ણયોમાં ફેરફારરૂપે ગણી આ હુકમો/સૂચનાઓને આખરી ગણવાના છે અને તેના ચુસ્તપણે અમલ કરવા સર્વે નિમણૂકો અધિકાર/નિમણૂકો સત્તાને સૂચનાઓ આપવામાં આવે છે.

(૮) આ હુકમો રાજ્ય સેવા ઉપરાંત પંચાયત સેવા, રાજ્ય સરકારના બોર્ડ, નિગમો જીલ્લા સાહસો, સહકારી ક્ષેત્રો તથા સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓ જેવી શાળા, મહાશાળા, કોલેજો, વિશ્વવિદ્યાલયો, નગરપાલિકાઓ વગેરે જેવી સેવાઓ/જગ્યાઓને પણ એકસરખી રીતે લાગુ પાડવામાં આવે છે અને તેથી તેઓને પણ આનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બી. કે. પરમાર
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

परिशिष्ट '४'

PROPOSED ORDINANCE

Ordinance No.

1. There shall be a Committee called the Standing Committee for the Special Cell of the Scheduled Castes and Scheduled Tribes for ensuring proper implementation machinery for planning, evaluation and monitoring as also for the implementation of reservation orders / guidelines issued by Govt. of India, State Govt. UGC and other Government agencies in favour of the Scheduled Castes and Scheduled Tribes candidates from time to time, i.e. admission in colleges and University courses, hostel accomodation, appointment of teaching and non-teaching staff of University and College level etc.

2. The Standing Committee shall consist of the following members at University level :

(a) (1)	The Vice-Chancellor	: Ex-Officio Chairman
(2)	The Pro-Vice-Chancellor if any	:
(3)	Dy. Registrar (SCT CELL)	: Member secretary
(4)	Professors	: 2 to 5
(5)	Principals of the affiliated Colleges	: 3 to 5
(6)	Readers	: 1 or 2
(7)	Lecturers	: 1 or 2
(8)	A representative of the State Government	:
(9)	Any other nominee / s.	:

(*b*) Similar mechanism shall be instituted at the college level also. The Standing Committee at college level shall consist of :

(1) Principal : Ex-Officio Chairman

and (2) Four to five other member from teaching & Non-teaching staff. :

(*Note.*—In para no. 2(*a*) and (*b*) above, there should be adequate representation of Scheduled Castes & Scheduled Tribes).

3. The terms of the office of the members other than the Ex-officio members of the Committee shall be normally three years, provided that a member who is nominated by the authority of the University shall cease to be a member of the Committee if and when he cease to hold the office by virtue of which he has been nominated in which event the casual vacancy so caused shall be filled in by nomination by the Executive Council for the residuary period of the unexpired term of the office.

4. The Committee shall exercise the following powers and perform the following duties and shall for this purpose have the necessary power to appoint one or more Committees :

(*a*) to function as a policy making body in regard to;

(1) monitoring, evaluationand planning measures for ensuring effective implementation of the policies and programmes of the Govt. of India, State Govt. and UGC in responct of Scheduled Castes and Scheduled Tribes.

(2) to suggest follow up measures for achieving the objectives and targets laid down by the Govt. of India, UGC and State Govt. in this regard.

(*b*) to collect information for the statistics of Scheduled Caste / Scheduled Tribes admissions, appointments of the teaching and non-teaching staff to prepare and maintain an up-to-date profile on each college under University.

(*c*) to advise the University on all matters relating to SC / ST communities, Such as provision of adequate facilities for raising the standard of admission, teaching and research and its periodic evaluation for enabling the University to maintain reasonable continuity of policy in regard to implementation of SC / ST community in University and affiliated Colleges.

(*d*) to prepare a prespective plan of the development of SC / ST community to enable the University, State Govt., authorities and other agencies to take long term decision on the planning and development in colleges at different level of University authority.

(*e*) to advise the University in regard to effective implementation of reservation poloey in (1) students admission (2) appointments of teaching and non-teaching staff in University and affiliated colleges, etc.

(*f*) to review the reservation policies, norms, resolutions and orders of the State / Central Govt. and UGC for post-graduate Deptt. in University and colleges as prescribed by UGC & State Govt.

(*g*) to help in implementation of the regulation framed by the State Govt. / UGC regarding reservation policies.

(*h*) to ensure close and continued contact and interaction between University, Colleges etc. and monitor the programmes and maintain regular statistics on the reservation policies of State Govt. by the University and colleges.

(*i*) to review the inspection reports of the colleges on reservation and suggest remedies for the defects and irregularities reported and considered by the appropriate University authorities i.e. Executive Council etc.

(*j*) to make available statistical return for SC / ST communities i.e. student admissions in various courses, hostel admissions and appointment of teaching and non-teaching staff.

(*k*) to consider the reports made available by the colleges.

(*l*) the report of the Committee alongwith the action taken by the University may than be sent to the UGC and to the State Govt.

5. The Committee shall meet atleast four times in a academic year on a date fixed by the Vice-Chancellor or in the absence of the Vice-Chancellor by the Pro-Vice-Chancellor or in the absence of both by the Registrar or Deputy Registrar, Member Secretary of this Committee.

6. The Vice-Chancellor and in the absence of the Vice-Chancellor the Pro-Vice-Chancellor and in the absence of both a member selected by the committee shall preside over the meeting of the Committee.

પરિશિષ્ટ "૬"

ક્રમફ્રાજ ક્રમાંક ૧૮(૧)

એમ.સી.એચ. અને ડી.એમ. સિવાયના તબીબી અનુસ્નાતક ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેના નિયમો સુધારવા બાબતની મેડિકલ હાઈપાવર સમિતિની તા. ૯-૪-૧૯૯૧ની સભાના મુદ્દા ક્રમાંક ૪ અન્વયે નીમવામાં આવેલી સમિતિની સભા તા. ૨૮-૧-૧૯૯૧ના રોજ સાંજે ૪–૦૦ કલાકે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે મળેલ હતી. સભામાં નીચે પ્રમાણેના સભ્યોએ હાજરી આપી હતી :

૧. શ્રી એ. ટી. દેસાઈ (ઉપકુલપતિશ્રી)	હાજર
૨. ડૉ. કેતન દેસાઈ (ડીન, મેડિકલ ફેકલ્ટી)	હાજર
૩. ડૉ. એચ. એસ. શાહ (ડીન, એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કોલેજ)	હાજર

પ્રવર્તમાન ઓર્ડિ. એમ.ડી.-૧૪ અને એ. એમ.એસ. ૧૪ અંગે સમિતિના સભ્યોએ ચર્ચા-વિચારણા કરીને તેમાં જરૂરી સુધારાવધારા સાથે નવા નિયમો તૈયાર કરેલા જેને સમિતિના તમામ સભ્યો અને કુલપતિશ્રીએ મંજૂરી આપેલ.

(સુધારેલા ઓર્ડિનન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.)

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(સહી).....
કુલસચિવ વતી.

परिशिष्ट "१"

O. M.D. 14; O. M S. 14 :

Rules governing the admission to Post-graduate Degiee and Diploma Medical Courses other than M.Ch. & D. M. at the affiliated Medical Colleges : Effective from 1-7-1991.

RULES

1. ELIGIBILITY :

1.1 Barring reserved seats under Rule 2, only those candidates who fulfil the following conditions shall be eligible for admission to P. G. Medical courses.

(*a*) For candidates belonging to reserved category under Rule-5 : Those who have passed First M.B.,B.S. Examination at 1st,, 2nd or 3rd trial, Second M.B.,B.S. examination at 1st, 2nd or 3rd trial and Third M.B.,B.S. Examination at 1st, 2nd. 3rd or 4th trial.

(*b*) For rest of the candidates : Those who have passed 1st M.B.,B.S. examination at 1st or 2nd trial, Second M.B.,B.S. at 1st or 2nd trial and 3rd M.B.,B.S. examination at 1st, 2nd, or 3rd trial.

Note.—First trial is deemed to take place when he is due to appear for the examination, irrespective of his actual appearance, provided that non-appearance is not a result of reasons beyond his control. Similarly 2nd, 3rd etc. trials relating to subsequent examinations.

1.2 Candidates originally admitted to M.B.,B.S. course on ALL INDIA BASIS (15% seats) are eligible for admission under Rule 2 only; they are not eligible for admission under Rule 3.

1.3 The candidate must have completed the internship (Compulsory Housemanship) before the starting of the course as decided by the University (1st January for first term and 1st July for second term). Relaxation as required may be given to Gujarat University graduates only by the Vice-Chancellor.

1.4 Candidates must have registered themselves as Registered Medical Practitioners with Gujarat Medical Council.

Explanation : If, at the time of interview, the candidate could not have completed the process of registration under Gujarat Medical Council Act, the Admission Committee may, at its discretion, give provisional admission; he will have to produce the certificate before joining the course. Inability to register himself as Registered Medical Practitioner with Gujarat Medical Council within the stipulated time shall result in cancellation of his admission.

1.5 A candidate who is currently engaged in P. G. Medical Studies in Gujarat University or any other University or equivalent body is not eligible to apply. On completion of the course he becomes eligible.

1.6 A candidate who, in the past, was admitted to any P. G. Medical Course of this or any other University or equivalent body and did not complete that course, is not eligible to apply.

1.7 A candidate who had applied earlier to this University and who was disqualified because of reasons mentioned in Rule 6.5 is not eligible to apply.

1.8 A candidate who is graduate of a University other than Gujarat University will be eligible for admission only if he has obtained provisional eligibility certificate from this University prior to submission of his application for admission.

2.0 As per directive of Hon'ble Supreme Court of India 25 % of the total available seats in an Academic year in various Post-Graduate Degree and Diploma Courses in each subject will be filled up on the basis of "All India Competetive Entrance Examination for admission to Post-graduate Medical Course (M.D. / M.S. / Diploma)."

2·1 Admission and Placement of these candidates under particular Post-graduate Teacher shall be decided by the "Admission Committee" of this University. This admission process will be carried out by Smt. N. H. L. Municipal Medical College and Institute of P. G. Studies and Research, B. J. Medical College, Ahmedabad, alternatively for one academic year. Academic year means 1st January to 31st December. The Admission Committee for both the Colleges will be as under :

(*a*) Head of the College/Institute conducting admission procedure for the concerned year-Chairman.

(*b*) Maximum upto five members of the teaching staff nominated by the Head of the concerned Institute / College conducting the admission procedure.

(*c*) Head of other Institute/College and one of its nominee from teaching staff.

(*d*) Dean of the Medical Faculty, Gujarat University, Ahmedabad.

(*e*) One member nominated by the Vice-Chancellor.

(*f*) One member from Executive Council nominated by the Vice-Chancellor.

(g) Pro-Vice-Chancellor will be the permanent invitee.

2.2 In case the seats reserved in Rule 2.0 remain vacant because of non-availability of candidates, the same will be treated as open seats.

3.0 Remaining 75 % (or more) of total seats after Rule 2.0 in Post-graduate courses will be filled up by the " Admission Committee " of the University.

3.1 For this purpose selection will be done once in each Academic Term. First Academic Term : Ist January to 30th June. Second Academic Term : Ist July to 31st December.

3.2 Seats alloted under Rule 3.0 will be distributed in the ratio of 3:1 for First and Second Academic Term respectively.

3.3 The Vice-Chancellor can make adjustment, of seats referred to in Rule 3.2 as also adjustment of dates of admission, if the circumstances so demand.

4.0 *Selection* : Selection of candidates eligible under Rule 1 for seats under Rule 3.0 will be done categorywise on the basis of merit as laid down hereinfurther.

4.1 Preference shall be given to candidates of not more than 3 years standing after completion of internship, graduating from this University and not completed Post-graduate Course (Degree or Diploma).

4.2 After the merit list prepared under Rule 4.1 is exhaused the candidates who have completed Post-graduate course in Degree or Diploma from this University and those who completed internship more than 3 years before start of the term will be considered; provided that they have taken M.B.,B.S. degree from this University.

4.3 Candidates graduating from any other University located in Gujarat State and not completing any P. G. course will be considered after selection of candidates in the merit list as per Rule 4.2.

4.4 After operation of Rule 4.3 the candidates graduating from any other University located in Gujarat State who have completed P. G. course will be considered.

4.5 Any vacancy after operation of Rule 4.4 shall remain unfilled; however, this provision may be relaxed in the subjects of Anatomy, Physiology, Biochemistry, Forensic Medicine, Preventive & Social Medicine and Pharmacology only at the discretion of the University.

4.6 The candidate will be given a choice of subjct and P. G. Teacher according to his merit level. He will have to choose either Registration with Residency or Registration without Residency out of the available choices in different subjects under particular Teacher at his merit level.

4.7 A candidate selected for degree in a particular subject is permitted to select additional diploma registration in the same subject at the same institution simultaneously provided there is a vacancy in diploma for his category at the institution at this stage of his selection. (Diploma registrations are kept floating).

4.8 Seats can only be utilised in the same academic term and vacancy in one academic term cannot be utilised any time in subsequent term. Vacancy of earlier term also cannot be filled up.

5.0 7% of seats available for P.G. Degree under Rule 3 will be reserved for candidates belonging to Scheduled Caste, 13% of Degree seats will be similarly reserved for ST candidates and 5% of Degree seats will be similarly reserved for candidates belonging to Socially and Educationally Backward class. This is applicable to those who have graduated from Gujarat University only.

5.1 These seats are reserved for the candidates belonging to SC/ST and SEBC recognised as such in the State of Gujarat and not those or whose parents have migrated from other State to Gujarat State.

5.2 For allocation of seats to this reserved category a 100 point Roster, freshly prepared in January 1989 will be followed, record of which will be maintained by the University/respective College/Institution. These lists will be separate for two affiliated Institutions.

5.3 In subjects where there is no Residency e.g. Anatomy, P. G. (non-resident) seats will be taken into consideration for calculating reserved seats; otherwise only Resident seats will be considered for caculating reserved seats.

5.4 Number of unreserved Resident seats will be increased in the same subject against the number of seats utilised under Rule 5.0 as per existing policy of Government Institution. (If P. G., it will be converted into Residency).

5.5 In case the seats reserved under Rule 5.0 remain vacant due to non-availability of the candidates of the specified category upto Rule 4.1 selection, they shall be treated as unreserved seats and will be filled up by the candidates on the basis of merit from those who are eligible as per Rule 4.0.

5.6 Candidates seeking admissions under Rule 5.0 will have to produce the caste certificate from the competent authority as prescribed by the Government of Gujarat from time to time, along with the application. The candidates will not be allowed to change the caste category thereafter.

5.7 In case of doubt or discrepancy about the caste certificate, decision of the Director, Social Welfare, Gujarat State, shall be final.

6.0 Application : The respective college/Institution conducting the admission procedure will issue notice twice a year inviting applications for admission under these rules. Candidates are required to submit the prescribed forms duly completed and with required documents within the prescribed time-limit.

6.1 The application form should be complete in all respects before submission, no alteration or addition will be permitted later.

6.2 Every candidate will be issued a receipt when he submits his application form. This must be preserved for all future references and produced when asked for.

6.3 If any candidate wishes to claim admission for more than one caste category he should submit separate application form for each category.

6.4 Interview dates will be notified in the notice inviting applications, no separate notice or individual letters will be sent. The applicant or his duly authorised representative should remain present on the day and time fixed, also if called again, later; if absent, for whatever reason, his name will be removed from the list and he will not be considered for any post; however, he will be eligible to apply in future.

6.5 If any of the statements made in the application form or any information/document supplied by the candidate in connection with his application for admission is later on found to be false or incorrect or misguiding or if it is found that the candidate has concealed any information/fact in connection with his application, his admission shall be cancelled without any notice thereof, fees forefeited and he may be expelled and prosecuted.

7.0 Determination of Merit Order :

Separate merit lists for each Status / Category shall be prepared.

7.1 The respective College / Institution conducting the admission procedure shall prepared Merit Lists in respect of Rule 3, 4 & 5 on the following basis :

(*i*) Percentages, upto 2 decimals, of marks obtained by the candidate at Third M.B.,B.S. examination multiplied by 2.

(*ii*) Percentage, upto 2 decimals, of marks obtained by the candidate at Second M.B.,B.S. examination.

(*iii*) Percentage, upto 2 decimals, of marks obtained by the candidate at First M.B.,B.S. examination.

(*iv*) Percentage, upto 2 decimals, of marks obtained by the candidate at H.S.C. or equivalent examination in the subjects of Physics, Chemistry, Biology and Mathematics, all theory only, multiplied by half.

(*v*) The percentage in above calculation should be modified by deduction of 1 for each unsuccessful trial in the concerned examination. " Unsuccessful trial" includes the number of terms he has lost after he has become due, irrespective of his appearance, provided that non appearance is not as a result of reasons beyond his control.

7.2 Total of (*i*), (*ii*), (*iii*) and (*iv*) as modified by (*v*) shall be considered for the merit list.

7.3 Notification : Merit Lists will be notified as under :

Merit List—1.1 = Candidates under Rule 4.1 belonging to open Merit (Unreserved) Seats.

Merit List—1.2 = Candidates under Rule 4.1 belonging to SC.
Merit List—1.3 = Candidates under Rule 4.1 belonging to ST.
Merit List—1.4 = Candidates under Rule 4.1 belonging to SEBC.
Merit List—2.1 = Candidates under Rule 4.2 belonging to Open Merit seats.
Merit List—3.1 = Candidates under Rule 4.3 belonging to Open Merit seats.
Merit List—4.1 = Candidates under Rule 4.4 belonging to Open Merit seats.
Merit List—5.1 = Candidates under Rule 4.5 belonging to Open Merit seats.

7.4 These Merit Lists will be placed on the notice board of the University / respective College / Institution at least 5 days prior to the date of beginning of selection. Actual number of seats available with the following details will also be placed on the notice board along with Merit Lists; each Seat will be

given a Seat Code Number. Subject, Degree (Diploma will be floating), Resident or P.G. for Degree (all Diplomas being P.G. only), College (B J or N H L), Hospital, P.G. Teacher, distribution of reserved Seats, subject and institution-wise (under Rule-5).

7.5 A candidate having objection to the Merit List may submit it in writing to the Head of the College / Institution conducting the admission procedure within 72 hours of publication of Merit list. The admission Committee will duly cousider the objection and decide the case, giving reasons. If not satisfied, he may make a written appeal to the Vice-Chancellor, whose decision shall be final.

7.6 The sequence of interviews for selection and admission will be as per Regulations.

7.7 All the candidates, admitted to P. G. Courses will have to join within 7 days of admission order; any candidate who fails to join within this time will lose his admission and will be incligible to apply in future.

7.8 Deleted.

7.9 To fill the vacancies arising wihtin 2 months and for resulting reshuffling. Second interview will be held before the end of 2 months for those eligible candidates who wish to avail of the opportunity. Procedure to be followed at this interview is described below.

7.9 *a.* All candidates desirous of taking advantage of this filling of vacancies and reshuffling must remain present at this interview; anybody who remains absent will lose his chance of admission or reshuffling. However, those who were admitted at earlier Interview will continue and their status will not be disturbed if they remain absent at this interview.

7.9 *b.* The candidates will be called in the same order, they were called at the previous interview, irrespective of their merit level.

7.9 *c.* Whatever Seats are available at the time of his interview will be offered to him, i.e., vacancies arising during the interval after the last interview plus those that fell vacant due to candidates of higher merit having taken another seat minus those Seats which were already taken by candidates of higher merit.

7.9 *d.* If his admission is fresh, procedures prescribed under R-1, R-3 and R-6 will be followed. After he pays the fees and Deposit, Admission order is passed and delivered.

7.9 *e.* If it is shifting, difference of fees and deposit, if any, will have to be paid before shifting order is passed. Inability to pay the difference will result in cancellation of shifting and the next candidate will be called for interview.

7.10 The selected and admitted candidate will have to join or shift within stipulated time of 7 days; if he fails to do so as well as if he leaves before completion of the course, he will lose his admission (and registration) and will not be eilgible to apply in future.

7.11 For those who are shifted at this interview, the granting of the term will not be altered because of change; those who join afresh after selection the term may be granted only if their joining date is upto 28 February in First term and 31st August in the Second term.

8.0 All these admissions will be decided by the "Admission Committee" constituted as per Rule No. 2.1 on behalf of the Gujarat University.

9. A candidate admitted to a post-graduate degree course for any of the subjects in one group may subsequently be required to work in another allied subject in the same group shown herebelow provided he has kept at least four terms in the original subject selected by him.

Group-A : MEDICINE ; Paediatrics, Skin & V. D., Psychiatry, Neurology, Cardiology, Intensive Care Unit, Nephrology, Gastro-Enterology, Chest Diseases, C. M. O.

Group-B : SURGERY : E. N. T., Orthopaedics, Urosurgery, Plastic Surgery, Thoracic Surgery, Neuro-Surgery, Gastro-enterology Surgery, Cardiac Surgery, Paediatric Surgery, C.M.O.

Group-C : OBSTETRICS & GYNAECOLOGY : Paediatrics, Urosurgery, Skin & V.D., C.M.O.

10. Candidates selected for the subjects of General Medicine, General Surgery, Paediatrics & Osthopaedics may be posted compulsorily as C.M.O. during a part of their tenure, not exceeding 6 months.

11. The University reserves the right to introduce any new Rule or Regulation or to make changes in any of the existing Rules or Regulations at any time to deal with diverse problems arising out of infinite variety of situations.

12. The Vice-Chancellor may admit upto 5 candidates, on seats specifically created for the purpose by appointment of additional teachers by Government at B. J. Medical College, Ahmedabad, provided these candidates belong to a University of Gujarat State other than Gujarat University, where the subjects are not available.

13. Deleted.

Regulations under Rule 7.6

Sequence of interviews for selection & admission

R. 1 Before the candidate is offered choice of post, his original documents are compared with the attested copies he has submitted with his application form. If all the originals are not available with him or if there is discrepancy in any of the documents, he becomes ineligible, his interview will not be held and next candidate will be called.

R. 2 If all attested copies of his documents are found to be exact copies of originals, he is offered the Seat. If he chooses the Seat he is asked to pay the fees and deposit. After the payment of fees his admission order is prepared. Inability to pay requisite fees and deposit will render him ineligible and the next candidate is called.

R. 3 However, if he brings the fees and deposit when interviews are still going on, he may be allotted new merit number next to the candidate being interviewed (or just concluded). e.g., 39 A and offered Seat available at that time. All future procedures in respect of this candidate will be according to this new position in Merit List.

R. 4 A candidate who corrects the deficiency described in R. 1 (he produces all originals and attested copies submitted by him with the application are found to be exact copies of the originals) is dealt with similar to the candidate described in R. 3.

R. 5 A candidate who is absent when called, but reports late, is also dealt with similar to the candidate described in R. 3.

R. 6 Unless the interview of one candidate is over, the next candidate is not called.

Interview is considered over if :

(*i*) He has chosen the subject/seat, paid fees and deposit and his admission order is ready.

(*ii*) He has declined to take any of the Seats offered.

(*iii*) He is ineligible under R. 1 or R. 2.

R. 7 First, candidates belonging to Merit Lists 1—2, 1—3 & 1—4 will be called for interview, one by one according to merit and offered subjects belonging to their reserved category.

If he selects the subject :

(*a*) he is allotted that subject and is called again alongwith candidates of Merit List 1.1 for Selection of Teacher according to general merit, and

(*b*) his name is deleted from Merit List 1—1 if it is included in two lists.

If he does not accept any of the subjects offered his name is retained in Merit List 1-1 (if included).

R. 8 Conversion of Reserved Seats into Open Merit (Unreserved) Seats: When the Merit Lists 1.2, 1.3 & 1.4 are exhausted and seats reserved for SC. ST and SEBC are still vacant all these Seats are converted into Open Merit Seats, and P. G. Seats are converted into Residency Seats in lieu of reserved Seats utilization.

R. 9 Next, candidates belonging to Merit List 1.1 will be called for interview one by one, according to merit. Open Merit Seats including those converted from reserved Seats and supernumerary seats are offered to these candidates.

R. 10 Simultaneously, candidates of Merit Lists 1.2, 1.3 & 1.4 who had selected their subjects as per R. 7 will be called as per their General Merit Level and they will choose their Teachers.

R. 11 After Merit List 1.1 (and 1.2, 1.3 & 1.4) is exhausted candidates belonging to Merit List 2.1 are called one by one and offered remaining Seats according to merit.

R. 12 After the Merit List 2.1 is exhausted Merit List 3.1 followed by Merit List 4.1 are dealt with in the manner similar to Merit List 2.1.

R. 13 After Merit List 4.1 is exhausted, Merit List 5.1 is operated similarly, keeping in view Rule 4.5.

R. 14 After operation of R. 13 Seats under Rule 2.0 will be filled (For Second Term beginning 1.7) by candidates whose list is received from DGHS Delhi. Candidates eligible under Rule 1.3, 1.4 and 1.8 will be called one by one according to their merit and offered seats reserved for them. For these candidates too, procedures prescribed under Rule R-1, R-2 are followed. After the candidate pays the fees and deposit, Admission order is passed.

R. 15 Admission orders are handed over to the candidates after selection of teachers, also copies of such orders are sent to Heads of the Institutions where they are admitted.

પરિશિષ્ટ "૭"
કામકાજ ક્રમાંક ૧૯

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૭/૧૮-૧૧-૧૯૯૧ ને શુક્રવાર તથા શનિવારના રોજ ૧-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઇએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઇ, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી અંબુભાઇ ડી. દેસાઇ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪.	શ્રી. નરહરિભાઇ એચ. અમીન	ગેરહાજર
૫.	શ્રી. અરવિંદભાઇ આર. શાહ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૩-૧૯૯૧ તથા તા. ૨૫-૩-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૩-૧૯૯૧ તથા તા. ૨૫-૩-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ભૂગોળ વિભાગના સ્કેનર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. ગેસ્ટેટનર (ઇન્ડિયા) લિ. સાથે રૂ. ૧,૧૦૦ના ખર્ચે કરવા વિચારણા કરવા બાબત. [ગયા વર્ષે સર્વિસ ચાર્જ રૂ. ૮૫૦ (અંકે રૂપિયા આઠસો પચાસ પૂરા) હતો.]

સદર બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોનાં ૩ વૉટરકુલર રિપેરિંગ કરાવવા અંગે મંગાવેલ ક્વૉટેશનનો નિકાલ કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોના વૉટરકુલર રિપેરિંગ કરાવવા મંગાવેલા ભાવો પૈકી કુલગ્રેર રેફ્રિજરેશન સર્વિસીઝના ભાવ સૌથી ઓછા હોવાથી તેમની પાસે સાત વૉટરકુલરો રૂ. ૨૧,૨૦૦ (અંકે રૂપિયા એકવીસ હજાર બસો પૂરા)ના ખર્ચે રિપેર કરાવવાં.

૪. ઝૂલોજી વિભાગના ડૉ. એસ. કે. મૂર્તિની સી. એસ. આઈ. ગ્રાન્ટ ખાતેથી ઇક્વિપમેન્ટ ખરીદતાં થયેલ વધારાનું ખર્ચ રૂ. ૭,૫૨૪ મંજૂર કરવા બાબત. [અગાઉ રૂ. ૩૫,૦૦૦ (રૂપિયા પાંત્રીસ હજાર પૂરા) સુધીના ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી.]

(**નોંધ.**—સી.એસ આઈ.આર. તરફથી રૂ. ૭,૫૨૪ મળી ગયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગના ડૉ. એસ. કે. મૂર્તિની સી.એસ.આઈ.આર. ગ્રાન્ટ ખાતેથી ઈક્વિપમેન્ટ ખરીદતાં થયેલ વધારાનું ખર્ચ રૂ. ૭,૫૨૪ મંજૂર રાખવું.

૫. વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિત વિભાગના નેટવર્ક ટાઇપરાઇટરનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ રૂ. ૪,૦૦૦ ના ખર્ચે નેટવર્ક ઇન્ડિયા લિ. સાથે કરવા વિચારણા કરવા બાબત.

[ગયા વર્ષે સર્વિસચાર્જ રૂ. ૩,૩૭૫ (રૂપિયા ત્રણ હજાર ત્રણસો પંચોતેર પૂરા) હતો.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવા.

૬. યુનિવર્સિટી લિફ્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ વર્ષ ૧૯૯૧-૯૨ માટે રૂ. ૩,૬૦૦/-ના ખર્ચે મે. ટ્રાયો એન્જિનિયરિંગ વર્ક્સ સાથે વિચારણા કરવા બાબત. [ગયા વર્ષે રૂ. ૩,૦૦૦/- (રૂપિયા ત્રણ હજાર પૂરા) સર્વિસ ચાર્જ હતો.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી લિફ્ટનો વર્ષ ૧૯૯૧-૧૯૯૨ નો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. ટ્રાયો એન્જિનિયરિંગ વર્ક્સ સાથે રૂ ૩,૬૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર છસો પૂરા) નો ખર્ચે કરવો.

૭. યુનિવર્સિટી રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના ઇન્ડકેમ અને ઍસેનટર્મિનલનો વર્ષ ૧૯૯૧ માટે સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. પેસ કૉમ્પ્યુટર કન્સલ્ટન્ટ સાથે કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરના ઇન્ડકેમ અને ઍસેન ટર્મિનલનો વર્ષ ૧૯૯૧નો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. પેસ કૉમ્પ્યુટર કન્સલ્ટન્ટ સાથે માસિક રૂ. ૧,૦૫૦/- (એક હજાર પચાસ પૂરા) ના ખર્ચે કરવો.

૮. યુનિવર્સિટીની પરીક્ષાના પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક માટે એક નંગ પી.સી. કૉમ્પ્યુટર પ્રિન્ટર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ માટે તથા રોલવાળા કૉમ્પ્યુટર સેન્ટરમાં ચાલતા સર્ટિફિકેટ કોર્સ માટે એક નંગ કૉમ્પ્યુટર નીચે પ્રમાણે જે તે પાર્ટીના ટેન્ડરમાં જણાવેલ શરતોએ ખરીદવા :

કૉમ્પ્યુટરનાં વિગત	કિંમત (રૂ.)	વેપારીનું નામ	વિભાગનું નામ
૧. PC/AT-386 + 3:5 Flopp	૬૬,૩૦૦/-	મે. સુવિક ઇલેકટ્રોનિકસ, અમદાવાદ	પરીક્ષા
૨. પ્રિન્ટર L & T કંપનીનું	૧૬,૦૦૦/-	એચ.સી.એલ લિ.	પરીક્ષા
૩. PC/XT 40 MB	૨૬,૯૦૦/-	મે. સુવિક ઇલેકટ્રોનિકસ અમદાવાદ.	કૉમ્પ્યુટર વિભાગ

૯. યુનિવર્સિટીના કર્મચારીઓ માટે ઓળખકાર્ડ બનાવવા અંગે મંગાવેલ, ટેન્ડરનો નિકાલ કરવા બાબત :

આથી એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓ માટે ઓળખપત્રો માટે મગાવેલ ટેન્ડરો પૈકી મે. પ્રિન્ટો ટાઈપ વેપારીએ આપેલ નમૂનો સારો હોવાથી તેમનો પાસેથી નમૂના પ્રમાણે એક નંગના રૂ. ૧૧/- (રૂપિયા અગિયાર પૂરા)ના ભાવથી જરૂરિયાત પ્રમાણે બનાવવાનું રાખવું.

૧૦. યુનિવર્સિટી તથા વિદ્યાભવનના ચોથા વર્ગના કર્મચારીઓને બે જોડી ગણવેશ આપવા કાપડ ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે બે જોડી ગણવેશનું કાપડ નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન હસ્તકની મિલનું ખરીદવું. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે કયા ભાવનું અને કઈ જાતનું કાપડ ખરીદવું તે અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૫. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વપરાશ માટે કોરસ ઇન્ડિયા લિ. બનાવટના ટાઈપ મટીરિયલ્સ તથા સ્ટેશનરી ખરીદવા અંગે રેટ કોન્ટ્રાકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલય તથા વિભાગોના વપરાશ અંગે જરૂરી ટાઈપ મટીરિયલ્સ તથા સ્ટેશનરી, કોરસ ઈન્ડિયા લિ. બનાવટની કોરસ (ઇન્ડિયા) લિ. ના સ્થાનિક ડીલર્સ પાસેથી તેઓના પ્રાઈસલીસ્ટ ભાવ ઉપર ૧૦% વળતરથી ખરીદવું.

૧૨. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના ચોથા વર્ગના કર્મચારીઓને વર્ષ ૧૯૯૧-૯૨ માટે સરકારે ઠરાવેલ ભાવે ગુજરાત રુરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન પાસેથી સેન્ડલ/ચંપલ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ તથા માઇક્રોબાયોલોજી વિભાગ માટે વર્ષ દરમિયાન એચ. પી. સોલવન્ટ મે. ત્રિવેદી રોલવાલા એસોસિયેટ્સ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રસાયણ વિભાગ તથા માઇક્રોબાયોલોજી વિભાગ માટે જરૂરી એચ.પી. સોલવન્ટ મે. ત્રિવેદી રોલવાલા એસોસિયેશન પાસેથી ખરીદવુ અને તે અંગે રૂ. ૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૪. વિજ્ઞાનવિદ્યા ભવનના વિભાગો માટે વર્ષ ૧૯૯૧-૯૨ માટે ૨૭૨ લિટર રેકિટફાઈડ સ્પિરિટ અને ૧૮૧ લિટર આલ્કોહોલ રૂ. ૮,૦૦૧/-ના ખર્ચે મે. ઓલેમ્બિક કેમિકલ્સ વર્કસ, બરોડા અથવા મે. બરોડા કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ, ડભોઇ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના જુદા જુદા વિભાગો માટે ૨૭૨ લિટર રેકિટફાઈડ સ્પિરિટ તથા ૧૮૧ લિટર આલ્કોહોલ મે. ઓલેમ્બિક કેમિકલ વર્કસ, બરોડા અથવા મે. બરોડા કેમિકલ્સ ઇન્ડસ્ટ્રીઝ, ડભોઇ પાસેથી રૂ. ૮,૦૦૧/-ના ખર્ચે ખરીદવું.

૧૫. યુનિવર્સિટીના હિસાબ વિભાગ તથા પરીક્ષા વિભાગના કૉમ્પ્યુટર સેન્ટરના એરકન્ડિશનર મશીનના વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ રૂ. ૩,૪૦૦ના ખર્ચે મે. એરસેકો. પ્રા લિ. સાથે કરવા વિચારણા કરવા બાબત.

[ગયા વર્ષે આ ખર્ચ રૂ. ૨,૧૦૦ (રૂપિયા બે હજાર પાંચસો પૂરા) હતો.]

૧૬. યુનિવર્સિટી વાઈસ-ચાન્સેલરની કેબિન તથા અન્ય વિભાગોના કુલ ૮ નંગ એરકન્ડિશનર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ વર્ષ ૧૯૯૧-૯૨ માટે મે. ચેઈઝ પ્રોડકટ સાથે રૂ. ૨૦,૨૦૦ (રૂપિયા વીસ હજાર બસો પૂરા)ના ખર્ચે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં તમામ એરકન્ડિશનર મશીનોની યાદી બનાવી તે તમામનો સર્વિસ કૉન્ટ્રાકટ એક જ વેપારીને આપવાની કાર્યવાહી હાથ ધરવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયની પેટીકેશ એડવાન્સ રૂ. ૮,૦૦૦/- અને પરમેનન્ટ ટી. એ. એડવાન્સની રકમ રૂ. ૧૦,૦૦૦/- કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયની પેટીકેશ એડવાન્સ રૂ. ૪,૦૦૦/-થી વધારી રૂ. ૮,૦૦૦/- (આઠ હજાર પૂરા) કરવી તથા પરમેનન્ટ ટી. એ. એડવાન્સની રકમ રૂ. ૪,૦૦૦/-થી વધારીને રૂ. ૧૦,૦૦૦/- (રૂ. દસ હજાર પૂરા) કરવી.

૧૮. રૈાલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના એરકન્ડિશન પ્લાન્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ વર્ષ ૧૯૯૧-૯૨ માટે રૂ. ૭,૨૦૦ના ખર્ચે મે. વોલ્ટાસ લિ. સાથે કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રૈાલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના એરકન્ડિશન પ્લાન્ટનો વર્ષ ૧૯૯૧-૯૨ માટેનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ મે. વોલ્ટાસ લિ. સાથે રૂ. ૭,૨૦૦/- (સાત હજાર બસો પૂરા)ના ખર્ચે કરવો.

૧૯. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશન કલબને વર્ષ ૧૯૯૧ માટે રૂ. ૫,૦૦૦નો આર્થિક સહાય આપવા અંગે વિચારણા કરવા બાબત.

[ગયા વર્ષે રૂ. ૫,૦૦૦/- (રૂપિયા પાંચ હજાર પૂરા) આર્થિક સહાય આપી હતી]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલની ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશન કલબને વર્ષ ૧૯૯૧ માટે આર્થિક સહાય રૂ. ૫,૦૦૦/- (રૂપિયા પાંચ હજાર પૂરા) આપવી.

૨૦. ઝૂલોજી વિભાગના ડી. એસ. ઓ. પ્રોગ્રામ હેઠળ પી. એચ. મીટર રૂ. ૩,૫૦૦ ના ખર્ચે ખરીદવા વિચારણા કરવા બાબત.

(આ અંગે માત્ર બે વેપારીના ભાવ આવેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગના ડી. એસ. ઓ. પ્રોગ્રામ હેઠળ પી. એચ. મીટર મે. સુઠાન ટ્રેડિંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લિ. પાસેથી રૂ. ૩,૫૦૦ (રૂપિયા ત્રણ હજાર પાંચસો પૂરા)ના ખર્ચે ખરીદવા.

૨૧. ઝૂલોજી વિભાગને યુ. જી. સી. વિભાગને ડી. એસ. એ. પ્રોગ્રામ હેઠળ સિગ્મા કેમિકલ રૂપિયા ૭,૦૧૦ના ખર્ચે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગમાં ચાલતા ડી. એસ. એ. પ્રોગ્રામ માટે સિગ્મા કેમિકલ રૂ. ૭,૦૧૦ના ખર્ચે મે. ગણેશ એન્જરપ્રાઈઝ પાસેથી ખરીદવાં.

૨૨. ઈ. એમ. આર. સી. વિભાગને રેડિયો પ્રોજેક્ટ માટે ઓડિયો સાધન ખરીદવા ફાઈનાન્સ કમિટી તા. ૨૧-૩-૧૯૯૧ માં રૂ. ૪.૭૦ લાખના ખર્ચની મંજૂરી આપેલ છે. પણ વિનિમય દર તથા આયાત કરમાં વધારો થવાથી કુલ ખર્ચમાં રૂ. ૩૧,૧૯૦-૦૦નો વધારો થાય છે, જે મંજૂર કરવા બાબત. [હવે કુલ ખર્ચ રૂ. ૧૧,૧૯૦-૦૦ થશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઈ.એમ.આર.સી. વિભાગના રેડિયો પ્રોજેક્ટ માટે ખરીદવાના ઓડિયો સાધનોના વિનિમય દર તથા આયાત કરમાં વધારો થવાથી વધેલ ખર્ચની રકમ રૂ. ૩૧,૧૯૦ મંજૂર રાખવી.

૨૩. કોમ્પ્યુટર સેન્ટરની લેબોરેટરી બનાવવા જરૂરી સાધનો રૂ. ૯૦,૦૦૦ (અંકે રૂપિયા નેવું હજાર પૂરા)ના ખર્ચે ખરીદવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરની લેબોરેટરી માટે જરૂરી ઈક્વિપમેન્ટ, ફર્નિચર, બુકસ તથા જર્નલ રૂ. ૯૦,૦૦૦ (અંકે રૂપિયા નેવું હજાર પૂરા)ના ખર્ચે ખરીદવા અંગે ભાવ મંગાવવા.

૨૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા અંગે :

(૧) રીડર્સ કવાર્ટર્સના બોરની મોટર કાઢી બીમ ઉતારવા અંગે રૂ. ૩૦૦૧ (અંકે રૂપિયા ત્રણ હજાર એક પૂરા)નું ખર્ચ મંજૂર કર્યું તેની નોંધ લેવા.

(૨) સી.ડી.સી. વિભાગ માટે ટી.વી. ખરીદવા થયેલ વધારાનો ખર્ચ રૂ. ૧૪૦૦ કુલપતિશ્રીએ મંજૂર કર્યો તેની નોંધ લેવા બાબત (ફાઈનાન્સ કમિટી તા. ૧૯-૬-૧૯૯૦ બાબત ક્રમાંક-૧૯થી રૂ ૧૨,૮૦૦નું ખર્ચ મંજૂર કરેલ છે.)

(૩) ઈ.એમ.આર.સી. વિભાગની મેટાડોર માટે નવી બેટરી નંખાવવા અંગે રૂ. ૨,૧૯૦નું ખર્ચ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

(૪) સી.ડી.સી. વિભાગ માટે વિડિયો કેમેરા-કમ-રેકોર્ડર ખરીદવા અંગે ફાઈનાન્સ કમિટી તા. ૨૩-૭-૧૯૯૦માં રૂ. ૬૦,૦૦૦નું ખર્ચ મંજૂર કરેલ છે. તે સુધારીને રૂ. ૯૦,૦૦૦ (અંકે રૂપિયા નેવું હજાર પૂરા)નું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

(૫) ફાઈનાન્સ કમિટી તા. ૨૬-૨-૧૯૯૧ ઠરાવ નં. ૩૨માં ત્રણ નંગ એરકન્ડીશનર એક નંગના રૂ. ૨૨,૪૫૨-૫૦ના ખર્ચે ખરીદવા તે સુધારીને રૂ. ૨૫,૪૫૨-૫૦ના ખર્ચે ખરીદવા તેવો સુધારો મંજૂર કર્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત ૧થી ૫ કાર્યોની નોંધ લેવા.

૨૫. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

યુનિવર્સિટી કાર્યાલયના ઉપયોગ માટે ઈલેક્ટ્રિક માલસામાન ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી ઍકેડિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઈલેકિટ્રક માલસામાન આ સાથેના **પરિશિષ્ટ 'અ'** (છાપેલ નથી) પ્રમાણે ખરીદવો અને તે અંગે અંદાજી ખર્ચ રૂ. ૫૮,૫૬૪ સુધીનો મંજૂર કરવો.

૨૬. ઈન્ડો-કેનેડિયન પ્રોજેકટ હેઠળ મંગેલ ગ્રાન્ટમાંથી કોમ્પ્યુટર અને બીજાં સાધનો ખરીદવા મંગાવેલાં ટેન્ડર પર વિચારણા કરવા બાબત.

આથી ઍકેડિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથે **પરિશિષ્ટ 'બ'** પ્રમાણે કોમ્પ્યુટર તથા સાધનો ખરીદવા અંગે રૂ. ૩,૨૨,૪૨૯ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૨૭ યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઍકેડિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ટેન્ડરની શરતો મુજબ **સૌથી** વધુ ભાવ આપનાર વેપારી મે. જૈન મહાવીર પસ્તી ભંડારને કિલોના રૂ. ૭-૩૧ ના ભાવથી આપીએ. **જો** તેઓ નિયત સમયમર્યાદામાં ન લઈ જાય તો મે. કોઠારી પેપર્સ પ્રા. લિ.ને કિલોના ૬-૩૨ના ભાવથી આપીએ અને જો તે પણ સમયમર્યાદામાં ન લઈ જાય તો ત્યાર પછીના વેપારી મે. મંગળદાસ એન્ડ સન્સને કિલોના રૂ. ૬-૦૭ના ભાવથી આપીએ. સમયમર્યાદામાં માલ ન ઉપાડી જનાર વેપારીની ડિપોઝિટ જપ્ત કરવી.

૨૮. યુનિવર્સિટીનો અન્ય વેસ્ટ, જૂનો રેકર્ડ તથા પ્રેસ કતરણ, રીમના બાંધા વગેરેનો નિકાલ કરવા અંગે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી ઍકિઝયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનો અન્ય વેસ્ટ, જૂનો રેકર્ડ તથા પ્રેસ કતરણ, રીમના બાંધા વગેરે આ સાથેના **પરિશિષ્ટ 'ક'** પ્રમાણે જગ્યાવેલ વેપારીઓને આપી નિકાલ કરવો.

ક્રમાનુપ્રમાણે ૧, ૨ અને ૩ને ઓર્ડર આપવા. ન ઉપાડી જનાર વેપારીની ડિપોઝિટ જપ્ત કરવી.

૨૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ **નીચેનાં** કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી કાર્યાલયના મિનર્વા ઝોન્ડના કોપિયર મશીનનો સર્વિસ કોન્ટ્રાકટ તા. ૧-૬-૧૯૯૧થી તા. ૩૧-૩-૧૯૯૨ સુધી વાર્ષિક રૂ. ૪૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા)ના ખર્ચે આઈ.ડી.એમ કંપની સાથે મંજૂર કર્યાના તેમજ તે મશીન આઈ.ડી.એમ. કંપની પાસે રૂ. ૬૭,૧૯૦ના ખર્ચે રિપેર કરાવવાનું મંજૂર કર્યાનું;

(૨) યુનિવર્સિટીના 'બી' ટાઈપ કવાર્ટર્સના ધાબા ઉપર જનતા સેમ ટ્રીટમેન્ટ કરાવવાનું તથા તે અંગે રૂ. ૭,૭૦૦ (અંકે રૂપિયા સાતહજાર સાતસો પૂરા)નું ખર્ચ મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

ત્યાર બાદ બીજાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કુલસચિવ

परिशिष्ट 'ब'

No.	*Item*	*Qty.*	*Name of Party*	*Total Price*
1.	PC.AT 386	1	Suvik Electronics	98,900
2.	PC / XT	3	Suvik Electronics (Price 27,900 each)	83,700
3.	Dot Matrix	1	Crescent Electronics (Godrej-930X DMP)	18,960
4.	Laser Printer	1	Sterling Computer (HP Laser-IIP) The lowest quotation by Mal HiTech is not as per our specifications.)	54,628
5.	MSDOS 4.01	1	Sterling Computers (The lowest parties No. 2 & 6 would supply MSDOS only with their computers. (To be considered later)	1,500
6.	Wordstar 5.5	1	ESPL	6,000
7.	dBASE III PLUS	1	Pertech Computers Ltd. (PCL)	14,200
8.	Harvard Graphics (HG 2.12)	1	ESPL	11,500
9.	Course Authoring (Campus)	1	EPG	18,000
10.	Lotus 2.01	1	Sentinel	5,500
11.	Water Cooler	1	Shriram Refrigerators (The lowest party is Elmax Shital which is a small scale company, however Shriram refrigerator is a well known reputed company.	9,141
12.	Data Switch for Printers		Hitech Systems	1,900
			Total	3,23,929

પરિશિષ્ટ 'ક'

વેસ્ટ પેપર : ૧૯૯૧-૯૨

અનુ. નં.	વસ્તુનું નામ	એક કિલોનો ભાવ રૂ. પૈસા	વેપારીનું નામ
૧.	જૂનો રેકર્ડ	૫-૨૧	(૧) જૈન મહાવીર પસ્તી ભંડાર
		૪-૦૫	(૨) કોઠારી પેપર પ્રા. લિ.
		૪-૦૧	(૩) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
૨.	વેસ્ટ સ્વીપિંગ	૩-૧૧	(૧) જૈન મહાવીર પસ્તી ભંડાર
		૩-૦૫	(૨) કોઠારી પેપર પ્રા. લિ.
		૨-૮૯	(૩) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
૩.	પ્રેસ કતરણ	૬-૭૫	(૧) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
		૬-૨૭	(૨) એચ. પી. શેઠ એન્ડ કું.
		૪-૦૫	(૩) જૈન મહાવીર પસ્તી ભંડાર
૪.	છાપેલા ફર્મા	૪-૦૧	(૧) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
		૪-૦૦	(૨) એચ. પી. શેઠ એન્ડ કું.
		૨-૧૧	(૩) ગૌતમ પસ્તી ભંડાર
૫.	વપરાયેલ મોનો સ્પૂલપેપર	૬-૭૧	(૧) ગૌતમ પસ્તી ભંડાર
		૬-૧૧	(૨) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
		૫-૦૦	(૩) એચ. પી. શેઠ એન્ડ કું.
૬.	રીમના બાંધા	૨-૫૧	(૧) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
		૨-૦૦	(૨) એચ. પી. શેઠ એન્ડ કું.
		૧-૦૧	(૩) ગૌતમ પસ્તી ભંડાર
૭.	બગડેલા કાગળ-ઓઈલ કોટન	૨-૨૫	(૧) કોઠારી પેપર પ્રા. લિ.
		૨-૧૫	(૨) સન વેસ્ટપેપર સપ્લાયર્સ
		૨-૦૦	(૩) જૈન મહાવીર પસ્તી ભંડાર.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૨૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૭-૫-૧૯૯૧ને શુક્રવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે મુજબના સભ્યો હાજર હતાં :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૭-૫-૧૯૯૧
૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. બી. એમ. પટેલ	હાજર
૪.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૫.	શ્રી. હરેન પંડ્યા	ગેરહાજર
૬.	શ્રી એચ. એમ. દેસાઈ	હાજર
૭.	શ્રી. ઘનશ્યામભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૯-૩-૧૯૯૧ની સભાની કાર્યવાહી મંજૂર રાખવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૯-૩-૧૯૯૧ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કૉમ્પ્યુટર સેન્ટરના મકાનના બાંધકામ પરત્વે વિચારણા કરવા બાબત. [યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂ. ૧૨,૬૧, ૧૮૪નો અંદાજિત ખર્ચ તેમના તા. ૧૩-૩-૧૯૯૧ના પત્રથી મંજૂર કરેલ છે. પરંતુ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો ફાળો રૂ. ૫ લાખ સુધીનો રહેશે. આ પ્રોજેક્ટ ૭મા પ્લાન પિરિયડનો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરના નવા બાંધકામ માટે કુલ રૂ. ૧૨,૬૧,૧૮૪નો અંદાજી ખર્ચ મંજૂર કરવો તથા સદરહુ કૉમ્પ્યુટર મકાનના બાંધકામ અંગે યુ.જી.સી. તથા રાજ્ય સરકારશ્રીના અનુક્રમે ૫ લાખ મળીને જે ગ્રાન્ટનો હિસ્સો રૂ. ૧૦ લાખ મંજૂર થયેલો છે તે રૂ. ૧૦ લાખની મર્યાદાને આધીન સદરહુ મકાનનું બાંધકામ કરવા રાજ્ય સરકારના એક્ઝિક્યુટિવ એન્જિનિયર નવરંગપુરા ડિવિઝનને સોંપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ઝૂલોજી ડિપાર્ટમેન્ટ માટે જીનેટિક સેન્ટરના (ક્લિનિક) બાંધકામ પરત્વે વિચારણા કરવા બાબત. [યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન એ રૂ. ૪,૭૧,૨૮૦નો ખર્ચ મંજૂર રાખેલ છે. પરંતુ રૂ. ૩ લાખની મર્યાદામાં ફાળો આપવાનું લખ્યું છે. આ પ્રોજેકટ D. S. A. ડી. એસ. એ. હેઠળ છે. આ બાંધકામ રાજ્ય સરકારના (આર. એન્ડ બી.)ને સોંપવાની મંજૂરી બાંધકામ સમિતિની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ આપી છે. આ માટે ડિપાર્ટમેન્ટ સાથે ચર્ચા મુજબ કપાત કરતા તે મુજબ અંદાજી ખર્ચ રૂ. ૪,૪૮,૦૦૦નો અંદાજિત ખર્ચ થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી ડિપાર્ટમેન્ટના જિનેટિક સેન્ટર (ક્લિનિક) અંગે રૂ. ૩ લાખની ગ્રાન્ટની મર્યાદામાં પ્લાનમાં ડિપાર્ટમેન્ટ સાથે ચર્ચા કરીને જરૂરી ફેરફાર કરીને પ્લાન રાજ્ય સરકારશ્રી આર. એન્ડ બી, વિભાગને આપવો. આ જિનેટિક સેન્ટરના બાંધકામ એકિઝ. એન્જિનિયર (R. & B.)ને સોંપવા માટે રૂ. ૩ લાખનો અંદાજી ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. "સી" ટાઇપ ફ્લેટના રસોડામાં દરવાજા પૂરા પાડવા માટે સ્ટાફની અરજી પરત્વે વિચારણા કરવા બાબત. (આ માટે અંદાજિત ખર્ચ રૂ. ૨૧,૦૦૦ જેટલું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સી ટાઈપ ફ્લેટના રસોડાના દરવાજા પૂરા પાડવા અંગે જરૂરિયાત જોઈ તપાસીને ઘટતી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગેનો રિપોર્ટ આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫. અધ્યક્ષ બંગલા નં. ૧માં જ્યાં હાલ કોમ્પ્યુટર ચાલુ કરેલ છે ત્યાં ભાવ મંગાવીને સૌથી ઓછા ભાવ ભરનાર પૈકી મે. અમિત ઇલેકિટ્રકલ્સનું રૂ. ૨૪,૬૭૧ : બાદ ૧૦ ટકા પ્રત્યેક આઇટેમમાંથી : નું ટેન્ડર બાંધકામ સમિતિની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અધ્યક્ષ બંગલા નં. ૧માં જ્યાં હાલ નવું કોમ્પ્યુટર ચાલુ કરે છે ત્યાં ભાવ મંગાવીને સૌથી ઓછા ભરનાર પેઢી મે. અમિત ઇલેકિટ્રકલ્સનું એકિઝકયુટિવ એન્જિનિયર (ઇલેકિટ્રકલ ડિવિઝન)ની સલાહ મુજબ રૂ. ૨૪,૬૭૧ બાદ ૧૦ ટકા પ્રત્યેક આઇટેમ માટેનું ટેન્ડર બાંધકામ સમિતિની બહાલીની અપેક્ષાએ કુલપતિશ્રીએ આપ્યાની નોંધ લેવી.

૬. લેડીઝ હોસ્ટેલ બ્લોક "સી"ના અધૂરા બાંધકામ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હોસ્ટેલ બ્લોક "સી"ના અધૂરા બાંધકામ માટે તે કામના કન્ટ્રાકટી મે વિનોદ કન્સ્ટ્રકશન કંપનીને બોલાવીને સુપરિ. એન્જિનિયર શ્રી. બી. એમ. પટેલના સલાહ સૂચનો લઈને ઘટતી કાર્યવાહી કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી અને તે અંગેનો રિપોર્ટ આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૭. બોયઝ હોસ્ટેલ "એ" તથા "બી" બ્લોક તથા લેડીઝ હોસ્ટેલ બ્લોક "એ"ના મકાનોનો રિવાયરિંગ કરવા માટે આવેલ ટેન્ડર્સ તથા ભલામણ કરવા બાબત :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે બોયઝ હોસ્ટેલ એ, બી બ્લોક તથા કેન્ટીનના ઇલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલા કુલ (૧૦) દશ ટેન્ડરોમાંથી સમગ્ર વિચારણા કર્યાબાદ કામનો અનુભવ લાયકાત જોતાં મે. જોષી ઇલેક્ટ્રિક વર્કસનું રૂ. ૮૦,૫૦૦ની મર્યાદામાં આવે તે રીતે કુલ ટેન્ડરની રકમ રૂ. ૮૦,૮૫૦ની બાદ અર્ધો ટકો ૧/૨ પ્રત્યેક આઇટમમાંથી નું ટેન્ડર મંજૂર કરવા એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે લેડીઝ હોસ્ટેલ બ્લોક "એ"ના રિવાયરિંગ કરવા માટે આવેલા કુલ સાત ટેન્ડરોમાંથી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ કામનો અનુભવ લાયકાત જોતાં મે. જોશી ઇલેકિટ્રક વર્કસનું રૂ. ૩૮,૫૦૦ની મર્યાદામાં આવે તે રીતે કુલ ટેન્ડરની રકમ રૂ. ૩૮,૭૭૦ (બાદ એક ટકો પ્રત્યેક આઇટમમાંથી) મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી વિસ્તારમાં ટીચર્સ હોસ્ટેલ પાસે એક નવો ટયુબવેલ કરવા તથા નવો સબમર્શિબલ પંપ ખરીદા અંગે વિચારણા કરવા બાબત.

આ અંગે ખર્ચાની વિગતો નીચે મુજબ કુલ ખર્ચ રૂ. ૪.૬૫ લાખ થશે :

ટયુબવેલનો અંદાજ

(૧) ૧૪ × ૮ ના વારનું ડિલિંગ તેમ જ ૧૪ × ૮ ના બોર પાઇપની અંદાજી કિંમત	૩,૫૦,૦૦૦-૦૦
(૨) થ્રી ફેજ પર એચ. પી. કે. એસ. વી. અથવા તેની બરોબર સબમર્શિબલ પંપમોટર	૬૦,૦૦૦-૦૦
(૩) ૩ × ૧૬ એમ. એમ, પી. વી. સી. મસ્યુમેટેડ કોપર ફ્રેબ્રેટ કેબલ	૧૦,૦૦૦-૦૦
(૪) બ્લેક હેવી કોલથ પાઇપ પંપની સાઇઝ મુજબ ૫" અથવા ૬"ની ટાટા બનાવટની	૨૦,૦૦૦-૦૦
(૫) સ્ટાર્ટર મોટર માટે	૧૨,૦૦૦-૦૦
(૬) પંપનો રૂમ મોટો બનાવવા માટે	૧૦,૦૦૦-૦૦
	૪,૬૫,૦૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં ટીચર્સ હોસ્ટેલ પાસે એક નવો ટયુબવેલ કરવા તથા એક નવો સબમર્શિબલ પંપ ખરીદવા માટે કુલ રૂ. ૪,૬૫,૦૦૦નો ખર્ચ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તેમ જ રાજ્ય સરકારના આર. એન્ડ બી. માંથી ટેન્ડરના નમૂના પ્રમાણે ટેન્ડર તૈયાર કરી ભાવો મંગાવી આગામી સભાગૃહ સમક્ષ ટયુબવેલ તૈયાર કરવાના ટેન્ડરો રજૂ કરવા.

[નોંધ.—આ માટે યુ. જી. સી. તરફથી આઠમી યોજના પાર્ટ-૨ હેઠળ ૫ લાખની ગ્રાન્ટ મળનાર છે.]

૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઝૂલોજી ડિપાર્ટમેન્ટના સેમિનાર હૉલના વિકાસના બાંધકામનો રૂ. ૧,૫૭,૮૪૬નો અંદાજી ખર્ચ મંજૂર કર્યો છે તે અંદાજ મંજૂર કરવા તથા તેનું બાંધકામ શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી ડિપાર્ટમેન્ટના સેમિનાર હૉલના વિકાસ-બાંધકામ માટેનો રૂ. ૧,૫૭,૮૪૬નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે આ મકાનનું બાંધકામ રાજ્ય સરકારના નવરંગપુરા ડિવિઝન (R & B) ને સોંપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટી વિસ્તારમાં બૉયઝ હૉસ્ટેલ 'એ' તથા 'બી' બ્લોકની આસપાસ કમ્પાઉન્ડવૉલ બનાવવા માટે નવરંગપુરા ડિવિઝન (R & B) એ રૂ. ૩,૭૬,૦૭૦નો અંદાજ તૈયાર કર્યો છે તે પરત્વે વિચારણા કરવા બાબત ૯"ની ચણતરની દીવાલ ૬ ફૂટ ઊંચાઈ ઉપર આર.સી.સી. કૅપિંગ તથા અંદર તથા બહારની બાજુએ સેન્ડફેઈસ પ્લાસ્ટરનો સમાવેશ કરેલ છે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં બૉયઝ હોસ્ટેલ "એ" તથા 'બી" બ્લોક તથા કીચન બ્લોકની આસપાસ કમ્પાઉન્ડ વૉલ બનાવવા માટે નવરંગપુરા ડિવિઝન (R & B) એ તૈયાર કરેલ રૂ. ૩,૩૦,૭૦૦નો અંદાજિત ખર્ચ મંજૂર કરવા તથા આ કામ શરૂ કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ કામ માટે રૂ ૧.૫ લાખનું પેમેન્ટ (R & B)ને કરવું તથા પેમેન્ટ કરેલ રકમનું વ્યવસ્થિત રજિસ્ટર રાખવું.

૧૧. યુનિવર્સિટી વિસ્તારમાં ડ્રાઈવ ઈન રોડ તરફની હદ પર કંપાઉન્ડ વૉલ તૈયાર કરવા માટે નવરંગપુરા ડિવિઝન (R & B) એ રૂ ૪,૮૧,૪૦૦નો અંદાજ તૈયાર કર્યો છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારનાં ડ્રાઇવ ઇન રોડ તરફ યુનિવર્સિટીની હદ પર ચણતરની કંપાઉન્ડવૉલ તૈયાર કરવા માટે નવરંગપુરા ડિવિઝન (R & B) એ તૈયાર કરેલ રૂ. ૪,૮૧,૪૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે એપ્રુવ્ડ પ્લાનમાંથી હદ ચકાસીને કંપાઉન્ડવૉલ બાંધવાનું શરૂ કરવા વાસ્તે નવરંગપુરા ડિવિઝનને જણાવવું.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે રૂ. ૧.૫૦ લાખનું પેમેન્ટ (R & B ને આ કામ માટે કરવું.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી, ફિઝિકસ તથા વર્કશોપના ધાબા પર ટારફેલ્ટનું વૉટર-પ્રૂફિંગનું કામનું મે. દ્વારકેશ એન્ટરપ્રાઈઝનું રૂ. ૯૬,૪૯૪નું ટેન્ડર તા. ૧૯-૧૨-૧૯૯૦ની બાંધકામ

સમિતિએ મંજૂર કરેલ તે ટેન્ડરમાં ફિઝિકસ તથા વર્કશોપના કામના જથ્થામાં શરતચૂકથી આંકડા ફેરફાર થયેલા છે તેમાં નીચે મુજબ ફેરફાર કર્યાની મંજૂરી આપતા કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ટેન્ડર	જથ્થો	ભાવ	રકમ રૂ.	જથ્થો	ભાવ	રકમ રૂ.
ફિઝિકસ	૭૦૦	૪૧-૪૦	૨૮,૯૮૦	૫૩૫	૪૨-૪૦	૨૧,૬૧૪
વર્કશોપ	૫૩૫	૪૧-૪૦	૨૧,૬૧૪	૭૦૦	૪૧-૪૦	૨૮,૯૮૦
			૫૦,૫૯૪			૫૦,૫૯૪

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનનાં ફિઝિકસ, વર્કશોપ તથા કેમિસ્ટ્રી વિભાગના ધાબા પર ટારફેલ્ટનું વૉટરપ્રૂફિંગ કરાવવાના કામનું મે. દ્વારકેશ એન્ટરપ્રાઈઝનું રૂ. ૯૬,૪૯૪નું ટેન્ડર તા. ૧૯-૧૨-૧૯૯૦ની બાંધકામ સમિતિમાં મંજૂર કરેલ તે ટેન્ડરમાં ફિઝિકસ તથા વર્કશોપના કામના જથ્થામાં શરતચૂકથી આંકડા હેરફેર થયેલા છે તેમાં નીચે મુજબ ફેરફાર કર્યાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી :

	મંજૂર થયેલ ભાવ			સુધારો		
ટેન્ડર	જથ્થો	ભાવ	રકમ રૂ.	જથ્થો	ભાવ	રકમ રૂ.
ફિઝિકસ	૭૦૦	૪૧-૪૦	૨૮,૯૮૦	૫૩૫	૪૧-૪૦	૨૧,૬૧૪
વર્કશોપ	૫૩૫	૪૧-૪૦	૨૧,૬૧૪	૭૦૦	૪૧-૪૦	૨૮,૯૮૦
			૫૦,૫૯૪			૫૦,૫૯૪

(આથી કુલ રકમમાં તફાવત થતો નથી.)

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં બીજે માળે પરીક્ષા વિભાગ માટે તથા ભૂગોળ ભવનના સ્ટાફ માટે ચણતરનાં પાર્ટીશન કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં બીજે માળે પરીક્ષા વિભાગ માટે તથા ભૂગોળ ભવનના સ્ટાફ માટે ચણતરનાં પાર્ટીશન, દીવાલ, દરવાજા વિગેરે કરવા માટેના કામના આર. એન્ડ બી.ના શીડયુલ ઑફ રેઈટસ મુજબ અંદાજ તૈયાર કરીને સુપારન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. બી. એમ. પટેલનાં સલાહસૂચનો લઈને ઘટતી કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૯"
સમકક્ષતા ક્રમાંક ૨૧

To,

The Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad–380 009.

Sub.—Inspection of Gujarat Cancer & Research Institute (M. P. Shah Cancer Hospital) Ahmedabad for establishing post-graduate centre in D. M. Medical Oncology.

Sir,

We had visited the Medical Oncology Department at the Gujarat Cancer & Research Institute (M. P. Shah Cancer Hospital) on 1st June, 1991 as desired by your vide letter No. PG / B / 2790 / 1991 dt. 9–5–1991.

Department of Medical Oncology of Gujarat Cancer & Research Institute (M. P. Shah Cancer Hospital) was established in 1972 and it is managed by the Gujarat Cancer & Research Institute as an autonomous institute. It is attached to post-graduate study and research B. J. Medical College and imparting both under graduate and post-graduate training to the medical students. This department is already recognised for M. D. Medical course :

(*a*) **The strength and qualification of the staff :**

1. Professor–2
2. Associate Professor–2
3. Assistant Professor–2
4. Fellow in Medicine–2
5. Residents–11.

and other adequate para medical staff.

Dr. P. M. Shah and Dr. K. M. Patel are working as Professor and their biodata are attached herewith. Both are heading separate unit. Both can be recognised for post-graduate teachers for D. M. Oncology course.

Dr. Shillin Shukla and Dr. Bharat Parikh are working as Associate Pro-Professor and their biodata are attached herewith. Both can be recognised as Assistant to P. G. Teacher in D. M. (Medical Oncology)course.

Dr. Shailesh Talati and Dr. Asha Anand are working as Assistant Professor. Both are working in this department since last 8 years and their biodate are attached herewith. They can also be considered for recognising as Assistant to P. G. teacher.

As far as strength of staff is concerned, department is fulfilling all criterias for the requirements of the staff as per University rules.

(*b*) Bed Strength :

The department is having total 68 beds and each unit having 34 beds. So criteria of bed strength of M.C.I. rules and Gujarat University rules are fulfilled.

(*c*) Clinical Materials :

Each unit is running door patients Department (O.P.D.) 3 days in a week. The unit is examining daily atleast 10 new cases and 100 old cases. The statistics of work done in the year 1990 in OPD, outdoor procedures and indoor admissions are attached herewith. The strength of work is satisfactory.

(*d*) Research :

With the help of other various departments, like Pathology, Radiology, Radiotherapy, Surgical departments has published more than 50 research papers till now the department has also organised about 12 scientific programmes till now.

The Institute also has laboratories doing basic work including cell biology, molecular biology, cell kinetic. This will allow D. M. student to have exposure in basic research and applied research.

(*e*) Library :

The institute has separate air conditioned library which is very well quipped and with sufficient books and journals, The list of journals are attached herewith which are sufficient for this training programme.

(*f*) Other ancillary departments :

The other ancillary departments like radiology. pathology, radiotherapy nuclear medicine, blood bank are very well equipped and upto the satisfaction.

Looking to the aspects, it is recommended that the department can be recognised for D. M. (Medical Oncology) course and every year two students may be admitted in each unit. The course can be started from the next academic term of this year.

Thanking you,

Yours sincerely,

Dr. S. H. Advani

Dr. Ketan Desai

પરિશિષ્ટ "૧૦"
કામકાજ ક્રમાંક ૨૨

યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કૉલેજમાં ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવેલ પ્રો. એ. આર. શાહને બે વધારાના ઈન્ક્રીમેન્ટ આપવા અંગે કરેલ અરજી તા. ૧૫-૪-૧૯૯૧ પરત્વે કુલપતિશ્રીએ નીમેલ પેટા સમિતિની સભા તા. ૨૬-૪-૧૯૯૧ના રોજ બપોરે ૩-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા. સભાનું પ્રમુખસ્થાન ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રીએ સંભાળ્યું હતું :

ક્રમ	સભ્યનું નામ	તા. ૨૬-૪-૧૯૯૧
૧.	ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. એ. ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩,	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪.	પ્રિ. ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર.

પ્રો. એ. આર. શાહની ડાયરેક્ટર ઑફ એકેડેમિક સ્ટાફ કૉલેજની જગ્યા પર નિમણૂક સ્વીકારતાં વધુ બે ઈન્ક્રીમેન્ટની માગણી અંગે લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી.

પ્રો. શાહનો મૂળ માસિક પગાર ડાયરેક્ટર ઑફ એકેડેમિક સ્ટાફ કૉલેજ તરીકે યુનિવર્સિટી નિયમ પ્રમાણે નિર્ધારણ કરતાં મૂળ માસિક પગાર રૂ. ૪,૮૦૦ (અંકે રૂપિયા ચાર હજાર આઠસો પૂરા) મળવાપાત્ર થાય છે.

અગાઉના કો-ઑર્ડિનેટરશ્રી રોહિતભાઈ શુકલને દર માસે રૂ. ૫૦૦ (રૂપિયા પાંચસો પૂરા) માનદ વેતન આપવામાં આવતું હતું. પ્રો. એ. આર. શાહે તેમની સમાજશાસ્ત્ર વિભાગની મૂળ જગ્યા પર અઠવાડિયે બે લેક્ચર્સ લેવાના રહેશે તેમ જ આનુષંગિક સંશોધનકાર્ય પણ ચાલુ રાખવાનું રહેશે તેમ જણાવવું.

ઉપરની તમામ વિગતો ધ્યાનમાં લઈ પ્રો. શાહને વધુ બે ઈન્ક્રીમેન્ટ આપીને તેમનો મૂળ માસિક પગાર રૂ. ૫,૧૦૦ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને આ સભા ભલામણ કરે છે.

ડૉ. એમ. એન. દેસાઈ
કુલપતિશ્રી
પ્રો. એ. ટી. દેસાઈ
ઉપકુલપતિશ્રી
પ્રિ. ડી. એમ. શીખ
ડૉ. એચ. એમ. દેસાઈ

પરિશિષ્ટ " ૧૧ "
કામકાજ ક્રમાંક ૨૮(૨)

એપ્રિલ-મે ૧૯૯૧ દરમ્યાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં ઓબ્ઝર્વરની વ્યવસ્થા માટે અને તે માટેની સઘળી આનુષંગિક વ્યવસ્થા કરવાની ભલામણ કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની બે બેઠકો અનુક્રમે બુધવાર તા. ૨૭-૩-૧૯૯૧ના રોજ બપોરે ૨-૩૦ કલાકે અને શુક્રવાર તા. ૨૯-૩-૧૯૯૧ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે પ્રમાણે સભ્યો હાજર રહ્યા હતા :

તા. ૨૭-૩-૧૯૯૧, બુધવાર બપોરે ૨-૩૦ કલાકે :

૧.	આચાર્યશ્રી એન. આર. શાહ	હાજર
૨.	શ્રી. એ. એ. આહ્લુવાલિયા	હાજર
૩.	શ્રી. એસ. જી. દેસાઈ	હાજર
૪.	શ્રી. શંકરભાઈ પટેલ	હાજર
૫.	આચાર્યશ્રી આર. એચ. વ્યાસ	હાજર
૬.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	ગેરહાજર
૭.	આચાર્યશ્રી દર્શનસિંગ એમ. શીખ	ગેરહાજર
૮.	શ્રી પરાશર વોરા (સમાજવિદ્યા ભવન)	ગેરહાજર

તા. ૨૯-૩-૧૯૯૧, શુક્રવાર સમય ૯-૦૦ કલાકે સવારે :

૧.	આચાર્યશ્રી એન. આર. શાહ	હાજર
૨.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર
૩.	શ્રી. એસ. જી. દેસાઈ	હાજર
૪.	શ્રી. શંકરભાઈ પટેલ	હાજર
૫.	આચાર્યશ્રી દર્શનસિંગ એમ. શીખ	ગેરહાજર
૬.	શ્રી. એ. એ. આહ્લુવાલિયા	ગેરહાજર
૭.	આચાર્યશ્રી આર. એચ. વ્યાસ	ગેરહાજર
૮.	શ્રી. પરાશર વોરા	ગેરહાજર

ઉપરોક્ત બંને સભામાં પ્રમુખસ્થાન આચાર્યશ્રી એન. આર. શાહ સાહેબે સંભાળ્યું હતું.

બેઠકમાં નક્કી થયા મુજબ યુનિવર્સિટીના ઓબ્ઝર્વર્સને લાવવા-લઈ જવાના અને અન્ય પરીક્ષાની કામગીરી અંગે યુનિવર્સિટીએ આપેલ જાહેરાતના અનુસંધાનમાં આઠ ટ્રાવેલ્સ એજન્સીઓને બોલાવવાનું નક્કી થયું હતું અને તેમાંથી નીચે જણાવેલ ટ્રાવેલર્સ હાજર રહ્યા હતા :

૧. હરશક્તિ ટ્રાવેલ્સ
૨. સ્પાન ટ્રાવેલ્સ
૩. પુરોહિત ટ્રાવેલ્સ (શ્રી. પી. એમ. પુરોહિત)
૪. શ્રી. રમેશચંદ્ર કે. વ્યાસ
૫. મૂકેશ ટ્રાવેલ્સ
૬. સન ટ્રાવેલ્સ

નીચે જણાવેલ ટ્રાવેલર્સ હાજર રહ્યા નહોતા :

૧. સ્વામિનારાયણ ટ્રાવેલ્સ
૨. ઝલક ટ્રાવેલ્સ

ઉપરની તમામ એજન્સીઓ સાથે તેમના ભાવો અને અન્ય શરતોને અનુસંધાને થયેલ ચર્ચાના સંદર્ભમાં તથા પેટ્રોલના-ડીઝલના ભાવ વધ્યા પહેલાંના એજન્સીઓએ ભરેલા ભાવો અંગે પણ ચર્ચા થઈ અને લંબાણ ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ભલામણ કરવાનું સમિતિએ નક્કી કર્યું છે :

(૧) ભૂતકાળના અનુભવને આધારે આ વર્ષે કોઈ એક ટ્રાવેલ્સને કોન્ટ્રાક્ટ આપવાને બદલે એક કરતાં વધારે પણ ઓછામાં ઓછા બે-ત્રણ ટ્રાવેલ્સની સાથે કોન્ટ્રેક્ટ કરવો. સર્વશ્રી સન ટ્રાવેલ્સ કે જેમનું લેટરપેડનું સરનામું અને ટેલિફોન નંબર ખોટાં જણાયાં હતાં તેઓએ રૂ. ૧-૭૫ કિ.મી.થી ઓછી કિંમતે ડીઝલ ગાડી આપવા માટે અનિચ્છા દર્શાવી હતી. તે જ રીતે મૂકેશ ટ્રાવેલ્સ અને શ્રી પુરોહિતે પણ રૂ. ૧-૭૫ થી ઓછા દરે ડીઝલ ગાડી આપી શકે તેમ નથી તેમ જણાવ્યું. શ્રી. પુરોહિતે સ્થાનિક માટે પણ રૂ. ૪૫ કલાકના અને ઓછામાં ઓછા પાંચ કલાકના દર કરતાં ઓછા દરે આપવાની અનિચ્છા દર્શાવી હતી.

(૨) ઉપરોક્ત પરિસ્થિતિ જોતાં ચર્ચાના આધારે જે ઓછામાં ઓછા ભાવ અને અન્ય અનુકૂળ શરતોને નીચેના ત્રણ ટ્રાવેલ્સની પેનલ બનાવવા, સમિતિએ ભલામણ કરવાનું નક્કી કર્યું હતું :

૧. શ્રી. આર. કે. વ્યાસને ફક્ત લોકલ (સ્થાનિક) માટે
૨. સ્પાન ટ્રાવેલ્સને લોકલ અને બહારગામ માટે
૩. હરશક્તિ ટ્રાવેલ્સ (હરેશભાઈ) ફક્ત બહારગામ માટે.

(૩) ઉપરોક્ત ત્રણેય ટ્રાવેલ્સને નીચેની શરતોએ આ કામગીરી આપવી :

૧. મુસાફરી માટે ટેક્ષીઓનું મીટર રીડિંગ યુનિવર્સિટી કાર્યાલયથી ગણતરીમાં લેવામાં આવશે.
૨. ટેક્ષીઓનો દર કિ.મી. રૂ. ૧-૬૫ પૈસા (અંકે રૂપિયો એક અને પાંસઠ પૈસા પૂરા) રહેશે. જો પેટ્રોલની ગાડીની જરૂર પડે તો તેનો દર રૂ. ૨-૧૦ પૈસાનો (અંકે રૂપિયા બે અને પચાસ પૈસા પૂરા) કિ.મી. નો રહેશે.

૩. ઓછામાં ઓછા ૨૨૫ (બસો પચીસ) કિ.મી. નો એક દિવસનો ચાર્જ આપવાનો રહેશે. સ્થાનિક ટેક્ષીઓના ભાવ કલાકના રૂ. ૪૦/– અને ઓછામાં ઓછા પાંચ કલાકના ભાવ રહેશે.

૪. અમદાવાદ સાંજે પરત આવ્યા બાદ છેલ્લા ઓબ્ઝર્વરને તેમના રહેઠાણે મૂકે તે વખતે છેલ્લું રીડિંગ નોંધવાનું રહેશે અને ત્યારબાદ પાંચ (૫) કિ.મી. વધુ ગણવાના રહેશે.

૫. ટેક્ષીઓ સારી અને ટીપટોપ હાલતમાં પૂરી પાડવાની રહેશે.

૬. ટેક્ષીઓ રજિસ્ટ્રેશન નંબરવાળી (આર.ટી.ઓ.ના) તથા ઈન્સ્યોરન્સ સાથેની લાવવાની રહેશે.

૭. અગાઉથી પંદર (૧૫) ટેક્ષીઓના નંબર આપવાના રહેશે અને ગાડીઓનો ઉપયોગ કરવામાં આવશે.

૮. એમ્બેસેડર ટેક્ષીઓ લાવવાની રહેશે.

૯. જૂની ખખડી ગયેલી ટેક્ષી લાવશે અને એક વખત ધ્યાન દોરવા છતાં ફરી લાવશે તો તે ટેક્ષીનો કોઈ જ ચાર્જ ચૂકવવામાં આવશે નહીં.

૧૦. મીટર રીડિંગનું ફોર્મ યુનિવર્સિટી ડુપ્લિકેટમાં આપશે તેમાં ઉપયોગ કરનારની પૂરેપૂરી સહી મેળવવાની જવાબદારી રહેશે અને મીટર રીડિંગ જતી વખતે અને આવતી વખતે તે જ દિવસે નોંધવાનું રહેશે.

૧૧. જે તે દિવસે કેટલી ટેક્ષીઓ જોઈએ તેની જાણ આગળના દિવસે કરવામાં આવશે.

૧૨. પરીક્ષાઓ ચાલે ત્યાં સુધી રોજ જરૂર પડે ત્યારે જેટલી ટેક્ષીઓ માગવામાં આવે તેટલી ટેક્ષીઓ ઉપરના ભાવે પૂરી પાડવાની રહેશે. સંજોગોવશાત્ કોઈ ટેક્ષી યુનિવર્સિટી પર બોલાવી હોય અને ઉપયોગમાં લઈ ન શકાય તો તે ટેક્ષી માટેનો ચાર્જ યુનિવર્સિટીએ રૂ. ૧૦૦/– ભરવાના રહેશે.

૧૩. યુનિવર્સિટીને જે ટેક્ષીઓ આ કામ માટે પૂરી પાડવાની છે તેના નંબરો સાથેની યાદી, આર. ટી. ઓ. પરમિટ અને વીમો વગેરે અંગેના ડોકયુમેન્ટસ અસલમાં યુનિવર્સિટીને બતાવવાના રહેશે અને તેની ઝેરોક્ષ નકલો યુનિવર્સિટીને આપવાની રહેશે.

૧૪. સ્થાનિક સ્થળો માટે રૂ. ૪૦/– (રૂપિયા ચાલીસ પૂરા) એક કલાકનો ભાવ રહેશે અને ઓછામાં ઓછો પાંચ (૫) કલાકનો ભાવ આપવાનો રહેશે. પાંચ કલાકથી ઉપર ટેક્ષી વપરાશે તો વધારાના કલાકોનો ભાવ રૂ. ૪૦/– લેખે વધારે ચૂકવવાનો રહેશે.

૧૫. દર અઠવાડિયે તેઓ બિલ રજૂ કરે તેના ૧૦૦ ટકા ચુકવણી કરવાનો રહેશે. આમ છતાં કોઈ ભૂલચૂક થાય અને કોઈ રકમ વધારે ચૂકવાઈ જાય તો તેની તકેદારી રૂપે રૂ. ૪,૦૦૦/–ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા તા. ૫–૪–૧૯૯૧ પહેલાં ભરવાના રહેશે અને તમામ બિલો ઑડિટ થયા બાદ અને કરારની સમયમર્યાદા પૂરી થયે આ રકમ પરત કરવામાં આવશે.

૨૬. કોઇ પણ કારણોસર જરૂરી ટેક્ષીઓ પૂરી પાડી ન શકે અથવા તેમની ક્ષતિઓને કારણે તેમને ના પાડવી પડે તો યુનિવર્સિટીને જે વધારાનો ખર્ચ થાય તે તથા યુનવર્સિટીમાં કુલપતિશ્રી નક્કી કરે તે દંડ તેમણે ભોગવવાનો રહેશે. વધુમાં જે સમયે ટેક્ષી બોલાવવામાં આવી હોય તે સમય કરતાં મોડી આવે તો જેટલી મોડી આવે તેને કારણે યુનિવર્સિટીને જે વધારાનુ ખર્ચ થાય તે ભોગવવાનું રહેશે. વધુમાં મોડી આવ્યા બદલનો જે કાંઇ દંડ કુલપતિશ્રી કરે તે ચૂકવવાનો રહેશે.

૧૭. સંજોગોવશાત્ રાત્રે રોકાવાનું થાય તો તેને કારણે રાત્રો રોકાણ બદલ રૂ. ૩૫-૦૦ વધારાના ચાર્જ તરીકે આપવાના રહેશે.

૧૮. આ શરતોનો અમલ નાણાકીય વર્ષ ૧૯૯૧—૯૨ ના વર્ષમાં લેવાનાર તમામ પરીક્ષાઓનાં કામકાજ અંગે કરવાનો રહેશે.

૧૯. શરતોનું પાલન કરવાની જવાબદારી (૧) સ્પાન ટ્રાવેલ્સ (૨) આર. કે. વ્યાસ (૩) હરશક્તિ ટ્રાવેલ્સ અને યુનિવર્સિટીની અરસપરસ રહેશે.

૨૦. જો ઉપરની કરારની શરતોનો કોઇ ભંગ થતો જણાશે કે યુનિવર્સિટીને સંતોષકારક સેવાઓ પૂરી નથી પાડી શકાતી તેવી પરિસ્થિતિ ઊભી થશે ત્યારે આ કરાર યુનિવર્સિટી કોઇ પણ જાતનું કારણ આપ્યા વિના જરૂર પડે ટર્મિનેટ કરી શકશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા,
કાર્યકારી કુલસચિવ.

એપ્રિલ / મે, ૧૯૯૧ દરમિયાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં ઓબ્ઝર્વરની વ્યવસ્થા માટે તે માટેની સઘળી આનુષંગિક વ્યવસ્થા કરવાની ભલામણ કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ત્રીજી બેઠક સોમવાર, તા. ૧--૪--૧૯૯૧ના રોજ બપોરે ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે પ્રમાણે સભ્યો હાજર રહ્યા હતા :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧-૪-૧૯૯૧
૧.	આચાર્યશ્રી એન. આર. શાહ	હાજર
૨.	શ્રી. એસ. જી. દેસાઈ	હાજર
૩.	શ્રી. શંકરભાઈ પટેલ	હાજર
૪.	શ્રી. પરાશર વોરા	હાજર
૫.	શ્રી. એ. એ. આહલુવાલિયા	ગેરહાજર
૬.	શ્રી. આર. એચ. વ્યાસ	ગેરહાજર
૭.	શ્રી. દર્શનસિંઘ એમ. શીખ	ગેરહાજર
૮.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	ગેરહાજર

ઉપરોકત સભામાં પ્રમુખસ્થાન શ્રી. શંકરભાઈ પટેલે સંભાળ્યું હતું.

ઉપરોકત સમિતિમાં ઓબ્ઝર્વર્સ મોકલવા અંગેની હાલની ચાલુ પ્રથામાં કોઈ ફેરફાર કરવા કે કેમ તે અંગે પ્રથમ બેઠકમાં ઉપકુલપતિશ્રીની હાજરીમાં અનૌપચારિક ચર્ચા થઈ હતી. તેમાં ૧૯૯૦ના ઑકટોબરની પરીક્ષાઓમાં અમદાવાદ બહારનાં કેન્દ્રો ઉપર જે તે સેન્ટરની નજીકના વિસ્તારમાંના કોર્ટ સભ્યશ્રીને ઓબ્ઝર્વર્સ તરીકે મોકલવાનો જે પ્રયોગ કર્યો તે માર્ચ / એપ્રિલ, ૧૯૯૧માં ચાલુ રાખવો કે કેમ તે અંગે ચર્ચા થઈ હતી, જેમાં બહારનાં કેન્દ્રો પરથી તે જ દિવસે ઉત્તરવહીઓ મેળવવી, પ્રશ્નપત્રો મોકલવાં, કોઈ કેન્દ્રની ક્વેરી હોય તો તે ક્વેરી સંબંધે ઓબ્ઝર્વર્સ દ્વારા તેનો નિકાલ કરી સૂચનાઓ મોકલાતી હતી તે બધી કડીઓમાં તૂટી પડે તેવો સંભવ જણાયો હતો. આથી ઉપરોકત બાબતોને મોટી અસર ન થાય તે રીતે ઓબ્ઝર્વર્સ મોકલવાની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરવા અંગે વિચાર કરવામાં આવ્યો અને પ્રાયોગિક ધોરણે નીચે પ્રમાણે વ્યવસ્થા ગોઠવી શકાય કે કેમ તે અંગે હવે પછીની બેઠકમાં ગોધરાના આચાર્યશ્રી અને કોર્ટ સભ્ય શ્રી. બી. એન. ગાંધીની હાજરીમાં તા. ૧--૪--૧૯૯૧ના રોજ ચર્ચા કરી નિર્ણય લેવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું :

૧. પ્રાયોગિક ધોરણે ઓબ્ઝર્વર્સ મોકલવા સંબંધી સબ-કેન્દ્ર તરીકે ગોધરાને રાખવું અને ગોધરાની આજુબાજુના વિસ્તારનાં પરીક્ષાનાં કેન્દ્રોમાં ગોધરાથી ઓબ્ઝર્વર્સ મોકલવા.

૨. આ વ્યવસ્થા માટે ડીઝલ અથવા પેટ્રોલના વાહનની વ્યવસ્થા ગોધરા કેન્દ્ર ખાતે આ કામગીરી માટે નિમાયેલ કો-ઑર્ડિનેટરશ્રી દ્વારા બને ત્યાં સુધી યુનિવર્સિટીએ અમદાવાદ ખાતે વાહનની વ્યવસ્થા માટે જે દરો નક્કી કર્યા છે તે દરે કરવી.

૩. ગોધરાથી આજુબાજુના વિસ્તારનાં કેન્દ્રોથી જે તે દિવસની પરીક્ષાની ઉત્તરવહીઓ તે જ દિવસે ગોધરા ખાતે કો-ઑર્ડિનેટરશ્રી પાસે આવી જાય તેવી ગોઠવણ કરવી.

૪. ગોધરા ખાતેની પરીક્ષાઓ માટે અમદાવાદથી ઓબ્ઝર્વર્સ મોકલવાની વ્યવસ્થા કરવી અને આ ઓબ્ઝર્વર્સ ચાલુ પ્રથા પ્રમાણે સાંજ ગોધરાની ઉત્તરવહીઓ ઉપરાંત ગોધરા ખાતે આવેલી આગલા દિવસની અન્ય ઉત્તરવહીઓ અમદાવાદ ખાતે લાવે.

૫. જે પ્રશ્નપત્રો ઓબ્ઝર્વર્સની સાથે મોકલવામાં આવે છે તે બીજા દિવસનાં પ્રશ્નપત્રો હોય છે તે ગોધરા સુધી અન્ય કેન્દ્રો માટે પણ મોકલવાં અને ગોધરામાં નિમાયેલ કો-ઑર્ડિનેટરશ્રી અન્ય કેન્દ્રો પર ગોધરાથી જે ઓબ્ઝર્વર્સ જાય તેનાં સાથે આ પ્રશ્નપત્રો મોકલશે અને કો-ઑર્ડિનેટરશ્રી આની ખાતરી કરશે. આ પ્રશ્નપત્રો પરીક્ષાના સમય પહેલાં જે તે કેન્દ્રો પર પહોંચી જાય.

સમિતિને લાગ્યું કે ઉપરની વ્યવસ્થાથી માત્ર ખર્ચમાં જ ઘટાડો થશે એટલું જ નહીં પરંતુ દાહોદ, દેવગઢબારિયા જેવાં દૂરનાં કેન્દ્રો પર અમદાવાદથી વાહન મોકલવાને કારણે પ્રથમ સેશનની પરીક્ષાઓ પતવા સમયે અથવા તો કેન્દ્રો પર ભારે મોડા પહોંચાય છે તેમાં રાહત રહેશે.

ઉપરોક્ત રૂપરેખા સાથે તા. ૧૮-૪-૧૯૭૨ના રોજ ઓબ્ઝર્વર્સ સમિતિની ફરી એક બેઠક મળી હતી અને તેમાં ગોધરાના આચાર્યશ્રી અને કોર્ટ સભ્યશ્રી બી. એન. ગાંધીને આમંત્રિત તરીકે બોલાવ્યા હતા અને ઉપરોક્ત રૂપરેખાની ચર્ચા થઈ હતી અને તેમાં શ્રી. ગાંધીએ ઉપરોક્ત વ્યવસ્થા કરવા સંબંધે નીચેની વિગતો સાથે ઇચ્છા દર્શાવી હતી :

૧. ગોધરાથી નીચેના બે રૂટોમાં જુદાં જુદાં પરીક્ષા કેન્દ્રો પર ઓબ્ઝર્વર્સ મોકલી શકાય :
રૂટ નં ૧ : કાલોલ, હાલોલ, દેવગઢબારિયા અને ઝાલોદ
રૂટ નં ૨ : લુણાવાડા, સંતરામપુર, માલવાડા અને દાહોદ.

૨. તેમણે જણાવ્યું હતું કે ગોધરામાં ડીઝલ ગાડીઓ ઉપલબ્ધ થતી નથી. તેથી પેટ્રોલ ગાડીનો ઉપયોગ કરવો પડે અને તેના દર રૂપિયા બે પચીસથી રૂપિયા બે પચાસની વચ્ચે કિ.મી. દીઠ રહેવા સંભવ છે.

૩. ગોધરાથી મોકલવાના ઓબ્ઝર્વર્સનાં નામો પણ આપી હતી જે નીચે પ્રમાણે છે :

નામો—(૧) શ્રી. એન. પી. વ્યાસ, (૨) શ્રી. વી. ટી. ગાંધી, (૩) શ્રી. જે. પી. ભાટિયા, (૪) શ્રી. વી. બી. સોની, (૫) શ્રી. બી. આઈ. શાહ, (૬) શ્રી. આર. એસ. પટેલ, (૭) શ્રી. એ. એન. પટેલ, (૮) શ્રી. પી. બી. દેસાઈ, (૯) શ્રી. એન. એન. વ્યાસ, (૧૦) શ્રી. એ. આર. રાવ (અમદાવાદ), (૧૧) શ્રી. એસ. એ. મોદી (કાલોલ), (૧૨) શ્રી. એસ. સી. શાહ, (૧૩) શ્રી. એ. એન. લારિયા, (૧૪) શ્રી. આર. એમ. રાવ, (૧૫) શ્રી. બી. સી. જોષી (કોમર્સ કૉલેજ), (૧૬) શ્રી. દવે (સેનેટ મેમ્બર, હાલોલ).

૪. દરેક કેન્દ્ર દીઠ એક ઓબ્ઝર્વર ગોધરાથી ઉપરોક્ત પેનલમાંથી મોકલવાના રહેશે.

૫. ગોધરામાં અન્ય કેન્દ્રની ઉત્તરવહીઓ રોજ સાંજ આવે તેનો વ્યવસ્થિત જાળવણી થાય તે માટે એક ચોકીદાર અને એક ક્લાર્કની વ્યવસ્થા કરવા કો ઑર્ડિનેટરશ્રીને સત્તા આપવી.

૬. ગોધરા ખાતે અન્ય કેન્દ્રો પરથી જે સીલ કરેલાં કવરો આવશે-તે બીજા દિવસે ગોધરા આવેલા ઓબ્ઝર્વર સાથે અમદાવાદ મોકલવામાં ના આવે ત્યાં સુધી અકબંધ રાખવાનાં રહેશે.

૭. ગોધરાથી જતાં ઓબ્ઝર્વર્સ માટે તેમણે ભરવાનાં ફોર્મ, નિમણૂકપત્રો અને ગાડીઓનાં ફોર્મ વગેરે નિયમિત રીતે ભરાય અને રોજરોજ કો-ઓર્ડિનેટરને મળે તેવી વ્યવસ્થા ગોઠવાય તે અંગે કો-ઓર્ડિનેટરશ્રીએ ખાતરી કરવાની રહેશે.

શ્રી. ગાંધીએ રજૂ કરેલી ઉપરોકત વિગતો સાથે દરખાસ્ત કરેલી યોજના સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે.

ગોધરા અને તેની આજુબાજુના વિસ્તાર સિવાયનાં પરીક્ષા કેન્દ્રો માટે ઓબ્ઝર્વર્સની વ્યવસ્થા અમદાવાદથી કરવી અને તે માટે ગત એપ્રિલ/મે, ૧૯૯૦માં જે સભ્યશ્રીઓએ ઓબ્ઝર્વર્સનું કામ કર્યું છે તે ઉપરાંત અમદાવાદ બહારના કોર્ટના વિદ્યાર્થી પ્રતિનિધિ સિવાયના સભ્યો, ભવનોના રીડર સુધીના શૈક્ષણિક સ્ટાફની પેનલ બનાવવી અને તેમાંથી જરૂરિયાત કરતાં લગભગ ત્રણ ગણા ઈસમોને જે તે દિવસે ઓબ્ઝર્વેશનની કામગીરી માટે બોલાવવા, જેથી જરૂરિયાત મુજબનાં સંખ્યા જે તે દિવસે મળી રહે.

અમદાવાદનાં સ્થાનિક પરીક્ષા કેન્દ્રો માટે (૧) ઓબ્ઝર્વર્સ કમિટીના સભ્યો, ભવનોના અધ્યક્ષશ્રીઓ, પ્રોફેસર્સ અને સ્થાનિક કોલેજોના આચાર્યશ્રીઓને પેનલ પર રાખવા અને જરૂર પડયે ઓબ્ઝર્વેશન માટે તેમને વિનંતી કરવી.

મોટી પરીક્ષાઓ તા. ૧૨-૪-૧૯૯૧થી શરૂ થતી હોઈ આ સમિતિની ફરી એક બેઠક તારીખ ૧૦-૪-૧૯૯૧ ને બુધવારે ૩-૩૦ કલાકે બોલાવવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડિયા
કાર્યકારી કુલસચિવ.

એપ્રિલ/મે, ૧૯૯૧ માટે પરીક્ષામાં ઓબ્ઝર્વર્સની વ્યવસ્થા અંગે વિચારણા કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની બેઠક બુધવાર, તા. ૧૦--૪--૧૯૯૧ના રોજ ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં નીચે પ્રમાણે સભ્યોએ હાજર રહ્યા હતા :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૦—૪—૧૯૯૧
૧.	આચાર્યશ્રી એન. આર. શાહ	હાજર
૨.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર
૩.	આચાર્યશ્રી દર્શનસિંઘ એમ. શીખ	હાજર
૪.	શ્રી. એ. એ. આહલુવાલિયા (ખંભાત)	હાજર
૫.	શ્રી. એસ. જી. દેસાઈ	હાજર
૬.	આચાર્યશ્રી આર. એચ. વ્યાસ	હાજર
૭.	શ્રી. શંકરભાઈ પટેલ	હાજર
૮.	શ્રી. પરાશર વોરા	હાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી ડી. એમ. શીખે સંભાળ્યું હતું.

સભામાં નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી હતી :

૧. અમદાવાદ બહારના કેન્દ્રો પર મોકલવાના ઓબ્ઝર્વર્સ માટે નીચેના ૧૧ (અગીયાર) રૂટો નક્કી કરવામાં આવ્યા હતા :

(૧) સાવલી, બોડેલી, છોટાઉદેપુર
(૨) બાલાસિનોર, બિરપુર
(૩) ડાકોર, ગોધરા
(૪) ભાદરણ, પેટલાદ, બોરસદ, ખંભાત
(૫) ડભોઈ, સંખેડા
(૬) મહુધા, કપડવંજ
(૭) કરજણ
(૮) ધોળકા, ધંધુકા
(૯) દહેગામ, ગાંધીનગર
(૧૦) નડિયાદ
(૧૧) વિરમગામ.

૨. તા. ૧૨–૪–૧૯૯૧થી શરૂ થતી સ્થાનિક પરીક્ષા માટે નીચેના ચાર રૂટ નક્કી કરવામાં આવ્યા અને તેમાં નીચે પ્રમાણેની યાદી મુજબ ઑબ્ઝર્વર્સશ્રીઓને બોલાવવાનું નક્કી કર્યું :

રૂટ નંબર ૧

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ
(૨) એમ. જી. સાયન્સ કૉલેજ
(૩) એચ. એલ. કૉમર્સ કૉલેજ
(૪) એ. જી. ટીચર્સ કૉલેજ

રૂટ નંબર ૨

(૧) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ
(૨) ગુજરાત કૉલેજ
(૩) દલાલ એજ્યુકેશન કૉલેજ
(૪) યુ. જી. એજ્યુકેશન કૉલેજ (વાસણા)

રૂટ નં. ૩

(૧) સહજાનંદ કૉલેજ
(૨) એચ. કે. આર્ટ્સ કૉલેજ
(૩) નવગુજરાત કૉલેજ
(૪) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ

(૧) શ્રી. શંકરભાઈ પટેલ
(૨) શ્રી. આર. એચ. વ્યાસ
(૩) શ્રી. એસ. જી. દેસાઈ
(૪) શ્રી. એ. એ. આહલુવાલિયા
(૫) શ્રી. પરાશર વોરા
(૬) શ્રી. અરવિંદભાઈ આર. શાહ
(૭) શ્રી. એન. આર. શાહ
(૮) શ્રી. દર્શનસિંઘ એમ. શીખ

રૂટ નં. ૪

(૧) આર. એ. ભવન્સ કૉલેજ
(૨) સિટી આર્ટ્સ કૉલેજ (લાલ દરવાજા)
(૩) એસ. વી. આર્ટ્સ કૉલેજ
(૪) સદ્‌ગુણા કૉલેજ (લાલ દરવાજા)

(૯) શ્રી. એન. વી. પંડ્યા
(૧૦) શ્રી. સી. બી. ગેમાવત
(૧૧) શ્રી. વી. આર. રૂદાણી
(૧૨) શ્રી. સી. બી. રાવલ
(૧૩) શ્રી. આર. એ. ત્રિવેદી
(૧૪) શ્રી. કે. આઈ. પટેલ
(૧૫) શ્રી. વાડીભાઈ પટેલ.

ઑબ્ઝર્વર્સની નિમણૂક માટે આવેલ નીચેના ઈસમોની અરજીઓ વિચારવામાં લેવામાં આવી અને તેમાંથી નીચેના નામોની પેનલમાં રાખવા અને જરૂર પડે બોલાવવા :

૧. શ્રી. પટેલ મહેશ વી. (બી. ડી. આર્ટ્સ કૉલેજ)
૨. શ્રી. પટેલ બાબુભાઈ શીરામ (સેનેટ સભ્ય, એજ્યુકેશન)
૩. શ્રી. દક્ષિણી જિતેન્દ્રકુમાર એચ. (લૉ કૉલેજ, ગોધરા)
૪. શ્રી. રાવ રવિન્દ્ર બી. (જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ)
૫. શ્રી. ભટ્ટ પી. આર. (આર. બી. સાગર એજ્યુકેશન કૉલેજ).

ઑબ્ઝર્વર્સની ક્રમગીરી માટે નીચેના નામો શ્રી. આહલુવાલિયા સાહેબે મીટિંગમાં રજૂ કરેલ :

૧. શ્રી. પંડ્યા વી. એ. (પેટલાદ કૉલેજ)
૨. શ્રી. પંડ્યા એચ. વી. ,,
૩. શ્રી. ગાંધી કે. એસ. ,,

ઑબ્ઝર્વર્સની ક્રમગીરી માટે નીચેના નામો શ્રી. આર. એચ. વ્યાસ સાહેબે રજૂ કરેલ :

૧. શ્રી. શાહ એમ. જે. (એચ. કે. કૉમર્સ કૉલેજ)
૨. શ્રી. પટેલ જી. એમ. (જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ).

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

પાનગો

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૧૨-૧૦-૧૯૯૧ના રોજ સવારે ૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨-૧૦-૧૯૯૧
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. વી. વસાણી (તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય વતી)	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. સુધીરભાઈ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	હાજર
૯.	પ્રો. પવન મલ્હોતા	ગેરહાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ચેલાભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રા. અરવિંદભાઈ રણછોડભાઈ શાહ	હાજર
૧૫.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨–૧૦–૧૯૯૧
૧૬.	ડૉ. રણછોડદાસ કરસનદાસ પટેલ	ગેરહાજર
૧૭.	પ્રા. અવતારસિંહ અર્જુનસિંહ અહલુવાલિયા	હાજર
૧૮.	શ્રી. બદરૂદ્દીન શેખ	હાજર
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ મગનભાઈ દેસાઈ	હાજર
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
૨૧.	શ્રી. નીતિન વસનમુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	હાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર.

૧. તા. ૧૦–૮–૧૯૯૧ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૦–૮–૧૯૯૧ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨(૧). એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૯૧થી બી.એ. (ગૌણ)માં ડિફેન્સ સ્ટડીઝના વધારાના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ સદરહુ કૉલેજને તા. ૧૫–૬–૧૯૯૧થી તા. ૧૪–૬–૧૯૯૩ સુધીની મુદતનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨(૨). કે. કે. આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૯૧થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઈતિહાસ, સંસ્કૃત; બી.કૉમ.માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., એડ. બિઝનેસ મેનેજમેન્ટ, કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨(૩). શ્રી સી. એન. પી. એફ. આર્ટ્સ એન્ડ કે. એન. સાયન્સ કૉલેજ, ડભોઈની જૂન ૧૯૯૧થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૪). આર. આર. લાલન કૉલેજ, ભુજની જૂન ૧૯૯૧થી બી.એ. (પ્રિન્સ.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૫). તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરની જૂન ૧૯૯૩થી બી.કૉમ. (ગૌણ) એડ. બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમ શીખવવા માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણશરતોનું પરિપાલન કર્યું હોઈ સદરહુ કૉલેજને તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪–૬–૧૯૯૩ સુધીની મુદ્દતનું જોડાણ મંજૂર કર્યાનું જાહેરનામું બહાર પાડવાનું;

૨(૬). પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદની જૂન ૧૯૯૧થી બી. કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના વિષયનું ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણશરતોનું પરિપાલન સદરહુ કૉલેજે કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૧ થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીની મુદ્દતનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨(૭). માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણ તરફથી જૂન ૧૯૯૧થી ફર્સ્ટ બી.એ. તથા સેકન્ડ બી.એ. (મિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર, સંસ્કૃત, સેકન્ડ બી.એ. (ગૌણ) માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણશરતોનું પરિપાલન કર્યું હોઈ સદરહુ કૉલેજનું તા. ૧૫-૬-૧૯૯૧ થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીની મુદ્દતનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૨(૮). પંચમહાલ જિલ્લા હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, સિમાલિયા તરફથી જૂન ૧૯૯૨થી સિમાલિયા ખાતે વિનયન વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવેલી અરજી કુલપતિશ્રીએ વિચારણા માટે બાજુ રાખી તથા તે સ્વીકાર્યાનું;

૨(૯). પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન ૧૯૯૧થી બી.કૉમ (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી ફી સાથે આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૧૦). કે. કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા તરફથી જૂન ૧૯૯૧થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી ફી સાથે આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૧૧). શ્રી. આર. પી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ અને બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૯૧થી બી.એસસી.માં રૂપે. ભૌતિકશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી ફી સાથે આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨(૧૨). નર્સિંગ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૯૧થી બી.એસસી. (નર્સિંગ) ડિગ્રીનો વધારાનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું;

૨(૧૩). એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, હાલોલની જૂન ૧૯૯૧થી બી.કૉમ. (ગોધુ)માં ઑડિટ્રાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણુ-અરજી પરત્વેની જોડાણુ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫–૬–૧૯૯૧થી કાયમી જોડાણુ આપ્યાનું;

૨(૧૪). એલએલ.બી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સ્નાતક કક્ષાએ ૬૯.૧ ટકા કરતાં વધુ ગુણ હોવા જરૂરી છે. વિદ્યાર્થી શ્રી કિરણ જ્યોતીન્દ્રભાઈ ત્રિવેદીએ સ્નાતક કક્ષાએ ૬૮ ટકા ગુણ મેળવેલ છે તે જોતાં તેઓને પ્રવેશ મળી શકે નહીં. પરંતુ તેઓએ સિટી સિવિલ કૉર્ટ, અમદાવાદમાં સિવિલ સ્યૂટ નં. ૨૫૯૨/૧૯૯૧થી કરેલ દાવાના કામમાં યુનિવર્સિટી તરફથી વકીલશ્રીને રોકવાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨(૧૫). શૈક્ષણિક વર્ષ ૧૯૯૦–૯૧ દરમ્યાન પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષયો અને શીર્ષકો કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(યાદી પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે).

૨(૧૬). અનુસ્નાતક મેડિકલમાં વિદ્યાર્થીએ ખોટી માહિતી આપીને લીધેલ પ્રવેશ રદ કરવા કુલપતિએ નીમેલી સમિતિએ કરેલ ભલામણો સ્વીકાર્યાનું;

(સમિતિની તા. ૮–૮–૧૯૯૧ અને તા. ૨૮–૮–૧૯૯૧ની બેઠકની નોંધ પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે).

૨(૧૭). શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બોડેલીની જૂન ૧૯૯૧થી બી.કૉમ.માં ઑડ. એકા. એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણુ-અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણુ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણુ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બોડેલી નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૯–૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં ઑડ. એકા. એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૧થી કાયમી જોડાણુ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણુ કરવી.

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મેળવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની ખાત્રી કરવામાં આવે.

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તેમ જ પ્રો. ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના

તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી **નથી** તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો **તે ચૂકવી આપવામાં** આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત **કર્મચારીઓની** નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૪) ગુજરાત સરકાર, ભારત **સરકાર** અને **યુ.જી.સી.એ** વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષી પંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે.”

૨(૧૮). આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદની જૂન ૧૯૯૧થી ફર્સ્ટ બી.એ./બી.કૉમ. ચાલુ અને સેકન્ડ બી.એ./બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

“આથી ઠરાવવામાં આવે છે કે **આર્ટ્સ એન્ડ કૉમર્સ** કૉલેજ, ઝાલોદ નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ **શરતોનું** પાલન **એક્ઝિક્યુટિવ** કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૮-૧૯૯૧ સુધીમાં કરે તો તેને ફર્સ્ટ બી.એ. (મુખ્ય) અર્થશાસ્ત્ર, ગુજરાતી, ફર્સ્ટ બી.એ. (ગૌણ) ઇતિહાસ, સંસ્કૃત, સેકન્ડ બી.એ. (મુખ્ય) અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.કૉમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગના સેકન્ડ બી.એ. (ગૌણ) ઇતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઑ. ૧૨૦-એના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે. ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, **અર્થશાસ્ત્ર, ઇતિહાસ,** કૉમર્સ—એકાઉન્ટન્સી, એ પ્રત્યેકમાં એક એક પૂર્ણ **સમયના** તથા ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજીમાં એક એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત **મૂકેલી** શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) અર્થશાસ્ત્ર અને ગુજરાતીમાં પ્રત્યેક વિષય માટે રૂ. ૨,૦૦૦ની રકમનાં અને ઇતિહાસ અને સંસ્કૃતના પ્રત્યેક વિષય માટે રૂ. ૨,૦૦૦ની રકમનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારવધારો, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૬) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, બઢતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષી પંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

૨(૧૯). એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાલોલ (જિ. પંચમહાલ)ની જૂન ૧૯૯૧થી ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ અને સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં હિન્દી અને માનસશાસ્ત્ર તથા સેકન્ડ બી.કૉમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ અને બી.કૉમ. (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાલોલ [નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૫–૯–૧૯૯૧ સુધીમાં કરે તો તેને ફર્સ્ટ બી.એ. તથા ફર્સ્ટ બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ અને સેકન્ડ બી.એ. (મુખ્ય) ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ) હિન્દી અને માનસશાસ્ત્ર તથા સેકન્ડ બી.કૉમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ બી.કૉમ. (ગૌણ) એસ.પી. અને સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૧થી તા. ૧૪–૬–૧૯૯૨ સુધી વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) આ. ૧૨૦ના સંદર્ભમાં નિમણૂક કરવામાં આવે;

(૨) ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને એડ. એકા. એન્ડ ઓડિટિંગના વિષય દીઠ રૂ. ૩,૦૦૦નો અને હિન્દી, માનસશાસ્ત્ર, એસ.પી. અને સ્ટેટિસ્ટિકસના વિષય દીઠ રૂ. ૨,૦૦૦ની રકમનો ખર્ચ કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધી શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની ખાતરી કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦/-નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૬) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક–બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૧૯)માં જણાવેલ કાર્યોની નોંધ લેવી.

૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં પ્રોફેસર ઑફ ઝૂલોજીની એક જગ્યા ભરવા માટે તા. ૨૦–૮–૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં પ્રોફેસર ઑફ ઝૂલોજીની એક જગ્યા ભરવા માટે તા. ૨૦–૮–૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ મંજૂર રાખવી તથા તે અનુસાર ડૉ. યુ. એમ. રાવલની પ્રોફેસરને લાગુ પડતાં પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે).

૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં લેક્ચરર ઇન ઝૂલોજીની એ જગ્યા ભરવા માટે તા. ૨૦-૮-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં લેક્ચરર ઇન ઝૂલોજીની એ જગ્યા ભરવા માટે તા. ૨૦-૮-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ મંજૂર રાખવી તથા તે અનુસાર લેક્ચરર ઇન ઝૂલોજીની એ જગ્યાએ પૈકી એક જગ્યા ઉપર શ્રી એન. કે. જૈનની વ્યાખ્યાતાને લાગુ પડતાં પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે).

૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિક્સ વિભાગમાં રીડર ઇન ફિઝિક્સની એક જગ્યા ભરવા માટે તા. ૬-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિક્સ વિભાગમાં રીડર ઇન ફિઝિક્સની એક જગ્યા ભરવા માટે તા. ૬-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ સ્વીકારવી અને તે પ્રમાણે આ જગ્યાની પુનઃ જાહેરાત આપવી.

(સદરહુ વરણી સમિતિની નોંધ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૬. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સાયન્સ ફિઝિક્સ વિભાગમાં રીડર ઇન સ્પેસ સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૬-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સાયન્સ ફિઝિક્સ (સ્પેસ સાયન્સ) વિભાગમાં રીડર ઇન સ્પેસ સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૬-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ સ્વીકારવી અને તે પ્રમાણે આ જગ્યાની પુનઃ જાહેરાત આપવી.

(સદરહુ વરણી સમિતિની નોંધ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૭. યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયન્સમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજીની એક જગ્યા ભરવા માટે તા. ૧૪-૮-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન માઇક્રોબાયોલોજી વિભાગમાં લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજીની એક જગ્યા ભરવા માટે તા. ૧૪-૮-૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ સ્વીકારવી તથા તે અનુસાર લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજીની જગ્યા

ઉપર શ્રી વ્યાસ ભરત આર. એમ.ની વ્યાખ્યાતાને લાગુ પડતાં પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૮. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝના ફિઝિકસ વિભાગમાં લેકચરર ઇન ફિઝિકસની જગ્યા ભરવા માટે તા. ૬-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિકસ વિભાગમાં લેકચરર ઇન ફિઝિકસની જગ્યા ભરવા માટે તા. ૬-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ સ્વીકારવી તથા તે અનુસાર લેકચરર ઇન ફિઝિકસની જગ્યા ઉપર અગ્રતાક્રમ અનુસાર કુ. દીપ્તિ ત્રિપાઠીની વ્યાખ્યાતાને લાગુ પડતાં પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ '૮' તરીકે આ છે).

૯. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં લેકચરર ઇન ઇંગ્લિશની એક જગ્યા ભરવા માટે તા. ૨૬-૮-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ એકેડમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં લેકચરર ઇન ઇંગ્લિશની બે જગ્યાઓ ભરવા માટે તા. ૨૬-૮-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ સ્વીકારવી તથા તે પ્રમાણે આ બંને જગ્યાઓની પુનઃ જાહેરાત આપવી.

(સદરહુ વરણી સમિતિની નોંધ પરિશિષ્ટ '૯' તરીકે સામેલ છે).

૧૦. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીઝમાં પર્શિયન વિભાગમાં લેકચરર ઇન પર્શિયનની એક જગ્યા ભરવા માટે તા. ૧૩-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ એકેડમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના પર્શિયન વિભાગમાં લેકચરર ઇન પર્શિયનની એક જગ્યા ભરવા માટે તા. ૧૩-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ સ્વીકારવી તથા તે અનુસાર લેકચરર ઇન પર્શિયનની જગ્યા ઉપર શ્રીમતી ચાંદબીબી એ. શેખની વ્યાખ્યાતાને લાગુ પડતાં પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે).

૧૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં લેકચરર ઇન મેથેમેટિકસની બે જગ્યાઓ ભરવા માટે તા. ૨૦-૯-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો એકેડમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનની ગણિત વિભાગમાં લેક્ચરર ઇન મેથેમેટિક્સની બે જગ્યાઓ ભરવા માટે તા. ૨૦–૯–૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતિની સભાની ભલામણ મંજૂર રાખવી તથા તે અનુસાર લેક્ચરર ઇન મેથેમેટિક્સની બે જગ્યાઓ ઉપર અગ્રતાક્રમ અનુસાર અનુક્રમે (૧) કુ. હેમાલી એસ. મહેતા અને (૨) શ્રીકામત એચ. ડી. ની વ્યાખ્યાતાને લાગુ પડતાં પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "૧૧" તરીકે સામેલ છે).

૧૨. મદદનીશ પ્રેસ વ્યવસ્થાપક તરીકે ફરજ બજાવતા શ્રી. એસ. એચ. દેસાઈનો અજમાયશી સમય તા. ૯-૧૦-૧૯૯૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૦-૧૦-૧૯૯૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એસ. એચ. દેસાઈનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જેને વંચાણમાં લઈ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી પ્રેસના મદદનીશ પ્રેસ વ્યવસ્થાપક શ્રી. દેસાઈને તા. ૧૦–૧૦–૧૯૯૧થી કાયમ કરવા.

૧૩. પ્રેસ વિભાગમાં કંપોઝ ફોરમેન તરીકે ફરજ બજાવતા શ્રી. જે. કે. પરમારને રૂ. ૧૩૫૦-૩૦-૧૪૪૦-૪૦-૧૮૦૦-ઇબી-૫૦-૨૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧૮૦૦ પછીના કાર્યક્ષમતા-અંતરાય તા. ૧-૭-૧૯૯૧થી ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના શ્રી. જે. કે. પરમારને રૂ. ૧૩૫૦-૩૦-૧૪૪૦-૪૦-૧૮૦૦-ઇબી-૫૦-૨૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧૮૦૦ પછી આવતો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧-૭-૧૯૯૧થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે દર્શાવેલ રકમની મકાન બાંધકામ લોન રૂલ્સ. ૧૮૮(૨) પ્રમાણે આપવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	સભ્યનું નામ તથા હોદ્દો	વિભાગ	લોનની રકમ	લોનનું કારણ
૧.	આશારામ જી. પટેલ (પટાવાળા)	જનરલ	રૂ. ૪૭,૪૦૦	મકાન રિપેર-બાંધકામ
૨.	કાનજીભાઈ એસ. પરમાર (પટાવાળા)	અનુસ્નાતક	રૂ. ૪૭,૪૦૦	નવા મકાન માટે
૩.	પંડિતરાવ આર. સિરસાત (પટાવાળા)	જનરલ	રૂ. ૪૯,૦૦૦	મકાન રિપેર-બાંધકામ

આથી ઠરાવવામાં આવે છે કે (૧) શ્રી આશારામ જી. પટેલને રૂ. ૪૭,૪૦૦/- (રૂપિયા સુડતાલીસ હજાર ચારસો પૂરા) (૨) શ્રી કાનજીભાઈ એસ. પરમારને રૂ. ૪૭,૪૦૦/- (રૂપિયા સુડતાલીસ હજાર ચારસો પૂરા) તથા (૩) શ્રી પંડિતરાવ આર. સીરસાતને રૂ. ૪૯,૦૦૦/- (રૂપિયા ઓગણપચાસ હજાર પૂરા)ની લોન રૂલ્સ. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૧૫. એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટી તરફથી તા. ૧–૮–૧૯૯૧થી તા. ૩૧–૭–૧૯૯૨ સુધીના ગાળા માટેનું વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલ તેઓશ્રીના તા. ૧૮–૯–૧૯૯૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—એક વર્ષનું વાર્ષિક લવાજમ ૧૦૧૫–૦૦ પાઉન્ડ સ્ટર્લિંગ છે જેની અંદાજી રકમ રૂ. ૪૩,૪૬૦ થાય. ગયા વર્ષે ૯૬૭ પાઉન્ડ સ્ટર્લિંગ એટલે રૂ. ૩૨,૯૬૭ ભર્યા હતા.]

આથી ઠરાવવામાં આવે કે એસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીને તા. ૧–૮–૧૯૯૧થી તા. ૩૧–૭–૧૯૯૨ સુધીના ગાળા માટેનું વાર્ષિક લવાજમના અંદાજી ખર્ચ ભરવાની મંજૂરી આપવી.

૧૬. માર્ચ–એપ્રિલ ૧૯૯૨ની પરીક્ષા અને ત્યાર બાદ અપાનારા ચંદ્રક માટે "સ્વ. પ્રા. ચિનુભાઈ ઘેલાભાઈ ખત્રી સ્મૃતિચંદ્રક" માટે શ્રીમતી કનકબહેન ચિનુભાઈ ખત્રી તરફથી રૂ. ૧૫,૦૦૦ (રૂ. પંદર હજાર પૂરા) આ કાર્યાલયને પ્રદાન માટે મળેલા છે તે નીચેના નિયમોને આધીન સ્વીકારવા માટે વિચારણા કરવા બાબત :

૧. "સ્વ. પ્રો. ચિનુભાઈ ઘેલાભાઈ ખત્રી સ્મૃતિચંદ્રક" માર્ચ–એપ્રિલમાં લેવાતી એમ.એ., એમ.એસસી.-ની પદવી પરીક્ષામાં સમગ્ર આંકડાશાસ્ત્ર (Entire Statistics) વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવીને ઓછામાં ઓછા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો અધિકાર રહેશે.

૩. ચંદ્રક એનાયત કરવામાં નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૬. ચંદ્રક શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ–એપ્રિલ ૧૯૯૨ની પરીક્ષા અને ત્યાર બાદ અપાનારા "સ્વ. પ્રા. ચિનુભાઈ ઘેલાભાઈ ખત્રી સ્મૃતિચંદ્રક" માટે મળેલ રૂ. ૧૫,૦૦૦નું પ્રદાન ઉપર્યુક્ત શરતોને આધીન સ્વીકારવું.

૧૭. રાજ્યની બિનસરકારી કૉલેજોના આચાર્યો કે જેઓ પોતાના વાહનનો ઉપયોગ કરે છે તેઓને વાહનના બળતણ અને રિપેરના ખરેખર ખર્ચના વાર્ષિક રૂ. ૪,૮૦૦ના દરે વાહન ભથ્થું આપવા અંગેના રાજ્ય સરકારના તા. ૨૭–૮–૧૯૮૧ના ઠરાવ ક્રમાંક પરચ–૧૨૮૮–૨૭૦૬૪ (૭૨/૮૮)-ખની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના તા. ૨૭–૮–૧૯૯૧ના ઠરાવ ક્રમાંક પરચ–૧૧૮૮–૨૭૦૬૪(૭૨/૮૮)-ખનો સાભાર સ્વીકાર કરવો.

(સદરહુ ઠરાવ પરિશિષ્ટ "૧૨" તરીકે સામેલ છે.)

૧૮. ફાઇનાન્સ સમિતિની તા. ૨૫–૭–૧૯૯૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૫–૭–૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "૧૩" તરીકે સામેલ છે.)

૧૯. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૮–૧૯૯૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૮–૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ આ સાથે પરિશિષ્ટ "૧૪" તરીકે સામેલ છે.)

૨૦. યુવક મહોત્સવ અંગેની સમિતિએ તેની તા. ૧૩–૯–૧૯૯૧ના રોજ મળેલ સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આર્થિક રીતે આવતા વર્ષથી અને શક્ય બને તો ૧૯૯૨–૯૩ના વર્ષથી રૂપવાંતુ તત્ત્વ ન રહે તેની કાળજી રાખીને આંતરિક બાબતમાં નીચેની પ્રવૃત્તિમાં યુવક મહોત્સવ યોજવો. દરેક પ્રવૃત્તિમાં કેટલા પાંચ નિર્ણાયકોને આમંત્રણ આપવું. મુસાફરી ખર્ચ કોલેજે ભોગવવાનો રહેશે, જ્યારે રહેવાનું અને ભોજનની વ્યવસ્થા યુજરાત યુનિવર્સિટીએ કરવાની રહેશે:

૧. કાવ્યલેખન રૂપધ્યા તથા સાથે તેમજ રૂપધ્યા ૧ થી ૧
૨. વકૃત્વ
૩. કાવ્યપઠન
૪. સમૂહગીત
૫. નિબંધલેખન
૬. વાર્તાલેખન.

આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવ અંગેની સમિતિએ તેની તા. ૧૩–૯–૧૯૯૧ની સભામાં કરેલ ભલામણોનો સ્વીકાર કરવો.

૨૧. તા. ૬–૯–૧૯૯૧ની બોર્ડ ઓફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

૧. આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફોર્મ, કેરસ્ટ. રમતનાં જરૂરી સાધનો, યુનિવર્સિટી ટીમના ફોટોગ્રાફસ, પ્રશિક્ષણ, વગેરે માટે જરૂરી ખર્ચ કરવાનું તેમજ રાજ્ય કક્ષાની આંતર-યુનિ. હરીફાઈઓ અને રાજ્ય કક્ષાના પુલ્સા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા ફાઈનાઈન્ડ યુનિ. ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેતા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ માટે મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઓફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીને અથવા આ બોર્ડ એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૨. આંતર-કૉલેજ હરીફાઈઓ માટે મંજૂર થયેલ રૂ. ૩૭,૦૦૦ (૭ ટકા બાદ કરતાં)ની ગ્રાન્ટની વિભાગવાર વહેંચણી નીચે પ્રમાણે કરવા આ બોર્ડ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

એ-વિભાગ રૂ. ૧૬,૦૦૦

બી-વિભાગ રૂ. ૨૧,૦૦૦

૩. જુદી જુદી રમતોની યોજાતી આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જનાર ગુજરાત યુનિવર્સિટી ટુકડીના ખેલાડીઓના ડ્રેસનું ખર્ચ હાલ જે ૭૦ ટકા યુનિવર્સિટી આપે છે તેના બદલે ડ્રેસનું સંપૂર્ણ ખર્ચ યુનિવર્સિટીએ આપવાનું મંજૂર કરવા આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૬-૮-૧૯૯૧ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપર્યુક્ત ભલામણો પૈકીની પ્રથમ બે ભલામણોનો સ્વીકાર કરવો અને ક્રમાંક ૩ની ભલામણ ઉપર કરાવવામાં આવ્યું કે ડ્રેસના કુલ ખર્ચના ૮૦% ખર્ચ યુનિવર્સિટીએ આપવો તથા બાકીનો ખર્ચ જે તે કૉલેજે ભોગવવો.

૨૨. શ્રી ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટ, ચંડોલા, તા. દહેગામ, જિ. અમદાવાદ તરફથી જૂન ૧૯૯૨થી ચંડોલા ખાતે વિનયન વિદ્યાશાખાની (ગૃહવિજ્ઞાનના વિષય માટેની) બહેનો માટેની નવી કૉલેજ શરૂ કરવા માટેની નવા જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૯૨થી સદરહુ અરજીનો સ્વીકાર કરવો તથા તે પરત્વેની ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

૮. ગ્રંથાલય વિભાગમાં આસિસ્ટંટ તરીકે ફરજ બજાવતાં શ્રી. જ્યોતિબહેન આર. જોષીને તેમના મકાનમાં ફેરફાર અંગે પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી સ્ટેચ્યૂટ ૧૮૮ (૨) પ્રમાણે રૂ. ૪૫,૦૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી જ્યોતિબહેન આર. જોશીને રૂ. ૪૫,૦૦૦/- (અંકે રૂપિયા પિસ્તાળીસ હજાર પૂરા)ની લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૯. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ ગુજરાતીની (સા. શૈ. પ. વર્ગની) એક જગ્યા ભરવા માટે વરણીસમિતિની તા. ૮-૭-૧૯૯૧ના રોજ મળેલ સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રોફેસર ઑફ ગુજરાતીમાં સા.શૈ.પ. વર્ગનો લાયક ઉમેદવાર ઉપલબ્ધ ના થાય તો રીડર ઇન ગુજરાતીની જગ્યા જાહેરખબર મુજબ ભરવાની થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ ગુજરાતીની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત એક જગ્યા માટેની વરણી સમિતિની તા. ૮–૭–૧૯૯૧ના રોજ મળેલી સભાની ભલામણ મંજૂર રાખવી તથા તદ્અનુસાર પ્રોફેસરની જગ્યા માટે કોઈ ઉમેદવાર લાયક નહીં જણાતાં શ્રી બી. એમ. બ્રહ્મભટ્ટની રીડરને લાગુ પડતા પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની નોંધ **પરિશિષ્ટ "૨"** તરીકે આ સાથે સામેલ છે.)

૧૦. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે શિક્ષણ-કાર્ય કરતાં ડૉ. એસ. જી. વ્યાસને યુ.જી.સી.ની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ રીડર-ઇન-ગુજરાતીનું પદ આપવા વરણી સમિતિની તા. ૮–૭–૧૯૯૧ના રોજ મળેલ સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના વ્યાખ્યાતા ડૉ. એસ. જી. વ્યાસને યુ. જી. સી.ની કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ રીડર ઇન ગુજરાતીનું પદ આપવા બાબતની વરણી સમિતિની તા. ૮–૭–૧૯૯૧ ના રોજ મળેલ સભાની ભલામણ મંજૂર કરવી અને તદ્અનુસાર ડૉ. વ્યાસને રીડર ઇન ગુજરાતીનું પદ આપવાનું મંજૂર કરવું.

(નોંધ.—ડૉ. વ્યાસ નવા પગારધોરણનો અમલ થતાં રૂ. ૩,૭૦૦–૫,૭૦૦ના પગારધોરણમાં ચાલુ છે, તેથી તેઓના પગારધોરણમાં કોઈ ફેરફાર થતો નથી.)

(સદરહુ સમિતિની નોંધ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

૧૧. બોટેની વિભાગના પ્રકાશન "અંકુર"ના પ્રકાશન માટે રૂ. ૨,૦૦૦ (અંકે રૂપિયા બે હજાર પૂરા) આર્થિક સહાય આપવા અંગે ગુજરાત યુનિવર્સિટીની બોટેની વિભાગના વડા ડૉ. એ. બી. વોરાના આવેલા તા. ૨૦–૩–૧૯૯૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગઈ સાલ આર્થિક સહાય રૂ. ૧,૩૦૦/— આપવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે બોટેની વિભાગના અનિયતકાલિક સામયિક "અંકુર" ના પ્રકાશન માટે રૂ. ૨,૦૦૦]- (અંકે રૂપિયા બે હજાર પૂરા)ની આર્થિક સહાય બોટેની વિભાગને યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન મંજૂર કરવી.

૧૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના નીચેના શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	સ્કૂલનું નામ	બે વર્ષનો અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમી કરવાની તારીખ
૧.	ડૉ. (મિસ) કેતકી જે. દેરાસરી	લેક્ચરર-ઇન-ઝૂલોજી	વિજ્ઞાન ભવન	૧૨–૭–૧૯૯૧	૧૩–૭–૧૯૯૧
૨.	ડૉ. શ્રીમતી સવિતા કે. મૂર્તિ	રીડર-ઇન-ઝૂલોજી	,,	૯–૭–૧૯૯૧	૧૦–૭–૧૯૯૧

૩.	ડૉ. એમ. વી. રાવ	રીડર-ઈન-ઝૂલોજી	વિજ્ઞાન ભવન	૧૨–૭–૧૯૯૧	૧૩–૭–૧૯૯૧
૪.	ડૉ. વી. એચ. ગાંધી	રીડર-ઈન-ફિઝિકસ	,,	૧૧–૭–૧૯૯૧	૧૨–૭–૧૯૯૧
૫.	ડૉ. અમરેન્દ્ર નારાયણ	લેકચરર-ઈન-ફિઝિકસ	,,	૧૮–૭–૧૯૯૧	૧૯–૭–૧૯૯૧
૬.	ડૉ. ઓ. પી. સકસેના	રીડર-ઈન-બોટાની	,,	૧૨–૭–૧૯૯૧	૧૩–૭–૧૯૯૧
૭.	ડૉ. શ્રીમતી ઉષા પાલ	લેકચરર-ઈન-કેમિસ્ટ્રી	,,	૧૬–૭–૧૯૯૧	૧૭–૭–૧૯૯૧
૮.	ડૉ. એસ. આર. દવે	રીડર-ઈન-માઈક્રો.	,,	૧૨–૭–૧૯૯૧	૧૩–૭–૧૯૯૧
૯.	ડૉ. (કુ.) નિશા ક. શાહ	લેકચરર-ઈન-કેમિસ્ટ્રી	,,	૧૪–૭–૧૯૯૧	૧૫–૭–૧૯૯૧
૧૦.	ડૉ. વી. એમ. ભટ્ટ	રીડર-ઈન-સંસ્કૃત	ભાષાભવન	૧૬–૭–૧૯૯૧	૧૭–૭–૧૯૯૧

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર દર્શાવેલા શિક્ષકોના અજમાયશી સમય સંતોષકારક રીતે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ પદના પગારધોરણમાં છેલ્લા કોલમમાં દર્શાવેલ તારીખથી કાયમી કરવા.

૧૩. બિનસરકારી કાયદાની કોલેજોના શિક્ષકોને મહેરબાની પગારધોરણ આપવા બાબતના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૯-૩-૧૯૯૧ના ઠરાવ ક્રમાંક–પરચ/૧૧૮૯/૩૦૮૧/(૧૯૩/૮૯)–ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઉપરોક્ત તા. ૧૯–૩–૧૯૯૧ના ઠરાવમાં સમાવિષ્ટ લાયકાતનાં ધોરણો સિવાયની બાબતનો સ્વીકાર કરવો.

(ઉપરોક્ત ઠરાવની નકલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

૧૪. શ્રી. સર્વમંગલ ટ્રસ્ટ તરફથી રૂ. ૧૫,૦૦૦ (પંદર હજાર પૂરા)નું પ્રદાન "મહાત્મા યોગેશ્વરજી મેમોરિયલ વ્યાખ્યાનમાળા" માટે મળેલ છે તેનો સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સર્વમંગલ ટ્રસ્ટ તરફથી મળેલ રૂા. ૧૫,૦૦૦/— (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નું પ્રદાન કુલપતિશ્રીએ સામેલ સમિતિએ સૂચવેલ શરતોને આધીન "મહાત્મા યોગેશ્વરજી મેમોરિયલ વ્યાખ્યાનમાળા" માટે સ્વીકારવું.

(નિયમો **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૧૫. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮-૬-૧૯૯૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૮-૬-૧૯૯૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(ભલામણો પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧૬(૧). નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું જૂન-૧૯૯૧થી બી.એ. (ગૌણ)માં ડિકેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૧ થી તા. ૧૪-૬-૧૯૯૪ સુધીની મુદતનું જોડાણ મંજૂર કર્યાનું જાહેરનામું બહાર પાડવાનું;

૧૬(૨). નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદની જૂન-૧૯૯૧ થી બી.એસ.સી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, બી.એસ.સી. (જન.)માં ઝૂલોજી, વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણની અરજી આચાર્યશ્રીના તા. ૨૫-૫-૧૯૯૧ના પત્રથી પાછી ખેંચવામાં આવી હતી, પરંતુ તેમના તા. ૨૫-૬-૧૯૯૧ના પત્રથી જોડાણ અરજી ચાલુ રાખવા માટેનું જણાવતાં, સદરહુ અરજી સ્વીકાર્યાનું તેમ જ સદરહુ કૉલેજે જોડાણ અંગેની શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૧ થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીની મુદતનું જાહેરનામું બહાર પાડવાનું;

૧૬(૩). આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ભાદરણમાં જૂન, ૧૯૯૧ થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧ થી તા, ૧૪-૬-૧૯૯૨ સુધીનું વધારાનું જોડાણ તદર્થ ધોરણે આપવા અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૧૬(૪). એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલની જૂન, ૧૯૯૧ થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું;

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૮-૧૯૯૧ સુધીમાં કરે તો તેની બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧ થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલા રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામાયકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦-૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્રના વિષય માટે ભારતમાં પ્રસિદ્ધ બે સામયિકો કાયમી ધોરણે મંગાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીના સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈ. અંગે અનુ. જનજાતિ, અનુ. જાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે."

૧૬(૫). ગુજરાતની વડી અદાલતના સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૫૦૩૫ અને ૫૦૪૩/૧૯૯૧ શ્રી પટેલ ડી. એન. અને શ્રી પટેલ ભગવાનભાઈ છોટાભાઈએ તેમના ૧૯૯૧ એપ્રિલમાં તૃતીય વર્ષ બી.એ.ની પેપર-૧૦ની આપેલ પરીક્ષાના પરિણામ સંબંધમાં કરેલ અરજી સંબંધે કુલપતિશ્રીએ યુનિવર્સિટી વતી શ્રી એસ. એન. શેલતને વકીલ તરીકે રોકવાનું અને તેના આનુષંગિક ખર્ચને મંજૂરી આપ્યાનું;

૧૬(૬). સને ૧૯૯૨ની આ યુનિવર્સિટીની લેવાનાર પરીક્ષાઓમાં પરીક્ષકોની નિમણૂકો કરવા માટે જે પેનલ તૈયાર કરવામાં આવનાર છે તેમાં બાહ્ય પરીક્ષકોની અરજીઓ (૧) કરકસરના પગલા રૂપે તથા (૨) બાહ્ય પરીક્ષકો અંગે અગાઉ મેળવેલ માહિતી કાર્યાલય પાસે હોવાથી જાહેરાત આપી મંગાવવામાં આવી નથી તેની નોંધ લેવા અંગે;

૧૬(૭). યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે ગુણચકાસણી તથા પુનર્મૂલ્યાંકન માટેની અરજીઓના ઝડપથી નિકાલ થાય તે હેતુથી માર્ચ-એપ્રિલ ૧૯૯૦ની પરીક્ષાઓ માટે અપનાવેલ પદ્ધતિ મુજબ રાખવા તથા તે કાર્ય અંગેના દરો નક્કી કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની ભલામણ મુજબ મહેનતાણાના દરો નીચે મુજબ રાખ્યાના :

	રૂ. પૈસા
૧. ગુણ ચકાસણી માટે ઉત્તરવહી કાઢવાના	૦—૧૫
૨. ઉત્તરવહી અરજી સાથે બાંધી ટેગ કરીને વ્યવસ્થિત ગોઠવવાના	૦—૨૦
૩. પ્રથમ ચકાસણી કાર્ય ઉત્તરવહી દીઠ (જવાબીપત્ર લખવા સાથે)	૧—૨૫
૪. બીજી ચકાસણી (દર પાંચ ઉત્તરવહીએ એક ઉત્તરવહી પ્રમાણે)	૧—૧૫
૫. ડિસ્પેચ કાર્ય (વિદ્યાર્થી દીઠ)	૦—૨૦

૧૬(૮). ગુજરાત રાજ્યની યુનિવર્સિટીમાંથી ફાઈનલ ઈયર ડિપ્લોમા ફાર્મસી પરીક્ષા પાસ થનાર વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કૉલેજોમાં પ્રથમ વર્ષ બી.ફાર્મ. (પદવી પરીક્ષા)માં પ્રવેશ આપવા માટે, કુલપતિશ્રીએ નીમેલ ખાસ સમિતિની તા. ૧૯-૬-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરી તે મુજબ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી નક્કી થાય તે પ્રમાણે મૅથેમેટિક્સ વિષયની પરીક્ષા પાસ કરવાની શરતે પ્રવેશ આપવાના કાર્યની નોંધ લેવા બાબતે;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૧૬(૧) થી ૧૬(૮)માં જણાવેલાં કાર્યોની નોંધ લેવી.

૧૭ ગુજરાત યુનિવર્સિટીના રસાયણ વિભાગના પ્રો. ડૉ. વાય. કે. અગ્રવાલના માર્ગદર્શન હેઠળ (1) Devarsons Pvt. Ltd. (2) Atlas Dyechem Indutustries (3) Metro Chem. Industries (4) Tapsheel Enterprise (5) Shri Dineshbhai (6) Meghmani Dyes & Intermediates તરફથી "Synthesis, Characterisation and Identification of Dyes and Intermediates" અંગેના સંશોધનકાર્ય માટે એક વર્ષના સમયગાળા માટે ૬ રિસર્ચ સ્કૉલર અને એક લેબો. એટેન્ડન્ટના સ્ટાફ સાહતનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર (ડૉ.) વાય. કે. અગ્રવાલના ઉપરોક્ત સંશોધનકાર્ય માટેનો જે પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે તેની નોંધ લેવી.

૧૮. (૧) રચનાત્મક અભિગમ ટ્રસ્ટ (મણિનગર વિસ્તાર) અમદાવાદ તથા (૨) પ્રેમ પ્રકાશ સેવા મંડળ (ટ્રસ્ટ), અમદાવાદ તરફથી જૂન ૧૯૯૨થી અમદાવાદ (કુબેરનગર સરદારનગર ટાઉનશિપ વિસ્તારમાં) વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૯૨થી સદરહુ અરજીઓ સ્વીકારવી તથા તે પરત્વેની ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

૧૯. રજા પ્રવાસ રાહતમાં પોતાની કાર/વિમાન દ્વારા પ્રવાસ કરવા અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ નં. મસભ/૧૦૯૨/૧૫૭૫/જ, તા. ૧૮-૬-૧૯૯૨નો સ્વીકાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના નાણા વિભાગના ઉપરોક્ત તા. ૧૮-૬-૧૯૯૧ના ઠરાવનો સ્વીકાર કરવો.

(સદરહુ ઠરાવની નકલ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૨૦. યુનિવર્સિટી અને બિનસરકારી કૉલેજોના શિક્ષકો તથા બિનશિક્ષકો માટેની પેન્શન યોજના અંગે ભારત સરકાર હેઠળ જે સેવાઓ બજાવી હોય તે સઘળી સેવાઓ પેન્શનના હેતુ માટે જોડી આપવા અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ નં. પરચ-૧૧૯૦-એમ. એલ. એ.-૧૮૦-ખ, તા. ૩-૪-૧૯૯૧નો સ્વીકાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઉપરોક્ત તા. ૩૦-૪-૧૯૯૧ના ઠરાવનો સ્વીકાર કરવો.

(સદરહુ ઠરાવ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૨૧. ગુજરાત યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યાભવનના ઝૂલોજી વિભાગમાં રૂ. ૧૩૫૦-૨૨૦૦ના પગારધોરણમાં ટેકનિશિયન તરીકે તા. ૬-૭ ૧૯૯૯થી ફરજ બજાવતાં શ્રી. નયના યુ. દેસાઈને કાયમી કરવા અંગે વિચારણા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે શ્રી નયના યુ. દેસાઈને રૂ. ૧,૩૫૦—૨,૨૦૦ના પગારધોરણમાં ટેકનિશિયન તરીકે તા. ૩—૭—૧૯૯૦થી કાયમી કરવાં.

૨૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રી વિભાગમાં પ્રોફેસર ઓફ કેમિસ્ટ્રીની બે જગ્યાઓ ભરવા માટે તા. ૧૬-૭-૧૯૯૧ના રોજ મળેલ વરણી સમિતની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની બે જગ્યાઓ ભરવા માટે તા. ૧૬-૭-૧૯૯૧ના રોજ મળેલ વરણીસમિતની ભલામણ મંજૂર રાખવી તથા તદ્અનુસાર પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીના જગ્યા ઉપર (૧) ડૉ. આઈ. એમ. ભટ્ટ અને (૨) ડૉ. યુ. સી. પાન્ડેની, પ્રોફેસરને લાગુ પડતા પગારધોરણમાં નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતની ભલામણ પરિશિષ્ટ "૯" તરીકે આ સાથે સામેલ છે.)

૨૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રી વિભાગમાં લેકચરર-ઈન-કેમિસ્ટ્રીની શિડ્યુલ્ડ ટ્રાઈબ્સની એક જગ્યા ભરવા અને ચાર બિનઅનામતની જગ્યાઓ ભરવા માટે તા. ૧૭-૭-૧૯૯૧ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઈન કેમિસ્ટ્રીની ઉપરોક્ત જગ્યાઓ ભરવા માટે તા. ૧૭-૭—૧૯૯૧ના રોજ મળેલ વરણીસમિતની ભલામણ મંજૂર રાખવી તથા તે અનુસાર બિન અનામત ચાર જગાઓ પૈકી લેકચરર ઈન કેમિસ્ટ્રીની એક જગ્યા ઉપર ડૉ. વી. કે. જૈનની, લેકચરરને લાગુ પડતાં પગારધોરણમા નિયમ અનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતની ભલામણ પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)

૨૪. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૫–૨–૧૯૯૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. યુનિવર્સિટી 'બી' વિભાગની માફક 'એ' વિભાગનું વહીવટી કામકાજ યજમાન કૉલેજ દ્વારા હાલ બે વર્ષ માટે પ્રાયોગિક ધોરણે ચાલે તેવા ભલામણને આ સભા અનુમોદન આપે છે અને યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મંજૂર કરવા ભલામણ કરે છે.

[**નોંધ.**—૧. અમદાવાદ શહેરના વિભાગો યુનિવર્સિટીના સ્થાપનાકાળથી જે તે વિભાગીય સ્થાનિક રમત સમિતિઓ વિભાગની એક યજમાન કૉલેજને વિભાગના જવાબદારી સોંપતા આવ્યા છે તે મુજબ અત્યારે પણ 'બી' વિભાગમાં આંતર-કૉલેજ રમત સ્પર્ધાઓનું વહીવટી કામકાજ યજમાન કૉલેજ સંભાળે છે, જે સર્વથા યોગ્ય છે.

૨. ડી. પી. ઈ. વિભાગ દ્વારા આ કામગીરી અત્યાર સુધી સંભાળવામાં આવે છે પરંતુ આથી ડી. પી. ઈ. વિભાગનું પોતાનું કામકાજ ખોરંભે પડી જાય છે અને સમયસર યોગ્ય રીતે થઈ શકતું નથી અને વિભાગનાં કામોને યોગ્ય ન્યાય સમયસર આપી શકાતો નથી.

૩. અમદાવાદ વિભાગની કૉલેજો પોતાના વિભાગની રમતોના સંચાલનમાં સમાનપણે ભાગીદાર બની જવાબદારી ઉઠાવે તે અત્યંત આવશ્યક છે તેમ આ સભા દૃઢપણે માને છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૫–૨–૧૯૯૧ના રોજ મળેલ સભાની ઉપરોક્ત ભલામણો સ્વીકારવી.

૨૫. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ. ૭ની કલમ VI અને VII અન્વયે અનુક્રમે 'એ' વિભાગ અને 'બી' વિભાગમાંથી એક વર્ષ માટે એક એક શારીરિક શિક્ષણના અધ્યાપકની તેમ જ એક વિદ્યાર્થી-પ્રતિનિધિની એક વર્ષ માટે એટલે કે ૧૯૯૧-૯૨ના વર્ષ માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય તરીકે નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**— સામાન્ય રીતે બન્ને વિભાગમાંથી વારાફરતી સીનિયોરિટીના ધોરણે નિયુક્ત કરવામાં આવે છે. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ. ૭ની કલમ ૬ અને ૭ મુજબ નિયુક્ત કરવાનીથાય છે :

(*vi*) One Physical Education teacher from each zone to be appointed by the Executive Council.

(*vii*) One student from each zone to be appointed by the Executive Council. He must have represented the University in any of the Inter-University tournaments.)

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૯૧–૯૨ના વર્ષ માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્યો તરીકેની ઉપરોક્ત નિમણૂંકો કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવા.

૨૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેના કાર્યો (જાણ સારુ) :

૨૬(૧). પી. જી. અભ્યાસક્રમના એમ. એસ. બ્રાંચ-IV (ઓપ્થેલ્મોલોજી)માં પ્રવેશ પામેલા શ્રી. બી. એસ. ઝાએ તેઓના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટમાં પરીક્ષા તારીખ ઑક્ટોબર ૧૯૯૨ ને બદલે માર્ચ–એપ્રિલ, ૧૯૯૨ પ્રમાણે સુધારો કરવા સંબંધી નામદાર હાઈકોર્ટમાં રિટ પિટિશન ક્રમાંક ૧૩૯૪/૯૧ થી દાખલ કરેલી છે, તેના સંદર્ભમાં વકીલશ્રીને રોકવાનું તેમ જ તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૨). અમદાવાદ શહેરના કેન્દ્રમાં બેસીને જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષા આપેલી હોય તેઓને અમદાવાદ શહેરની કૉલેજોના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પ્રથમ પાત્ર ગણવા અંગેના ગુજરાત યુનિવર્સિટીના નિર્ણય સામે સાબરકાંઠા વિસ્તારના કેન્દ્રમાંથી સદરહુ પરીક્ષા પાસ કરનાર શ્રીમાળી દીપક બિપિનભાઈએ એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં એફ. વાય. આર્ટ્સના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા ગુજરાત હાઇકોર્ટમાં રિટ પિટિશન ક્રમાંક ૪૩૯૦/૯૧થી દાખલ કરેલી છે, તેના સંદર્ભમાં વકીલશ્રીને રોકવાનું અને થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૩). શ્રી. પટેલ નરહરિ છગનભાઈએ બી.એડ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન ક્રમાંક ૪૪૯૧/૯૧ થી દાખલ કરેલી છે, તેના સંદર્ભમાં વકીલશ્રીને રોકવાનું તેમ જ થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૪). કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ તેમ જ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં આસિસ્ટંટ પ્રોફેસર ઑફ સર્જરી તરીકે ફરજ બજાવતા શ્રી. મુકુલ આર. કોઠારીને ગુજરાત યુનિવર્સિટીના પોસ્ટ-ગ્રેજ્યુએટ M.Ch. Br. VII (Paediatric Surgery) અભ્યાસક્રમમાં પ્રવેશ મળતાં તે જગ્યા ઉપર હાજર થવા માટે અભ્યાસ રજાઓ સુપરિન્ટેન્ડન્ટ, વી. એસ. હોસ્પિટલ, અમદાવાદ દ્વારા મંજૂર કરવા અંગે દાદ માગતી રિટ પિટિશન ક્રમાંક ૧૦૫૧/૯૧ થી નામદાર હાઈકોર્ટમાં દાખલ કરેલી છે, તેમાં ગુજરાત યુનિવર્સિટીને પણ પક્ષકાર તરીકે સામેલ કરેલ હોવાથી વકીલશ્રીને રોકવાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૫). એમ. એન. કૉલેજ, વીસનગરમાં સને ૧૯૮૪–૮૫, ૧૯૮૫–૮૬ તેમજ ૧૯૮૬–૮૭ના પ્રત્યેક વર્ષ દરમિયાન સત્રના અંત સુધી હંગામી લેક્ચરરની નિમણૂક પામેલાં કુ. સોનલ પી. ચંદ્રાવરકરે વેકેશન પગારની માગણી અંગે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ વગેરે સામે દાદ માગતી રિટ પિટિશન ક્રમાંક ૨૮૦૯/૯૧ થી દાખલ કરેલી છે, તેમાં ગુજરાત યુનિવર્સિટીને પક્ષકાર તરીકે સામેલ કરેલ હોવાથી તે અંગે વકીલશ્રીને રોકવાનું તેમ જ થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૬). શ્રી. પટેલ પ્રવીણચંદ્ર વીરાભાઈએ ગુજરાત યુનિવર્સિટીના બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા સંબંધી ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન ક્રમાંક ૪૦૩૮/૯૧ થી દાખલ કરેલી છે, તે અંગે વકીલશ્રીને રોકવાનું તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૭). ગુજરાત યુનિવર્સિટીના પી. જી. (મેડિકલ) અભ્યાસક્રમમાં ૨૫ ટકા જગ્યાઓ ઉપર All India Studentsને non-stipendary residentsના ધોરણે પ્રવેશ અપાતો હોય છે, તે સામે સદરહુ વિદ્યાર્થીઓને residency (with stipend) મળવી જોઈએ તે મુજબની દાદ માગતી રિટ પિટિશન ક્રમાંક ૩૭૭૭/૯૧થી ગુજરાત હાઈકોર્ટમાં શ્રી સારાવનન એસ. અને બીજાઓએ દાખલ કરેલી છે, તે અંગે વકીલશ્રીને રોકવાનું તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૮). કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ તેમ જ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં આસિસ્ટન્ટ પ્રોફેસર ઑફ સર્જરી તરીકે ફરજ બજાવતા શ્રી. મુકુલ આર. કોઠારીને ગુજરાત યુનિવર્સિટીના M.Ch. Br. VII (Paediatric Surgery) અભ્યાસક્રમમાં પ્રવેશ મળતાં તેઓને સમયસર સદરહુ અભ્યાસક્રમમાં હાજર થવા અંગેના યુનિવર્સિટીના નિર્ણય સામે પ્રવેશ રદ નહીં કરવા અને મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં વર્ગ ભરવા દેવા અંગે દાદ માગતી રિટ પિટિશન ક્રમાંક ૪૩૮૮/૯૧ દાખલ કરેલી છે, તે અંગે વકીલશ્રીને રોકવાનું તેમ જ થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૯). ગુજરાત યુનિવર્સિટીના પી. જી. અભ્યાસક્રમના M.Ch. (સુપર સ્પેશિયાલિટી કોર્સ)માં પ્રવેશ અંગે રાજીવ ગોપીનાથ ભટ્ટ ગુજરાત હાઈકોર્ટમાં દાદ માગતી રિટ પિટિશન ક્રમાંક ૪૨૧૫/૯૧થી દાખલ કરેલી છે, તે અંગે વકીલશ્રીને રોકવાનું તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૧૦). ગુણ ચકાસણીને કારણે ગુજરાત રાજ્યની હાયર સેકન્ડરી બોર્ડની પરીક્ષાનું પરિણામ મોડું આવ્યું તેના કારણે મેડિકલ/એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં પ્રવેશપત્ર ભરવાની મુદત વીતી જતાં પ્રવેશ ફૉર્મ સ્વીકારવા અંગે શ્રી. આશિષ રાવજીભાઈ પટેલે ગુજરાત રાજ્યના એજ્યુકેશન બોર્ડના ચેરમેન વગેરે સામે રિટ પિટિશન ક્રમાંક ૪૧૨૧/૯૧ દાખલ કરેલી છે, તેમાં ગુજરાત યુનિવર્સિટીને પણ પક્ષકાર બનાવેલ હોવાથી વકીલશ્રીને રોકવાનું તેમ જ થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨૬(૧૧). જૂન-જુલાઈ ૧૯૯૧માં લેવાનાર નીચે જણાવેલ જુદી જુદી પરીક્ષાઓની ઉત્તરવહીઓનાં મૂલ્યાંકન ઇત્યાદિ અંગેની કામગીરી માટે નીમવામાં આવેલા કો-ઑર્ડિનેટર તથા જોઈન્ટ કો-ઑર્ડિનેટર નીચે મુજબ નિમણૂક કર્યાનું :

ક્રમ	પરીક્ષા	સ્થળ	કો-ઑર્ડિનેટર	જોઈન્ટ કો-ઑર્ડિનેટર
૧.	એમ.કૉમ. ૧—૨	કૉમર્સ ભવન	પ્રો. એચ. કે. ત્રિવેદી	પ્રો. બી. એચ. દેસાઈ
૨.	લૉ વિદ્યાશાખાની ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ એલએલ.બી. તેમ જ એલએલ.એમ. પરીક્ષા	ફિઝિકસ વિભાગ	શ્રી. કે. પી. સીંઘલ	પ્રો. વી. એમ. રાવલ
૩.	ડિપ્લોમા ફાર્મસી પરીક્ષાઓ	સમાજવિદ્યા ભવન	શ્રી. એ. આર. શાહ	—

૪. ડેન્ટલ પરીક્ષાઓ
ફર્સ્ટ અને સેકન્ડ — ડૉ. કે. એફ. જોશી ડૉ. જી. જે. દવે
બી.ડી.એસ. થર્ડ
અને ફોર્થ
બી.ડી.એસ. તેમજ — ડૉ. કે. એફ. જોશી ડૉ. કે. એચ. શાહ
એમ.ડી.એસ. પરીક્ષા

૫. **મેડિકલ પરીક્ષાઓ**
ફર્સ્ટ, સેકન્ડ અને — ડૉ. કેતન દેસાઈ ડૉ. એચ. પી. ભાલોરિયા
થર્ડ એમ.બી.,બી.એસ. ડૉ. સી. બી. શાહ ડૉ. એમ. એફ. શેખ
પરીક્ષાઓ માટે
આ ઉપરાંત નીચેના કો-ઓર્ડિનેટર નિમાયેલ છે :
ફર્સ્ટ એમ.બી.,બી.એસ. — ડૉ. સી. એ. દેસાઈ —
સેકન્ડ એમ.બી.,બી.એસ. — ડૉ. એચ. એલ. શાહ —
થર્ડ એમ.બી.,બી.એસ. — ડૉ. આર. કે. પટેલ —

૬. ઇજનેરી વિદ્યાશાખાની — પ્રો. એમ. એસ. શાહ —
તમામ એ.ટી.કે.ટી. (પ્રો. જી. એચ. ભટ્ટની
પરીક્ષાઓ તેમ જ બદલી થવાથી)
બી.ઈ. પ્રથમ વર્ષ તથા
સેમેસ્ટર આઠની
પરીક્ષાઓ માટે મધ્યસ્થ
મૂલ્યાંકન માટે

૨૬(૧૨). મે-જૂન, ૧૯૯૧માં લેવાયેલ વિવિધ પરીક્ષણ કાર્ય સમયસર પૂરું કરવા જે જે વિષયોમાં પરીક્ષકોની ખેંચ વરતાઈ તે વિષયના માન્ય પરીક્ષકોની યુનિવર્સિટીની મહેનતાણાની મર્યાદા રૂ. ૨,૦૦૦થી વધારીને રૂ. ૩,૦૦૦ કર્યાનું;

૨૬(૧૩). કેમિસ્ટ્રી વિભાગના વડા શ્રી વાય. કે. અગ્રવાલ દ્વારા કરાતા સંશોધન કાર્યમાં મદદરૂપ થવા માટે બે ટન કેપેસિટીનું એરકન્ડિશનર ખરીદવા માટે નીચે જણાવેલ પાર્ટીઓ પાસેથી કુલ રૂ. ૩૭,૪૩૫નું પ્રદાન મળેલ છે તે સ્વીકાર કર્યાનું :

અનુ. નં.	પાર્ટીનું નામ	પ્રદાનની રકમ
		રૂ.
૧.	દેવરસન્સ પ્રા. લિમિટેડ	૭,૪૮૭
૨.	એટલાસ ડાયકેમ ઇન્ડસ્ટ્રીઝ	૭,૪૮૭
૩.	મેટ્રો કેમ ઇન્ડસ્ટ્રીઝ	૭,૪૮૭
૪.	શ્રી દિનેશભાઈ	૭,૪૮૭
૫.	તપશીલ એન્ટરપ્રાઈઝીઝ	૭,૪૮૭
		———
		કુલ રૂ. ૩૭,૪૩૫

૨૬(૧૪). મે-જૂન, ૧૯૯૧માં વિનયન તથા વાણિજ્ય વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓમાં ઉત્તરવહી તપાસવાની કામગીરી સમયસર પૂરી કરવા અંગ્રેજી, સી.સી., સંસ્કૃત, ગુજરાતી, બી.એ.એમ. તથા અર્થશાસ્ત્ર તેમ જ એકાઉન્ટન્સી વિષયમાં મહેનતાણાની ગુરુતમ મર્યાદા રૂ. ૩,૦૦૦થી વધારીને રૂ. ૪,૦૦૦ સુધી કર્યાનું;

૨૬(૧૫). શ્રી સી. એન. પી. એફ. આર્ટ્સ કૉલેજ અને ડભોઈ નગરપાલિકા કૉમર્સ કૉલેજ, ડભોઈની જૂન, ૧૯૯૧થી બી.એ. (ગ્રૂપ)માં તત્ત્વજ્ઞાન વિષય શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૨ સુધીનું એડહોક ધોરણે જોડાણ આપ્યાનું;

૨૬(૧૬). યુનિવર્સિટી સંલગ્ન ડી. ડી. ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી, નડિયાદને સ્વાયત્ત સંસ્થા તરીકે માન્યતા મળેલ હોઈ ડિસેમ્બર, ૧૯૯૧થી ઈજનેરી વિદ્યાશાખાની પરીક્ષાઓ ક્રમશઃ નીચેના કાર્યક્રમ પ્રમાણે લેવાની પરવાનગી આપ્યાનું :

પરીક્ષા સમય	કૉલેજ તરફથી સ્વાયત્ત સંસ્થા તરીકે લેવાની પરીક્ષા	વૈકલ્પિક વ્યવસ્થા
ડિસેમ્બર, ૧૯૯૧	બી.ઈ. સેમેસ્ટર-૧ (પ્રથમ વર્ષ)	સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ કૉલેજ તરફથી લેવાતી પરીક્ષા અથવા યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષા પૈકી ગમે તે એક પરીક્ષા આપી શકશે.
જૂન, ૧૯૯૨	બી.ઈ. સેમેસ્ટર-૨ (પ્રથમ વર્ષ)	સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓને ઉપર મુજબનો વિકલ્પ મળી શકશે.
ડિસેમ્બર, ૧૯૯૨	બી.ઈ. સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ તથા એમ.સી.એ.ની તમામ પરીક્ષાઓ	સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૭ના વિદ્યાર્થીઓને ઉપર મુજબનો વિકલ્પ મળી શકશે.
જૂન, ૧૯૯૩	બી.ઈ. સેમેસ્ટર-૨ અને ૪	સેમેસ્ટર-૬ અને સેમેસ્ટર-૮ના વિદ્યાર્થીઓને ઉપર મુજબનો વિકલ્પ મળી શકશે.

પરંતુ જેઓને યુનિવર્સિટી પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળી હશે તેઓએ એ.ટી.કે.ટી.ના વિષયોની યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષા ફરજિયાત આપવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીએ મંજૂર કરેલાં, ઉપરના ક્રમાંક ૨૬(૧)થી ૨૬(૧૬)માં જણાવેલાં કાર્યોની નોંધ લેવા.

૨૭. કોમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામરની શૈક્ષણિક પાત્રતાનાં ધોરણોમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સના પ્રોગ્રામરની ભરતી માટેની શૈક્ષણિક પાત્રતાનાં ધોરણોમાં ફેરફાર કરવા અંગે નીમવામાં આવેલી સમિતિની ભલામણો આ સભામાં થયેલી ચર્ચા વિચારણાને અનુલક્ષીને સુધારવા.

(સુધારવામાં આવેલા પાત્રતાના ધોરણોની નકલ **પરિશિષ્ટ '૧૧'** તરીકે સામેલ છે.)

૨૮. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની સંલગ્ન કોલેજોમાં તમામ શૈક્ષણિક સ્ટાફની કેન્દ્રીય ધોરણે ભરતી કરવા અંગે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર તરફથી આવેલ તા. ૨૩-૪-૧૯૯૦ના પત્રાંક ઉબક-સરપ્લસ-૯૫૪૯-૫૫-૯૦-૯૧-ક-૧ પરત્વે વિચારણા કરવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિએ તા. ૧૫-૫-૧૯૯૧ની સભામાં કરેલ ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલી ઉપરોક્ત સમિતિએ તા. ૧૫-૫-૧૯૯૧ની સભામાં કરેલ ભલામણો સ્વીકારવી.

(સદરહુ સમિતિની ભલામણો તથા રાજ્ય સરકારનો પરિપત્ર **પરિશિષ્ટ "૧૨"** તરીકે **સામેલ છે.**)

૨૯. ઓકટોબર-ડિસેમ્બર, ૧૯૯૦ દરમિયાન લેવામાં આવેલ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષામાં જે તે વિદ્યાર્થીઓનાં પરિણામ પુનર્મૂલ્યાંકન-ગુણચકાસણી કે અન્ય કારણોસર કુલપતિશ્રીએ સુધાર્યાં છે, તે કાર્યની નોંધ લેવા અને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓકટોબર-ડિસેમ્બર ૧૯૯૦ દરમિયાન લેવાયેલ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં જે તે વિદ્યાર્થીઓનાં પરિણામો પુનઃમૂલ્યાંકન/ગુણ ચકાસણી કે અન્ય કારણોસર કુલપતિશ્રીએ સુધાર્યાં છે તેની નોંધ લઈ તેને મંજૂરી આપવી.

(સુધારેલ પરિણામોની વિગત દર્શાવતું પત્રક **પરિશિષ્ટ "૧૩"** તરીકે સામેલ છે.)

૩૦. યુનિવર્સિટીની મે-જૂન, ૧૯૯૮માં લેવાયેલ એન્જિનિયરિંગ પરીક્ષાના સેમેસ્ટર આઠના ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ વિષયના પેપરમાં ગુણચકાસણીની અરજી થયા બાદ ઉત્તરવહી સાથે ચેડાં કરી ગુણ સુધારવાના પ્રયત્ન કરવા સંબંધે શ્રી. નરેન્દ્રકુમાર પ્રાગજીભાઈ ચૌહાણને યુનિવર્સિટીએ નીમેલ સમિતિની ભલામણને આધારે જે તે પરીક્ષાનું પરિણામ રદ કરી ત્યાર પછી ત્રણ વર્ષ સુધી એટલે કે મે-જૂન, ૧૯૯૨ સુધી યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં બેસી શકશે નહીં તેવી સજા કરવા અંગે નિર્ણય કર્યો હતો. આ નિર્ણયને આધારે હાઈકોર્ટમાં થયેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૨૯૯૦/૯૦ અને ૬૮૪૭/૮૯ના સંદર્ભે યુનિવર્સિટીના વકીલશ્રીએ તેમના તા. ૨૨મી એપ્રિલ, ૧૯૯૦ના પત્રમાં આપેલ સલાહ પ્રમાણે એક્ઝિકયુટિવ કાઉન્સિલે કરેલ નિર્ણયની સજા તેમને કેમ ન કરવી તેવી "શો કોઝ નોટિસ" વિદ્યાર્થીને યુનિવર્સિટીના

તા. ૨૬–૬–૧૯૯૧ના પત્રથી આપી હતી. તે પત્રના અનુસંધાને શ્રી. ચૌહાણ નરેન્દ્રકુમાર પ્રાગજીભાઈ તરફથી તા. ૧૮–૭–૧૯૯૧નો પત્ર આવ્યો છે તે પત્રમાંની વિનંતી સંદર્ભે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઘટતી કાર્યવાહી કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. "શ્રી. ભગવતીલાલ ડાહ્યાલાલ રાવ (ખંભાત) જર્નાલિઝમ ચંદ્રક" આપવા માટે શ્રી. ભગવતીલાલ ડાહ્યાલાલ રાવ તરફથી આવેલ રૂ. ૧૫,૦૦૧ (અંકે રૂપિયા પંદર હજાર એક પૂરા)નું પ્રદાન સ્વીકારવા તેમના તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ભગવતીલાલ રાવ તરફથી મળેલ રૂ. ૧૫,૦૦૧નું પ્રદાન "શ્રી. ભગવતીલાલ ડાહ્યાલાલ રાવ (ખંભાત) જર્નાલિઝમ ચંદ્રક" આપવા માટેનો સાભાર સ્વીકાર કરવો તથા પ્રદાનના નિયમો નિયત કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના ઇતિહાસ વિભાગમાં ઇતિહાસના પ્રાધ્યાપકની એક જગ્યા ભરવા માટે તા. ૩૧–૭–૧૯૯૧ના રોજ મળેલ વરણીસમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનના ઇતિહાસ વિભાગમાં ઇતિહાસના પ્રાધ્યાપકની એક જગ્યા ભરવા માટેની વરણી–સમિતિની તા. ૩૧–૭–૧૯૯૧ના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવી તથા તે અનુસાર ઇતિહાસના પ્રાધ્યાપકની જગ્યા ઉપર ડૉ. (શ્રીમતી) એસ. એમ. મહેતાની, પ્રાધ્યાપકને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની નોંધ **પરિશિષ્ટ "૧૪"** તરીકે સામેલ છે.)

૩૩. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસ વિભાગમાં ઇતિહાસના વ્યાખ્યાતાની એક જગ્યા ભરવા માટે તા. ૩૧–૭–૧૯૯૧ના રોજ મળેલી વરણી–સમિતિની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત વરણીસમિતિની તા. ૩૧–૭–૧૯૯૧ના રોજ મળેલ સભાની ભલામણ મંજૂર રાખવી તથા તે અનુસાર યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વ્યાખ્યાતાની જગ્યા ઉપર કુ. શ્રદ્ધા ઝાની વ્યાખ્યાતાને લાગુ પડતા પગારધોરણમાં નિયમાનુસાર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની નોંધ **પરિશિષ્ટ "૧૫"** તરીકે સામેલ છે.)

૩૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૩૪(૧). પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદની જૂન ૧૯૯૧ થી બી.કૉમ.(ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણ-અરજી પરત્વેની એકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૮-૧૯૯૧ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોનાં ખરીદી કરીને તેમ કર્યાનો જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) આંકડાશાસ્ત્રના વિષયને માટે સામયિકો મંગાવવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૫) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

૩૪(૨). પરદેશથી આવતા વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની સમિતિએ નીચે જણાવેલ કૉલેજોમાં નક્કી કરેલ સંખ્યા પ્રમાણે જ પરદેશના વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે યુનિવર્સિટી કાર્યાલય પ્રવેશ આપવા અંગે અને તે પ્રમાણે વિદ્યાર્થીઓને જે વિદ્યાશાખામાં જોડાવા માટે કામચલાઉ પ્રવેશપત્ર પણ આપવા અંગે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જણુ માટે) :

વિજ્ઞાન વિદ્યાશાખા	નક્કી કરેલ સંખ્યા
૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ	૧૦
૨. એમ. જી. સાયન્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ	૧૦
૩. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ	૧૦
૪. આર. એ. કૉલેજ ઑફ સાયન્સ. ખાનપુર, અમદાવાદ	૧૦
૫. આર. જી. સાયન્સ કૉલેજ, વાસણા, અમદાવાદ	૧૦
૬. ગુજરાત કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ	૫
વિનયન વિદ્યાશાખા	
૧. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ	૧૫
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ	૨૫
વાણિજ્ય વિદ્યાશાખા	
૧. એચ. એ. કૉમર્સ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ	૫
૨. એચ. એલ. કૉમર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ	૫
૩. નવગુજરાત કૉમર્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ	૫
૪. સહજાનંદ કૉમર્સ કૉલેજ, આંબાવાડી, અમદાવાદ	૫
૫. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, કાલુપુર, અમદાવાદ	૫
૬. જી.બી. શાહ કૉમર્સ કૉલેજ, વાસણા અમદાવાદ.	૫

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરનાં ૩૪(૧) અને ૩૪ (૨)માં જણાવેલાં કાર્યોની નોંધ લેવી

૩૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ ગેર-વાજબી ઇલાજો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૯-૭-૧૯૯૧, તા. ૨૬-૭-૧૯૯૧ તેમ જ તા. ૨-૮-૧૯૯૧ અને ૯–૮–૧૯૯૧ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાશુદ્ધિ સમિતની તા. ૧૯-૭-૧૯૯૧, ૨૬-૭-૧૯૯૧, ૨-૮-૧૯૯૧ અને ૯-૮-૧૯૯૧ના રોજ મળેલી સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિના ભલામણો પરિશિષ્ટ તરીકે સામેલ નથી.)

૩૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજી વિભાગમાં લેક્ચરર તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. એસ. કિૃષ્ણમૂર્તિ તા. ૧૯–૫–૧૯૯૧ના રોજ સેમિનારમાં હાજરી આપવા માટે મંજૂરી મેળવ્યા વગર પરદેશ ગયા હતા અને પરદેશમાં યુનિવર્સિટીની પરવાનગી વગર નોકરી સ્વીકારીને યુનિવર્સિટી સાથે કરેલ કરારનો ભંગ કર્યો હોવાથી તેમની વર્તણૂક અંગે ઇન્કવાયરી ઑફિસરની નિમણૂક કરવામાં આવી હતી. ઇન્કવાયરી ઑફિસરના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એસ. કિૃષ્નમૂર્તિની વર્તણૂક અંગે નીમવામાં આવેલ તપાસ અધિકારીના લેવાલનો સ્વીકાર કરવો અને તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

૩૭. સને ૧૯૯૦–૯૧ના વર્ષના એમ.ડી.એસ.માં પ્રવેશ અંગે (૧) તા. ૧–૭–૧૯૯૧ (૨) તા. ૧૫–૭–૧૯૯૧ અને (૩) તા. ૨૨–૭–૧૯૯૧ અને તા. ૨૪–૭–૧૯૯૧ની પ્રવેશ સમિતની ભલામણો ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે વર્ષ ૧૯૯૦-૯૧ના એમ.ડી.એસ.માં પ્રવેશ અંગેની તા. ૧-૭-૧૯૯૧, ૧૫-૭-૧૯૯૧, ૨૨-૭-૧૯૯૧ અને ૨૪-૭-૧૯૯૧ની પ્રવેશ સમિતિની સભાઓમાં ઠરવામાં આવેલી ભલામણો સ્વીકારવી.

(પ્રવેશ સમિતિની ઉપરોક્ત તારીખોએ મળેલ સભાઓની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "૧૬" તરીકે સામેલ છે.)

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૩૮. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યોના સૂચન ઉપર લંબાણ પૂર્વકની ચર્ચા-વિચારણા પરથી ઠરાવવામાં આવ્યું કે કૉલેજોની વહીવટી ગ્રાન્ટના ૨૦% ગ્રાન્ટ યુનિવર્સિટી પ્રમાણિત કરે તે પછી જ રિલીઝ કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

૩૯. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યોના સૂચન પર ચર્ચા-વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો પૈકી જે કૉલેજોએ શૈક્ષણિક હેતુઓ સિવાયના હેતુ માટે કૉલેજનું મકાન કે તેનો કોઈ ભાગ ભાડે આપેલ હોય તો તે અંગે તપાસ કરવા માટે એક સમિતિ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝકયુટિવ કાઉન્સિલ/ ૩૬૧૧/૧૯૯૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
તા. ૧૦–૯–૧૯૯૧.

મ. પ. જડિયા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૧"
કામકાજ ક્રમાંક ૨(૧૮)

જુન-જુલાઈ, ૧૯૯૧ દરમ્યાન લેવાનારી એમ.એ., એમ.કૉમ., એલએલ.બી. ઇત્યાદિ પરીક્ષાઓમાં ઑબ્ઝર્વરની વ્યવસ્થા માટે અને તે માટેની સઘળી આનુષંગિક વ્યવસ્થા કરવાની ભલામણ કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની બેઠક શુક્રવાર, તા. ૨૧-૬-૧૯૯૧ના રોજ બપોરે ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે પ્રમાણે સભ્યો હાજર રહ્યા હતા :

૧. આચાર્યશ્રી એન. આર. શાહ	હાજર
૨. શ્રી એ. એ. આહલુવાલિયા	હાજર
૩. શ્રી એસ. જી. દેસાઈ	હાજર
૪. શ્રી શંકરભાઈ પટેલ	હાજર
૫. આચાર્યશ્રી દર્શનસિંગ એમ. શીખ	હાજર
૬. શ્રી પરાશર સી. વેરા	હાજર
૭. શ્રી અરવિંદભાઈ આર. શાહ	ગેરહાજર
૮. આચાર્યશ્રી આર. એચ. વ્યાસ	ગેરહાજર

સંભાનું પ્રમુખસ્થાનં આચાર્યશ્રી દર્શનાસગ એમ. શીખે સંભાળ્યું હતું. સમિતિએ ચર્ચા-વિચારણા બાદ નીચે પ્રમાણેની ભલામણ કરી છે.

(૧) તા. ૨૫-૬-૧૯૯૧ થી શરૂ થતી સ્થાનિક પરીક્ષા માટે નીચેના ચાર રૂટ નક્કી કરવામાં આવ્યા અને તેમાં નીચે પ્રમાણેની યાદી મુજબ ઑબ્ઝર્વર્સશ્રીઓને બોલાવવાનું નક્કી કર્યું :

રૂટ-૧	રૂટ-૨
સિટી આર્ટ્સ (લાલ દરવાજા)	એલ. ડી. આર્ટ્સ
આઈ. એમ. નાણાવટી (,,)	એચ. એલ. કૉમર્સ
સદ્‌ગુણા આર્ટ્સ (,,)	યુનિ. કૉમર્સ ભવન
મોતીલાલ નહેરુ લૉ	સેન્ટ ઝેવિયર્સ

રૂટ-૩	રૂટ-૪
સી. યુ. શાહ કૉમર્સ	એચ. એ. કૉમર્સ
નવગુજરાત કૉમર્સ	એલ. એ. શાહ લૉ
એચ. કે. કૉમર્સ	સાહજાનંદ
સિલ્ક એલ. યુ. કોર વિમેન	આર્ટ્સ એન્ડ કોમર્સ, મણિનગર

૧. શ્રી પટેલ શંકરભાઈ
૨. શ્રી દેસાઈ એસ. જી.
૩. શ્રી વોરા પરાશર સી.
૪. શ્રી શાહ એન. આર.
૫. શ્રી પંડ્યા એન. વી.
૬. શ્રી ઝદાણી વી. આર.
૭. શ્રી વ્યાસ આર. એચ.
૮. આચાર્યશ્રી દર્શનસિંગ એમ. શીખ
૯. શ્રી ગેમાવત સી. બી.
૧૦. શ્રી પટેલ કે. આઈ.
૧૧. શ્રી વૈદ્ય અરુણભાઈ
૧૨. શ્રી મહેતા દિગીશભાઈ
૧૩. શ્રી વોરા એ. બી.
૧૪. શ્રી પટેલ આઈ. ટી.
૧૫. શ્રી પટેલ આર. બી.

(૨) નડિયાદ અને ગાંધીનગર કેન્દ્રો માટે નીચેના સભ્યોશ્રોને બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું :
(૧) શ્રી પાઠક એન. વી. (૨) શ્રી નાયક વી. બી. (૩) શ્રો પટેલ આર. કે.
(૪) શ્રી પટેલ વી. જે. (૫) શ્રીમતી ભોજક અરુણાબહેન ટી. (૬) શ્રો દેસાઈ દિનકરભાઈ (એલ. ડી. આર્ટ્સ) (૭) શ્રી દેસાઈ ભરતભાઈ આર. (૮) શ્રો જયસ્વાલ એસ. એન.

(૩) ગોધરા કેન્દ્ર માટે (લો પરીક્ષા) શ્રી. બી. એન. ગાંધી અને શ્રા બંસીધર એન. ઉપાધ્યાય (આચાર્યશ્રી, બીરપુર આર્ટ્સ કોલેજ, બીરપુર)ને ઓબ્ઝર્વર્સ તરીકે નીમવા ભલામણ કરેલ હતી.

(૪) ખંભાત કેન્દ્ર માટે (લો પરીક્ષા) શ્રી. આહ્લુવાલિયા, શ્રા. કિશ્નાલાલ એસ. ગાંધી (આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પેટલાદ)ને ઓબ્ઝર્વર્સ તરીકે નીમવા ભલામણ કરેલ હતી

(૫) નડિયાદ, ગાંધીનગરમાં પહેલા ત્રણ દિવસ અમદાવાદથી બાકીના ત્રણ દિવસો ખંભાત ખાતે નિમાયેલા ઓબ્ઝર્વર્સ નડિયાદ જાય, કારણ પછીના ત્રણ દિવસ ખંભાત પરીક્ષા નથી.

(૬) સ્પાન ટ્રાવેલ્સ તરફથી તારીખ વગરની અરજી પર તથા ઓબ્ઝર્વર્સ તરફથી જે લેખિત રજૂઆત થઈ હતી તે પર પણ સમિતને વિચારણા કરતા જણાયું છે કે આનુષંગિક સંજોગો જોતાં એમ લાગે છે કે ગાડી બગડ્યા પછી તે રિપેર થાય ત્યાં સુધી વાજબી સમય સુધી ઓબ્ઝર્વર્સે રાહ જોવી જોઈતી હતી. પરંતુ આ પ્રકારની રાહ જોવાને બદલે પોતાની રીતે ઓબ્ઝર્વરોએ નવી ગાડી ભાડે કરીને અમદાવાદ પહોંચ્યા હતા.

અગાઉ સ્પાન ટ્રાવેલ્સ દ્વારા અન્ય કેસોમાં જ્યાં વધારે પડતો સમય પસાર થયો હોય કે ગાડી બગડી હોય અને વાજબી સમયમાં રિપેર થાય તેવી ન હોય ત્યારે જે વધારાનો ખર્ચ થયો છે તે સ્પાન ટ્રાવેલ્સે ભોગવ્યો છે. તે સંજોગોમાં આ કેસમાં પણ જો વધારે સમય લાગે તેવું હોત તો તેમણે આવું જ વલણ અખત્યાર કર્યું હોત.

ઉપરોક્ત સંજોગોમાં સમિતિ ભલામણ કરે છે કે આ શકનો લાભ આપી અને રૂ. ૫૮૦-૮૦ પૈસા (અંકે રૂપિયા પાંચસો એંશી અને એંશી પૈસા પૂરા) જે વધારાનો ખર્ચ થયો છે તે સ્પાન ટ્રાવેલ્સના બિલમાંથી કાપવો નહિ અને ભાવિષ્યમાં આવી પરિસ્થિતિમાં ઓબ્ઝર્વર્સ વ્યવહારુ નીતિ અપનાવે તેવી ગોઠવણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડેયા
કા. કુલસચિવ

પરિશિષ્ટ " ૨ "
ક્રમાંક ૯

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the reserve post of Professor of Gujarati (B.P.) in the University School of Languages, Gujarat University, Ahmedabad–380 009, was held on Monday the 8th July, 1991, at 1 p.m. Dr. M. N. Desai, Vice–Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2.	Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Absent
3.	Prof. P. R. Teraiya	Present
4.	Prof. Y. P. Shukla	Present
5.	Prof. S. Y. Mehta	Absent
6.	Prof. Dhirubhai Parikh (Invitee)	Present.

Shri B. M. Brahmbhatt (the only one candidate for this post) was called for an interview.

After interviewing the candidate and considering his relative merits, the Committee recommends as under :

Shri B. M. Brahmbhatt is suituble for the post of Reader in Gujarati.

Dr. M. N. Desai
Prof. P. R. Teraiya
Prof. Y. P. Shukla

પરિશિષ્ટ "૩"
સામેલાગ ક્રમાંક ૧૦

Confidential

A meeting of the Selection Committee for recommending names for promotion to the post of Reader in Gujarati, under the Career Advancement Scheme of U.G.C. in the University School of Languages, Gujarat University, Ahmedabad–380 009 was held on Monday the 8th July, 1991, at 1 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2.	Prof. A. T. Desai, Pro-Vice-Chancellor	Absent
3.	Prof. P. R. Teraiya	Present
4.	Prof. Y. P. Shukla	Present
5.	Prof. S. Y. Mehta	Absent
6.	Prof. Dhirubhai Parikh (Invitee)	Present.

Dr. S. G. Vyas was called for an interview.

After evaluating his work including his Research Publications, Books Reviews, Curriculum development, Teaching aids Invnovation in teaching methods, equipment developed etc. and interviewing him and judging his merits the Committee recommends as under :

The committee is of the opinion that Dr. S. G. Vyas is suitable for Reader's designation under 'Career Advancement Scheme' of U.G.C.

Dr. M. N. Desai
Prof. P. R. Teraiya
Prof. Y. P. Shukla

પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૧૩

બિનસરકારી કાયદાની કૉલેજોના શિક્ષકોને મેહરોત્રા પગારધોરણ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક—પરચ—૧૧૮૯—૩૦૮૧ (૧૯૩/૮૯) ખ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૬—૩—૧૯૯૧.

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક—એમઆઇએસ—૧૧૮૭—૫૫૮૪૩—ખ. તા. ૧૪—૯—૧૯૮૮.

(૨) શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક—એનજીસી—૧૫૮૪—સીએમ—૧૬૭—(૫૦/૮૮)ખ. તા. ૧૨—૭—૧૯૯૦.

ઠરાવ :

બિન સરકારી કાયદાની કૉલેજોને આર્ટ્સ, કૉમર્સ, વિજ્ઞાન અને બી.એડ.ની કૉલેજોના શિક્ષકોને તા. ૧૪—૯—૧૯૮૮ના ઠરાવથી આપવામાં આવેલ મેહરોત્રા પગારધોરણ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણાને અંતે તા. ૧૪—૯—૧૯૮૮ના ઠરાવમાં આર્ટ્સ, કૉમર્સ, વિજ્ઞાન અને બી.એડ.ની કૉલેજોના શિક્ષકો માટે નક્કી કરેલ લાયકાત/ભરતી નિયમો સિવાય તેમાં થયેલા તમામ સુધારા વધારા સહિત લાગુ પાડવામાં આવે છે. અને સરકારી કાયદાની કૉલેજોના શિક્ષકોના લાયકાત/ભરતી નિયમો બિનસરકારી કાયદાની કૉલેજના શિક્ષકોને લાગુ પાડવામાં આવે છે.

આ અંગેનું ખર્ચ બજેટ સદર ૨૨૦૨. સામાન્ય શિક્ષણ—૦૩—યુનિ. અને અધર ઉચ્ચશિક્ષણ "હેઠળ ઉધારવું અને તે હેઠળ મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી મેળવવું.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૧—૨—૧૯૯૧ના રોજ મળેલ અનુમતી બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

હિનેશ વ્યાસ
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પરિશિષ્ટ "ક ૫"

કામકાજ ક્રમાંક ૧૪

મહાત્મા યોગેશ્વરજી સંસ્કૃતિ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો પ્રતિવર્ષ આયોજવા અંગેના નિયમો

૧. આ અનુદાનના ફંડને "મહાત્મા યોગેશ્વરજી સંસ્કૃતિ વ્યાખ્યાનમાળા ફંડ" કહેવામાં આવશે.

૨. આ વ્યાખ્યાનમાળા માટે કોઈ પણ વિદ્વાનને ભારતીય સંસ્કૃતિમાં સમાવિષ્ટ થતા બધા જ પ્રકારના વિષયો જેવા કે ધ્યાન, દર્શન, ધર્મ, કળા, સ્થાપત્ય, સંગીત ઇત્યાદિ પર એક પ્રવચન કરવા માટે દરવર્ષે આમંત્રવામાં આવશે અને આ પ્રવચન વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાના ભૌતિક ઘડતરમાં ઉપયોગી નીવડે એવા વિષય પરનું જ હોવું જોઈએ.

૩. આ પ્રવચન હિંદી, ગુજરાતી તેમ જ અંગ્રેજી ભાષામાં આપી શકાશે.

૪. આ પ્રવચન દરવર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમદાવાદમાં અથવા ગુજરાત યુનિવર્સિટી સાથેની કોઇ પણ સંલગ્ન કૉલેજમાં અન્ય સ્થળે રાખવું.

૫. આ પ્રવચન માટે પ્રવચનકારને વ્યાજની આવકના બજેટની મર્યાદામાં રહીને વધુમાં વધુ રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા)નો માનદ પુરસ્કાર આપવો અને તેમના નિવાસ-સ્થાનથી પ્રવચન સ્થળ સુધી આવવા માટે અને પરત જવા માટે પ્રથમ વર્ગનું કે લકઝરી બસનું ખરેખર થતું પ્રવાસ ખર્ચ ચૂકવવું.

૬. નિવાસની વ્યવસ્થા પ્રવાસનું આવવા-જવાનું ભાડું જો કોઇ કૉલેજ કે સંસ્થા ભોગવે તો તે સમયે યુનિવર્સિટી દ્વારા આ ખર્ચ ભોગવવાનું રહેશે નહીં.

૭. પ્રવચનકારે આ પ્રવચનની હસ્તલિખિત કે ટાઇપ કરેલી બે નકલો યુનિવર્સિટીને આપવાની રહેશે, જેમાંથી એક નકલ ગુજરાત યુનિવર્સિટી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીને દરવર્ષે મોકલશે.

૮. યુનિવર્સિટીએ આ વ્યાખ્યાન માટે નિમંત્રણ પત્રિકાઓ છપાવવાની, રહેઠાણ તથા જમવાની ટપાલ ખર્ચ પબ્લિસિટી (જાહેરાત) ખર્ચ ઇત્યાદિ ખર્ચ વ્યાજની આવેલ રકમમાંથી કરવાનો રહેશે અને સ્થાનિક પેપરોમાં સમાચાર તરીકે આપવાના રહેશે.

૯. ખર્ચને પહોંચી શકાય તેમ ના હોય તો ટ્રસ્ટને વિનંતી કરવાથી દાનની વધુ રકમ ફાળવી આપવા જણાવવા માટે વિનંતી કરવી.

૧૦. આ પ્રવચન જ્યારે યોજાય ત્યારે તેની નિમંત્રણપત્રિકાઓની ૨૫ નકલો સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીને મોકલવાની રહેશે.

૧૧. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

૧૨. આ સખાવતની વાર્ષિક આવકની બચત રહે કે કોઈ સંજોગોમાં કોઈ વર્ષે આ વ્યાખ્યાનમાળા યોજી ના શકાય તો તે વર્ષની વ્યાજની રકમ મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૧૩. આ પ્રવચન યોજાય તેનો અહેવાલ દરવર્ષે ગુજરાત યુનિવર્સિટીએ પોતાના વાર્ષિક અહેવાલમાં યુવક કલ્યાણ વિભાગના અહેવાલના ભાગ રૂપે સમાવિષ્ટ કરવાનાં રહેશે.

૧૪. આ પ્રવચન યોજાય તે પૂરું પ્રવચન કે તેનો મહત્ત્વનો સારભાગ ગુજરાત યુનિવર્સિટીના મુખપત્ર 'વિદ્યા'માં કે 'વિદ્યાવૃત્ત'માં પ્રસિદ્ધ કરવાનો રહેશે.

૧૫. આ પ્રદાન બેનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાય તો તેમ કરવા માટે તેને અધિકાર રહેશે.

૧૬. પ્રતિવર્ષે યોજવામાં આવનાર વ્યાખ્યાનમાળાનો વિષય ડાયરેકટર ઑફ યુથ વેલફેર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ વિચારવિમર્શ કરીને નક્કી કરશે.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૧૫

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૮-૬-૧૯૯૧ ને શુક્રવારના રોજ ૧૫-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. અંબુભાઇ ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪.	શ્રી. નરહરિભાઇ એચ. અમીન	ગેરહાજર
૫.	શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭/૧૮-૫-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૧૭/૧૮-૫-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી હેલ્થ સેન્ટર માટે વર્ષ ૧૯૯૧-૯૨ દરમ્યાન દવાઓ ખરીદવા રેટ કૉન્ટ્રાક્ટ કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં વર્ષ ૧૯૯૧-૯૨ દરમિયાન દવાઓ ખરીદવા રેન્ટ કૉન્ટ્રાક્ટ આ સાથેના **પરિશિષ્ટ "એ" (છાપેલ નથી)** પ્રમાણેના ભાવથી તથા ટેન્ડરની શરતોએ ખરીદવાનું રાખવું.

૩. યુનિવર્સિટી ઑફિસ કૉમ્પ્યુટર માટે સી. ટી. ડી. ડ્રાઈવ અને કૉમ્પ્યુટર લેબોરેટરી માટે લાઈન ડ્રાઇવ અને ઓવર હેડ પ્રોજેક્ટર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફિસ કૉમ્પ્યુટર સી. ટી. ડી. ડ્રાઈવ અને કૉમ્પ્યુટર લેબોરેટરી માટે લાઈન ડ્રાઈવ અને ઓવર હેડ પ્રોજેક્ટર નીચે પ્રમાણે ખરીદવા "એ" અંગેનું ખર્ચ આપની યોજના નીચે મળેલી ઈક્વિપમેન્ટ ગ્રાન્ટ સામે પાડવું તથા "બી" અંગેનું ખર્ચ ફાઈનાન્સ કમિટિના પ્રોજેક્ટ હેઠળ પાડવું.

Purchase of CTD Drive for University Office and Modem, Line Driver and Over Head Projector for the Computer Laboratory.

(A) CARTRIDEE TAPE-DRIVE AND CONTROLLER CARDS for University OFFICE :

Sr. No.	*Item*	*Name of Party*	*Quantity*	*Price*	*Remarks*
1.	CTD DRIVE TVSE 4040 EXT 120 MB	E.S.P.L.	1	15,500	LOWEST
2.	EXTRA CONTROLLER CARD	E.S.P.L.	4	3,900	LOWEST

(B) MODEM, LINE DRIVER AND OVER HEAD PROJECTOR for COMPUTER Laboratory :

Sr. No.	*Item*	*Name of Party*	*Quantity*	*Price*	*Remarks*
1.	MODEM MULTITECH 224EH 2400 BPS	Kirti Sal.	1	12,900	LOWEST
2.	LINE DRIVER Model 2300	United Net	2	5,780	(Ready & works on two lines only instead of four lines)
3.	OVER HEAD PROJECTOR GE-WITH 3 ELEMENT TWIN LAMP	Audio-VISION	1	8,200	(Better Facilities and suitable to be used with LCD Plate)

૪. કૉમ્પ્યુટર સેન્ટરને રેજીના યુનિવર્સિટી પ્રોજેક્ટ માટે FAX તેમજ સ્પીડ પોસ્ટ અંગે રૂ. ૧,૦૦૦/— (એક હજાર પૂરા) પેટીકેશ રાખવા અંગે વિચારણા કરવા બાબત,

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરને રેજીના યુનિવર્સિટી પ્રોજેક્ટ માટે રૂ. ૧,૦૦૦/— (રૂપિયા એક હજાર પૂરા) પેટીકેશ મંજૂર કરવી.

૫. ભૌતિકવિજ્ઞાન વિભાગને એટમોસ્ફેરિક સાયન્સ અંગે યુ. જી. સી. ની ગ્રાન્ટમાંથી વૈજ્ઞાનિક સાધનો ખરીદવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભાતિકવિજ્ઞાન વિભાગમાં ચાલતા એટમોસ્ફેરિક સાયન્સના કોર્સ માટે યુ. જી. સી. ની ગ્રાન્ટમાંથી આ સાથેના પરિશિષ્ટ "બ" (છાપેલ નથી) મુજબ સાધનો ખરીદવાં.

૬. યુનિવર્સિટીની સ્થાપનાના સમયથી તે અત્યાર સુધીનાં જુદાં જુદાં ફંકશનો તથા કૉન્વોકેશનને આવરી લેતા આશરે ૪૦૦ જેટલા ફોટોગ્રાફનું એક ડોકયુમેન્ટ શ્રી સુખદેવ ભચેચ પાસે તૈયાર કરાવવા થનાર અંદાજી ખર્ચ રૂ. ૨૧,૦૦૦ (રૂપિયા એકવીસ હજાર પૂરા) અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની સ્થાપનાના સમયથી તે અત્યાર સુધીનાં જુદાં જુદાં ફંકશનો તથા કૉન્વોકેશનને આવરી લેતા આશરે ૪૦૦ જેટલા ફોટોગ્રાફનું એક ડોકયુમેન્ટ શ્રી સુખદેવ ભચેચ પાસે તૈયાર કરાવવું અને તે અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૧,૦૦૦ (રૂપિયા એકવીસ હજાર પૂરા) મંજૂર કરવો.

૭. પ્રાણીવિજ્ઞાન વિભાગની કોર્સિપ યોજના માટે રિસર્ચ જર્નલ્સ રૂ. ૪૦,૦૦૦ (રૂપિયા ચાલીસ હજાર પૂરા)ના ખર્ચે ખરીદવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા.

૮. રસાયણવિજ્ઞાન વિભાગ માટે એરકન્ડિશનર ૨ ટન કેપેસિટીનું મે. સફાયર એજન્સી પાસેથી રૂ. ૩૭,૪૩૫ના ભાવથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે ૨ ટન કેપેસિટીનું એક નંગ એરકન્ડિશનર રૂ. ૩૭,૪૩૫ના ખર્ચે મે. સફાયર એજન્સી પાસેથી ખરીદવું.

૯. યુનિવર્સિટી તથા વિભાગોના વર્ગ-૪ના કર્મચારીઓને સેન્ડલના બદલે "ગ્રામોદ્યોગ ગાંધીહાટ"માંથી ચંપલ ખરીદવા અંગે આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી તથા વિભાગોના વર્ગ-૪ના કર્મચારીઓને સેન્ડલના બદલે ચંપલ "ગ્રામોદ્યોગ ગાંધીહાટ"માંથી એક નંગના રૂ. ૭૦ (રૂપિયા સિત્તેર પૂરા)ના ભાવથી જરૂરિયાત પ્રમાણે ખરીદવા.

૧૦. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોના કુલ સાત ઇલેકટ્રોનિક ટાઇપ-રાઇટર્સનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ રૂ. ૨૩,૦૮૫ (રૂપિયા તેવીસ હજાર પંચ્યાસી પૂરા)ના ખર્ચે મે. નેટવર્ક લિ. સાથે કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોના નેટવર્ક બનાવટના સાત ઇલેકટ્રોનિક ટાઇપરાઇટર્સનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાકટ રૂ ૨૩,૦૮૫ (રૂપિયા તેવીસ હજાર પંચ્યાશી પૂરા)ના ખર્ચે તારીખ ૧-૭-૧૯૯૧થી મે. નેટવર્ક લિ. સાથે કરવો.

૧૧. **કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :**

(૧) યુનિવર્સિટી કાર્યાલયના વપરાશ અંગે બે નવા વૉટરકૂલર સરકારના ડી. જી. એસ. એન્ડ ડી.ના ભાવથી મે. વોલ્ટાસ લિ. પાસેથી રૂ. ૨૧,૩૭૮-૯૫ પૈસાના ખર્ચે ખરીદવા મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

(૨) યુનિવર્સિટી રીડર ફલેટ પાસેનો સબમર્સિબલ પંપ રૂ. ૮,૭૬૮ના ખર્ચે મે. સકીન સ્ટમ્પિંગ્સ પાસે રિપેર કરાવવાનું ખર્ચ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીનાં સદરહુ કાર્યની નોંધ લેવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૧૨. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વર્ગ–૪ના કર્મચારીઓના ગણવેશ સિલાઈ અંગે મંગાવેલ ક્વોટેશનનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સૌથી ઓછા ભાવે સિલાઈ કરી આપનાર વેપારી મે. વી. બી. ટેલર્સને નીચેની વિગતે તથા ભાવથી કામ સોંપવું :

યુનિફોર્મનું નામ	કાપડ–મીટરમાં	સિલાઈનો ભાવ
૧. સફેદ પેન્ટ તથા ટોપી	૧.૩૫	૩૩
૨. સફેદ શર્ટ	૨.૨૫	૧૧
૩. બ્લ્યૂ પેન્ટ	૧.૨૦	૩૩
૪. બ્લ્યૂ શર્ટ	૧.૪૦	૧૦
૫. ગરમ યુનિફોર્મ (કોટ તથા પેન્ટ)	૨.૬૫ (૨.૦૦ અસ્તર)	૧૨૫

૧૩. રસાયણવિજ્ઞાન વિભાગમાં નવા બંધાયેલા રૂમમાં ફોલ્સ સીલિંગના કામ માટે મંગાવેલાં ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફોલ્સ સીલિંગનું કામ મે. ક્રિશ્ના એન્જિનિયરિંગ વર્કસને સોંપવું તથા તે અંગે અંદાજી ખર્ચ રૂ. ૯,૬૮૦ (નવ હજાર છસો એંશી પૂરા) સુધી મંજૂર કરવો.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે વર્ષ ૧૯૯૧–૯૨ દરમ્યાન ઇક્વિપમેન્ટ ખરીદવા માટે રેટ કોન્ટ્રાક્ટ કરવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનોના વિભાગો માટે ઇક્વિપમેન્ટ ખરીદવા રેટ કોન્ટ્રાક્ટ મે. સિસ્ટ્રોનિક, અમદાવાદ તથા ટોશનીવાલ બ્રધર્સ (બૉમ્બે) પ્રા. લિ., મુંબઈ સાથે તેઓના પત્રમાં જણાવેલ શરતોએ વર્ષ ૧૯૯૧–૯૨ માટે કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૨૧–૩–૧૯૯૧ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિના ઠરાવ ૧૫થી ઇક્વિપમેન્ટ ખરીદવા ઠરાવ કરેલ હતો, પરંતુ તે વેપારીઓ જૂના ભાવથી સાધનો આપવા તૈયાર ના હોવાથી, તેમની પાસેથી વર્ષ ૧૯૯૧–૯૨ના રેટ કોન્ટ્રાક્ટ ભાવથી તે સાધનો ખરીદવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૭"
ક્રમિકાન્ક ક્રમાંક ૧૯

રજા પ્રવાસ રાહત.....
પોતાની કાર/વિમાન દ્વારા પ્રવાસ
કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૯૧ / ૧૫૭૫-જ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૮મી જૂન, ૧૯૯૧.

વાંચાણમાં લીધા :— (૧) ના. વિ. ઠરાવ ક્રમાંક : મસભ-૨૧૬૬-૪૨૯૮-જ,
તા. ૧૫—૧૦—૧૯૬૬.
(૨) ના. વિ. ઠ. ક્રમાંક : પીસીઆર-૧૦૮૬-૧૯૪૦-(૬)મ,
તા. ૨૨—૧—૧૯૮૭.
(૩) ના. વિ. ઠ. ક્રમાંક : મસભ-૧૦૮૯-૧૩૫૯-જ,
તા. ૨૩—૮—૧૯૮૯.
(૪) ના. વિ. ઠ. ક્રમાંક : મસભ-૧૧૦૯૦-૧૧૦૫૮-જ,
તા. ૩૦-૭-૧૯૯૦.
(૫) ના. વિ. પત્ર ક્રમાંક : મસભ-૧૦૮૭-૧૫૭૫-જ,
તા. ૯-૯-૧૯૮૭.
(૬) ના. વિ. ઠરાવ નં. ઈસીઆર-૧૦૮૭-૨૮-એમ,
તા. ૭-૮-૧૯૮૭.

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ ઠરાવોની જોગવાઈ અનુસાર જ્યારે કર્મચારી રજા પ્રવાસ રાહત ભોગવે ત્યારે તેને રેલવે ભાડાની મર્યાદામાં આવી મુસાફરીના નાણાં મળવાપાત્ર છે. આવો પ્રવાસ ખાનગી વાહનમાં ન કરતાં રેલવે કે અન્ય જાહેર વાહનોમાં કરવાનો હોય છે. આ જોગવાઈમાં છૂટછાટ મૂકવાની બાબત કેટલાક સભ્યથી સરકારની વિચારણા હેઠળ હતી કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકાર નીચે મુજબની છૂટછાટો આપવાનું ઠરાવે છે :

૨. (૧) જે અધિકારીઓ ફરજ ઉપરની મુસાફરી દરમિયાન પોતાની ગાડી લઈ જઈ શકતા હોય અને રેલવેથી સંકળાયેલા સ્થળો વચ્ચેથી મુસાફરી માટે પણ પૂર્ણ દરે રોડ માઈલેજ આકારી શકતા હોય, તેવા અધિકારીઓ, રજા પ્રવાસ રાહતનો લાભ પોતાની ગાડી દ્વારા પ્રવાસ કરીને લઈ શકશે.

આવી મુસાફરી માટે તેમને ખરેખર માઇલેજ ખર્ચ અથવા તો મળવાપાત્ર રેલવે ભાડું એમાંથી જે રકમ ઓછી હશે તે રકમ મળવાપાત્ર થશે. આ હેતુ માટે સૌથી ટૂંકા અને સસ્તા રેલવે માર્ગને ગણતરીમાં લેવાના રહેશે.

(૨) રૂ. ૪૫૦૦/- કે તેથી વધુ મૂળ પગાર મેળવતા અધિકારીઓ કે જેઓ ફરજ ઉપરની મુસાફરી હવાઈ માર્ગ કરવા સક્ષમ છે, તેવા અધિકારીઓ રજા પ્રવાસ રાહત હવાઈ માર્ગ મુસાફરી કરીને ભોગવી શકશે. આવી મુસાફરી માટે તેઓને હકદાર વિમાની વર્ગનું ભાડું મળવાપાત્ર થશે.

ઉપરોક્ત છૂટછાટોનો લાભ વતન પ્રવાસના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે. રજા પ્રવાસ રાહત અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

(૩) આ હુકમોનો અમલ તા. ૧—૭—૧૯૯૧થી કરવાનો રહેશે. જે દાવાઓનો નિકાલ થઈ ગયો હોય તે પુનઃ ખોલવાના રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિન્દુ ગામીત
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૨૦

યુનિવર્સિટી અને બિન સરકારી કૉલેજોના શિક્ષકો તથા બિન શિક્ષકો માટેની પેન્શન યોજના.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : પરચ-૧૧૯૦-એમએલએ-૧૮૦-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦-૪-૧૯૯૧.

વંચાણે લીધા :—(૧) શિક્ષણ વિભાગના તા. ૧૫-૧૦-૧૯૮૪ના સરકારી ઠરાવ ક્રમાંક એનજી.સી-૧૫૮૨-૯૫૦૫-(૮૪) ખ.

(૨) શિક્ષણ વિભાગ, તા. ૩-૭-૧૯૮૭ના ઠરાવ ક્રમાંક : એન.જી.સી.-૧૦૮૪-સીએમ-૩૦-૮૭-ખ.

(૩) શિક્ષણ વિભાગ સરકારી ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૦૮૩-૪૬૩૩-ખ, તા. ૧૪-૯-૧૯૮૮.

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી યુનિવર્સિટી અને બિન સરકારી સંલગ્ન કૉલેજોના શિક્ષકો તથા બિનશિક્ષક કર્મચારીઓ માટે પેન્શન યોજના લાગુ પાડવામાં આવેલ છે. આ યોજનામાં ભારત સરકાર હેઠળ બજાવેલ સેવાઓને પેન્શનના હેતુ માટે જોડી આપવા રજૂઆત ગુજરાત અધ્યાપક મંડળ તરફથી થયેલ હતી. કાળજીભરી વિચારણાને અંતે યુનિવર્સિટી તથા કૉલેજના શિક્ષક તથા બિનશિક્ષક કર્મચારીઓએ ભારત સરકાર હેઠળ જે સેવાઓ બજાવી હોય તે સઘળી સેવાઓ પેન્શનના હેતુ માટે જોડી આપવા એટલે કે ઉક્ત નોકરીને ક્વોલિફાઈંગ નોકરી ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા ૮-૪-૧૯૯૧ના રોજ મળેલ અનુમતી બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

દિનેશ વ્યાસ
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પરિશિષ્ટ "૯"

(૧૦) નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને એમ.એ.ની પદવી પરીક્ષામાં હિંદી (મુખ્ય) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા બાબતમા પ્રો. કે. એસ. શાસ્ત્રી અને આચાર્યશ્રી ડી. એમ. શીખની તપાસસમિતિ નીમવામાં આવી. તપાસસમિતિના હેવાલ અંગે જે તે નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

(તપાસસમિતિએ હેવાલ રજૂ કરતાં કુલપતિશ્રીને એમ.એ.ની પદવી પરીક્ષામાં હિંદી (મુખ્ય) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપી છે.)

(૧૧) સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરાને એમ.કૉમ.ની પદવી પરીક્ષામાં કૉસ્ટ એકાઉન્ટિંગ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપવી નહીં.

(૧૨) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈને એમ.એસસી.ની પદવી પરીક્ષામાં ઓર્ગેનિક કેમેસ્ટ્રીના વિષયનું અનુસ્નાતક કેન્દ્ર, કૉલેજમાં હાલ ચાલતું એમ.એસસી.ની પદવી પરીક્ષામાં ઇનઓર્ગેનિક કેમેસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર બંધ કરી તેને બદલે શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી.

૩. એમ.એડ.નાં અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓની સંખ્યા (આવક), ખર્ચ વગેરેમાં અનુસ્નાતક કેન્દ્રો ચાલુ રાખવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ચર્ચા વિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે એમ.એડ.નાં અનુસ્નાતક કેન્દ્રોના વિદ્યાર્થીઓની સંખ્યા (આવક), ખર્ચ વગેરે જોતાં અનુસ્નાતક કેન્દ્રો ચાલુ રાખવા બાબતમાં નિયમો ઘડવા માટે સૌપ્રથમ વર્ષ ૧૯૯૦-૯૧ની વિગતો મંગાવવી.

૪. આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદના એલ. એલ. એમ. ગ્રુપ-૪ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જની વર્ષ ૧૯૯૦-૯૧ અને તે પછી એલએલ.એમ. ગ્રુપ-૪નું અનુસ્નાતક કેન્દ્ર કાયમી ધોરણે સર એલ. એ શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ચલાવવા દેવાની વિનંતી બાબતે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદનું એલ. એલ. એમ. ગ્રુપ-૪નું અનુસ્નાતક કેન્દ્ર કાયમી ધોરણે સર એલ. એલ એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ ખાતે ચલાવવા દેવાની મંજૂરી આપવી.

૫. પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષકની માન્યતા મેળવવા અંગેના ઑર્ડિ. ૬૫ (એચ)(એ) અંગે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન વાણિજ્ય અને એજ્યુકેશન વિદ્યાશાખા પૂરતા પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષકની માન્યતા અંગેના ઑર્ડિ. ૬૫ (એચ) (એ)માં "With five years standing as a recognised Post-graduate teacher"ની જગ્યાએ "With Seven years' teaching experience at the Post-graduate, level." તે મુજબનો સુધારો કરી ઑર્ડિ. ૬૫ (એચ.) આ સાથે **પરિશિષ્ટ 'અ'** મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કા. કુલસચિવ

परिशिष्ट 'अ' [पा. क. ३९/५]

RULES RELATING TO THE RECOGNITION OF PERSON AS UNIVERSITY TEACHERS FOR THE PH.D. DEGREE FOR ARTS, SCIENCE, COMMERCE AND EDUCATION FACULTIES

O. 65-H :

A teacher to be recognised for the Ph.D. Degree shall have the following qualifications over and above psescribed for recognition vide O.65-M as a teacher for Master's Degree :

(*a*) A research degree to recognised University in the subject in which recognition is sought with Seven years teaching experience at the Post-graduate level and/or as a research worker.

OR

(*a*) A Master's Degree at least with Second Class of a recognised University in the subject in which recognition is sought with ten year's teaching experience in the subject at the Post-graduate level and/or a research worker.

AND

(*b*) Independent published research treatise and/or published papers of recognised merit.

OR

(*b*) Ten independent research papers in the subject published in learned journals.

Note.—In the case of a teacher / scholor already recognised for one subject and who does not hold a Master's degree or a resesrch degree in the second subject for which recognition is sought as a Ph.D. guide, the University may on the recommendation of a committee of three experts in the subject based on an examination of his research publications/works waive the requirement for a Masrer's or a Research Degree.

FOR COMMERCE FACULTY :

N.B.— The term "subject" shall comprise those subjects for which a teacher can be reoognised at post-graduate level.

પરિશિષ્ટ "૧૬"

કામકાજ ક્રમાંક ૩૭

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૫-૧૨-૧૯૯૧ને ગુરુવારના રોજ ૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઇએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૫–૧૨–૧૯૯૧
૧.	ડૉ. એમ. એન. દેસાઇ, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. અંબુભાઇ ટી. દેસાઇ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪.	શ્રી. નરહરિભાઇ એચ. અમીન	ગેરહાજર
૫.	શ્રી. અરવિંદભાઇ આર. શાહ	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૯-૧૦-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૯-૧૦-૧૯૯૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના વર્ગ ૪ કર્મચારીઓના ગરમ કોટ માટે અસ્તરનું કાપડ ખરીદવા મંગાવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વર્ગ ૪ કર્મચારીઓના ગરમ કોટ માટે અસ્તરનું કાપડ મે. સમ્યક ટેક્સટાઇલ પાસેથી તેઓના નમૂના ડી. મધુસુદન ૪૪" પનાનું મીટરના રૂ ૩૩ના ભાવવાળું યુનિવર્સિટીની જરૂરિયાત પ્રમાણે ખરીદવું.

૩. યુનિવર્સિટી હૉસ્ટેલ તથા અન્ય વિભાગો માટે સીલિંગ ફેન ખરીદવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી હોસ્ટેલ તથા અન્ય વિભાગો માટે ૩૪ નંગ સીલિંગ ફેન સૌથી ઓછા ભાવે આપનાર વેપારી મે. ઓરિયેન્ટ જનરલ ઇન્ડસ્ટ્રીઝના ડીલર મે. ઇલેક્ટ્રો એજન્સી, અમદાવાદ પાસેથી નંગના રૂ. ૬૮૮-૨૬ પૈસાના ભાવે ખરીદવાં.

૪. ઝૂલોજી વિજ્ઞાન વિદ્યા વિભાગમાં સિવિલ કામ અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગમાં સુધારાવધારાનું કામ ઓછા ભાવ આપનાર વેપારી મે. શ્રીજી કંન્સ્ટ્રકશન કું. પાસેથી રૂ. ૮,૯૯૦ના ખર્ચે કરાવવાનું રાખવું.

૫. એસ્ટેટ વિભાગ માટે સ્ટીલ કબાટ ખરીદવા અંગે આવેલ કોટેશન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ વિભાગ માટે પીજીયન હોલ કબાટ નંગ એક મે. એલાઈડ મર્ચન્ટાઈઝિંગ કોર્પોરેશન પાસેથી રૂ. ૩,૧૭૫ના ખર્ચે ખરીદવાનું રાખવું.

૬. ગણિત વિજ્ઞાન વિભાગને ઇલેક્ટ્રોનિક ટાઈપરાઈટર માટે રીબન, રીફિલિંગ ટેપ, તથા ડેઈઝી વ્હીલ મે. સુપર સર્વિસિસ પાસેથી રૂ. ૭,૩૬૮-૬૦ પૈસાના કિંમતે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિત વિભાગને ઇલેક્ટ્રોનિક ટાઈપરાઈટર માટે રીબન રીફિલ્સ કરેક્ટિંગ ટેપ તથા ડેઈઝી વ્હીલ મે. સુપર સર્વિસિસ, અમદાવાદ પાસેથી રૂ. ૭,૩૬૮-૬૦ પૈસાના ખર્ચે ખરીદવા.

૭. પ્રેસના કટિંગ મશીનની સ્પ્રિંગ નંગ ૪ તથા શાફ્ટિંગ શ્રી વિનોદભાઈ મિસ્ત્રી પાસે ફિટ કરાવવા અંગે થનાર ખર્ચ રૂ. ૭,૮૯૨ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રેસના કટિંગ મશીનની સ્પ્રિંગ નંગ-૪ બનાવવાનું તથા શાફ્ટિંગ ફિટ કરાવવાનું કામ શ્રી વિનોદભાઈ મિસ્ત્રી પાસે રૂ. ૭,૮૯૨ના ખર્ચે કરાવવું.

૮. ઈ.એમ.આર.સી વિભાગને વી.એચ.એસ. વિડિયો કેસેટ નંગ ૬૦, એક નંગના રૂ. ૧૬૦ લેખે ખરીદવા થનાર ખર્ચ ૯,૬૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈ.એમ.આર.સી. વિભાગ માટે ગરવારે બનાવટની ડબ્બલ કોટેડ પ્રકારની વી.એચ.એસ. વિડિયો કેસેટ સોથી ઓછા ભાવે આપનાર વેપારી મે. ચંદ્રા સેલ્સ કોર્પોરેશન પાસેથી રૂ. ૧૬૦ નંગના ભાવે ૬૦ નંગ ખરીદવાનું રાખવું.

૯. ઈ.એમ.આર.સી. વિભાગને યુમેટિક વિડિયો કેસેટસ નંગ-૬૦૦ મે. ગુજરાત સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. પાસેથી રૂ. ૬,૦૨,૮૫૨ના ખર્ચે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઈ.એમ.આર.સી. વિભાગ માટે ૬૦૦ નંગ યુ મેટિક વિડિયો કેસેટ મે. ગુજરાત સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન. લિ. પાસેથી રૂ. ૬,૦૨,૮૫૨ના ખર્ચે ખરીદવાનું રાખવું.

૧૦. ઈ.એમ.આર.સી. વિભાગના જપાન બનાવટના વિડિયો કેસેટ રેકોર્ડર્સ માટે સ્પેર પાર્ટ્સ મે. સીસ્ટ્રોનિકસ, અમદાવાદ મારફત રૂ. ૧૬,૦૦૦ના ખર્ચે આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબત હાલ મુલતવી રાખવી.

૧૧. ઈ.એમ.આર.સી. વિભાગને જપાન બનાવટના ઓડિયો-વિડિયો સાધનો માટે સ્પેર પાર્ટ્સ સોની કોર્પોરેશન, જપાનના ભારત ખાતે અધિકૃત એજન્ટ મે. ટોલેરેડ, અમદાવાદ મારફત રૂ. ૨,૪૪,૦૦૦ના ખર્ચે આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબત હાલ મુલતવી રાખવી.

૧૨. યુનિવર્સિટી કેમ્પસ તથા વિભાગોમાં માટી પુરાણ કરાવવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં જુદી જુદી જગ્યાએ માટી પુરાણ કામ સૌથી ઓછા ભાવ આપનાર શ્રી ઉમેશ ગોર પાસે એક ખાસના રૂ. ૮૮ લેખે ૧૦૦ ખાસ માટી નંખાવવાનું રાખવું.

કમિટી સમક્ષ ગુલામએહમદ મોમાને તા. ૧૧-૧૨-૧૯૯૧ના રોજ (ટેન્ડરની નિયત તારીખ પછી) આપેલ પત્ર રજૂ કરવામાં આવેલ. આથી વધુમાં ભલામણ કરવામાં આવે છે કે શ્રી ઉમેશ ગોર તેમને સોંપેલ કામ કરવા અશક્તિ દર્શાવે તો તે કામ કોને સોંપવું તે અંગ નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૩. કોમ્પ્યુટર સેન્ટર માટે મેગ્નેટિક ટેપ નંગ ૨૦ મે. ગુજરાત સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અંદાજી ખર્ચ રૂ. ૧૭,૫૦૦ થશે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સેલને ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટર માટે ૨૦ નંગ મેગ્નેટિક ટેપ મે. ગુજરાત સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પાસેથી અંદાજી ખર્ચ રૂ. ૧૭,૧૦૦ના ખર્ચે ખરીદવી.

૧૪. યુનિવર્સિટી બોઇઝ હોસ્ટેલ 'સી' અને 'ડી' બ્લોકમાં ઉધઈની ટ્રીટમેન્ટ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બોઇઝ હોસ્ટેલ 'સી' અને 'ડી' બ્લોકમાં ઉધઈની ટ્રીટમેન્ટનું કામ સૌથી ઓછા ભાવ આપનાર વેપારી મે. ટરમાઇટ કંન્ટ્રોલ ઇન્ડિયાને રૂ. ૫૨,૧૫૧ના ખર્ચે સોંપવું.

૧૫. યુનિવર્સિટીના ગણિત, વિજ્ઞાન વિભાગના કોમ્પ્યુટર રૂમમાં ફ્લોરિંગ કામ રૂ. ૪,૧૫૦ના ખર્ચે કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે ગણિત વિભાગના કોમ્પ્યુટર રૂમમાં ફ્લોરિંગનું કામ મે. અમીન્સને એક ચો. ફૂટના રૂ. ૧૭-૧૦ પૈસાના ભાવે સોંપવું અને આ કામ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪,૧૫૦ મંજૂર કરવો.

૧૬. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગનો ફર્નિચરનો સ્ટોક વિભાગ પ્રમાણે રાખવાની વ્યવસ્થા ગોઠવવા તથા ડેડ સ્ટોકમાંથી રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના ટાઇપરાઇટર મશીનને સર્વિસ કરવા મિકેનિક અંગે મંગાવેલ ભાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના ટાઈપ મશીનનો માસિક સર્વિસ કોન્ટ્રાક્ટ રૂ. ૪૦૦ ૦૦ લેખે શ્રી કે. એન. શિંગાળાને તા. ૧-૧-૧૯૯૨થી તા. ૩૧-૧૨-૧૯૯૨ સુધી સોંપવો.

૧૮. ગ્રૂલોજી વિભાગને રૂ. ૪,૨૦૦ ના ખર્ચે રિપ્રિન્ટ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માગણી નામંજૂર કરવી.

૧૯. યુનિવર્સિટીના જૂના ૬ નંગ ટાઇપરાઇટરના બદલામાં રેમિંગ્ટન બનાવટનાં ચાર ટાઇપરાઇટર (બે ગુજરાતી અને બે અંગ્રેજી) રેમિંગ્ટન રેન્ડ ઑફ ઇન્ડિયા લિ.ના ખાસ ઑફર ભાવથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(ખાસ ઑફર ભાવ ઉપરાંત જૂના ટાઇપરાઇટર મશીનના રૂ. ૫,૦૦૦-૦૦ (પાંચ હજાર) મજરે મળશે.)

આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ૬ જૂના ટાઇપરાઇટર મે. રેમિંગ્ટન રેન્ડ ઑફ ઈન્ડિયા લિ.ને આપવા અને તેના બદલામાં કંપનીની ખાસ ઑફર ભાવથી બે ગુજરાતી તથા બે અંગ્રેજી ટાઇપ મશીન ખરીદવાં. જૂના મશીન પેટે રૂ. ૫,૦૦૦ કંપની પાસેથી મજરે લેવા. આ અંગે કુલ ખર્ચ રૂપિયા ૩૧,૦૨૦ મંજૂર કરવો.

૨૦. યુનિવર્સિટીની જુદી જુદી રમતોની આંતર-વિભાગીય હરીફાઈઓના પંચોના મહેનતાણાંના દરમાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની જુદી જુદી રમતોની આંતર-વિભાગીય હરીફાઈઓના પંચોને આ સાથેના પરિશિષ્ટ 'અ' (છાપેલ નથી) મુજબ મહેનતાણું ચૂકવવાનું રાખવું.

૨૧. રસાયણવિજ્ઞાન વિભાગ માટે 'રૂપકટ્રાલેથ' લેબોરેટરી-હાઇડ્રોલિક પ્રેસ ૫૧ ટનનું ઇન્સ્ટ્રુમેન્ટ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૨. પ્રેસની ૨૪ પેજ ડમી ઉત્તરવહીઓ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી બનાવવા અંગે મંગાવેલ ટેન્ડરોને નિકાલ કરવા બાબત.

આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ૨૪ પેજી ડમી ઉત્તરવહીઓ બનાવવાની કામગીરી સૌથી ઓછા ભાવ આપનાર વેપારી મે. પારુલ ટ્રેડિંગ કંપનીપને ૧,૦૦૦ નંગના રૂ. ૩૧-૮૬ પૈસાના ભાવે સોંપવું.

૨૩. પ્રેસમાં ૬૫ × ૮૦ સેમી. સફેદ પ્રિન્ટિંગ કાગળને ફ્લિંગ કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ૬૫ × ૮૦ સેમીના સફેદ પ્રિન્ટિંગ કાગળનું ફ્લિંગ કરાવવાની કામગીરી મે. હેરત એક્સપોર્ટસને એક રીમના રૂ. ૩-૭૫ પૈસાના ભાવે સોંપવું.

૨૪. યુનિવર્સિટીમાં માલસામાન ખરીદવા અંગે ઓર્ડીનન્સ ૬૨-બી અને ઓર્ડિ. ૬૨-ડીમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૫. કોમ્પ્યુટર સેન્ટરના VAX II ૭૩૦ કોમ્પ્યુટર સિસ્ટમનો મેઈન્ટેનન્સ સર્વિસ કોન્ટ્રાક્ટ મે. સી. એમ. સી. લિ. સાથે માસિક રૂ. ૧૮,૩૮૪ના બદલે રૂ. ૨૨,૯૮૦ માહે જાન્યુઆરી ૧૯૯૨થી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરના VAX II ૭૩૦ કોમ્પ્યુટર સિસ્ટમનો મેઈન્ટેનન્સ સર્વિસ કોન્ટ્રાક્ટ મે. સી. એમ. સી. લિ. સાથે રૂ. ૨૨,૯૮૦ના ખર્ચે માહે જાન્યુઆરી, ૧૯૯૨થી કરવો.

૨૬. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગના કોપિયર મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ M/s. LEAMS, મુંબઈ સાથે રૂ. ૩,૫૦૦/-ના ખર્ચે કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલતવી રાખવી.

૨૭. રસાયણવિજ્ઞાન વિભાગે યુનિવર્સિટીની એપ્રિલ-મે, ૧૯૯૧ની પરીક્ષાઓના પ્રેક્ટિકલ અંગે રૂ. ૫૦૦૦ના ખર્ચે બરફ મંગાવ્યો તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની એપ્રિલ-મે. ૧૯૯૧ની પ્રેક્ટિકલ પરીક્ષાઓ દરમ્યાન રૂ. ૫,૦૦૦/-ના ખર્ચે ખરીદવામાં આવેલ બરફના ખર્ચને પશ્ચાદ્‌વર્તી મંજૂરી આપવી.

૨૮. રસાયણવિજ્ઞાન વિભાગને રેટ કોન્ટ્રાક્ટ બાબતે રૂ. ૧૬,૧૦૦ (સોળ હજાર એકસો પૂરા) ના ખર્ચે ગ્લાસવેર મંગાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે ગ્લાસવેર રૂ. ૧૬,૧૦૦ના ખર્ચે રેટ કોન્ટ્રાક્ટ કરેલ વેપારી પાસેથી ખરીદવા.

૨૯. રસાયણવિજ્ઞાન વિભાગને થર્મોમીટર રિલે અને બેલેન્સ વગેરે રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર પૂરા)ના ખર્ચે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે થર્મોમીટર રિલે અને બેલેન્સ રૂ. ૧૦,૦૦૦ના ખર્ચે મે. અમર સન્સ એન્ડ કંપની પાસેથી ખરીદવાં.

૩૦. ઝૂલોજી વિભાગ માટે કેમિકલ્સ રૂ. ૩,૫૦૦ (રૂ. ત્રણ હજાર પાંચસો પૂરા)ના ખર્ચે મે. સિગ્મા કેમિકલ, કંપની યુ.એસ.એ. થી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગ માટે, સિગ્મા કેમિકલ રૂ. ૩,૧૦૦ના ખર્ચે મે. સિગ્મા કેમિકલ કંપની, યુ.એસ.એ.થી આયાત કરવાં.

૩૧. ઝૂલોજી વિભાગને યુ.જી.સી./ડી.એસ.એ. પ્રોગ્રામ હેઠળ રૂ. ૨૫,૦૦૦ના ખર્ચે વોલ્ટેજ સ્ટેબિલાઈઝર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૩૨. મુલેાદ્દ વિભાગને યુ.જી.સી./કોંસિસ્ટ પ્રોગ્રામ હેઠળ ઓવર હેડ પ્રોજેક્ટર, સ્લાઈડ પ્રોજેક્ટર અને કલર પ્રિન્ટર રૂ. ૫૫,૦૦૦ (પંચાવન હજાર પૂરા)ના ખર્ચે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૩૩. યુનિવર્સિટીના સલામતી સ્ટાફને રેઈનકોટ આપવા અંગે રૂ. ૪,૩૭૦ (અંકે રૂપિયા ચાર હજાર ત્રણસેા સિત્તેર પૂરા)નું ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૩૪. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગેાની જગ્યાઓમાં આસોપાલવ તથા કાશાદના છોડ રોપવા અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૧,૨૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગેાની જગ્યાઓમાં આસોપાલવ તથા કાશાદના છોડ રોપવા અંગે રૂ. ૧૧,૨૦૦ (પાંચ હજાર બસેા પૂરા)નેા ખર્ચ મંજૂર કરવેા.

૩૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યોની નોંધ લેવા બાબત.

૧. મી.કે.સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના કોમ્પ્યુટર સીસ્ટમનેા સર્વિસ કોન્ટ્રાક્ટ જુલાઈ-૯૧થી જૂન ૯૨ સુધી રૂા. ૬,૦૦૦/-ના ખર્ચે મે.પી.એસ.આઈ ડેટા સીસ્ટમસ લિ. સાથે કરવા મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત

૨. યુનિની ગાડી નં.જી.એલ.૭૦૧૮ રિપેરિંગ અંગે રૂ.૯૬૬/-ના ખર્ચની મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૩. યુનિની ગાડી જી.જે.૧૬ યુ.૧૪૫૨ રિપેરિંગ માટે રૂ. ૧૫૬૮/-ના ખર્ચની મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૪. ફેકલ્ટી ઓફ એમ.આર.સી. વિભાગના ૬૭ નંગ વિન્ડો એરકંડીશનરનેા સર્વિસ કોન્ટ્રાક્ટ તા.૧-૭-૯૧થી તા. ૩૦-૬-૯૨ સુધી રૂા ૧૫૪૦/-ના ખર્ચે કરવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૫. યુનિવર્સિટીના ૧૫૦ ટ્રાન્સફોર્મરનાં ઓઈલ માટે અમદાવાદ ઇલેક્ટ્રીસિટી કંપની પાસે ફિલ્ટર કરાવ્યું તેના ખર્ચના રૂ. ૬૦૦૦/- (છ હજાર પૂરા) મંજૂર કર્યા તેની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લીધી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૧૭"
કામકાજ ક્રમાંક ૪૨

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૪-૧૦-૧૯૯૧ ને ગુરુવારના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભાની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૨૪-૧૦-૧૯૯૧
૧.	ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. એ. ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	આચાર્યશ્રી ડી. એમ. શીખ	હાજર
૫.	ડૉ. એમ. જી. દેસાઈ	હાજર
૬.	શ્રી. એન. એમ. પરીખ	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૮.	શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
૯.	શ્રી. એ. આર. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. એ. એસ. શાહ	હાજર

૧. તા. ૨૧-૧૨-૧૯૯૦ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૨૧-૧૨-૧૯૯૦ની સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવી.

૨. વિજ્ઞાન ભવનના પટાવાળા શ્રી. વી. એ. વાઘેલાને કાર્યાલયના કામે બહાર ગયા ચાલુ ફરજ પર અકસ્માત થયેલ તે અંગેનાં મેડિકલ બિલોની રકમ રૂ. ૬૦૫-૧૦ પૈસા મંજૂર કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. વી. એ. વાઘેલાનાં સદરહુ મેડિકલ બિલો મંજૂર કરવાં.

૩. મનોવિજ્ઞાન ભવનના પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. એસ. એમ. ઉતેકરને પરીક્ષાની કામગીરી કરતાં પગે ઈજા થઈ હતી. તા તેઓની તા. ૮-૧૦-૧૯૯૧થી તા. ૧૧-૧૦-૧૯૯૧ની રજાઓ ખાસ કેસ તરીકે ફરજ પરની રજા તરીકે મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એસ. એમ. ઉતેકરની તારીખ ૮-૧૦-૧૯૯૧થી તા. ૧૧-૧૦-૧૯૯૧ની રજાઓ ખાસ કેસ તરીકે ફરજ પરની રજાઓ તરીકે મંજૂર કરવી.

૫. સામાન્ય વિભાગના જુ. સુપ્રિ. શ્રી. પી. ડી. પટેલે અડધા પગારે મેડિકલ રજાઓ લીધી હતી. આ રજાઓ દરમિયાનનું ઘરભાડું, સ્થાનિક વળતર ભથ્થું તેઓને ચૂકવી આપવા અંગેની તેઓની તારીખ ૧૧--૨--૧૯૯૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.--રાજ્ય સરકારના નિયમ મુજબ આ રકમ ચૂકવી શકાય તેમ છે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ નિયમોનો સ્વીકાર કરવો અને તેનો અમલ તા. ૧--૧૦--૧૯૯૧થી કરવાનું રાખવું.

૬. યુનિવર્સિટીના એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગનાં પાર્ટટાઈમ ટાઈપિંગ ઈન્સ્ટ્રકટર કુ. વસીમ મલીકના રૂ. ૧૦૦નો ફિક્સ પગાર વધારીને રૂ. ૧,૦૦૦ કરવા અંગેની તેઓની તા. ૬--૧--૧૯૯૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પાર્ટટાઈમ ટાઈપિંગ ઈન્સ્ટ્રકટર કુ. વસીમ મલીકને માસિક રૂ. ૨૦૦ (અંકે રૂપિયા બસો પૂરા) વધારાના ટાઈપિંગ કામ કરવા માટે મંજૂર કરવા અને ટાઈપિંગ કામ તેઓને ફરજિયાત કરવાનું રહેશે, એમ સ્પષ્ટતા કરવી.

૬. યુનિવર્સિટીમાં સેકશન ઓફિસર સુધીની જગ્યાઓ બઢતીના ધોરણે ભરવા અંગે કર્મચારી પગલાં સમિતિની માગણી પર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત મુલતવી રાખવી.

૭. યુનિવર્સિટીના કર્મચારીઓ જેવા કે સીનિયર, ફાર્માસિસ્ટ, કમાઉન્ડર, સ્ટાફ નર્સ તથા યુનિવર્સિટી એન્જિનિયર, સ્ટેનોગ્રાફર વગેરેને રાજ્ય સરકારના પરિપત્રાંક જીસીપીજી/૩૧/યુ.૯૧/૩૦૦૦, તા. ૨૦--૩--૧૯૯૧માં ઠરાવ્યા પ્રમાણેના નવા પગારધોરણનો લાભ આપવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે સરકારશ્રીનું અનુમોદન મેળવવાનું રાખવું.

૮. માઈક્રોબાયોલોજી વિભાગમાં સ્ટોરકીપર તરીકે ફરજ બજાવતા શ્રી. આર. કે. પરીખની નિવૃત્તિવય ૫૮ને બદલે ૬૦ વર્ષની કરવા અંગે તેઓની તા. ૧૯--૩--૧૯૯૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.-શ્રી. આર. કે. પરીખ યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનમાં એકાઉન્ટસ કલાર્ક તરીકે જોડાયા હતા ત્યારે તેઓની નિવૃત્તિવય ૬૦ વર્ષની હતી. પરંતુ તેઓની સ્ટોરકીપર તરીકે નવી નિમણૂક થતાં નિવૃત્તિવય ૫૮ વર્ષની કરવામાં આવી છે, તે જાણ સારૂ.).

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખની નિવૃત્તિવય ૬૦ વર્ષની રાખવી અને વધુમાં ભલામણ કરવામાં આવે છે કે તા. ૧૫--૧૦--૧૯૮૪ પહેલાં યુનિવર્સિટીમાં જોડાયેલા તે તમામ કર્મચારીઓના કિસ્સામાં નિવૃત્તિવય મર્યાદા ૬૦ વર્ષની રાખવી.

૯. પ્રૌઢ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કેન્દ્રના કર્મચારીઓને કાયમી કર્મચારી તરીકે રજાઓના લાભ આપવા અંગે તેઓના વિભાગના તા. ૮--૧૧--૧૯૯૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ. આ કર્મચારીઓને પ્રોવિડન્ટ ફંડ, એલ.ટી.સી., બોનસ, લોન વગેરે--આ લાભો કાયમી કર્મચારીઓને આપીએ છીએ તે પ્રમાણે આપવામાં આવે છે તે જાણ સારૂ)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રૌઢ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કેન્દ્રના કર્મચારીઓને કાયમી—કર્મચારીઓને યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને મળતી બધી જ પ્રકારની રજાઓના લાભ આપવા.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના જે કર્મચારીઓને દર મહિને વાહન ભથ્થું રૂ. ૧૫૦ ચૂકવવામાં આવે છે. તેઓ જ્યારે રજા પર હોય ત્યારે રજાઓ દરમિયાન આ ભથ્થું આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ૩૦ દિવસ કે તેથી વધુ રજા પર હોય તો આ પ્રકારનું ભથ્થું કાપી લેવાનું રાખવું.

૧૧. ગુજરાત યુનિવર્સિટી કર્મચારી પર આશ્રિત ન હોય પરંતુ તેમના સગાસંબંધી હોય અને સાથે રહેતા હોય તેવા અન્ય કુટુંબીજનોને નક્કી કરેલ ચાર્જ લઈ સારવાર આપવા માટે કેમ્પસ મંડળના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણો કરવામાં આવે છે તે મુજબની વ્યવસ્થા ગોઠવવાનું રાખવું :

(૧) રૂ. ૨૦ (અંકે રૂપિયા વીસ) કન્સલ્ટેશન ફી લઈ સારવાર આપવાનું રાખવું.
(૨) દવાની ખરેખર કિંમત "નફો નહીં, નહિ નુકશાન"ના ધોરણે સારવાર આપવાનું રાખવું.
(૩) બીજા કોઈ ઈન્વેસ્ટિગેશન જેવા કે લેબોરેટરી ટેસ્ટ, એક્ષ-રે વગેરેમાં લાભો આપવા નહીં.

૧૨. સેન્ટર ફોર ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન ટૂંકા ગાળાના પટાવાળા નીમવાની તથા તેઓનો પગારધોરણ પેટીકેશમાંથી પાડવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ ભલામણ નામંજૂર કરવી.

13. તા. ૨૩--૩--૧૯૯૧ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની બાબત ક્રમાંક ૨૧(૧)માં જણાવ્યા અનુસાર કોર્ટ-સભ્ય શ્રી. અરવિંદ એસ. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી તથા કોલેજોમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક કર્મચારીઓનાં સંતાનો અથવા આશ્રિત યુનિવર્સિટી પરીક્ષામાં બેસે તો તેઓને પરીક્ષા ફીમાંથી મુકિત આપવાનું આ સભા ઠરાવે છે, અને અંદાજપત્રકમાં પરીક્ષા ફીની આવક દર્શાવેલ છે, તેમાં પ્રતીક રૂ. ૧નો ઘટાડો દર્શાવેલ છે."

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ચોથા વર્ગના કર્મચારીઓનાં સંતાનો જેમની પરીક્ષા ફી રાજય સરકાર આપતી નથી તેવા કર્મચારીઓનાં સંતાનોને પરીક્ષા ફીમાંથી મુકિત આપવી.

૧૪. કોર્ટ-સભ્ય શ્રી. અરવિંદભાઈ એસ. શાહના તા. ૨૧--૧૦-૧૯૯૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત હાલ વિચારણા હેઠળ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૧૮"
ઠામકાજ ક્રમાંક ૪૧૧

બિનસરકારી સંલગ્ન મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના કર્મચારીઓની રજૂઆત ઉપર કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની રચના તા. ૨૭-૧૨-૧૯૮૬ના રોજ થઈ હતી, જેની જાહેરાત નીચે મુજબ છે :

૧. એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના કર્મચારીઓની રજૂઆતના આધારે જણાય છે કે યુનિવર્સિટીના ઑર્ડિનન્સ ૧૭૨ આપને કૉલેજ સત્તાવાળાઓમાં અસ્પષ્ટતા જણાય છે. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ઑર્ડિનન્સ ૧૭૨ સંલગ્ન કૉલેજની તમામ ફેકલ્ટીને લાગુ પડે છે. મેડિકલ કૉલેજના કર્મચારીઓને ઑર્ડિનાન્સ પ્રમાણે તા. ૧-૧૦-૧૯૮૪ પહેલાં નિમણૂક પામેલા કર્મચારીઓને ૬૦ વર્ષ સુધી નોકરીમાં ચાલુ રાખવાના રહે છે. તેમ જ તા. ૧-૧૦-૧૯૮૪ પછી નિમાયેલા કર્મચારીઓને ૫૮ વર્ષે નિવૃત્ત કરવાના રહે છે. તે જ નિયમ પ્રમાણે શૈક્ષણિક કર્મચારીઓની જન્મતારીખ સત્રના આખરમાં આવતી હોય તેવા કિસ્સામાં સત્રના અંતે નિવૃત્ત કરવાના રહે છે.

૨. સંલગ્ન કૉલેજના કર્મચારીઓ આપને ગુજરાત સરકારે પેન્શન યોજના લાગુ કરેલી છે. તે યોજનાઓ તેના વખતોવખતના સુધારાવધારા સાથે લાગુ પાડવાનું સંલગ્ન કૉલેજના કિસ્સામાં ઠરાવવામાં આવેલ છે. સરકારશ્રીએ તા. ૧૫-૧૦-૧૯૮૪ના ઠરાવથી બિનસરકારી સંલગ્ન કૉલેજને પેન્શન યોજનાનો લાભ આપેલો છે, તેમાં વખતોવખતના સુધારા કરેલ છે. તે તમામ વિના શરતના કર્મચારીઓને લાગુ પડે છે, તેમ ઠરાવવામાં આવે છે.

તા. ૧-૧-૧૯૮૬થી અમલમાં આવતાં પગારધોરણો નીચે પ્રમાણે નિયત કરવાનું ઠરાવવામાં આવે છે :

(૧) રૂ. ૨૦૦૦ - ૪૦૦૦ લેક્ચરર

(૨) રૂ. ૩૦૦૦ - ૫૦૦૦ ૮ વર્ષની નોકરી પૂરી થતાં અથવા આસિ. પ્રોફેસરને

(૩) રૂ. ૩૭૦૦ ૫૭૦૦ ૧૬ વર્ષની નોકરી પૂરી કરે તે તારીખથી અથવા એસોસિયેટના પ્રોફેસરને

(૪) રૂ. ૪૫૦૦—૭૩૦૦ પ્રોફેસર.

(૫) પગારધોરણ બાબતે સ્પષ્ટતા કરતાં વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગ્રંથપાલો માટે રાજ્ય સરકારે નિયત કરેલ છે, તે જ ધોરણે નીચે પ્રમાણેનાં પગારધોરણો આપવાનું ઠરાવવામાં આવે છે :

(૧) તા. ૧-૧-૧૯૭૩થી રૂ. ૫૫૦ -૯૦૦

(૨) તા. ૧-૪-૧૯૮૦થી રૂ. ૭૦૦ ૧૬૦૦

(૩) તા. ૧-૧-૧૯૮૬થી રૂ. ૨૨૦૦-૪૦૦૦ તેમ જ ઉપર જણાવ્યું તેમ ૮ વર્ષ અને ૧૬ વર્ષની નોકરી પૂરી કરે ત્યારે સીનિયર સ્કેલ અને સિલેક્શન ગ્રેડ આપવાનું ઠરાવવામાં આવે છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રિ. આર. એસ. વ્યાસ
પ્રિ. એન. આર. શાહ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯

૯૧૦--૪૦૦--૩--૯૨

એકિઝક્યુટિવ કાઉન્સિલ : તા. ૧૩—૨—૧૯૯૨

પાનનો

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝક્યુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૧૩--૨--૧૯૯૨ના રોજ સવારે ૯--૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩—૨—૧૯૯૨
૧.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. અંબુભાઈ ત્રિભોવનદાસ દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	શ્રી. એન. વી. વસાણી (તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય વતી)	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	શ્રી. ચુનીલાલ ઈન્દ્રવદન નાણાવટી	ગેરહાજર
૭.	શ્રી. નરહરિભાઈ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી. હરેનભાઈ વી. પંડ્યા	હાજર
૯.	પ્રો. પંચલ મહેતા	હાજર
૧૦.	ડૉ. સુરેશભાઈ ધેલાભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુક્તાકસિંગ શીખ	હાજર
૧૪.	શ્રી. અરવિંદભાઈ રણછોડભાઈ શાહ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૩–૨–૧૯૯૨
૧૧.	પ્રા. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. રણછોડલાલ કરસનદાસ પટેલ	હાજર
૧૭.	પ્રા. અજાનસિંઘ અર્જુનસિંઘ આલ્હુવાલિયા	હાજર
૧૮.	શ્રી. બદરુદ્દીન શેખ	હાજર
૧૯.	ડૉ. મહેન્દ્રભાઈ બાબુભાઈ દેસાઈ	હાજર
૨૦.	શ્રી. રાજકુમાર ગુપ્તા	હાજર
૨૧.	શ્રી. નીતિન હસમુખભાઈ શાહ	હાજર
૨૨.	ડૉ. ત્રિભોવનભાઈ એન. પટેલ	હાજર
૨૩.	શ્રી. ઘનશ્યામભાઈ હીરાલાલ અમીન	હાજર
૨૪.	શ્રી. મહેન્દ્રકુમાર ચંદ્રલાલ શાહ	હાજર

૧. તા. ૨૮–૧૨–૧૯૯૧ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૮–૧૨–૧૯૯૧ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ સભામાં સૂચવેલા નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) પરિશિષ્ટ ૯, પૃષ્ઠ ૭૧ ઉપર દર્શાવેલ ક્રમાંક ૨૨ની બાબત રદ્દ ગણવી.

(૨) બાબત ક્રમાંક ૨૭, ૨૮, ૩૨ અને ૩૩માં શબ્દો "અને તેમની લેક્ચરરની મૂળ જગાની સદરહુ સ્કીમ મુજબ રીડરની જગામાં ફેરવાયેલી ગણવી." રદ્દ કરવા તેમ જ પરિશિષ્ટ ૧૦, ૧૧, ૧૨ અને ૧૩માં શબ્દો "be promoted to the post of a **Reader**"ના બદલે "be designated as Reader" મૂકવા.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટેચ્યૂટ ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૧ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૯૦–૯૧ના વર્ષનો ૪૧મો વાર્ષિક હેવાલનો સદરહુ મુસદ્દો મંજૂર કરવો અને આગામી યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરવો.

૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટેચ્યૂટ ૯૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૯૨–૯૩ના અંદાજપત્ર તથા સને ૧૯૯૧–૯૨ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૭–૨–૧૯૯૨ તેમ જ તા. ૧૦–૨–૧૯૯૨ની ભલામણ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૯૨–૯૩નું અંદાજપત્ર તથા ૧૯૯૧–૯૨નું પુનર્નિર્મિત અંદાજપત્ર મંજૂર કરવું અને સદરહુ અંદાજપત્ર ૧૯૯૨–૯૩ તથા ૧૯૯૧–૯૨નું પુનર્નિર્મિત અંદાજપત્ર આગામી યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરવું.

૪. **કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :**

૪(૧). ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૨થી બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં હિંદી, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત; બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૨). જૂન, ૧૯૯૨થી નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ. (ગૌણ)માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાના જોડાણની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઓ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૩). સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની જૂન, ૧૯૯૨થી ફર્સ્ટ બી.કૉમ. ચાલુ અને સેકન્ડ બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૪). દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વિરમગામ દ્વારા જૂન, ૧૯૯૨થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ જરૂરી ફી સાથે આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૫). એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સાનાવાલા લૉ કૉલેજ, નડિયાદ ખાતે જૂન, ૧૯૯૨થી ડિપ્લોમા ઇન ટૅક્સેશન લૉઝના અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી કૉલેજ તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૬). આર્ટ્સ કૉલેજ, મુનપુર તરફથી જૂન, ૧૯૯૨થી ફર્સ્ટ બી.એ. ચાલુ તથા સેકન્ડ બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત, હિંદી, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૭). આર્ટ્સ કૉલેજ, બીરપુર તરફથી જૂન, ૧૯૯૨થી ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. ચાલુ તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિંદી; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ-સમિતિ નીમ્યાનું;

૪(૮). એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ તરફથી જૂન, ૧૯૯૨થી ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. સેકન્ડ બી.કૉમ. ચાલુ તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, સમાજશાસ્ત્ર; બી.કૉમ.માં એડ. ઑફ. એન્ડ ઑડિટિંગ; બી.કૉમ.-(ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનાં ચાલુ/વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૯). આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, બાદરણ તરફથી જૂન, ૧૯૯૨થી ફર્સ્ટ બી.કૉમ. ચાલુ તથા સેકન્ડ બી.કૉમ. તથા ફર્સ્ટ બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસ-ક્રમો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૧૦). કે. એન. એમ. એસ. એસ. આર્ટ્સ અને એસ. એન. બી. એસ. કૉમર્સ કૉલેજ, સાંખડાનો જૂન, ૧૯૯૧થી બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી તા. ૧૧--૬--૧૯૯૧થી તા. ૧૪--૬--૧૯૯૨ સુધીની મુદત માટે તદર્થ (એડહૉક) ધોરણે જોડાણ આપ્યાનું;

૪(૧૧). નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદનો જૂન, ૧૯૯૦થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણશરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૧--૬--૧૯૯૦થી કાયમી જોડાણ આપ્યા અંગેનું જાહેરનામું બહાર પાડવાનું;

૪(૧૨). મેધદૂત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૨થી વટવા, અમદાવાદ ખાતે વિનયન, વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવેલી અરજી કુલપતિશ્રીએ વિચારણા માટે ગ્રાહ્ય રાખ્યાનું તથા તે સ્વીકાર્યાનું;

૪(૧૩). ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદની જૂન, ૧૯૯૨થી વિનયન અને વાણિજ્ય (હિંદી માધ્યમની) કૉલેજ શરૂ કરવા માટેનાં જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવેલી સદરહુ અરજી કુલપતિશ્રીએ વિચારણા માટે ગ્રાહ્ય રાખ્યાનું તેમ જ તે સ્વીકાર્યાનું;

૪(૧૪). રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સુધારા ક્રમાંક એનજીસી-૧૧૮૯૯-૪૦૨૨/૫૯-૯૮/ખ, તા. ૨૩–૧૨–૧૯૯૧થી બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને એજ્યુકેશન કૉલેજોમાં બિનશિક્ષક કર્મચારીઓના સુધારેલા લઘુતમ મહેકમની જાણકારી કાર્યાલયના તા. ૪–૧–૧૯૯૨ના પત્રાંક એકૅડેમિક-૬૦૯૧૧થી સંબંધિત સંલગ્ન કૉલેજોને કર્યા બાબત;

(સદરહુ પરિપત્રની નકલ **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.)

૪(૧૫). રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક બજમ-૨૧૯૧-૧૫૧૩-૯૮, તા. ૧–૭–'૯૧થી ૧૯૯૨–૯૩ના વર્ષ માટે રજાપ્રવાસના રોકડ આપવાના ઠરાવનો સ્વીકાર કર્યાના અને તેનો લાભ યુનિવર્સિટીના શિક્ષક તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને આપ્યાના;

૪(૧૬). તા. ૨૬–૧૨–૧૯૯૧ અને જાન્યુઆરી, ૧૯૯૨ દરમિયાન લેવાયેલ ફર્સ્ટ બી.એ.થી થર્ડ બી.એ. (રેગ્યુલર અને એકસ્ટર્નલ), ફર્સ્ટ બી.કૉમ.થી થર્ડ બી.કૉમ., ફર્સ્ટ બી.એસસી.થી થર્ડ બી.એસસી. ફાયદા વિદ્યાશાખાની ઇન્ટર્મીડિયેટ પરીક્ષાઓમાં નિરીક્ષક (ઓબ્ઝર્વર્સ)ની વ્યવસ્થા માટે ભલામણ કરવા કુલપતિશ્રીઓએ નિયુક્ત કરેલી સમિતિની તા. ૨૦–૧૨–૧૯૯૧ની બેઠક અન્વયે જરૂરી કાર્યભાર કર્યાનું;

૪(૧૭). યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના ડૉ. એમ. જે. ઓઝા, ગુજરાતી વિષયના વ્યાખ્યાતાને અધિક મુખ્ય સચિવ (ક.ગ.) ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર તા. ૨૯મી ઑક્ટોબર, ૧૯૯૧માં જણાવ્યા મુજબ લિયન મળવાપાત્ર ન હોવાથી કુલપતિશ્રીએ તા. ૩૦મી માર્ચ ૧૯૯૧થી યુનિવર્સિટીની સેવામાંથી મુક્ત કર્યાના;

૪(૧૮). આર. એચ. પટેલ આર્ટ્સ અૅન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૨થી ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ.નું ચાલુ તથા સેકન્ડ બી.એ., બી.કૉમ., થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી, ઇતિહાસ, બી.એ. (ગૌણ) આંકડાશાસ્ત્ર, થર્ડ બી.કૉમ.માં ઑડ. ઑફા. અૅન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અનુસાર સમય-મર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૪(૧૯). એમ. અૅન્ડ વી. આર્ટ્સ અૅન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલની જૂન, ૧૯૯૨થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની એકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી કરાવવામાં આવે છે કે એમ. અૅન્ડ વી. આર્ટ્સ અૅન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૫–૪–૧૯૯૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૨થી તા. ૧૪–૬–૧૯૯૩

યુનીનું ચાલુ જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કોમ્પ્યુટર સાયન્સના વિષય માટે

૧. બંધ સમયના વ્યાખ્યાતાની નિમણૂક તાત્કાલિક કરવામાં આવે,
૨. પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના બંદોબસ્તમાંથી કરેલ કુલ ખર્ચના આંકડા મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) કોમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧૫,૦૦૦ના તાત્કાલિક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ના આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) સદરહુ વિષય માટે ચાર સામયિકો નિયમિત મંગાવવામાં આવે;

(૬) પ્રાયોગિક કાર્ય માટે બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે;

(૭) આચાર્યશ્રી માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

(૮) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૯) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે."

૪(૨૦). તોલાણી કૉલેજ ઑફ ફાર્મસી, આદિપુર (કચ્છ)ની ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું ।

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસી, આદિપુર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૧૫--૪--૧૯૯૨ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૯૨થી તા. ૧૪--૬--૧૯૯૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) શિક્ષકની ખાલી જગા પર પાત્રતા ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

(૨) ફાર્મસીની વિદ્યાશાખા માટે અલગ મકાનની સુવિધા કરવામાં આવે;

(૩) વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટેની હૉસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવે;

(૪) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) Redressal cell અંગેની જોગવાઈ કરવામાં આવે;

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનું વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૮) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક-વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી-બઢતી અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોનાં અનામત જગા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે."

૪(૨૧). ઑડિ. એમ.બી.,બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ પ્રાથમિક, સામૂહિક આરોગ્યકેન્દ્રોને રોટેટિંગ હાઉસમેનશિપની માન્યતા આપવા સારુ નીમેલ સમિતિની ભલામણ સ્વીકાર્યાનું;

૪(૨૨). તા. ૧–૧–૧૯૯૧થી તા. ૩૧–૧૨–૧૯૯૧ના સમયગાળા દરમિયાન પીએચ.ડી. પદવી માટે યાદી પ્રમાણેના કુલ ૬૩ વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત થયાનું તેઓને તે પદવી માટે પાત્ર જાહેર કર્યા બાબત;

(સદરહુ યાદી **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

૪(૨૩). પીએચ.ડી. પદવીના વિદ્યાર્થીને મૌખિક પરીક્ષા બાદ સદરહુ ડિગ્રી માટે લાયક જાહેર કરવા માટે યુનિવર્સિટી તરફથી જે પત્ર પાઠવવામાં આવતો હતો તેના સ્થાને જાહેરનામું મોકલી પાઠવાનો પદ્ધતિ દાખલ કરવા અંગે.

(સદરહુ જાહેરનામાની નકલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોકત ક્રમાંક ૪(૧)થી ૪(૨૩)માં દર્શાવેલાં કાર્યોની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ક્રમાંક ૪(૧૪) અંગે રાજ્ય સરકારશ્રીના આદેશોનો અમલ કરવા પાત્ર અંલગ્ન કોલેજોને જાણ કરવી.

૫. ભાષા-સાહિત્ય ભવનમાં જર્નાલિઝમ વિષયમાં રીડર ઈન જર્નાલિઝમનું પદ યુ.જી.સી.ની કેરિયર ઓડવાન્સમેન્ટ સ્કીમ લેકચર આપવા માટે તા. ૭–૧–૧૯૯૨ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી લેવી તે બરબ્બે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં જર્નાલિઝમ વિષયમાં રીડર-ઈન-જર્નાલિઝમનું પદ યુ.જી.સી.ની "કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ" લેકચર આપવા માટે તા. ૭–૧–૧૯૯૨ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર ડૉ. ચંદ્રકાંત મહેતાને રીડર-ઈન-જર્નાલિઝમનું પદ આપવાનું (designated as a Reader) મંજૂર કરવું.

(સદરહુ વરણીસમિતિની નોંધ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્પેસ સાયન્સ ડિપાર્ટમેન્ટમાં લેકચરર ઈન એટમોસ્ફેરિક સાયન્સ તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. એમ.. ઈ. જેમ્સનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૦–૨–૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને વ્યાખ્યાતાના પગારધોરણ રૂ. ૨,૨૦૦–૭૫–૨,૮૦૦–૧૦૦–૪,૦૦૦માં તા. ૨૧–૨–૧૯૯૨થી કાયમ કરવા વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્પેસ સાયન્સ ડિપાર્ટમેન્ટમાં લેકચરર ઈન એટમોસ્ફેરિક સાયન્સ તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. એમ. ઈ. જેમ્સનો બાનગી તેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જેને ધ્યાનમાં લઈ ઠરાવવામાં આવ્યું કે શ્રી. જેમ્સને વ્યાખ્યાતાના પગારધોરણ રૂ. ૨,૨૦૦થી ૪,૦૦૦માં તા. ૨૧–૨–૧૯૯૨થી કાયમ કરવા.

૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિકસ ડિપાર્ટમેન્ટમાં લેકચરર ઈન ફિઝિકસ તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. પી. સી. વિનોદકુમારનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૭–૨–૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને વ્યાખ્યાતાના પગારધોરણમાં રૂ. ૨,૨૦૦–૭૫–૨,૮૦૦–૧૦૦–૪,૦૦૦માં તા. ૨૮–૨–૧૯૯૨થી કાયમ કરવા વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ફિઝિકસ ડિપાર્ટમેન્ટમાં લેકચરર-ઈન-ફિઝિકસ તરીકે કાર્ય કરતા શ્રી. વિનોદકુમારનો બાનગી તેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જેને ધ્યાનમાં લઈ ઠરાવવામાં આવ્યું કે શ્રી. વિનોદકુમારને વ્યાખ્યાતાના પગારધોરણ રૂ. ૨,૨૦૦થી ૪,૦૦૦માં તા. ૨૮–૨–૧૯૯૨થી કાયમ કરવા.

૮. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાં ખૂબ, ૧૯૯૧થી વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરાતાં કૉલેજનું નવું નામ "આર્ટ્સ, સાયન્સ અને આર. એ. પટેલ કૉમર્સ કૉલેજ ભાદરણ", રાખવા અંગે ભાદરણ સંસ્થાએ ઠરાવ કરીને યુનિવર્સિટીની મંજૂરી માંગેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાં વાણિજ્ય વિદ્યાશાખા ઉમેરાતાં તેનું નવું નામ "આર્ટ્સ, સાયન્સ અને આર. એ. પટેલ કૉમર્સ કૉલેજ" મંજૂર કરવું.

૯. એમ.બી.,બી.એસ.ની બધી પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ એક વર્ષનો કમ્પલસરી રોટેટિંગ હાઉસમેનશિપ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર સુધારવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.બી.,બી.એસ.ની તમામ પરીક્ષાઓ ઉત્તીર્ણ કર્યા બાદ કમ્પલસરી રોટેટિંગ હાઉસમેનશિપનું પ્રમાણપત્ર સુધારા અનુસાર મંજૂર કરવું.

(સુધારેલ પ્રમાણપત્ર પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૧૦. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના પરિશિષ્ટ ૨ના સ્ટે. ૫ હેઠળ બોર્ડ ઑફ એકસ્ટ્રાઓર્ડિનરી સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ નં. ૫ પ્રમાણે એકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહિ તેવા સભ્યો સહિત સાત સભ્યોની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[કલમ ૫ :

"Seven other members nominated by the Executive Council not less than three of whom shall be from the Academic Council."]

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકસ્ટ્રાઓર્ડિનરી સ્ટડીઝમાં યુનિવર્સિટી ધારાના શિડ્યુલ-૨ના સ્ટેચ્યુટ ૫ની જોગવાઈ પ્રમાણે કલમ ૫ હેઠળના સભ્યોની નિમણૂક અંગે જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટી, ન્યૂ દિલ્હીના તા. ૧–૨–૧૯૯૨નો પત્રાંક ઑફા. ૭/૧૨–૯૩ના આધારે એસોસિયેશનનું વાર્ષિક લવાજમ રૂ. ૨૦,૦૦૦ સને ૧૯૯૨–૯૩ના વર્ષ માટે ભરવાનું થાય છે. (લવાજમ રૂ. ૨૦,૦૦૦ છે પરંતુ તા. ૩૦–૪–૧૯૯૨ પહેલાં ભરીએ તો રૂ. ૧,૦૦૦ વળતર છે.)
(વર્ષ ૧૯૯૧–૯૨ના રૂ. ૧૯,૦૦૦ પૂરા ભરેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝનું ૧૯૯૨–૯૩ના વર્ષ માટેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૯,૦૦૦ (અંકે રૂપિયા ઓગણીસ હજાર પૂરા) તા. ૩૦–૪–૧૯૯૨ પહેલાં વળતરના લાભ સાથે ભરવા માટે મંજૂરી આપવી.

૧૨. ફાઈનાન્સ સમિતિની તા. ૧૯–૧૨–૧૯૯૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૧૯–૧૨–૧૯૯૧ના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૩. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના શિડ્યુલ ૨ના સ્ટે. ૬ની કલમ ૯ અને ૧૦ પ્રમાણે બૉર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ત્રણ વર્ષ (૧૯૯૧—૯૨, ૧૯૯૨—૯૩, ૧૯૯૩—૯૪) માટે નીચે પ્રમાણે નિમણૂક કરવા બાબત :

(ix) One member nominated by the Executive Council from amongst its members;

(x) One head of a University Department, one Principal of an affiliated college and two Court members interested in activities relating to welfare of students to be nominated by the Executive Council.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડ્યુલ-૨ની કલમ-૬ના પેટાનિયમ ૯ અને ૧૦ મુજબ બૉર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરમાં નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવી :

(૧) પ્રિ. ટી. એમ. શીખ

(૨) પ્રો. પવન મલ્હોત્રા

(૩) ડૉ. મહેન્દ્રભાઈ ભાભુભાઈ દેસાઈ

(૪) શ્રી. હરેન વી. પંડ્યા

(૫) શ્રી. નીતિન લલમુખભાઈ શાહ.

૧૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧૪(૧). એનવાયરમેન્ટલ એન્જિનિયરિંગની ઑડહૉક સમિતિએ એનવાયરમેન્ટલ એન્જિનિયરિંગના સેમેસ્ટર ૩, ૫, ૬ અને ૮ની પરીક્ષાની સુધારેલી સ્કીમ અને અભ્યાસક્રમ જે એન્જિનિયરિંગ વિદ્યાશાખાએ ભલામણ કર્યા પ્રમાણે મંજૂર કર્યાનું;

(સદરહુ સમિતિની ભલામણ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૧૪(૨). સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૨થી બી.એ. (મુખ્ય) ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર અને હિંદી; બી.કૉમ.-(મુખ્ય)માં ઑડિ. ઑફા., ઑડિટિંગ અને બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્ર વિષયોનું જોડાણ મેળવવા માટેની અરજી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૧૪(૩). શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ભોડેલાંની જૂન, ૧૯૯૨થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની 'ચાલુ' જોડાણની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૧૪(૪). જૂન, ૧૯૯૨થી ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. તથા સેકન્ડ બી.એ. ચાલુ જોડાણ માટે તથા સેકન્ડ બી.કૉમ. અને થર્ડ બી.એ. માટે વધારાના જોડાણ અંગેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૧૪(૫). વનવાસી સેવા સમાજ, જેતપુર-પાવી તરફથી જૂન, ૧૯૯૨થી જેતપુર-પાવી ખાતે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવેલી, સદરહુ અરજી કુલપતિશ્રીએ વિચારણા માટે ગ્રાહ્ય રાખ્યાનું તેમ જ તે સ્વીકાર્યાનું;

૧૪(૬). સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર તરફથી જૂન, ૧૯૯૧થી વિનયન કૉલેજ શરૂ કરવા બાબતમાં શ્રી. વસંતકુમાર રમણલાલ શાહે સિવિલ કોર્ટ, ગોધરા ખાતે રિટ પિટિશન ક્રમાંક ૩૧૩/૯૧થી દાખલ કરેલ લેઈ યુનિવર્સિટી વતી વકીલશ્રી દિલીપભાઈ મહેતા (ગોધરા)ની નિમણૂક કર્યાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૪(૭). ટેક્સટાઈલ ટેકનોલોજીની ઑડહૉક સમિતિએ ટેક્સટાઈલ ટેકનોલોજીના સેમેસ્ટર ૩, ૪, ૫, ૬ અને ૮ની સુધારેલ સ્કીમ તેમ જ અભ્યાસક્રમ એન્જિનિયરિંગ વિદ્યાશાખાએ ભલામણ કર્યા મુજબ મંજૂર કર્યાની.

(સદરહુ સમિતિની ભલામણ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૧૪(૧)થી ૧૪(૭)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૧૫. સરકારી ઑડિટરોએ તપાસેલા સને ૧૯૮૩—૮૪, ૧૯૮૪—૮૫ અને ૧૯૮૫—૮૬નાં વર્ષના વાર્ષિક હિસાબો અને તે અંગેની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઑડિટરે તપાસેલા વર્ષ ૧૯૮૩—૮૪, ૧૯૮૪—૮૫ અને ૧૯૮૫-૮૬ના વાર્ષિક હિસાબો અને તે અંગેની ઑડિટ નોંધ તપાસણી કરી તે ઉપર અભિપ્રાય આપવા સમિતિ નીમવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નોંધનું કાર્ય (જાણ સારુ) :

યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં સમાજવ્યાંસ વિભાગના રીડર ઈન સોશિયોલોજી તરીકે શિક્ષણકાર્ય કરતા **પ્રો. એ. આર. શાહની** ડાયરેક્ટર ઑફ ઍકેડેમિક સ્ટાફ કૉલેજ તરીકે કરેલ લંગામી નિમણૂક **યુ.જી.સી.ના પત્ર નં. ડી. ઓ. એફ—૨૭—૧—૯૧—એએસસી** (એસ.સી.), **તા. ૨૫મી જૂન—૧૯૯૧ના આધારે વધુ એક વર્ષ એટલે કે** તા. ૩૧—૩—૧૯૯૩ સુધી લંબાવવામાં આવતાં. લિયન વધુ એક વર્ષ એટલે કે તા. ૩૧-૩-૧૯૯૩ સુધી લંબાવ્યાના.

(**નોંધ.—એકિઝક્યુટિવ** કાઉન્સિલની તા. ૬--૬--૧૯૯૧ની સભામાં બા. ક. ૨(૨૫)થી લિયન તારીખ ૩૧--૩--૧૯૯૨ સુધી મંજૂર કરવામાં આવેલ હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૧૭. એકેડેમિક વિભાગ, પી. જી. વિભાગ, સામાન્ય વિભાગના નાયબ કુલસચિવશ્રી એસ. ડી. સ્વામિનારાયણનો અજમાયશી સમય તા. ૨૦--૩--૧૯૯૨ના રોજ પૂરો થાય છે, તો તેઓને તા. ૨૧--૩--૧૯૯૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

શ્રી. એસ. ડી. સ્વામિનારાયણનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, જે વંચાણમાં લઈ ઠરાવવામાં આવ્યું કે શ્રી. સ્વામિનારાયણને નાયબ કુલસચિવશ્રીની જગ્યા ઉપર રૂ. ૩,૦૦૦—૪,૧૦૦ના પગારધોરણમાં તા. ૨૧--૩--૧૯૯૨થી કાયમ કરવા.

૧૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં મેથેમેટિક્સ ડિપાર્ટમેન્ટમાં લેક્ચરર ઈન મેથેમેટિક્સ તરીકે શિક્ષણકાર્ય કરતાં કુ. નીતા એચ. શાહનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨--૨--૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને વ્યાખ્યાતાના પગારધોરણ રૂ. ૨,૨૦૦—૭૫—૨,૮૦૦—૧૦૦—૪,૦૦૦માં તા. ૩--૨--૧૯૯૨થી કાયમ કરવા વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઈન-મેથેમેટિક્સ તરીકે કાર્ય કરતાં કુ. નીતા એચ. શાહનો ખાનગી હેવાલ વંચાણમાં લઈ ઠરાવવામાં આવ્યું કે કુ. શાહને વ્યાખ્યાતાના પગારધોરણ રૂ. ૨,૨૦૦—૪,૦૦૦માં તા. ૩--૨--૧૯૯૨થી કાયમ કરવાં.

૧૯. અનુસ્નાતક શિક્ષણ અંગેની સમિતિની તા. ૩૧--૧--૧૯૯૨ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણ અંગેની સમિતિની તા. ૩૧--૧--૧૯૯૨ના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૨૦. ફાઇનાન્સ સમિતિની તા. ૨૧--૧--૧૯૯૨ની તથા તા. ૭-૨-૧૯૯૨ અને તા. ૧૦-૨-૧૯૯૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૧--૧--૧૯૯૨ તેમ જ તારીખ ૭ અને ૧૦--૨--૧૯૯૨ની સભાની ભલામણો સ્વીકારવી.

(સદરહુ ભલામણોની નકલ પરિશિષ્ટ "૧૦" તરીકે સામેલ છે.)

૨૧. "પ્રિ. આર. એલ. સંઘવી મેડલ", પ્રિ. આર. એલ. સંઘવી સન્માન સમિતિ તરફથી ટી.વાય. બી.કૉમ.ની માર્ચ, એપ્રિલ, મેમાં લેવાતી પરીક્ષામાં ચંદ્રક આપવા અંગે રૂ. ૨૫,૦૦૦ (રૂપિયા પચીસ હજાર પૂરા)નું પ્રદાન મળેલ છે તે નીચેના નિયમોને આધીન સ્વીકારવા વિચારણા કરવા બાબત :

નિયમો

(૧) "પ્રિ. આર. એલ. સંઘવી ચંદ્રક" દર વર્ષ માર્ચ/એપ્રિલ/મેમાં લેવાતી ટી.વાય.બી.કૉમ.ની પદવી પરીક્ષામાં "ઇકોનોમિક્સ" વિષયમાં સૌથી વધુ ગુણ મેળવે તેને આપવો.

(૨) એક કરતાં વધારે વિદ્યાર્થીઓ ઇકોનોમિક્સના વિષયમાં સરખા ગુણ મેળવે તો તે પૈકી જે વિદ્યાર્થી ટી.વાય.બી.કૉમ.ના તમામ વિષયમાં કુલ ગુણમાં સૌથી વધુ [illegible] તેવા વિદ્યાર્થીને આપવો.

(૩) સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો અધિકાર રહેશે.

(૪) ભવિષ્યમાં ઇકોનોમિક્સના વિષયમાં કોઈપણ પ્રકારના ફેરફાર થાય તો તે અંગે ડોનરના પ્રતિનિધિને વિશ્વાસમાં લઈને યોગ્ય કરવું.

(૫) ચંદ્રક એનાયત કરવામાં જ્ઞાતિ, જાત કે વર્ગના ભેદ ગણવામાં આવશે નહિ.

(૬) આ સંસ્થાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૭) આ સંસ્થાવતની વાર્ષિક વ્યાજની આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

(૮) ચંદ્રક જો શકય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિ. આર. એલ. સંઘવી સન્માન સમિતિ તરફથી "પ્રિ. આર. એલ. સંઘવી મેડલ" માટે મળેલ પ્રદાન રૂ. ૨૧,૦૦૦ (અંકે રૂપિયા એકવીસ હજાર પૂરા)નો સ્વીકાર કરવો અને તે અંગેના ઉપરોકત નિયમો પૈકીના નિયમ ૪ સિવાયના નિયમો મંજૂર કરવા.

૨૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

ભારત સરકારે પેટ્રોલના ભાવમાં ૨૫ ટકા વધારો કર્યાના સંદર્ભમાં અને આપણી પરીક્ષાનાં કામો તથા અન્ય કામો માટે જે ટેક્ષીઓ માટે કોન્ટ્રાકટ કરેલ છે તે કોન્ટ્રાકટરોને તા. ૨૧--૭--૧૯૯૧થી અમલમાં આવે તે રીતે અગાઉના દર કિ.મી. દીઠ રૂપિયા બે અને પચાસ પૈસાને બદલે કિ.મી. દીઠ રૂપિયા બે અને નવું પૈસા (રૂ. ૨--૯૦ પૈસા)ના દર આ અંગે નિયુકત સમિતિની ભલામણ અન્વયે નક્કી કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોકત કાર્યની નોંધ લેવામાં આવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૨૩. અમદાવાદ શહેર વિસ્તારની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની સંલગ્ન કોલેજોમાં પ્રથમ વર્ગમાં પ્રવેશ આપવા અંગે કેન્દ્રીયકૃત પ્રવેશ પદ્ધતિ અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—૧. અગાઉ ઓકટોબર ૧૯૯૧ની એકિઝકયુટિવ કાઉન્સિલમાં સભ્યો તરફથી કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ દાખલ કરવા અંગે સૂચન થયું હતું, ત્યારે કુલપતિશ્રીએ તે અંગે ઘટતી કાર્યવાહી વિચારવા એક સમિતિ નિયુકત કરી તપાસી લેવામાં આવશે તેમ સભ્યોને સભામાં સ્પષ્ટતા આપ્યો હતો.

૨. કુલપતિશ્રીએ આ બાબતે એક સમિતિ નિયુકત કરીને તેનાં સર્વ પાસાંઓ તપાસી જોવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઘટિત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. અરુણ જે. પાલખીવાલા તરફથી રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન "શ્રી. જયંતિલાલ હરિલાલ પાલખીવાળા કેશ પ્રાઇઝ" ફાઇનલ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં રેગ્યુલર/કેશ બેચમાંથી મેડિસિન વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવે તેવા વિદ્યાર્થીને આપવા માટે ઉપરના નિયમોને આધીન સ્વીકારવું.

૧૮. શ્રી. ચેરમેન, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયર્સ, અમદાવાદ તરફથી રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન, બી. ઈ. કેમિકલ એન્જિનિયરિંગની છેલ્લી પદવી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવે તેવા વિદ્યાર્થીને ચન્દ્રક આપવા માટે મળેલા છે તે નીચેના નિયમોને આધીન સ્વીકારવા વિચારણા કરવા બાબત :

નિયમો

"૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયર્સ, અમદાવાદ ચંદ્રક" દર વર્ષે બી.ઈ. કેમિકલ એન્જિનિયરિંગની પદવી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થઈ યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને આ ચંદ્રક એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવાનો તેનો અધિકાર રહેશે.

૩. વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે અને શક્ય હોય ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે તેમજ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.

૪. ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહીં.

૫. આ સંપાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૧૦ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સંપાવતની વાર્ષિક વ્યાજની આવકનો વ્યય રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ચેરમેન, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ કેમિકલ એન્જિનિયર્સ, અમદાવાદ તરફથી "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ કેમિકલ એન્જિનિયર્સ, અમદાવાદ ચંદ્રક" માટે રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન બી.ઈ. કેમિકલ એન્જિનિયરિંગની છેલ્લી પદવી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવે તેવા વિદ્યાર્થીને ચંદ્રક આપવા માટે ઉપરના નિયમોને આધીન સ્વીકારવું.

૧૯. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ચાલતા યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રમાં એમએસ.સી. બોટાની વિષયના વિદ્યાર્થીઓનો એક અભ્યાસ-પ્રવાસ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવી તા. ૨૯-૯-૧૯૯૦ થી તા. ૧૨-૧૦-૧૯૯૦ દરમિયાન રાજ્ય બહાર ત્રિવેન્દ્રમ ખાતે યોજવામાં આવ્યો હતો, તે દરમિયાન અકસ્માત નડતાં પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી એન. આઈ. દાણીને ઈજાઓ થઈ હતી અને ઈન્ડોર પેશન્ટ તરીકે ત્રિવેન્દ્રમ ખાતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારે કુલપતિશ્રીએ તબીબી ખર્ચ પેટે રૂ. ૨,૪૫૧-૯૩ પૈસા મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

વધુમાં થયેલ અકસ્માતના સંદર્ભમાં પ્રો. દાણીએ સ્વગૃહે ફિઝિયોથેરાપીની પણ સારવાર લીધી તે અંગે થયેલ તબીબી ખર્ચ રૂ. ૨,૦૫૦ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રમાં એમ.એસસી. બોટાની વિષયના વિદ્યાર્થીઓના એક અભ્યાસ-પ્રવાસમાં પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એન. આઈ. દાણીને ત્રિવેન્દ્રમ ખાતે અકસ્માત નડ્યો હતો, જે પેટે થયેલ ખર્ચ રૂ. ૨,૪૫૧-૯૩ કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે તેની નોંધ લેવામાં આવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રો. દાણીએ સ્વગૃહે ફિઝિયોથેરાપીની સારવાર લીધી છે તે પેટે થયેલ ખર્ચ અંગે, રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમાનુસાર ચકાસીને યોગ્ય કાર્યવાહી કરવી.

૨૦. તા. ૨૫-૬-૧૯૯૨ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) ભાગલપુર યુનિવર્સિટી ખાતે યોજાયેલ આંતર-યુનિવર્સિટી ગેરા હરીફાઈઓમાં ભાગ લેવા ગયેલ ગુજરાત યુનિવર્સિટી ટીમના મેનેજર અને ખેલાડીઓને લૂંટી લેવામાં આવ્યા હતા, તે પ્રકારની યુનિવર્સિટી ગેસ ટીમના મેનેજર શ્રી એમ. એ. શેખની અરજીના સંદર્ભમાં કુલ રૂ. ૧,૨૬૦ ની રકમ (અંકે રૂપિયા પંદરસો ત્રીસ પૂરા) (મેનેજર અને ખેલાડીઓની) ભરીને યુનિવર્સિટી તરફથી ભરપાઈ કરી આપવામાં આવે તેમ આ બોર્ડ કુલપતિશ્રીને વિનંતી કરે છે અને ભવિષ્યમાં ટીમના ખેલાડીઓ અને મેનેજર-કોચીઝની સલામતી બાબત જુદી જુદી રમતોની યોજાતી આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા ગુજરાત યુનિવર્સિટીની ટીમના ખેલાડીઓ, મેનેજરો, કોચીઝ વગેરેનો વીમો (ચોરી, પૂંટફાટ, મારફાડ વગેરેનો) લેવાનું રાખવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) હાલની ટિકિટ મોંઘવારીને લક્ષમાં રાખીને આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી ગુજરાત યુનિવર્સિટી ટુકડીના કોચને-મેનેજરને દૈનિક ભથ્થું રૂ. ૫૦ ને બદલે રૂ. ૭૫ અને ખેલાડીઓને રૂ. ૩૦ ના બદલે રૂ. ૪૦ આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) જુદી જુદી રમતોની યોજનેલ આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી ગુજરાત યુનિવર્સિટીના ટુકડીઓના સભ્યોને ડ્રેસ પેટે હાલમાં જે ૮૦ ટકા ખર્ચને બદલે ૧૦૦ ટકા ખર્ચ યુનિવર્સિટી તરફથી આપવામાં આવે તેવી બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની રજાની ભલામણ સાથે આ બોર્ડ સહમત છે અને તે પ્રમાણે મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે".

૧. આથી ઠરાવવામાં આવે છે કે ભલામણ ૧ હાલના તબક્કે સ્વીકારવી નહીં.

૨. ભલામણ ૨ : આથી ઠરાવવામાં આવ્યું કે આંતર-યુનિવર્સિટીમાં રાજ્ય બહાર ભાગ લેવા માટે જતી ગુજરાત યુનિવર્સિટીની ટીમના કોચ-મેનેજરને રૂ. ૫૦ને બદલે રૂ. ૭૫ (રાજ્યમાં જ હોય તો રૂા. ૫૪) અને ખેલાડીઓને રૂ. ૩૦ને બદલે રૂ. ૪૦ દૈનિક ભથ્થું આપવાનું મંજૂર કરવું.

૩. ઉપરની ભલામણ ૩ મંજૂર કરવામાં આવી.

૨૨. તા. ૧૦-૪-૧૯૯૨ના રોજ મળેલ બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આગામી ઉનાળાની અને દિવાળીની અને નાતાલની રજાઓમાં કે સત્ર દરમિયાન નીચેની પ્રવૃત્તિઓ પૈકી નાણાંની વ્યવસ્થા, વ્યવસ્થાતંત્ર, વેકેશનનો સમય, ઉપલબ્ધ સાધનો વગેરે બાબતોને અનુલક્ષીને નીચેની પ્રવૃત્તિઓ યોજવી-ને નક્કી કરવા માટે અને તે અંગે જરૂરી તમામ કાર્યવાહી અને તેને આનુષંગિક થનાર ખર્ચ મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવી અને તે મુજબ ખર્ચ કરવાની સત્તા ડિરેક્ટર ઓફ યુથ વેલ્ફેરને આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થી ભાઈઓ માટે બે પર્વતારોહણ તાલીમ શિબિર
૨. વિદ્યાર્થિની બહેનો માટે એક પર્વતારોહણ તાલીમ શિબિર
૩. હાઈ ઓલ્ટિટ્યુડ ટ્રેકિંગ-આઈસ એન્ડ સ્નો કન્ડેન્સ્ડ કોર્સ
૪. જળ રમત શિબિર, સઢવાળી નૌકા, પાણી પર સરકવું, કેનોઈંગની તાલીમ-હોળી પ્રવાસ
૫. લાંબા અંતરની સાયકલનો પ્રવાસ
૬. જંગલ પ્રવાસ, પગપાળા પ્રવાસ
૭. જુડો તાલીમ
૮. યોગ તાલીમ
૯. બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેરના સભ્ય માટે આંતર-રાજ્ય/આંતર-યુનિવર્સિટી સાંસ્કૃતિક પ્રવાસ કાર્યક્રમ પ્રથમ સત્ર શરૂ થયા પછી તરત જ યોજવો અને તે માટેની વિગતો નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.
૧૦. નાટય તાલીમ શિબિર
૧૧. અભિવ્યક્તિ તાલીમ શિબિર
૧૨. સંગીત તાલીમ શિબિર
૧૩. નૃત્ય તાલીમ શિબિર
૧૪. નિદર્શન સહિત નૃત્ય અને અભિનય સંગીત કલા ઇત્યાદિ પરનાં વ્યાખ્યાનો
૧૫. યુવક મહોત્સવ
૧૬. ઘોડેસવારી અભિયાન, ઘોડેસવારી શિબિર કોર્સ
૧૭. મોટર સાઈકલ પ્રવાસ
૧૮. ચિત્રાલય અભિયાન
૧૯. બોર્ડના વિદ્યાર્થી સભ્યો માટે એક દિવસનો કાર્યક્રમ "તમે તમારી યુનિવર્સિટીને ઓળખો" એ વિષય પર રાખવો તથા યુનિવર્સિટીના વિભાગ તથા વહીવટી માળખું, બોર્ડનું બંધારણ અને સભ્યની ફરજોથી માહિતગાર થઈ શકે તેવી વ્યવસ્થા કરવા ઘટતું કરવા વિભાગને જણાવવું.

વધુમાં આ કાર્યક્રમ અંગે ઠરાવવામાં આવ્યું કે આ કાર્યક્રમ સત્વરે અને શકય હોય તો એકાદ મહિનામાં અથવા ચાલતા સત્રમાં ગોઠવવાનું રાખવું.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ પૈકી વધુમાં વિદ્યાર્થી સભ્યોની રજૂઆત બાદ નીચે પ્રમાણેની પ્રવૃત્તિઓ અનુકૂળતા પ્રમાણે અગ્રતાક્રમ કરવાનું નક્કી કરવામાં આવ્યું :

૧. વૉટર સ્કીઇંગ બોટિંગ, કેનોઇંગની તાલીમશિબિર
૨. હિમાલય ટ્રેકિંગ—આઇસ ઍન્ડ સ્નો કમ્ડેન્સ્ડ કોર્સ
૩. વિદ્યાર્થિની બહેનો માટે જૂડો—કરાટે તાલીમ
૪. વિદ્યાર્થી ભાઈઓ માટે બૉક્સિંગ તાલીમ, સાઇકલ રેસ.''

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૧૦–૪–૧૯૯૨ની સભામાં થયેલ ઉપરની ભલામણ અન્વયે જરૂરી આનુષંગિક પગલાં લેવા કુલપતિઓને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે નાટચ તાલીમ શિબિર, અભિવ્યક્તિ તાલીમ શિબિર તેમ જ સંગીત-નૃત્ય તાલીમ શિબિરમાં ઓછામાં ઓછા ૧૫ શિબિરાર્થીઓ હોય તો જ શિબિર યોજવા.

૨૨. શ્રી. હરિ ઓમ આશ્રમ પ્રેરિત ઍલેક્ઝિક રિસર્ચ ઍવોર્ડ ફૉર સર્જિકલ અને ઍલાઇડ બ્રાન્ચીઝ ૧૯૯૨ માટે (૧) ડૉ. દવે આર. આઈ., (૨) ડૉ. શાહ આર. સી. અને (૩) ડૉ. વસંત વાલુનાં રિસર્ચ પેપરો નિષ્ણાત કમિટીના સભ્યોને તપાસવા મોકલેલા તેના આવેલા અભિપ્રાયો ઉપર ચર્ચાવિચારણા કરવા બાબત.

હરિ ઓમ આશ્રમ પ્રેરિત ઍલેક્ઝિક રિસર્ચ ઍવોર્ડ ફૉર સર્જિકલ ઍન્ડ ઍલાઇડ બ્રાન્ચીઝ ૧૯૯૨ માટે આવેલાં રિસર્ચ પેપરો ઉપરના નિષ્ણાતોનો અભિપ્રાય જોતાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍવોર્ડ કોઈને આપવો નહિ.

૨૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઈલાજો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યો હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા (૧) તા. ૧૭ અને ૩૧–૧–૧૯૯૨; (૨) તા. ૭, ૧૪, ૨૧, ૨૮–૨–૧૯૯૨ અને (૩) તા. ૬ અને તા. ૧૩–૩–૧૯૯૨ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાઓનાં ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૭ અને ૩૧ જાન્યુઆરી ૧૯૯૨, તા. ૭/૧૪/૨૧/૨૮ ફેબ્રુઆરી ૧૯૯૨ તેમ જ તા. ૬ અને ૧૩ માર્ચ ૧૯૯૨ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો મંજૂર કરવી.

૨૪. ઍસ.સી.ટી. સેલના તા. ૧–૪–૧૯૯૧થી તા. ૩૧–૩–૧૯૯૨ સુધીના હિસાબ (જાણ સારુ).

[નોંધ.—ઍસસી.ટી. સેલની સ્થાયી સમિતિની તા. ૨૯–૧–૧૯૯૨ની સભામાં સદરહુ અહેવાલ અંગે નોંધ લઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જાણ માટે મૂકવા ઠરાવવામાં આવ્યું હતું.**)**

આથી ઠરાવવામાં આવે છે કે ઍસ.સી.ટી. સેલના તા. ૧–૪–૧૯૯૧થી તા. ૩૧–૩–૧૯૯૨ સુધીના હિસાબની નોંધ લેવી.

૨૫. ઍસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટી તરફથી તા. ૧–૮–૧૯૯૨થી તા. ૩૧–૭–૧૯૯૩ સુધીના ગાળા માટેના વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલા તેઓશ્રીના તા. ૧–૭–૧૯૯૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એક વર્ષનું લવાજમ ૧૦૪૬ પાઉન્ડ સ્ટર્લિંગ છે જેની અંદાજી રકમ રૂ. ૬૨,૦૦૦ (અંકે રૂપિયા બાસઠ હજાર પૂરા) થાય છે. અગાઉના વર્ષ સને ૧૯૯૧-૯૨ માટે ૧૦૧૧ પાઉન્ડ સ્ટર્લિંગ એટલે રૂ. ૪૭,૫૪૬-૦૦ લવાજમ પેટે ભર્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીનું તા. ૧-૮-૧૯૯૨થી તા. ૩૧-૭-૧૯૯૩ના ગાળા સુધીનું વાર્ષિક લવાજમ ભરવું.

૨૬. નીચે દર્શાવેલ કર્મચારીઓને તેમના મકાન રિપેરિંગ-ફેરફાર અંગે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી તેમના નામ સામે દર્શાવેલ રકમ સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે લોન તરીકે આપવા અંગે વિચારણા બાબત :

કર્મચારીનું નામ તથા હોદ્દો	વિભાગ	લોનની રકમ રૂ.	કયા કારણસર
(૧) ટીપુભાઈ જી. પરમાર, પટાવાળા	વિજ્ઞાન ભવન	૫૧,૦૦૦/-	મકાન રિપેર્સ-ફેરફાર
(૨) સી. એસ. વાળંદ પટાવાળા	ભાષા-સાહિત્ય ભવન	૩૨,૦૦૦/-	ઉપર મુજબ

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ કર્મચારીઓને તેમના નામ સામે જણાવેલ રકમ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) અનુસાર મકાન રિપેરિંગ કે ફેરફાર અંગે આપવી.

૨૭. ફાઇનાન્સ સમિતિની તા. ૩-૩-૧૯૯૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૩-૩-૧૯૯૨ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ ભલામણો આ સાથે **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૮(૧). ઝાલોદ કેળવણી મંડળ, ઝાલોદ સંચાલિત વિનયન અને વાણિજ્ય કૉલેજ યુનિવર્સિટીનાં ધારાધોરણોથી વિપરીત રહી બંધ કરી છે. આથી વિદ્યાર્થીને શિક્ષણની જોગવાઈ ઉપલબ્ધ રહે તે હેતુથી સદરહુ કૉલેજનું સંચાલન ૧૫ જૂન, ૧૯૯૨ થી "ઝાલોદ વિદ્યાસમાજ ટ્રસ્ટ, ઝાલોદ"ને આપ્યાનું;

૨૮(૨). જૂન, ૧૯૯૨ થી વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની બી કૉમ. (ગ્રૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૮(૩). જૂન, ૧૯૯૨થી ભવન્સ આઈ. એલ. પંડ્યા આર્ટ્સ-સાયન્સ અને જશોદાબહેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોરની બી.એસસી. (ગ્રૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને બી. કૉમ. (ગ્રૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ વિદ્યાર્થીઓને વિષયોનું શિક્ષણ મળતું ચાલુ રહે તે જોતાં સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૮(૪). જૂન, ૧૯૯૩થી એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મહુવાની બી. કોમ. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સનું વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨૮(૫). સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના બી.એસસી. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસ-ક્રમ જૂન, ૧૯૯૨થી શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૮–૧૯૯૨ સુધીમાં કરે તો તેને બી. એસસી. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૨થી કાયમી જોડાણ આપવા માટે એકઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજ પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવાનાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, બાકીનું કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિન-શિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી અંગે અનુ.જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલાં ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૨૮(૬). જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદની બી.એસસી. (રૂપે.) ઇલેક્ટ્રોનિક્સ અને બી.એસસી. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સના વિષયોના અભ્યાસક્રમો જૂન ૧૯૯૨થી શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૮-૧૯૯૨ સુધીમાં કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં ઇલેક્ટ્રોનિક્સનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૨થી કાયમી અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૨થી તા. ૧૪–૬–૧૯૯૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ઇલેક્ટ્રોનિક્સ અને કૉમ્પ્યુટર સાયન્સના વિષયોની પ્રયોગશાળા માટે પ્રતિવર્ષ જરૂરી ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે."

૨૮(૭). શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાની બી.એ. (પ્રિન્સિ.) ગૃહવિજ્ઞાન અને બી.એસસી. (સ્પે.) ઇલેકટ્રોનિકસના વિષયના અભ્યાસક્રમો જૂન ૧૯૯૨થી શીખવવા માટેની નેડાણુ અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૮–૧૯૯૨ સુધીમાં કરે તો તેની બી.એ. (પ્રિન્સિ.) ગૃહવિજ્ઞાન અને બી.એસસી. (સ્પે.) ઇલેકટ્રોનિકસ અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૯૨થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગૃહવિજ્ઞાનના ત્રણ વિષયો માટે અલગ અલગ પ્રયોગશાળાનો પ્રબંધ કરવામાં આવે;

૪. ઇલેકટ્રોનિકસ અને ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે જરૂરી ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમજ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારા-ધોરણોનો અમલ કરવામાં આવે."

(૫) રીડર ઈન હિન્દી	૧
(૬) રીડર ઈન ઈકોનોમિકસ	૨
(૭) રીડર ઈન સાયકોલોજી	૧
(૮) રીડર ઇન કેમિસ્ટ્રી	૧
(૯) રીડર ઈન લેબર વેલ્ફેર	૧
(૧૦) રીડર ઈન ઝૂલોજી	૨
(૧૧) રીડર ઈન પ્રાકૃત	૧
(૧૨) રીડર ઈન ફિલોસોફી	૧
(૧૩) રીડર ઈન હિસ્ટરી	૧
(૧૪) રીડર ઈન બિઝનેસ મેનેજમેન્ટ	૧
(૧૫) રીડર ઈન ફિઝિકસ	૧
(૧૬) રીડર ઈન સ્પેસ સાયન્સ	૧
(૧૭) રીડર ઈન એકેડેમિક સ્ટાફ કોલેજ	૧
(૧૮) રીડર ઈન કોમ્પ્યુટર સાયન્સ	૧
(૧૯) રીડર ઈન ડેવલપમેન્ટલ સાયન્સ	૧
(૨૦) રીડર ઈન ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રી	૧
(૨૧) રીડર ઈન એજ્યુકેશન	૧
(૨૨) રીડર ઈન લાઇબ્રેરી સાયન્સ	૧
(૨૩) રીડર ઇન પોલિમર સાયન્સ	૧
(૨૪) લેક્ચરર ઈન એકેડેમિક સ્ટાફ કોલેજ	૧
(૨૫) લેક્ચરર ઈન કેમિસ્ટ્રી	૫
(૨૬) લેક્ચરર ઈન બોટાની	૨
(૨૭) લેક્ચરર ઈન ઇંગ્લિશ	૨
(૨૮) લેક્ચરર ઈન ઈકોનોમિકસ	૧
(૨૯) લેક્ચરર ઈન ડેવલપમેન્ટલ સાયન્સ	૧
(૩૦) લેક્ચરર ઈન પોલિટિકલ સાયન્સ	૨
(૩૧) લેક્ચરર ઈન સ્ટેટિસ્ટિકસ	૧
(૩૨) ટીચિંગ રિસર્ચ એસોસિયેટ ઈન બિઝનેસ મેનેજમેન્ટ	૫
(૩૩) લેક્ચરર ઈન કોમ્પ્યુટર સાયન્સ	૧
(૩૪) લેક્ચરર ઈન સોશિયોલોજી	૧

(૩૫) લેક્ચરર ઇન લેંગ્વેજ લેબોરેટરી વિથ પોસ્ટ-ગ્રેજ્યુએટ ઇન ૧
ઇંગ્લિશ-હિન્દી-ગુજરાતી–સંસ્કૃત

(૩૬) લેક્ચરર ઇન લેબર વેલ્ફેર ૧

(૩૭) લેક્ચરર ઇન મેથેમેટિક્સ ૧

(૩૮) લેક્ચરર ઇન ઝૂલોજી ૨

(૩૯) લેક્ચરર ઇન ફિઝિક્સ ૧

(૪૦) લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજી ૧

(૪૧) લેક્ચરર ઇન ઉર્દૂ ૧

(૪૨) લેક્ચરર ઇન હિન્દી ૧

(૪૩) લેક્ચરર ઇન ગુજરાતી ૧

(૪૪) લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ ૧

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી જગ્યાઓ માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર વરણીસમિતિની રચના કરવા બાબતમાં ઘટતી કાર્યવાહી કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજી વિભાગમાં લેક્ચરર ઇન ઇંગ્લિશ તરીકે શિક્ષણકાર્ય કરતાં શ્રીમતી ગોવિંદિની ડી. શાહનો બે વર્ષનો પ્રોબેશન પિરિયડ તા. ૩૧-૮-૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેણીને લેક્ચરરની જગ્યાએ તા. ૧-૯-૧૯૯૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજી વિભાગમાં લેક્ચરર ઇન ઇંગ્લિશ તરીકે શિક્ષણકાર્ય કરતાં શ્રીમતી ગોવિંદિની ડી. શાહની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સમાયુક્ત સમક્ષ રજૂ કરવામાં આવ્યો. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી ગોવિંદિની ડી. શાહને લેક્ચરરના પગારધોરણમાં તા. ૧-૯-૧૯૯૨થી કાયમ કરવાં.

૩૭. કોમર્સ ભવનમાં પ્રોફેસર ઓફ કોમર્સ તરીકે શિક્ષણકાર્ય કરતા પ્રો. બી. એચ. દેસાઈનો બે વર્ષનો પ્રોબેશન પિરિયડ તા. ૩૧-૮-૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને પ્રોફેસરની જગ્યાએ તા. ૧-૮-૧૯૯૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

કોમર્સ ભવનમાં પ્રોફેસર ઓફ કોમર્સ તરીકે શિક્ષણકાર્ય કરતાં પ્રો. બી. એચ. દેસાઈની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સમાયુક્ત સમક્ષ રજૂ કરવામાં આવ્યો. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે પ્રો. બી. એચ. દેસાઈને પ્રોફેસરના પગારધોરણમાં તા. ૧૩-૮-૧૯૯૨થી કાયમ કરવા.

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૩૮(૧). ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની જૂન ૧૯૯૨થી ફર્સ્ટ બી.એ.,બી.કૉમ. અને સેકન્ડ બી.એ.,બી.કૉમ.નું ચાલુ જોડાણ અને થર્ડ બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર તથા બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્ર વિષયો શીખવવા માટેની વધારાના જોડાણ અરજી પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર નિમણૂંકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧–૭–૧૯૯૨ સુધીમાં કરે તો તેને ફર્સ્ટ બી.એ.,બી.કૉમ. અને સેકન્ડ બી.એ.નું ચાલુ જોડાણ અને થર્ડ બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર, બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૯૨થી તા. ૧૪–૬–૧૯૯૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦–એ અનુસાર કાર્યભારના સંદર્ભમાં નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. અર્થશાસ્ત્ર, અંગ્રેજી, હિન્દી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, એકા. એન્ડ ઑડિટિંગના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક અને એસ. પી. અને આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગણેકમના સંદર્ભમાં બિનશિક્ષક કર્મચારીઓની નિમણૂક યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષક વર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે, તેમ જ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે;"

૩૮(૨). નરોડા કેળવણી મંડળ, અમદાવાદની જૂન ૧૯૯૩થી વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે પરંતુ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે જોતાં સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું;

૩૮(૩). માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણની જૂન ૧૯૯૨ થી ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ.(મુખ્ય) ગુજરાતી, સમાજશાસ્ત્ર અને સંસ્કૃત, બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૨ થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીનું ચાલુ જોડાણ માટેનું અને થર્ડ બી.એ. (મુખ્ય)માં ગુજરાતી સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૨ થી તા. ૧૪-૬-૧૯૯૩ સુધીના વંચારાના જોડાણ માટેનું તદર્થ ધોરણે જાહેરનામું બહાર પાડવાનું;

૩૮(૪). જૂન ૧૯૯૨થી શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી બી.એ. (મુખ્ય) ગૃહવિજ્ઞાન અને બી.એસસી. (સ્પે.) ઇલેકટ્રોનિકસના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણશરતોનું પરિપાલન કર્યું હોઈ તે અંગેનું તા. ૧૫-૬-૧૯૯૨ થી કાયમી જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડવાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૩૮(૧)થી ૩૮(૪)માં દર્શાવેલાં કાર્યોની નોંધ લેવી.

૩૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૩-૭-૧૯૯૨ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૩-૭-૧૯૯૨ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવી.

(સદરહુ કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "બ્ય" [illegible] સામેલ છે.)

૪૦. ફાઇનાન્સ સમિતિની તા. ૭-૮-૧૯૯૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૭-૮-૧૯૯૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણો આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી [illegible] વિચારણા કરવામાં આવી :

૪૧. યુનિવર્સિટી ઍક્ટમાં ઓર્ડર ફોરમેટ તરીકે નામ કરતા શ્રી. બી. કે. શાહ તથા શ્રી. જે. ડી. પટેલને રૂ. [illegible]-૪૭-૨૯૦૦-૬ખાં-૫૦-૨૨૦૯ના પગારધોરણમાં રૂ. ૧૯૦૦ પછીના કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) અનુક્રમે તા. ૧-૭-૧૯૯૨ તથા તા. ૨-[illegible]-૧૯૯૨થી ઓળંગવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	નામ	હોદ્દા	પગારધોરણ	હાલના મૂળ પગાર	તારીખ
૧.	શ્રી બી. કે. શાહ	આસિ. ફોરમેન	[illegible] ૨,૨૦૦	૧,૯૦૦/-	૧-૭-૧૯૯૨
૨.	શ્રી જે. ડી. પટેલ	,,	,,	,,	૨-૬-૧૯૯૨

ઉપરોક્ત કર્મચારીઓના [illegible] રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી ઍક્ટમાં [illegible] કર્મચારીઓને રૂ. ૧,૯૦૦/- પછીનો કાર્યક્ષમતા અંતરાય ([illegible] તારીખથી ઓળંગવાની મંજૂરી આપવી.

૪૨. ફિઝિકલ એજ્યુકેશન વિભાગમાં લેક્ચરર-ઇન-ફિઝિકલ એજ્યુકેશન તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. બી. ડી. વનારને બે વર્ષના અજમાયશી સમય તા. ૧૨-૮-૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને સદરહુના પગારધોરણ રૂ. [illegible] ૭૫-૨,૮૦૦-૧૦૦-૪,૦૦૦માં તા. ૧૩-૮-૧૯૯૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ફિઝિકલ એજ્યુકેશન વિભાગમાં લેક્ચરર-ઇન-ફિઝિકલ એજ્યુકેશન તરીકે શિક્ષણકાર્ય કરતા શ્રી. બી. ડી. વનારની કામગીરી અંગેના બાતમી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. ડી. વનારને લેક્ચરરના પગારધોરણમાં તા. ૧૩-૮-૧૯૯૨થી કાયમ કરવા.

૪૩ અનુ. નિયમ ૧ (૧) (૩)-બી નીચે મુજબ સુધારવા બાબત :

"The fees collected by the Post-graduate centre for first and second terms shall be retained by the centre to meet with the expenses towards the payment of conveyance allowances. T.A., H.A., Professor-in-charge allowance, administration expenses including audit fees, and freeship and scholarship as per P.G. Rule No. 27(B) during first and second term.

The surplus amount shall be deposited to the University within the one month after second term is over along with the final account of the centre in prescribed form.

In case of deficiency, if any, it shall be met by the University on receiving the final account of the centre."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રોની ટ્યૂશન ફી બાબત અંગે અનુસ્નાતક નિયમ ૧ (૧)(૩) બી ઉપર જણાવ્યા મુજબ તાત્કાલિક અમલમાં આવે તે રીતે સુધારવો.

૪૪. ગુજરાત યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટર, અમદાવાદ ખાતે ૧૯૯૨-૯૩ના શૈક્ષણિક વર્ષથી ગુજરાતી સ્ટેનોગ્રાફીનો એક વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવાની કેન્દ્રના અધ્યક્ષશ્રીની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.—ઉપરોક્ત કોર્સમાં વિદ્યાર્થીઓની બે સત્રની ટ્યુશન ફી રૂ. ૯૦૦ રાખવાનું નક્કી કરેલ છે અને આ અભ્યાસક્રમ અંગે થનાર ખર્ચ સામે ટ્યુશન ફીની આવક સરભર કરવાની ભલામણ કેન્દ્રના માનદ અધ્યક્ષશ્રીએ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરની ઉપરોક્ત દરખાસ્તનો સ્વીકાર કરવો તથા તદ્અનુસાર ગુજરાતી સ્ટેનોગ્રાફીનો એક વર્ષનો અભ્યાસક્રમ ૧૯૯૨-૯૩ના શૈક્ષણિક વર્ષથી શરૂ કરવો.

૪૫. એકેડેમિક કાઉન્સિલના સભ્યોના સૂચન પર ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કોલેજો પૈકી જે કોલેજોએ કોલેજનું મકાન કે તેનો કોઈ ભાગ શૈક્ષણિક હેતુઓ સિવાયના કોઈ હેતુ માટે ભાડે આપેલ હોય તો તે ભાડાની આવકને ગ્રાન્ટના હેતુ માટે માન્ય આવક તરીકે ગણતરીમાં લેવા સારુ રાજ્ય સરકારને દરખાસ્ત કરવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કાર્યકારી કુલસચિવ

નં. એકેડ. કાઉ./૧૦૨૮૫/ ૧૯૯૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૨૭-૧૧-૧૯૯૨.

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ૨(૪૦)(૧)

P. G. Rule No. 38 :

(*a*) The visiting post-graduate teachers shall be paid first class fares as travelling allowances, immediately on their submitting the T. A. Bill with a certificate by the Professor-in-charge of the Post-graduate Centre concerned. The Professor-in-charge shall submit the bills to the University at the end of each term.

(*b*) The halting allowances shall be paid by the Centre at the rate of Rs. 50 per day for stay at Ahmedabad and Rs. 30 per day for places other than Ahmedabad.

(*c*) If a teacher working as a full-time employee of the University duly permitted by the authorities of the University to participate in the instructional programme of Post-graduate Centre / Institute in the city of Ahmedabad actually participated therein, he shall be entitled to paymeat of Rs. 22–50 paise per day as conveyance charges payable by the Post-graduate Centre inviting him.

(*d*) The recognised post-graduate teachers or assistants to post-graduate teachers who are working as full-time teachers in University departments, affiliated colleges or recognised Institutes of all faculties are not eligible to claim any remuneration.

Local full-time teachers doing post-graduate teaching work on invitation to participate in the teaching programme of any department in any School of the University or at any post-graduate centre to the University shall be paid conveyance allowance at the rate of Rs. 22–50 paise per day and such expenditure will be incurred from the income of fees. Notwithstanding anything contained in the foregoing paragraph a visiting teacher or any expert other than a full-time teacher working in an affiliated college in the faculties of Arts, Education, Science and

Commerce, Law and Engineering or a retired recognised P. G. Teacher or a part-time teacher in an affiliated College who is recognised as an assistant of Post-graduate teacher, who on invitation participated in the teaching programme of any department of any School of the University or any post-graduate Centre of the University shall be paid remuneration at the rate of Rs. 20–50 paise per lecture actually delivered by him. Such a teacher shall also be entitled to claim conveyance charges or T.A./H.A. as per University rules.

(e) For Retired Teacher :

(1) Where regular post-graduate teachers are not available Retired college or University teacher can be invited by the University Department or Post-Graduate Centre with the prior approval of the Vice-Chancellor, to deliver lectures. Such services can be availed of for a maximum period of five years after the retirement.

(2) Such a teacher in no case be allotted more than twenty (20) lectures per term in a Centre, however he cannot work at more than two post-graduate centres. Such a teacher will be paid remuneration and conveyance charges or T.A./H.A. as per University rules.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨(૪૦)(૨)

P. G. Rule No. 23(f) :

The University shall pay to the Professor-in-charge of the Post-Graduate Centre an allowance for the Administrative work on uniform basis a sum of Rs. 800 per year i.e. Rs. 400 per term. In case, however, one Professor-in-charge of more than one post-graduate centre, shall be entitled to receive not more than Rs. 800 per year i.e. Rs. 400 per term.

પરિશિષ્ટ "અ"
સામકાજ ક્રમાંક ૨(૪૧)

O. M.Phil–14 (Independent)

The prescribed fees once paid by the candidate registered under O. M.Phil–7 (d) shall be refunded as under :

(1) **If a candidate is found not eligible for registration, full fees including examination fee and mark statement fee shall be refunded at his cost.**

(2) **If a candidate expires prior to the date of commencement of the examination, full fees shall be refunded to the first claimant being his kith and kin at his cost.**

(3) **Where a candidate remains absent at the M.Phil. Examination and apply for refund of examination fees along with the copy of fee receipt, half of the examination fees only will be refunded to him at his cost.**

(4) **If a candidate fails to submit the required documents such as mark sheets, Final Eligibility Certificate and / or required affidavit in respect of residence etc. within three months from the date of application for registration, he will be considered ineligible and only examination fee together with fee for mark–statement will be refunded at his cost.**

(5) **If a candidate informs regarding cancellation of his registration within three months from the date of application for registration, he will be refunded half registration fees and full examination fees together with the fees for the mark statement paid by him at his cost.**

(6) **If a candidate informs regarding his inability for appearing in the examination before one month of the date of examination, he will be refunded only examination fee together with the fee for the mark–statement at his cost.**

પરિશિષ્ટ 'ધ'
કામકાજ ક્રમાંક ૨૭

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૩-૩-૧૯૯૨ને મંગળવારના રોજ બપોરના ૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૫. શ્રી. અરવિંદભાઈ આર. શાહ	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૧-૧૯૯૨ તથા તા. ૭-૨-૧૯૯૨ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૧-૧૯૯૨ તથા તા. ૭-૨-૧૯૯૨ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીની જાહેરાતો આપવા જાહેરાત આપતા એજન્ટની નિમણૂક કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકેડેમિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના જાહેરાતના એજન્ટ તરીકે મે. કે. શાહ એન્ડ કં.ની નીચેના દરે ત્રણ વર્ષ માટે તા. ૧-૪-૧૯૯૨થી તા. ૩૧-૩-૧૯૯૫ સુધી નિમણૂક કરવી.

૧. ગુજરાતી દૈનિક	૧૩ ટકા કમિશન
૨. અંગ્રેજી જાહેરાત	૯ ટકા કમિશન

૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી વિજ્ઞાન વિભાગને યુ.જી.સી. ફેસીસ્ટ યોજના હેઠળ મે. અમર ડાયગ્નોસ્ટિક્સ-મુંબઈ પાસેથી આર. આઈ. એ. કીટ ખરીદવા માટે રૂ. ૨,૧૦૦-૦૦ (અંકે રૂપિયા બે હજાર એક સો પૂરા)ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી વિજ્ઞાન વિભાગને યુ.જી.સી. ફેસીસ્ટ યોજના હેઠળ મે. અમર ડાયગ્નોસ્ટીક્સ, મુંબઈ, કે જેઓ સોલસેલિંગ એજન્ટ હોવાથી, પાસેથી રૂ. ૨,૧૦૦-૦૦ (અંકે રૂપિયા બે હજાર એકસો પૂરા) સુધીમાં આર. આઈ. એ. કીટ ખરીદવા.

૪. યુનિવર્સિટીની પ્રૌઢ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કેન્દ્રની સંપૂર્ણ-સાક્ષર અભિયાન યોજના માટે રૂ. ૨૫,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ફાળવી રૂ. ૫,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)નું એક પ્રોત્સાહિત ઇનામ લેખે કુલ પાંચ ઇનામો કૉલેજોને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રૌઢ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કેન્દ્રની સંપૂર્ણ સાક્ષર અભિયાન યોજનામાં પ્રોત્સાહિત ઈનામોમાં રૂ. ૧૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા દશ હજાર પૂરા) ફાળવવા. ઓછામાં ઓછા રૂ. ૨,૦૦૦-૦૦ (અંકે રૂપિયા બે હજાર પૂરા) વધુમાં વધુ પાંચ કૉલેજોને પ્રોત્સાહિત ઇનામો તરીકે આપવા.

૫. કૉમ્પ્યુટર સેન્ટરમાં ફુલ્ડ સ્ટેશનરી ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, અર્નેસ્ટ મની ડિપોઝિટ ભરેલ હોય તે પાર્ટીઓ પૈકી સૌથી ઓછા ભાવો આપનાર મે. માધુરી કૉર્પોરેશન પાસેથી તેમના ટેન્ડરમાં જણાવેલ ભાવે અને શરતોએ સિંગલ પાર્ટ, ટુ પાર્ટ અને થ્રી પાર્ટ ફુલ્ડ સ્ટેશનરી ખરીદવી. આ અંગે કુલ રૂ. ૯૦,૭૫૦-૦૦ (અંકે રૂપિયા નેવું હજાર સાત સો પચાસ પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૬. યુનિવર્સિટીની ૧૯૯૨ની પરીક્ષાઓ માટે ઈન્ટરનલ સીટ છપાવવા અંગે મંગાવેલ ટેન્ડરનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની ૧૯૯૨ની પરીક્ષાઓ માટે આંતરિક ગુણપત્રકોની સ્ટેશનરી, સૌથી ઓછા ભાવો આપનાર વેપારી મે. માધુરી કૉર્પોરેશન પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને ભાવે ખરીદવી અને આ અંગે રૂ. ૧૮,૦૦૦-૦૦ (અંકે રૂપિયા અઢાર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકો બાઇન્ડિંગ અંગે મંગાવેલ ભાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગેની સત્તા કુલપતિશ્રીને આપવી.

૮. યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલ માટે એક નંગ વી.સી.આર. મે. કલ્પના ઈલેકટ્રોનિકસ પાસેથી રૂ. ૧૮,૬૦૦ (અંકે રૂપિયા અઢાર હજાર છ સો પૂરા) ના ખર્ચે ખરીદવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯. પ્રેસમાં આર્ટ્સ કાર્ડ ૧૦ ગ્રોસ જે. કે. આર્ટ બોર્ડ ગ્રોસના રૂપિયા ૫૬૯-પૈસાના ભાવે ખરીદવા નક્કી થયેલ પરંતુ માસ્ટર કોટ આર્ટ બોર્ડના કાગળો જે. કે. બોર્ડ કરતાં સારા હોવાથી તેની પાસેથી ખરીદવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત. આ અંગે કોઈ વધુ રકમ ચૂકવવામાં આવી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૦. ડી. પી. ઈ. વિભાગ માટે ગુજરાત સ્ટેટ વેઈટ લીફ્ટિંગ એસોસિએશન પાસેથી રૂ. ૧૧,૫૦૦ (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો પૂરા)ની કિંમતે સેટ ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૧. યુનિવર્સિટી પરીક્ષાની માર્ક્સ સ્ટેટમેન્ટ તથા ઑફિસ રજિસ્ટરની સ્ટેશનરી ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આવેલાં ટેન્ડરો પૈકી કોઇ પણ વેપારીએ ડિપોઝિટ ભરેલ ન હોવાથી સૌથી ઓછા ભાવો આપનાર પ્રથમ ત્રણ પાર્ટીઓને બોલાવી યોગ્ય નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં આવેલ ફ્રેઝર બનાવટનાં વિન્ડો એરકન્ડિશનરોનો નંગ આઠનો વાર્ષિક સર્વિસ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય તથા જુદા જુદા વિભાગોમાં આવેલ આઠ એરકન્ડિશનર મશીનોનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ મે. ચેઈસ પ્રોડકટ્સ, અમદાવાદ પાસેથી એક વર્ષ માટે તા. ૧-૪-૧૯૯૨ થી તા. ૩૧-૩-૧૯૯૩ સુધી કરવો. આ અંગે રૂ. ૨૦,૨૦૦ (અંકે રૂપિયા વીસ હજાર બસો પૂરા)નું ખર્ચ મંજૂર કરવું.

૧૩. યુનિવર્સિટીના "સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઈનિંગ"નાં જૂનાં નવ ટાઈપરાઈટરોનો નિકાલ કરવા બાબત તથા નવાં ટાઈપરાઈટરો ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઈનિંગનાં જુનાં નવ ટાઈપરાઈટરો મે. આલોક ટ્રેડિંગ કું. ને તેઓના તા. ૨૯-[illegible]૧૯૮૯ના પત્રમાં જણાવ્યા પ્રમાણેના ભાવે આપવાં અને નવાં પાંચ ટાઈપરાઈટરો તેમની પાસેથી રૂ. ૭,૭૩૬-૦૦ (અંકે રૂપિયા સાત હજાર સાત સો છત્રીસ પૂરા)ની નંગ દીઠની કિંમતે ખરીદવાં અને આ અંગે વધારાનું રૂ. ૨૩,૭૦૦ (અંકે રૂપિયા તેવીસ હજાર સાત સો પૂરા) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું.

કુલસચિવ વતી
એમ. એસ. શાહ

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૩૯

ગુજરાત યુનિવર્સિટીનો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વર્ષ ૧૯૯૨ની પ્રથમ સભા યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તા. ૨૩-૭-૧૯૯૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી.

પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	ડૉ. એમ. એન. દેસાઇ, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રા. એ. ટી. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રિ. એન. આર. શાહ	હાજર
૫.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૬.	શ્રી. યુ. એમ. પંડિત	ગેરહાજર
૭.	પ્રિ. એન. વી. રાવળ	હાજર
૮.	શ્રી. એમ. સી. છાણવિયા	હાજર
૯.	ડૉ. કેતન દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ડી. આઈ. પરીખ	હાજર
૧૧.	શ્રી. બી. એસ. પટેલ	હાજર
૧૨.	શ્રી. આર. એ. મલાગી	ગેરહાજર
૧૩.	શ્રી. ટી. એસ. નાન્દી	હાજર
૧૪.	શ્રી. એમ. જી. કુરેશી	હાજર
૧૫.	શ્રી. આર. એલ. રાવળ	હાજર
૧૬.	શ્રી. વી. પી. ભારદ્વાજ	હાજર
૧૭.	શ્રી. વી. પી. શાહ	હાજર
૧૮.	શ્રીમતી પ્રતીક્ષાબહેન રાવળ	ગેરહાજર
૧૯.	શ્રી. જે. એ. થાન્કિ	હાજર
૨૦.	શ્રી. એસ. ડી. વર્મા	હાજર
૨૧.	શ્રી. વાય. કે. અગ્રવાલ	હાજર
૨૨.	ડૉ. એન. જે. ચિનોય	હાજર
૨૩.	શ્રી. એ. વી. ગજ્જર	હાજર
૨૪.	શ્રી. એ. એમ. વૈદ્ય	ગેરહાજર
૨૫.	શ્રી. એ. બી. વોરા	હાજર
૨૬.	શ્રી. એસ. જી. દેસાઈ	ગેરહાજર
૨૭.	ડૉ. અંજનાબહેન દેસાઈ	હાજર
૨૮.	શ્રી. એચ. કે. ત્રિવેદી	ગેરહાજર

૨૯.	શ્રી. ધવલ મહેતા	હાજર
૩૦.	શ્રી. બી. એમ. શુકલ	ગેરહાજર
૩૧.	શ્રી. વાય. ડી. વ્યાસ	હાજર
૩૨.	શ્રી. આર. એમ. શાહ	હાજર
૩૩.	શ્રી. પરેશ મજુમદાર	ગેરહાજર
૩૪.	શ્રી. ચંદ્રકાન્ત મહેતા	હાજર
૩૫.	શ્રી. વી. ડી. વનાર	હાજર
૩૬.	શ્રી. એ. કે. અગ્રવાલ	ગેરહાજર
૩૭.	ડૉ. સી. બી. શાહ	હાજર
૩૮.	ડૉ. ભલાભહેન જોશી	હાજર
૩૯.	શ્રી. આર. એસ. ગાંધી	ગેરહાજર
૪૦.	શ્રી. એન. આર. ઠક્કર	ગેરહાજર
૪૧.	શ્રી. એન. વી. પંડ્યા	ગેરહાજર
૪૨.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪૩.	શ્રી. વસંતભાઈ દવે	હાજર
૪૪.	પ્રિ. એ. એફ. દાવર	હાજર
૪૫.	શ્રી. વી. સી. પરીખ	ગેરહાજર
૪૬.	શ્રી. એસ. સી. કુકરેટી	ગેરહાજર
૪૭.	શ્રી. એન. એમ. કંસારા	હાજર
૪૮.	શ્રી. ચંદ્રકાન્ત ટાપીવાળા	હાજર
૪૯.	શ્રી. આર. જે. મોદી	ગેરહાજર
૫૦.	ડાયરેક્ટર, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી	ગેરહાજર
૫૧.	ડૉ. એસ. કશ્યપ	ગેરહાજર

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની સભાની નોંધ લેવા સારુ.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૪-૯-૧૯૮૫ની નોંધ મંજૂર કરવામાં આવી અને પ્રમુખશ્રીએ તે પર સહી કરી.

૨. યુનિવર્સિટીના સુધારેલા કાયદા (૧૯૭૩) શિડ્યુલ (૨)ની કલમ ૩(૧)ની નીચે દર્શાવેલ પેટાકલમ (૮) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચના સભ્યપદ પર ત્રણ સભ્યો કો-ઓપ્ટ કરવા વિચારણા કરવા બાબત.

[યુનિવર્સિટી ધારાની કલમ ૩(૧)(૮):

Three persons renowned for their specialized knowledge in the subject to be co-opted by the Board.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે ત્રણ સભ્યોને કો-ઓપ્ટ કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની નીચેના જે તે શિક્ષકના નામ સામે જણાવેલ વિષયમાં માન્યતા માટે આવેલ અરજીઓ પર જે તે શિક્ષકોના સંશોધન-લેખો માન્ય ગુણવત્તા (રેકગ્નાઈઝડ મેરિટ) ધરાવે છે કે કેમ તે અંગે જે તે વિષયની અભ્યાસસમિતિઓના અધ્યક્ષોનાં સૂચનો મેળવીને જે તે વિષયોના તજજ્ઞોની નિમણૂક કરવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી માન્યતા આપવા અંગે જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ, કૉલેજ/સંસ્થા	માન્યતાનો વિષય
૧.	શ્રી. પી. એન. મહેતા, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી
૨.	શ્રી. આર. ડી. પટેલ, સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	હિન્દી
૩.	શ્રી. આર. આર. ભટ્ટ, આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દહેગામ	હિન્દી
૪.	શ્રી. પિનાકિન દવે, વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	સંસ્કૃત
૫.	શ્રી બી. એસ. વૈષ્ણવ, એલ. એન્ડ સી. મહેતા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ)	સોશિયોલોજી
૬.	મિરઝા એસ. સયાદ્દીન, ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ	સાયકોલોજી
૭.	શ્રી. બી. બી. સિદ્દીકી, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	સાયકોલોજી
૮.	શ્રી. એચ. બી. પટેલ, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ	ફિઝિકસ
૯.	શ્રી. ડી. કે. પટેલ, ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી
૧૦.	શ્રી. સી. જી. દવે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી
૧૧.	ડૉ. પી. આર. શુકલ, ઇન્ડિયન ઇન્સ્ટિટચૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ	એન્જિનિયરિંગ મૅનેજમેન્ટ
૧૨.	ડૉ. રમેશ ગુપ્તા, ઇન્ડિયન ઇન્સ્ટિટચૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ	એકાઉન્ટન્સી
૧૩.	ડૉ. એન. બી. ઘોડાસર, નેશનલ ઇન્સ્ટિટચૂટ ઑફ ઓકયુપેશનલ હેલ્થ, અમદાવાદ	એન્વાયરમેન્ટલ હેલ્થ અથવા ઓકયુપેશનલ હેલ્થ
૧૪.	શ્રીમતી એમ. જી. ચૌહાણ, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	ફાર્માકોગ્નોસી
૧૫.	શ્રી. એમ. સી. ગોહેલ, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	ફાર્માસ્યુટિકસ અને ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી
૧૬.	શ્રી. એન. એચ. મોઢી, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	વૉટર રિસોર્સીસ

૧૭. શ્રી. એમ. વી. મારુ, ગુજરાત કૉલેજ, અમદાવાદ	ફિઝિકસ
૧૮. શ્રી. એ. આર. ધોળાકિયા, સમાજવિદ્યા ભવન, અમદાવાદ	અર્થશાસ્ત્ર
૧૯. શ્રી. વી. એ. પંડ્યા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ	ગુજરાતી
૨૦. શ્રીમતી કે. એમ. સિંહ, જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	હિન્દી
૨૧. શ્રી. એન. ડી. દેસાઈ, પેટલાદ કૉલેજ, પેટલાદ	ગુજરાતી
૨૨. ડૉ. એચ. વી. ત્રિવેદી, એલ. ડી. એન્જ. કૉલેજ, અમદાવાદ	સ્ટ્રકચરલ એન્જિનિયરિંગ

૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યની નોંધ લેવા બાબત (જાણ સારુ) :

૧. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા **પરિશિષ્ટ "૧"**માં દર્શાવ્યા પ્રમાણેના શિક્ષકોને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા **પરિશિષ્ટ "૨"**માં દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક શિક્ષકોની અરજીઓ નામંજૂર કર્યાના;

૩. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા **પરિશિષ્ટ "૩"** દર્શાવેલ શિક્ષકોને મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપ્યાના;

૪. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજ-સંસ્થાઓમાં કામ કરતા **પરિશિષ્ટ "૪"**માં દર્શાવેલ શિક્ષકોની માન્યતા એક કૉલેજ-સંસ્થામાંથી બીજી કૉલેજ-સંસ્થામાં બદલી આપ્યાના;

૫. સને ૧૯૯૧-૯૨ના વર્ષમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓનાં શીર્ષકો, જે તે અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની મંજૂરી બાદ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના:
(શીર્ષકોની યાદી **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૬. તા. ૧-૧-૧૯૯૨ થી તા. ૩૦-૬-૧૯૯૨ના સમયગાળા દરમ્યાન પીએચ.ડી. પદવી માટે યાદી પ્રમાણેના કુલ ૩૯ વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કર્યા.

(નોંધ.—સદરહુ વિદ્યાર્થીઓનાં નામો તથા મહાનિબંધોની વિગતો દર્શાવતી યાદી આ સાથે **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૧ થી ૬માં દર્શાવ્યા મુજબનાં કામોની નોંધ લેવી.

૫. પીએચ.ડી. કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થી હાલના નિયમ ૧(બી) મુજબ પોતાની નોંધણી સત્રની અધવચ્ચ કરાવી શકે છે અને જ્યારથી નોંધણી કરાવે તે તારીખથી ચાર સત્રો ગણવામાં આવે છે વહીવટી સરળતા રહે તે માટે અગાઉના નિયમ મુજબ સત્રમાં અમુક જ સમય સુધી નોંધણી થઈ શકે, તે પદ્ધતિ પુનઃ દાખલ કરવા માટે પ્રો. મંગુભાઈ આર. પટેલ તથા ફિઝિકસ વિભાગના વડા પ્રો. એસ. ડી. વર્માની આવેલ રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી પ્રસ્તુત બાબતે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે હાલમાં જે પી.જી. રૂલ-૧(બી) અસ્તિત્વમાં છે તેમાં કોઈ ફેરફાર કરવાનું હાલના તબક્કે યોગ્ય જણાતું નથી.

૬. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં ૧૯૯૨-૯૩ના વર્ષથી એમ.ઈ. પદવી કેમિકલ એન્જિનિયરિંગ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(કુલપતિશ્રીએ નીમેલ તપાસસમિતિના સભ્ય તરફથી તપાસાર્થે જઈ આવ્યાનો અહેવાલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલ તપાસ સમિતિના સભ્યનો અભિપ્રાય વંચાણે લેતાં એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં ૧૯૯૨-૯૩ના શૈક્ષણિક વર્ષથી કેમિકલ એન્જિનિયરિંગ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા મંજૂરી આપવી.

૭. પરિશિષ્ટ ૮માં દર્શાવેલ વિદ્યાર્થીઓને તેમના રજિસ્ટ્રેશનની વિગતો ચકાસીને તેમને પીએચ.ડી. પદવી કઈ ફેકલ્ટીમાં-વિષયમાં અર્પવી તે અંગે વિચારણા કરવા બાબત.

(પરિશિષ્ટ "૮" આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબતે વિગતવાર તપાસ જરૂરી હોઈ નીચેના ૬ સભ્યોની સમિતિની નિમણૂક કરવામાં આવે છે, જેનો અહેવાલ આગામી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની બેઠકમાં યોગ્ય નિર્ણય અર્થે રજૂ કરવામાં આવે :

(૧) ડૉ. કેતન દેસાઈ
(૨) પ્રિ. એન. આર. શાહ
(૩) પ્રિ. આર. એચ. વ્યાસ
(૪) ડૉ. વાય. કે. અમરાલ
(૫) ડૉ. વી. પી. શાહ
(૬) પ્રિ. ડી. એમ. શીખ

૮. વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ 'લાઈફ સાયન્સ'માં એમ.ફિલ.નો કોર્સ દાખલ કરવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. સી. બી. શાહના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

(આ અંગે ડૉ. સી. બી. શાહે રજૂ કરેલ કોર્સની માહિતી **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ લાઈફ સાયન્સ વિષયમાં એમ.ફિલ નો અભ્યાસક્રમ ૧૯૯૨-૯૩ના શૈક્ષણિક વર્ષથી અમલી બને તે રીતે દાખલ કરવો. આ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેના નિયમો વગેરે ઘડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. નીચેના શિક્ષક તરફથી પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાની અરજી પરત્વે વિચારણા કરવા બાબત :

શિક્ષકનું નામ	માન્યતાનો વિષય
ડૉ. વીણા સદાશિવ વાણી, સ્ટેટિસ્ટિકસ ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન.	સ્ટેટિસ્ટિકસ

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની નીચે દર્શાવેલ શિક્ષકની અરજી તેમના નામ સામે જણાવેલ વિષયમાં માન્યતા માટે આવેલ છે. તેમના સંશોધનલેખો માન્ય ગુણવત્તા (રેકગ્નાઈઝડ મેરિટ) ધરાવે છે કે કેમ તે અંગે જે તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષોનાં સૂચનો મેળવીને જે તે વિષયના તજ્ઞોની નિમણૂક કરવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી માન્યતા આપવા અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	માન્યતાનો વિષય
૧.	ડૉ. વીણા સદાશિવ વાણી, સ્ટેટિસ્ટિકસ વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવન	સ્ટેટિસ્ટિકસ

૧૦. પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ થયેલ બાબત.

એજન્ડા પરનાં કાર્યો પૂરાં થયા બાદ કુલપતિશ્રીએ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરેલ કે એમ.એડ. અને એમ.ફિલ.ની પરીક્ષાના ભાગરૂપે જે ડિઝર્ટેશન લેવામાં આવે છે તેમાં હાલ જે મૌખિક પરીક્ષા (વાઈવા) લેવાની તથા તેના માર્કસ આપવાની જે પદ્ધતિ છે તેને દૂર કરવા યોગ્ય જણાય છે.

સભાગૃહે ચર્ચાવિચારણાને અંતે કુલપતિશ્રીના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને ઠરાવ્યું કે ૧૯૯૨-૯૩ના શૈક્ષણિક વર્ષથી એમ.ફિલ. અને એમ.એડ.ના ડિઝર્ટેશનના પેપરમાંથી મૌખિક પરીક્ષા લેવાની પદ્ધતિ રદ કરવી અને ફક્ત ડિઝર્ટેશનના જ માર્ક આપવા અને આ અંગે મૌખિક પરીક્ષાના ખાતે જો ગુણ ફાળવેલા હોય તો તે ગુણ ડિઝર્ટેશન એસેસમેન્ટમાં ગણી લેવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. સ્વામિનારાયણ
કુલસચિવ વતી,

પરિશિષ્ટ "૧"

માન્ય શિક્ષકોની યાદી

શિક્ષકનું નામ	માન્યતાની પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૧	૨	૩	૪
શ્રીમતી કે. આર. જોષી	એમ.એ.	ગુજરાતી	શ્રીમતી સદ્‌ગુણા સી. યુ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
બી. ડી. ખલિયા	,,	,,	ગુજરાત કૉલેજ, અમદાવાદ
ડી. સી. ધોળકિયા	,,	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
આઈ. કે. છાયા	,,	,,	તોલાની કૉલેજ, આદિપુર (કચ્છ)
કે. એ. ઠાકર	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દપડવંજ
આર. એમ. દાણી	એમ.ફિલ.	ગુજરાતી	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ
ડી. એચ. જોષી	એમ.એ.	ગુજરાતી	ભવન્સ કૉલેજ, ડાંકાર
બી. એમ. ઉપાધ્યાય	,,	,,	લુણાવાડા આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ કૉલેજ, લુણાવાડા
કે. બી. પટેલ	એમ.ફિલ.	ગુજરાતી	,, ,,
ડી. જી. પટેલ	એમ.એ.	,,	,, ,,
જે. એસ. સોલંકી	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડા
એસ. એમ. પઠાણ	એમ.એ.	હિન્દી	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
આર. સી. શર્મા	,,	,,	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
એસ. બી. ભાદોરિયા	,,	,,	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
કે. કે. વૈષ્ણવ	,,	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
બી. સી. જોષી	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર

૧	૨	૩	૪
ડી. પી. ચૌહાણ	એમ.એ.	હિંદી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ
બી. એ. દલાલ	એમ.એ.	અંગ્રેજી	લૉ-સ કૉલેજ, અમદાવાદ.
આર. બી. જાડેજા	એમ.ફિલ.	,,	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
આર. એન. વ્યાસ	એમ.એ.	,,	નવગુજરાત કૉલેજ, અમદાવાદ
વાય. પી. હાથી	,,	,,	એલ ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
જે. ટી. સોની	,,	,,	ગુજરાત કૉલેજ, અમદાવાદ
એ. આર. શુક્લ	એમ.ફિલ.	,,	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
જે. એસ. પંધીક્લ	એમ.એ.	,,	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર
બી. કે. ત્રિવેદી	,,	,,	જે. બી. ઠાકર કૉમર્સ કૉલેજ, ભૂજ.
આર. એમ. મિશ્રા	,,	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
બી. જે. જાડેજા	એમ.ફિલ.	,,	જે. બી. ઠાકર કૉમર્સ કૉલેજ, ભૂજ
પી. એલ. જાની	એમ.એ.	,,	ગવર્નમેન્ટ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
આર. પનવાર	,,	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
એસ. જે. પંડ્યા	એમ.એ.,એમ.ફિલ.	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડા
કે. બી. આયંગર	એમ.એ.	સંસ્કૃત	એલ. ડી. આર્ટ્સ, કૉલેજ, અમદાવાદ
એચ. પી. સીનિયર	એમ.ફિલ.	,,	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વાસણા
એચ. એમ. જાની	એમ.એ.	,,	એચ. કે આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. બી. ઝાલાની ગેરશિસ્ત અંગે કુલપતિશ્રીએ નીમેલ ઉપરોક્ત તપાસ સમિતિના હેવાલનો સ્વીકાર કરવો તથા તે અંગે ઘટતો નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૦. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૨૦ (૧). નીચેની કોલેજોની તેમનાં નામ સામે બતાવેલ વિષયો માટે જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજીઓ સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ-સમિતિઓ નીમ્યાનું :

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણનો પ્રકાર	વિષયો
૧.	ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	ચાલુ વધારાનું	બી.એ.—બી.કૉમ.માં વિવિધ વિષયો
૨.	પટેલ જે. બી. ફૂદેલવાળા આર્ટ્સ, પટેલ ઓ. ઓમ. ફૂદેલવાળા કૉમર્સ અને જે. ડી. કે. દાવોલવાળા સાયન્સ કૉલેજ, બોરસદ	વધારાનું	બી.એસસી. (રસા.) માઇક્રોબાયોલોજી
૩.	આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, બાદરણ	ચાલુ વધારાનું	ફર્સ્ટ બી.કૉમ. સેકન્ડ બી.કૉમ. ચાલુ થર્ડ બી.કૉમ.—વધારાનું
૪.	શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. એમ. પટેલ કૉમર્સ, કૉલેજ, સાવલી	વધારાનું	બી.એ.માં હોમ સાયન્સ

૨૦ (૨). જૂન, ૧૯૯૨થી જોડાણ માટેની કરેલ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું નીચેની કોલેજોએ પરિપાલન કર્યું છે, તેને જોડાણ આપ્યાનું :

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણનો પ્રકાર	જોડાણની મુદત	જોડાણના વિષયો
૧.	ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	વધારાનું	૧૧-૬-૧૯૯૨થી ૧૪-૬-૧૯૯૩	બી.એ. (ગૌણ)માં ભૂગોળ
૨.	કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધૂકા	એકંદરે	૧૧-૬-૧૯૯૨થી ૧૪-૬-૧૯૯૩	બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર, બી.કૉમ. (મુખ્ય)માં ઑડ. ઑફા. અને ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં બિઝનેસ મૅનેજમેન્ટ અને કૉમ્પ્યુટર સાયન્સ.

૨૦ (૩). પાદરા તાલુકા વિદ્યાવિકાસ મંડળ, પાદરા (વડોદરા)ની જૂન, ૧૯૯૩થી વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે, પરંતુ વિદ્યાર્થીઓની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે જોતાં સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું.

આથી ફરમાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૨૦(૧)થી ૨૦(૩)માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

૨૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્રક્રમાંક એફ.-૩૫-૨૩/૯૦ (ટીઆઈ), તા. ૨૬-૧૦-૧૯૯૨થી ગુજરાત યુનિવર્સિટીના એમ.બી.એ. પ્રોગ્રામ અંગે આઠમી યોજના અન્વયે પાંચ વર્ષ માટે નીચે પ્રમાણેની આર્થિક સહાય મંજૂર કરેલી છે તેની નોંધ લેવા બાબત :

1.	Equipment	Rs. 6 lakhs
2.	Library (Books and Journals including back numbers audio and video materials etc.)	Rs. 5 lakhs
3.	Visiting Faculty	Rs. 2 lakhs
4.	Computer running expenses	Rs. 1 lakh
5.	Travel including field work, case writing etc.	Rs. 1 lakh
6.	Additional Faculty for diversified areas subject to the concurrence of the State Government for taking over the liability after completion of 5 years i.e. after 8th plan	Professor–1 (one) or Reader–1 (one)

આથી ફરમાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા યુનિવર્સિટીના એમ.બી.એ. પ્રોગ્રામ અંગે આઠમી યોજના હેઠળ પાંચ વર્ષ માટે જે સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લેવામાં આવી.

૨૨ "ડૉ. પ્રિયબાળા શાહ શિષ્યવૃત્તિ" : ડૉ. પ્રિયબાળા શાહ તરફથી રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન તૃતીય વર્ષ બી.એ.માં મુખ્ય વિષય અંગ્રેજી લઈને બેસે અને આ યુનિવર્સિટીમાં આગળ એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખે તેવા વિદ્યાર્થીને પ્રત્યેક ટર્મ દીઠ રૂ. ૬૦૦/-ની શિષ્યવૃત્તિ આપવી.

નિયમો

(૧) "ડૉ. પ્રિયબાળા શાહ શિષ્યવૃત્તિ" પ્રતિવર્ષ માર્ચ/એપ્રિલ/મેમાં લેવાતી તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં મુખ્ય વિષય અંગ્રેજી રાખીને પ્રથમ વર્ગમાં પસાર કરે અને આ યુનિવર્સિટીમાં આગળ એમ.એ.નો અભ્યાસ ચાલુ રાખે તે શરતે પ્રત્યેક ટર્મ દીઠ રૂ. ૬૦૦ની શિષ્યવૃત્તિ એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨ માટે દર વર્ષે વિદ્યાર્થીને આપવી.

(૨) સદરહુ શિષ્યવૃત્તિ બાબત કરવા અંગેની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો તેમ કરવાનો હક્ક રહેશે.

(૩) આ સભાવતનાં વાર્ષિક વ્યાજની આવકમાંથી ૧૦ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૪) આ સભાવતની વાર્ષિક વ્યાજની આવકની બચત રકમ તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

(૫) શિષ્યવૃત્તિ શરૂ થયે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે જાહેર કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પ્રિયબાળા શાહ તરફથી રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન "ડૉ. પ્રિયબાળા શાહ શિષ્યવૃત્તિ" તરીકે ઉપરોક્ત નિયમોને આધીન સ્વીકારવું.

૨૩. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં સેકશન ઑફિસર તરીકેની જગ્યા પર કામ કરતા શ્રી એમ. પી. ખત્રીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૧૨-૧૯૯૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૩૧-૧૨-૧૯૯૨થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા વિભાગમાં સેકશન ઑફિસર તરીકે કામ કરતા શ્રી. એમ. પી. ખત્રીનો પ્રોબેશનરી હેઠાલ સમાધાનકારક સમજી રજૂ કરવામાં આવ્યો અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે તેઓને સેકશન ઑફિસરના પગારધોરણમાં તા. ૩૧–૧૨–૧૯૯૨થી કાયમ કરવાં.

૨૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં રીડર ઇન માઇક્રોબાયોલોજીની કાયમી જગ્યા પર ફરજ બજાવતા શ્રી એમ. કે. યાદવની સ્ટે. ૧૮૮ (૨) હેઠળ સી.પી.એફ. ફંડમાંથી રૂ. ૧,૧૦,૦૦૦ની મહત્તમ મર્યાદાને આધીન મકાન ખરીદી અંગે બિલ્ડિંગ લોન મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ઇન માઇક્રોબાયોલોજી તરીકે ફરજ બજાવતા ડૉ. એન. કે. યાદવને મકાન ખરીદી અંગે બિલ્ડિંગ લોન રૂ. ૧,૧૦,૦૦૦ તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) અનુસાર મંજૂર કરવી.

૨૫. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને ૧૯૯૨-૯૩ના વર્ષ માટે રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા)ની આર્થિક સહાય આપવા કેમ્પસ મંડળના મંત્રીશ્રીના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સને ૧૯૯૧-૯૨માં રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને ૧૯૯૨-૯૩ના વર્ષ માટે રૂપિયા ૩,૦૦૦નો આર્થિક સહાય મંજૂર કરવી.

૨૬. ફાઇનાન્સ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૯૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭–૧૧–૧૯૯૨ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણો **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝમાં કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં લેક્ચરર ઇન એન્વિરોન્મેન્ટલ સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૩-૧૦-૧૯૯૨ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩–૧૦–૧૯૯૨ના રોજ મળેલ ઉપરોક્ત વરણીસમિતિની ભલામણ સ્વીકારવી તથા તદ્અનુસાર સદરહુ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

૨૮. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝમાં કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં રીડર ઇન એન્વિરોન્મેન્ટલ સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૩-૧૦-૧૯૯૨ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩–૧૦–૧૯૯૨ના રોજ મળેલ ઉપરોક્ત વરણીસમિતિની ભલામણ સ્વીકારવી તથા તદ્અનુસાર સદરહુ જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે)

૨૯. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડર ઇન બિઝનેસ મેનેજમેન્ટની એક જગ્યા ભરવા માટે તા. ૨૫-૯-૧૯૯૨ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૫–૯–૧૯૯૨ના રોજ મળેલ ઉપરોક્ત વરણીસમિતિની ભલામણ સ્વીકારવી તથા તદ્અનુસાર શ્રી. ઓ. સી. બ્રહ્મભટ્ટની બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં રીડર ઇન બિઝનેસ મેનેજમેન્ટની જગ્યા ઉપર રીડરના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે)

૩૦. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટ્સની પાંચ જગ્યાઓ ભરવા માટે તા. ૨૫-૯-૧૯૯૨ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૫–૯–૧૯૯૨ના રોજ મળેલ ઉપરોક્ત વરણીસમિતિની ભલામણનો સ્વીકાર કરવો તથા તદ્અનુસાર બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોસિયેટ્સની ચાર બિનઅનામત જગ્યાઓ ઉપર ક્રમાનુસાર નીચે જણાવેલ ઉમેદવારોની નિમણૂક કરવી તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની અનામત જગ્યાની પુનઃ જાહેરખબર આપવી :

(૧) કોડવાણી આઈ. જી.
(૨) શાહ એમ. આઈ.
(૩) વ્યાસ પ્રીતા એચ.
(૪) પરીખ સ્વેતા એચ.
(૫) દવે શ્રુતિ ધવલ
(૬) પ્રિયા પી. કે.

(સદરહુ વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૩૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝમાં કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં પ્રોફેસર ઑફ બાયોકેમિસ્ટ્રી-લાઇફ સાયન્સની એક જગ્યા ભરવા માટે તા. ૪-૧૦-૧૯૯૨ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિઓએ સ્વીકારી લેવી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૪-૧૦-૧૯૯૨ના રોજ મળેલ ઉપરોક્ત વરણીસમિતિની ભલામણ સ્વીકારવી તથા તદ્અનુસાર ડૉ. સી. બી. શાહની પ્રોફેસર ઑફ બાયોકેમિસ્ટ્રી ઍન્ડ લાઇફ સાયન્સની જગ્યા ઉપર બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

૩૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી કલાકો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા (૧) તા. ૩, ૯ અને ૧૬-૧૦-૧૯૯૨ તથા (૨) તા. ૬, ૨૦ અને ૨૧-૧૧-૧૯૯૨ના રોજ મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત તારીખોએ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો મંજૂર કરવી.

૩૩. જૂન ૧૯૯૩થી માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણમાં બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર અને બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન વિષયોના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈઓ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૩૪. રાજ્યની અશાંત પરિસ્થિતિના કારણે સલગ્ન કૉલેજોમાં શૈક્ષણિક કાર્ય થયેલ ન હોવાથી તા. ૨૬-૧૨-૧૯૯૨થી તા. ૧-૧-૧૯૯૩ સુધીનું નાતાલ વૅકેશન રદ કરી શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યની અશાંત પરિસ્થિતિના કારણે યુનિવર્સિટી ભવનો તથા સંલગ્ન કૉલેજોમાં શૈક્ષણિક કાર્ય થઈ શકેલ ન હોવાથી તા. ૨૬-૧૨-૧૯૯૨થી તા. ૧-૧-૧૯૯૩ સુધીનું નાતાલ વૅકેશન રદ કરી શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવું.

૩૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૩૫ (૧). જૂન ૧૯૯૧થી તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરમાં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં નિર્દિષ્ટ સમય બાદ આવી છે, પણ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું તથા તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૩૫ (૨). શ્રીમતી સી. આર. આર્ટ્સ કૉલેજ, મુનપુરના જોડાણના સંદર્ભમાં નીચે દર્શાવેલ નિમણૂક પામેલા શિક્ષકોને માન્યતા આપ્યાનું :

૧. શ્રી. મહેતા મહેશકુમાર કાંતિલાલ, સંસ્કૃતના વ્યાખ્યાતા (પૂર્ણ સમયના)

૨. શ્રીમતી સૈયદ મોહસીન બેગમ.. સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાતા (પૂર્ણ સમયનાં)

૩. શ્રી. વસૈયા ભરતકુમાર નારણભાઈ, સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા (ખંડ સમયના)

૪. શ્રી. પટેલ રાજેન્દ્રકુમાર શાંતિલાલ, અંગ્રેજીના વ્યાખ્યાતા (પૂર્ણ સમયના)

૫. શ્રીમતી શાહ દર્પા જયકાંતલાલ, ગુજરાતીનાં વ્યાખ્યાતા (પૂર્ણ સમયનાં)

૬. શ્રીમતી વ્યાસ સુશીલા હરદત્તરાય, હિંદીનાં વ્યાખ્યાતા (ખંડ સમયનાં).

૩૫ (૩). ગ્રંથાલય સમિતિનાં પુનર્રચના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ફરમાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ક્રમાંક ૩૫(૧)થી ૩૫(૩)નાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

૩૬. યુનિવર્સિટી એસ્ટેટ વિભાગમાં હેલ્પર તરીકે ફરજ બજાવતાં શ્રી. ભુવન એન. ઉપાધ્યાયની ગેરવર્તણૂક અંગે નીમેલ એક વ્યક્તિના તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ફરમાવવામાં આવે છે કે શ્રી. ભુવન એન. ઉપાધ્યાયની ગેરવર્તણૂક અંગે નીમવામાં આવેલ તપાસ સમિતિનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ પગલાં કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. "ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય યોજના"ને ૧૯૯૨-૯૩ના શૈક્ષણિક વર્ષથી વધુ પાંચ વર્ષની મુદત માટે લંબાવી આપ્યાના ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ઑફ એજ્યુકેશનના પત્રાંક F. 33–15/92 U. 4, તા. ૧૬-૧૨-૧૯૯૨ની નોંધ લેવા બાબત.

આથી ફરમાવવામાં આવે છે કે ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ હ્યુમન રિસોર્સીસ ડેવલપમેન્ટના ઉપરોક્ત પત્રની નોંધ લેવામાં આવી.

(ભારત સરકારના સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ '૧૦"** તરીકે સામેલ છે.)

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૩૮. આ થેક સહાય લેતી સંલગ્ન કૉલેજોને તા. ૫-૬-૧૯૬૧ના સરકારી ઠરાવ અન્વયે ૯/૧૮/૨૭ વર્ષે આપોઆપ ઉપરનું પગારધોરણ આપવા અંગેની યોજના સંલગ્ન કાયદાની કૉલેજો તથા માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આ અંગેની વિચારણા આ. ક્ર. ૯ સાથે કરવામાં આવી છે.

૩૯. યુનિવર્સિટી પ્રેસમાં પરીક્ષાના તથા અન્ય છાપકામના કામ માટે હિન્દુસ્તાન પેપર કૉર્પોરેશન લિમિટેડ પાસેથી અંદાજે ૧૬૦૦ રીમ કાગળો ખરીદવા માટે રૂ. ૩,૬૧,૦૦૦નો થનાર ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં પરીક્ષાના તથા અન્ય છાપકામના કામ માટે ભારત સરકારના સાહસ હિંદુસ્તાન પેપર કૉર્પોરેશન લિ. પાસેથી ૧૬૦૦ રીમ કાગળ ખરીદવા માટે રૂ. ૩,૬૧,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૪૦. એન્ડાઉમેન્ટ ખાતામાં હાલ જમા રહેલી રૂ. બે લાખની રકમ પૈકી એક લાખની રકમ યુનિટ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયાની યુનિટ સ્કીમ કે અન્ય સ્કીમમાં રોકવા વિચારણા કરવા બાબત. :

આથી ઠરાવવામાં આવે છે કે એન્ડાઉમેન્ટ ખાતામાં જમા રહેલ રૂ. ૨,૦૦,૦૦૦નીં રકમ પૈકીની રૂ. ૧,૦૦,૦૦૦ની રકમ યુનિટ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયાની સી.આર.ટી.એસ. '૮૧ સ્કીમમાં રોકવાની મંજૂરી આપવામાં આવે છે.

૪૧. સર્વોદય ચૉરિટેબલ ટ્રસ્ટ, કાંકણપુર, જિ. પંચમહાલ દ્વારા સંચાલિત કાંકણપુર આર્ટ્સ કૉલેજનું નામ નીચે મુજબ રાખવા અંગે કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત

"શ્રી જયમંગે લલિતાબહેન કાળિદાસ કોટેચા આર્ટ્સ કૉલેજ", કાંકણપુર, તા. ગોધરા, જિ. પંચમહાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

જૂન, ૧૯૯૨ થી પેટલાદ કૉમર્સ કૉલેજમાં કૉમ્પ્યુટર કૉલેજમાં કૉમ્પ્યુટર સાયન્સ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૦ માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ વિષયના વૈવિધ્ય અને શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૪૩. ગુજરાત યુનિવર્સિટીના જનરલ એમ્પ્લોયીઝ યુનિયન નામદાર ટ્રિબ્યુનલમાં કરેલ રેફરન્સના સંદર્ભમાં ટ્રિબ્યુનલના ચુકાદા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોયીઝ યુનિયન નામદાર ટ્રિબ્યુનલમાં કરેલ રેફરન્સના સંદર્ભમાં ટ્રિબ્યુનલનો જે ચુકાદો આવેલ છે તે પરત્વે રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

૪૪. યુનિવર્સિટીના કર્મચારીઓ માટે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કૉર્પોરેશન દ્વારા બિલ્ડિંગ લોન મેળવવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ માટે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કૉર્પોરેશન દ્વારા બિલ્ડિંગ લોન મેળવવા માટેની યોજનાનો સ્વીકાર કરવો અને તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એમ/૪૬. કાઉ./૧૨૪૧૩/૧૯૯૩.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧-૬-૧૯૯૩.

એમ. એસ. શાહ
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૯

યુનિવર્સિટીના કર્મચારીઓને રાજ્ય સરકારની ક્લાર્ક-ગ્રેડ સેવાઓના અમલીકરણ અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની એક સભા તા. ૧૨-૧૨-૧૯૯૨ ને ગુરુવારના રોજ બપોરના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. એન. વી. વસાણી, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રા. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૪. પ્રિ. ડી. એમ. શ્રીખ	હાજર
૫. પ્રિ. આર. એચ. બ્યાસ	હાજર
૬. પ્રિ. એન. આર. શાહ	હાજર
૭. શ્રી અરવિંદભાઈ એસ. શાહ	હાજર

રાજ્ય સરકારના આ અંગેના ઠરાવો અને જી. આર. ની વિસ્તૃત માહિતી મેળવી તે અંગે જરૂરી માહિતી તથા અમલીકરણમાં કાર્યાલય દ્વારા રજૂ કરાયેલ સ્પષ્ટીકરણ તથા અર્થઘટન અંગેની માહિતી ઉપર વિસ્તારપૂર્વક ચર્ચાવિચારણા કરીને નીચે પ્રમાણે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવાનું નક્કી કરવામાં આવ્યું :

(૧) રાજ્ય સરકારના ક્લાર્ક ગ્રેડ સેવાના જી. આર. પ્રમાણે ક્ર. ૧૮ અને ૨૭ વર્ષે હાયર ગ્રેડનો લાભ આપવો અને જી. આર. માં જણાવેલ શરતો / નિયમોને આધીન અમલીકરણ કરવાનું રાખવું.

(૨) જુનિયર કર્મચારી, સીનિયર કર્મચારી કરતાં બે તારીખે ઊંચું પગારધોરણ મેળવે તે તારીખથી સીનિયર વ્યક્તિને તે પગારધોરણ આપવા કરાવવું અને તેનો અમલ રાજ્ય સરકાર તરફથી ઓર્ડર થયેથી અમલીકરણ કરવાનું રાખવું.

(૩) દરેક કર્મચારી પાસેથી એ મતલબનું બાંયધરી-પત્ર લેવાનું રાખવું કે આ અંગે અર્થઘટનમાં ફેરફારના કારણે કે અન્ય કોઈ કારણસર પગારમાં રિકવરી આવશે તો તેને બંધનકર્તા રહેશે અને તે અંગે તેઓ ભરપાઈ કરી આપશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એસ. શાહ
કુલસચિવ

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૧૦

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકઝેક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૭–૮–૧૯૯૨ ને સોમવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

(૧) ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
(૨) શ્રી એન. વી. વસાણી, ઉપકુલપતિશ્રી	હાજર
(૩) પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
(૪) આચાર્યશ્રી ડી. એમ. શીખ	હાજર
(૫) શ્રી. એ. આર. શાહ	ગેરહાજર
(૬) શ્રી. એન. એમ. પરીખ	હાજર
(૭) શ્રી. એન. એચ. અમીન	ગેરહાજર
(૮) ડૉ. એમ. બી. દેસાઈ	હાજર
(૯) શ્રી. રાજકુમાર ગુપ્તા	ગેરહાજર
(૧૦) શ્રી. એ. એસ. શાહ	હાજર

૧. તા. ૨૪–૧૦–૧૯૯૧ ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૨૪–૧૦–૧૯૯૧ ની સ્થાયી સમિતિની સદરહુ ભલામણો મંજૂર કરવી.

૨. યુનિવર્સિટી સેક્શન ઑફિસર સુધીની જગ્યાઓ બઢતીના ધોરણે ભરવા અંગે કર્મચારી પગલાં સમિતિની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩. યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોઈઝ યુનિયનના તા. ૨૯–૫–૧૯૯૨ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.–યુનિવર્સિટી પ્રેસ કર્મચારીઓને દૈનિક ટિફિન ભથ્થું ૧૯૭૯ થી રૂ. ૨–૦૦ ચૂકવવામાં આવે છે. તેમાં વધારો કરવા અંગેની તેઓની માગણી છે.)

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ બાબત અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. સોહનલાલ મુરાઈની તા. ૨૫-૧૫-૧૯૯૨ની અરજીમાં જણાવ્યા પ્રમાણે તેઓને કાયમ કર્યા તારીખથી પરીક્ષા ભથ્થું આપવા અંગેની તેઓના વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ બાબતે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. સ્થાપના સામાન્યના સભ્યશ્રી અરવિંદભાઈ એસ. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ : "નામદાર ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના ઇન્ટ્રીમ ઍવોર્ડ મુજબ યુનિવર્સિટીના કાયમી થયેલા કર્મચારીઓ કે જેઓ કાયમી થયા ન હતા તે પહેલાં દૈનિક વેતનના કર્મચારીઓ હોવાથી કોઈ પણ પ્રકારના રજાઓ મળતી ન હતી જેને કારણે તેઓની રજાઓ એલ.પી.યુ પે (અનપગારી) થયેલ, જેને કારણે ઇજાફા પાછળ ગયેલ છે. તેઓની હાલ જે જમા રજાઓ હોય તેની સામે ઉધારીને ઇજાફાની તા. ૧-૪-૧૯૮૨ની કરી આપવા અંગે."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એન. ડી. ભટ્ટ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૧૮

(અ) ૧૯૯૩ના વર્ષની જાહેર રજાઓ

ક્રમાંક	તહેવાર	તારીખ	વાર
૧.	મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી, ૧૯૯૩	ગુરુવાર
૨.	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી, ૧૯૯૩	મંગળવાર
૩.	મહાશિવરાત્રિ	૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૩	શુક્રવાર
૪.	હોળી-બીજે દિવસ (ધુળેટી)	૮મી માર્ચ, ૧૯૯૩	સોમવાર
૫.	ચેટીચાંદ	૨૪મી માર્ચ, ૧૯૯૩	બુધવાર
૬.	રમઝાન ઈદ	૨૫મી માર્ચ, ૧૯૯૩	ગુરુવાર
૭.	રામનવમી	૧લી એપ્રિલ, ૧૯૯૩	ગુરુવાર
૮.	ગુડ ફ્રાઈડે	૯મી એપ્રિલ, ૧૯૯૩	શુક્રવાર
૯.	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન	૧૪મી એપ્રિલ, ૧૯૯૩	બુધવાર
૧૦.	બકરી ઈદ (ઈદ-ઉલ-ઝહા)	૧લી જૂન, ૧૯૯૩	મંગળવાર
૧૧.	મહોરમ	૧લી જુલાઈ, ૧૯૯૩	ગુરુવાર
૧૨.	રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	૨જી ઑગસ્ટ, ૧૯૯૩	સોમવાર
૧૩.	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતી)	૧૧મી ઑગસ્ટ, ૧૯૯૩	બુધવાર
૧૪.	પારસી નૂતન વર્ષ દિન	૨૩મી ઑગસ્ટ, ૧૯૯૩	સોમવાર
૧૫.	ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મહમદ પયગંબરના જન્મદિન)	૩૧મી ઑગસ્ટ, ૧૯૯૩	મંગળવાર
૧૬.	મહાત્મા ગાંધીનો જન્મદિન	૨જી ઑક્ટોબર, ૧૯૯૩	શનિવાર
૧૭.	દિવાળી	૧૩મી નવેમ્બર, ૧૯૯૩	શનિવાર
૧૮.	ભાઈબીજ	૧૫મી નવેમ્બર, ૧૯૯૩	સોમવાર
૧૯.	યુનિવર્સિટી સ્થાપના દિન	૨૩મી નવેમ્બર, ૧૯૯૩	મંગળવાર
૨૦.	ગુરુ નાનકનો જન્મદિન	૨૯મી નવેમ્બર, ૧૯૯૩	સોમવાર
૨૧.	નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૧૯૯૩	શનિવાર

[નોંધ.—૧. નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી :

૧.	મહાવીર જયંતી	૪થી એપ્રિલ, ૧૯૯૩
૨.	સ્વાતંત્ર્યદિન	૧૫મી ઑગસ્ટ, ૧૯૯૩
૩.	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૩
૪.	દશેરા	૨૪મી ઑક્ટોબર, ૧૯૯૩
૫.	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	૩૧મી ઑક્ટોબર, ૧૯૯૩
૬.	દિવાળી (નૂતન વર્ષ દિન)	૧૪મી નવેમ્બર, ૧૯૯૩

૨. ઉપર જાહેર કરેલી મુસ્લિમોની કોઈ પણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઊજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને મરજિયાત રજા આપી શકાશે.]

(બ) ૧૯૯૩ના વર્ષની મરજિયાત રજાઓ

ક્રમાંક	તહેવાર	તારીખ	વાર
૧.	ખ્રિસ્તી નૂતન વર્ષ દિન	૧લી જાન્યુઆરી, ૧૯૯૩	શુક્રવાર
૨.	વાસી ઉત્તરાયણ (મકરસંક્રાંતિ પછીનો દિવસ)	૧૫મી જાન્યુઆરી, ૧૯૯૩	શુક્રવાર
૩.	વિશ્વકર્મા જયંતી (મહા સુદ ૧૩)	૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩	શુક્રવાર
૪.	શબ-એ-બરાત (મુસ્લિમ સુન્ની)	૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩	સોમવાર
૫.	શહાદત-એ-હઝરત અલી (મુસ્લિમ શિયા)	૧૬મી માર્ચ, ૧૯૯૩	મંગળવાર
૬.	ગુડી પડવો	૨૪મી માર્ચ, ૧૯૯૩	બુધવાર
૭.	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) (રજો સવ્વાલ) (મુસ્લિમ સુન્ની અને શિયા)	૨૬મી માર્ચ, ૧૯૯૩	શુક્રવાર
૮.	(૧) ચૈત્ર સુદ પૂનમ (૨) પૈશાચ (પ્રથમ દિવસ)	૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩	મંગળવાર
૯.	મહાપ્રભુજીનો પાગટયોત્સવ (વલ્લભાચાર્ય જયંતી)	૧૭મી એપ્રિલ, ૧૯૯૩	શનિવાર
૧૦.	જરથોસ્તનો દિનો (પારસી કદમી)	૩૦મી એપ્રિલ, ૧૯૯૩	શુક્રવાર
૧૧.	બુદ્ધ પૂર્ણિમા	૬ઠ્ઠી મે, ૧૯૯૩	ગુરુવાર
૧૨.	ગુરુ અર્જુનદેવનો શહીદ દિન	૨૧મી મે, ૧૯૯૩	મંગળવાર
૧૩.	રમઝાન	૨૬મી મે, ૧૯૯૩	બુધવાર
૧૪.	રથયાત્રા (અષાઢી બીજ)	૨૧મી જૂન, ૧૯૯૩	સોમવાર
૧૫.	આશરા મોહરમ (મુસ્લિમ સુન્ની અને શિયા)	૩૦મી જૂન, ૧૯૯૩	બુધવાર
૧૬.	ગાથા ગાહમ્બર (ગાથા બીજ) (પારસી કદમી)	૨૧મી જુલાઈ, ૧૯૯૩	બુધવાર
૧૭.	પારસી નૂતન વર્ષના આરંભ પૂર્વનો દિવસ (ગાથા--પ) (પારસી કદમી)	૨૩મી જુલાઈ, ૧૯૯૩	શુક્રવાર
૧૮.	પારસી નૂતન વર્ષ દિન (પારસી કદમી)	૨૪મી જુલાઈ, ૧૯૯૩	શનિવાર
૧૯.	બીજાપંદિન	૨૭મી જુલાઈ, ૧૯૯૩	મંગળવાર
૨૦.	ખોરદાદ સાલે (પારસી કદમી)	૨૯મી જુલાઈ, ૧૯૯૩	ગુરુવાર
૨૧.	નંદ ઉત્સવ (જન્માષ્ટમી પછીનો દિવસ નોમ--પારણા)	૧૨મી ઑગસ્ટ, ૧૯૯૩	ગુરુવાર
૨૨.	શહાદત-એ-ઈમામ-હસન (મુસ્લિમ શિયા)	૧૮મી ઑગસ્ટ, ૧૯૯૩	બુધવાર
૨૩.	ગાથા ગાહમ્બર (ગાથા ત્રીજ) (પારસી શહેનશાહી)	૨૮મી ઑગસ્ટ, ૧૯૯૩	શુક્રવાર
૨૪.	ખોરદાદ સાલ (પારસી શહેનશાહી)	૨૮મી ઑગસ્ટ, ૧૯૯૩	શનિવાર

૨૫. ભાદરવા વદ બારસ (પંચમી પક્ષ) (પર્યુષણ પર્વનો પ્રારંભ દિન)	૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૩	સોમવાર
૨૬. (૧) મહાવીર જન્મ વાચન	૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૩	ગુરુવાર
(૨) રોશ હોશાના (પ્રથમ દિવસ)	૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૩	ગુરુવાર
૨૭. (૧) સંવત્સરી (પંચમી પક્ષ) (૨) પર્યુષણ (ભાદરવા સુદ ૫)	૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩	ગુરુવાર
૨૮. કિપ્પુરનો આરંભ પૂર્વનો દિવસ	૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૩	શુક્રવાર
૨૯. કિપ્પુર	૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૩	શનિવાર
૩૦. સુક્કોથ (પ્રથમ દિવસ)	૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩	ગુરુવાર
૩૧. ધનતેરશ (આસો વદ-૧૩)	૧૧મી નવેમ્બર, ૧૯૯૩	ગુરુવાર
૩૨. કાળીચૌદશ (આસો વદ-૧૪)	૧૨મી નવેમ્બર, ૧૯૯૩	શુક્રવાર
૩૩. કારતક સુદ પૂનમ	૨૯મી નવેમ્બર, ૧૯૯૩	સોમવાર

[નોંધ. (૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે મરજિયાત રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી :

૧. શબ-એ-મારાત (મુસ્લીમ શિયા) ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ૨. જમશેદી નવરોઝ (પારસી કદમી અને શહેનશાહી) ૨૧મી માર્ચ, ૧૯૯૩ ૩. જરથોસ્તનો દિસો (પારસી શહેનશાહી) ૩૦મી મે, ૧૯૯૩ ૪. પારસી નૂતન વર્ષના આરંભ પૂર્વનો દિવસ (ગાથા-૧) (પારસી શહેનશાહી) ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૩ ૫. ઈદ-એ-મિલાદ (મુસ્લિમ શિયા) ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ૬. ભાદરવા વદ ૧૧ (ચતુર્થી પક્ષ) (પર્યુષણ પર્વનો પ્રારંભ દિન) ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ૭. ગણેશ ચતુર્થી ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૩ ૮. બોક્સિંગ ડે (નાતાલ પછીનો બીજો દિવસ) ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૩.

(૨) યુનિવર્સિટી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાર દિન ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજિયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજિયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચૂરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી યુનિવર્સિટીના કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. યુનિવર્સિટીના કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચૂરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

(૩) ઉપર જાહેર કરેલ મુસ્લિમોના કોઈ પણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઊજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલી રજા જાહેર કરેલી રજાને બદલે તે દિવસે મરજિયાત રજા તરીકે આપી શકાશે.]

પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૨૬

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૭-૧૨-૧૯૯૨ ને શુક્રવારના બપોરના ૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. એન. વી. વસાણી, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૫. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૪-૯-૧૯૯૨ ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૪-૯-૧૯૯૨ ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે એક એરકન્ડિશન ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે ફેડર્સ લોયડ કંપની બનાવટનું ૧.૫ ટન કાર્યક્ષમતાવાળું મેસર્સ ફેડર્સ લોયડ કૉર્પોરેશન લિ. પાસેથી રૂ. ૩૨,૦૦૦/- સુધીના ખર્ચે એક એરકન્ડિશનર ખરીદવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય કમિટી રૂમ માટે એક એરકન્ડિશનર ફ્રીજએર બનાવટનું સફાયર એજન્સીસની પાસેથી ૧.૫ ટન કાર્યક્ષમતાવાળું રૂ. ૪૧,૦૦૦ સુધીની કિંમતનું ખરીદવું.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં ગ્લાસ પાર્ટિશન કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં ગ્લાસ પાર્ટિશન કરાવવા માટે ઓછો ભાવ ભરનાર વેપારી શ્રી શિવમ્ એન્ટરપ્રાઇઝ પાસે આ કામ કરાવવું અને તે માટે રૂ. ૯૮,૬૦૧/- પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૪. ભાષા-સાહિત્ય ભવનના મકાનને ઊધઈની ટ્રીટમેન્ટ કરાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૫. યુનિવર્સિટીમાં બાગબગીચા તથા સફાઈના નિભાવ અંગેના વાર્ષિક કોન્ટ્રાક્ટ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ તથા માઇક્રોબાયોલોજી વિભાગ માટે વર્ષ દરમિયાન જરૂરી પેટ્રોલ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે રૂ. ૩૫,૦૦૦/- તેમ જ માઇક્રોબાયોલોજી વિભાગ માટે રૂ. ૧૫,૦૦૦/- સુધીનું વર્ષ દરમિયાન જરૂરી પેટ્રોલ ત્રિવેદી રોલવાલા એસોસિયેટ્સ પાસેથી ખરીદવું અને તે માટે રૂ. ૫૦,૦૦૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે મે. વિદ્યુતયંત્ર ઉદ્યોગ, મોદીનગર (યુ.પી.) પાસેથી જે બેન્ડ, ક્લેસ્ટ્રોન (J. Band Klystron) ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે મે. વિદ્યુતયંત્ર ઉદ્યોગ, મોદીનગર (યુ.પી.) પાસેથી જે બેન્ડ ક્લેસ્ટ્રોન ખરીદવા અને તે માટે રૂ. ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે આર. આઇ. એ. ફીટ્સ અમર ડાયોગ્નેસ્ટિકસ, મુંબઈ પાસેથી ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

[આ અંગે રૂ. ૨,૧૦૦ (અંકે રૂપિયા બે હજાર એકસો પૂરા)ના ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે આર.આઈ.એ. ફીટ્સ અમર ડાયોગ્નેસ્ટિકસ, મુંબઈ પાસેથી ખરીદવા અને તે માટે રૂ. ૨,૧૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૯. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે પ્લોટર (Plotter) અને ડીઝરાઇઝર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મેસર્સ વાપ્રો ઇનફોટેક લિ.ની ડિપોઝિટ જપ્ત કરવી અને આ અંગે ફરીથી જે ભાવ મંગાવેલ છે તે આવેથી વિચારણા કરવાનું રાખવું.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે રિફ્લેક્ટન્સ સ્પેક્ટ્રોફોટોમીટર (REFLECTANCE SPECTROPHOTOMETER) ખરીદવા અંગે રૂ. ૪,૫૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ પચાસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવા બાબત.

[**નોંધ.**--ફાઇનાન્સ કમિટીએ તા. ૨૮-૮-૧૯૯૧ની સભામાં બાબત ક્રમાંક ૯ થી રૂ. ૪,૦૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ પૂરા) સુધીની મંજૂરી આપેલ છે.]

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ-વિજ્ઞાન વિભાગ માટે રિફ્લેક્ટન્સ સ્પેક્ટ્રોફોટોમીટર (REFLECTANCE SPECTROPHOTOMETER) ખરીદવું અને તે માટે વધારાનો રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો. કુલ ખર્ચ રૂ. ૪,૫૦,૦૦૦/- થશે.

૧૧. યુનિવર્સિટી માટે સને ૧૯૯૨-૯૩ના વર્ષની સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૨. યુનિવર્સિટીના હિસાબ વિભાગના કોમ્પ્યુટર માટે "પોર્ટેબલ કાર્ટીજ ડ્રાઈવ" ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજ ખર્ચ રૂ. ૨૯,૦૦૦ (રૂપિયા ઓગણત્રીસ હજાર પૂરા) થશે.]

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના હિસાબ વિભાગના કોમ્પ્યુટર માટે પોર્ટેબલ કાર્ટીજ ડ્રાઈવ માટેલ ટેન્ડરોમાંથી Hexa Computers પાસેથી ખરીદવા અને તે માટે રૂ. ૨૯,૦૦૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ અંગેનો ખર્ચ પ્રોજેક્ટના આન્ટમાં પડશે.

૧૩. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે વી-૨૪૦ કોમ્પિટેબલ ટર્મિનલ્સ (Compitible Terminals) ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આ અંગે અંદાજ ખર્ચ રૂ. ૬૮,૦૦૦/- (રૂપિયા અડસઠ હજાર પૂરા) થશે.

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે વી-૨૪૦ કોમ્પિટેબલ ટર્મિનલ્સ (Compitible Terminals) ખરીદવા માટે આવેલ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ આપનાર વેપારી પાસેથી ખરીદવાં અને તે માટે રૂ. ૬૮,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ ખર્ચ એમ.સી.એ. કોર્સની આન્ટમાંથી પડશે.

૧૪. યુનિવર્સિટીનાં પદવી પ્રમાણપત્રો મોકલવા માટેનાં કવર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

[આ અંગે અંદાજ ખર્ચ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) થશે.]

આથી કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પદવી પ્રમાણપત્રો મોકલવા માટેનાં નમૂના મુજબનાં કવરો સૌથી ઓછા ભાવે આપનાર વેપારીશ્રી સોનલ સ્ટેશનર્સ પાસેથી ખરીદવાં અને તે માટે રૂ. ૧૫,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૫. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે સિગ્મા કેમિકલ્સ ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬,૫૦૦ (અંકે છ હજાર પાંચસો રૂપિયા પૂરા) થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે સિગ્મા કેમિકલ્સ મેસર્સ સિગ્મા કેમિકલ્સ પાસેથી ખરીદવાં અને તે માટે રૂ. ૬,૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૬. એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરને યુમેટિક વિડિયો કેસેટસ ૬૦ મિનિટ્સની ૫૦ નંગ અને ૨૦ મિનિટ્સની ૧૦ નંગ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

[આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૦૯,૪૫૫/- થશે.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરને યુમેટિક વિડિયો કેસેટ્સ ૬૦ મિનિટ્સની ૧૦ નંગ અને ૨૦ મિનિટ્સની ૫૦ નંગ ખરીદવા માટે સૌથી ઓછા ભાવે આપનાર વેપારી પાસેથી ખરીદવી અને તે માટે રૂ. ૧,૦૯,૪૫૫ (અંકે રૂપિયા એક લાખ નવ હજાર ચારસો પંચાવન પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનની સાધનસામગ્રીની ખરીદી માટે વર્ષ ૧૯૯૨-૯૩નો રેટ કોન્ટ્રાકટ તા. ૧-૪-૧૯૯૨ થી કરવા અંગેનો ફેરફાર કરવા બાબત.

(અગાઉની તા. ૭-૮-૧૯૯૨ની ફાઇનાન્સ સમિતિમાં રેટ કોન્ટ્રાકટ તા. ૧-૯-૧૯૯૨થી કરવાનું મંજૂર કરવામાં આવેલ હતું.)

એકિઝકયુટિવ કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સાધન-સામગ્રીની ખરીદી માટે વર્ષ ૧૯૯૨-૯૩નો રેટ કોન્ટ્રાકટનો અમલ તા. ૧-૪-૧૯૯૨ થી કરવો.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયની એમ્બેસેડર ગાડી નં. જીજેવી-૯૪૫૨ ને રિપેર કરાવવા બાબત. (અંદાજી ખર્ચ રૂ. ૧૨,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયની એમ્બેસેડર ગાડી નંબર-જીજેવી-૯૪૫૨ ને રિપેર કરાવવી અને તે માટે રૂ. ૧૨,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો. આ ગાડીનો રિપેરિંગ ખર્ચ ઘણો વધારે આવે છે તેમ જ તે ઘણી જ જૂની થઈ ગઈ હોવાથી નિયમાનુસાર તેને વેચવા માટેની કાર્યવાહી હાથ ધરવી તેમજ અન્ય ગાડી પણ ઘણી જ જૂની થઈ છે તેથી એક નવી ગાડી ખરીદવાનું રાખવું.

૧૯. માર્ચ-એપ્રિલ, ૧૯૯૩ની પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ તૈયાર કરાવવા વિચારણા કરવા બાબત:

યુનિવર્સિટીની પરીક્ષાઓમાં વપરાતી ઉત્તરવહીઓ બજારમાંથી કાગળ ખરીદીને રૂલિંગ-સ્ટીચિંગ કામનો લેબર કોન્ટ્રાકટ આપી યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાવવામાં આવતી હતી. કાગળના પુરવઠાની તેમ જ લેબર કોન્ટ્રાકટરોની અનિયમિતતાને લીધે આ કામ નિયત સમયમર્યાદામાં પૂરું કરવું ઘણું જ અઘરું થઈ પડતું હતું અને સરવાળે મોંઘું પડતું હતું. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ તૈયાર કરીને યુનિવર્સિટીને પૂરી પાડવાની પ્રથા અમલમાં છે. સારી તે યુનિવર્સિટી પાસેથી જરૂરી વિગતો, ભાવપત્રકો મેળવીને સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. લંબાણપૂર્વકની ચર્ચાવિચારણાને અંતે એમ ઠરાવવામાં આવ્યું છે કે ઉત્તરવહીઓ તૈયાર કરીને યુનિવર્સિટીને આપવાની કામગીરી ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઓ. સ્ટોર્સને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તે જ પ્રકારની કામગીરી માટેના સૌથી ઓછા ભાવે સોંપવી.

બધુની આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આગામી માર્ચ--એપ્રિલ પરીક્ષાઓ માટે ૨૦ પેઈજની ઉત્તરવહીઓ ૬૫×૮૦ની સાઈઝના ૫૮ ગ્રામ વજનના હિન્દુસ્તાન પેપરમાંથી ૧,૦૦૦ નંગ રૂ. ૯૯૦ના ભાવે તથા ચાર પેજ પુરવણી ૧,૦૦૦ નંગના રૂ. ૨૫૫ના ભાવે તૈયાર કરાવવી. પ્રથમ પાના પર ગુજરાત યુનિવર્સિટીનું નામ લખાવવું તથા પ્રથમ અને છેલ્લા પાના પર નંબર પણ લખાવવો. આગામી પરીક્ષા માટે ૧૨,૦૦,૮૦૦ (બાર લાખ) નંગ ઉત્તરવહીઓ તેમ જ ૮,૦૦,૦૦૦ (આઠ લાખ) નંગ પુરવણીઓ તૈયાર કરાવવી. આ કામગીરી ગુજરાત યુનિવર્સિટી કન્ઝયુમર્સ કો-ઓ. સ્ટોર્સને સોંપવી.

૨૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧. યુનિવર્સિટીના ડિગ્રી સર્ટિફિકેટ કોમ્પ્યુટર ઉપર છાપવા અંગેની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૨. એસ્ટેટ વિભાગને વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગની બે ફોલ્ડચેર બનાવટનાં વિન્ડો એરકન્ડિશનર્સને તા. ૧-૮-૧૯૯૨થી તા. ૩૧-૩-૧૯૯૩ સુધી વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટમાં રાખવા અંગેના રૂ. ૩,૬૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૩. એસ્ટેટ વિભાગને અમદાવાદ ઇલેકિટ્રસિટી કંપની પાસેથી એક માસ માટે ભાડે લાવેલ ટ્રાન્સફોર્મરના માસિક ભાડાના કુલ રૂ. ૪,૫૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૪. એસ્ટેટ વિભાગને તા. ૧-૮-૧૯૯૨ના રોજ યુનિવર્સિટી લાઇબ્રેરી પાસે આવેલ ટ્રાન્સફોર્મર તથા એચ.ટી. કેબલમાં ફોલ્ટ થવાથી અમદાવાદ ઇલેકિટ્રસિટી કંપની પાસે સર્વિસ ટ્રાન્સફોર્મર મુકાવેલ તથા ૩૫ મીટર એચ.ટી. કેબલ નવો નાંખવા અંગેની રૂ. ૪૮,૩૬૫ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૫. એસ્ટેટ વિભાગને તા. ૧૯-૭-૧૯૯૨ના રોજ ફોલ્ટ થવાથી તેમાં ૧૦ મીટર ૭૦ એમ.એમ.નો કેબલ નવો નાંખીને આ કામ અમદાવાદ ઇલેકિટ્રસિટી કંપની પાસે કરાવવાના રૂ. ૨૧,૫૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૬. એસ્ટેટ વિભાગને પાણીની ટાંકીઓ, રીડર્સ ક્વાર્ટર્સના ટયુબવેલના હાઉસિંગ પાઈપનો લગભગ ચાર ફૂટનો ટુકડો ખરીદીને નાંખવાના રૂ. ૩,૮૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૭. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટી લાઇબ્રેરી પાસેના ૧૦ કેવીએના ૧૧૦૦-૪૪૦ વોલ્ટના ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરને ઓવર હોલ કરાવવાના રૂ. ૮,૦૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા ધાર્યુ.

૮. એસ્ટેટ વિભાગને કૉમ્પ્યુટર સેન્ટરના લેબોરેટરીના ચાર અને ઈ.એમ.આર.સી. વિભાગનાં બે વિન્ડો એરકન્ડિશનરને તા. ૧-૪-૧૯૯૨થી તા. ૩૧-૩-૧૯૯૩ સુધી વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. વોલ્ટાસ લિ. પાસે કરવો તથા તે અંગે થનાર રૂ. ૧૧,૪૦૦નો ખર્ચ તા. ૩-૮-૧૯૯૨ ને શુક્રવારના રોજ બપોરના ૨-૦૦ કલાકે મળેલ ફાઈનાન્સ સમિતિના ઠરાવ નંબર ૨થી મંજૂર કરવામાં આવેલ હતો પરંતુ વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ 'મે. વોલ્ટાસ લિ.' પાસે કરાવવાનું ભૂલથી લખાયેલ છે, તો તેની જગ્યાએ 'ચેઈઝ પ્રોકટ્સ લખીને ઠરાવવાનું-સુધારો કરવાની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૯. એસ્ટેટ વિભાગને પિનોલ્ટા ફોટો કોપિયર મશીન માટે "Lower Fusing Roller" ખરીદવા માટે રૂ. ૩,૨૬૬ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૧૦. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના વોલ્ટાસ બનાવટનાં વૉટરકુલરને તા. ૧-૭-૧૯૯૨ થી તા. ૩૦-૬-૧૯૯૩ સુધી સર્વિસ કૉન્ટ્રાક્ટ વોલ્ટાસ લિ.ને આપી રૂ. ૨,૨૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૧૧. એસ્ટેટ વિભાગને ગુરુનાનક વિભાગ પાસે ૧૧૦૦૦ વોલ્ટ ઑવરહેડ લાવ્યાની ૬૬૦૦૦ વોલ્ટના ટાવર લાઈન. ક્રોસિંગ પર ૧૧૦૦૦ વોલ્ટનો ફૉલ્ટ ફ્રોલ્ટ થયો હોવાથી એક નંગ સ્ટેટ જોઈન્ટ તથા એક પોલ માઉન્ટ બોક્ષનું કામ ધી અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની પાસે કરાવવાની અને તે માટે રૂ. ૧૩,૫૦૦ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયની એમ્બેસેડર ગાડી નંબર જીસીબી-૩૦૧૪ને રિપેર કરાવવાની તથા તે માટે. રૂ. ૯,૮૭૪ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયની એમ્બેસેડર ગાડી નંબર જીજેબી-૯૪૧૨ને રિપેર કરાવવાની તથા તે માટે રૂ. ૨,૯૩૮ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

૧૪. એસ્ટેટ વિભાગને યુનિવર્સિટીના રંગકામના નિભાવ માટે કલર ખરીદવા માટે અગાઉની તા. ૧૮-૪-૧૯૯૨ની ફાઈનાન્સ સમિતિમાં રૂ. ૧૦,૮૦૦ની જાણ કરી હતી, પરંતુ ખરેખર રૂ. ૧૩,૪૫૦ના ખર્ચની મંજૂરી આપેલ હતી તે પ્રમાણે સુધારો કરવાની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું જાહેર થયું.

એમ. એસ. શાહ
કા. કુલસચિવ

પરિશિષ્ટ "૫"
ક્રમાંક ૨૭

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Lecturer in Environmental Science in the University School of Sciences, Gujarat University, Ahmedabad—380 009 was held on Saturday, the 3rd October, 1992 at 3-00 P.M. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2.	Prof. N. V. Vasani, Pro-Vice-Chancellor	Present
3.	Prof. V. Krishnan	Present
4.	Prof. S. M. Khopkar	Present
5.	Prof. Y. K. Agrawal (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri A. K. Dave	Present
2.	Kum. Priti R. Panwar	Absent
3.	Shri G. V. Solanki	Absent
4.	Smt. Archana U. Mankad	Present
5.	Shri Issac Thomas	Absent
6.	Shri A. B. Dwivedi	Present
7.	Shri Pravez Rishad	Present
8.	Smt. Charulata A. Oza	Absent
9.	Smt. Vandana B. Mahajani	Absent
10.	Shri Bharat R. M. Vyas	Absent

11.	Shri P. N. Dalal	Present
12.	Shri H. R. Patel	Absent
13.	Kum. Medha D. Mehta	Present
14.	Shri P. M. Parasharya	Absent
15.	Shri Rahul Kundu	Present
16.	Shri V. K. Panchal	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

The post be readvertised.

Dr. M. N. Desai
(Vice-Chancellor)

Prof. N. V. Vasani
(Pro-Vice-Chancellor)

Prof. V. Krishnan

Prof. S. M. Khopkar

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૨૮

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Environmental Science in the University School of Sciences, Gujarat University, Ahmedabad–380 009 was held on Saturday, the 3rd October, 1992 at 1–00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Dr. M. N. Desai, Vice-Chancellor	Present
2. Prof. N. V. Vasani, Pro-Vice-Chancellor	Present
3. Prof. V. Krishnan	Present
4. Prof. S. M. Khopker	Present
5. Prof. P. Natrajan	Absent
6. Prof. Y. K. Agrawal (invitee)	Present

The following candidates were called for interview :

1. Shri N. B. Ghodasara	Present
2. Shri M. I. Patel	Present
3. Shri Issac Thomas	Absent
4. Shri S. G. Ruparelia	Present
5. Shri U. I. Bhatt	Absent
6. Shri M. M. Shah	Present
7. Shri C. V. Raiyani	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits the Committee recommends as under :

The post be readvertised.

Dr. M. N. Desai
(Vice-Chancellor
Prof. N. V. Vasani
(Pro-Vice-Chancellor)
Prof. V. Krishnan
Prof. S. M. Khopker

પરિશિષ્ટ "ઙ"
ઠરાવ ક્રમાંક ૨૯

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Business Management reserved for candidate belonging to economically and socially backward class as per Baxi Commission in the B. K. School of Business Management, Gujarat University, Ahmedabad-380009, was held on Friday, the 25th September, 1992 at 1-00 p.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. N. V. Vasani, Pro-Vice-Chancellor	Present
(3) Prof. S. S. Shrivastava	Present
(4) Prof. P. V. Desai	Present
(5) Prof. G. Murthy	Absent
(6) Prof. D. J. Mehta (Invitee)	Present

Shri A. C. Brahmbhatt who was the only candidate belonging to the reserved category was called for interview.

After interviewing the candidate Shri A. C. Brahmbhatt who remained present for the interview and considering his merits the Committee recommends as under :

Shri A. C. Brahmbhatt is recommended for the post.

Dr. M. N. Desai
(Vice-Chancellor)
Prof. N. V. Vasani
(Pro-Vice-Chancellor)
Prof. S. S. Shrivastava
Prof. P. V. Desai

પરિશિષ્ટ '૮'
કામકાજ નંબર 30

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to five (5) posts of Teaching Research Associates (Four un-reserved posts and one post reserved for candidates belonging to Economically and Socially Backward class as per Baxi Commission) in the B. K. School of Business Management, Gujarat University. Ahmedabad-380 009 was held on Friday, the 25th September, 1992 at 2-00 P.M. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. M. N. Desai, Vice-Chancellor	Present
(2) Prof. N. V. Vasani, Pro-Vice-Chancellor	Present
(3) Prof. S. S. Shrivastava	Present
(4) Dr. P. V. Desai	Present
(5) Prof. Dhaval Mehta (Invitee)	Present

The following candidates were called for interview :

Sr. No.	*Name*	
(1)	Smt. Renu Kumar	Present
(2)	Smt. Swati N. Juthani	Present
(3)	Smt. Niharika B. Dave	Present
(4)	Smt. Vidya Sen	Absent
(5)	Shri J. M. Bhatt	Present
(6)	Shri D. K. Brahmbhatt	Present
(7)	Shri M. I. Shah	Present
(8)	Shri P. K. Priyan	Present
(9)	Smt. Preeta H. Vyas	Present
(10)	Shri M. A. Joshi	Present

(11)	Shri K. Kumar	Present
(12)	Shri A. B. Fafale	Present
(13)	Shri B. V. Solanki	Absent
(14)	Shri K. P. Joshi	Absent
(15)	Shri D. G. Kodwani	Present
(16)	Smt. Shruti D. Dave	Present
(17)	Smt. Mukta Arora	Absent
(18)	Smt. Shweta H. Parikh	Present
(19)	Shri V. D. Naik	Absent
(20)	Shri S. A. Chhabaria	Absent

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits the Committee recommends as under :

The following candidates are recommended in order of preference for four posts. The post reserved for (Baxi Panch) be readvertised :

(1) Kodwani D. G.

(2) Shah M. I.

(3) Vyas Preeta

(4) Parikh Shweta

(5) Dave Shruti Dhawal

(6) Priyan P. K.

Dr. M. N. Desai
(Vice-Chancellor)
Prof. N. V. Vasani
(Pro-Vice-Chancellor)
Prof. S. S. Shrivastva
Dr. P. V. Desai

પરિશિષ્ટ "૯"
કામકાજ ક્રમાંક ૩૧

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Bio-Chemistry/Life Science in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009, was held on Sunday, the 4th October, 1992 at 11-00 a.m. Dr. M. N. Desai, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Prof. M. N. Desai, Vice--Chancellor	Present
(2) Prof. N. V. Vasani, Pro-Vice-Chancellor	Present
(3) Prof. V. Krishnan	Present
(4) Prof. K. K. Rao	Present
(5) Prof. L. J. Parekh	Present
(6) Dr. Y. K. Agrawal (Invitee)	Present

The following candidates were called for interview :

(1) Dr. Bharat R. Pandit	Absent
(2) Dr. C. B. Shah	Present
(3) Dr. Prem R. Sood	Absent

After interviewing the candidate Dr. C. B. Shah who remained present for the interview and considering his relative merits the Committee recommends as under :

The Committee recommends Dr. C. B. Shah for the post of Professor.

Dr. M. N. Desai
(Vice-Chancellor)

Prof. N. V. Vasani
(Pro-Vice-Chancellor)

Prof. V. Krishnan

Prof. K. K. Rao

Prof. L. J. Parekh

પરિશિષ્ટ "૧૦"
ક્રમાંક ૩૭

No. F. 33-15/92-U. 4

Government of India

Ministry of Human Resource Development

(Department of Education)

New Delhi, the 16th December, 1992.

The Registrar,
Gujarat University,
Post Box No. 4010,
Navrangpura,
Ahmedabad–380 009.

Sub. :–Proposed extension in the term of the Students Exchange Programme between the Otemon Gakuin University, Japan and Gujarat University for a further period of 5 years from the academic year 1992–93.

Sir,

I am directed to refer to your letter No. FUIB/Gen/53785/1992, dated 10th July, 1992 on the subject noted above and in view of position explained therein, Government of India have no objection to the proposed extension of the term of the programme for further period of five years with effect from the academic year 1992–93.

The annual report in respect of the implementation of the programme may be sent to this Ministry at the conclusion of the academic year from now onwards.

Yours faithfully,
DURGADAS GUPTA
Director.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.